ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.
ઈતિહાસ : પેપર-08

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૧

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)
(મુખ્ય વિષય)

વિભાગ

# 1

## સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ અને રાષ્ટ્રવાદ (Imperialism, Colonialism and Nationalism)


એકમ 1

સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદ : સૈદ્ધાન્તિક પરિપ્રેક્ષ્ય
(Imperialism and Colonialism : A Theoretical Perspective) 9

એકમ 2

સામ્રાજ્યવાદ અને તેની અસર (Imperialism : Its Effects) 19

એકમ 3

રાષ્ટ્રીય ચેતનાનો ઉદય (The Rise of National Consciousness) 31

એકમ 4

1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ (The Revolt of 1857) 40

એકમ 5

સંસ્થાનવાદ : નવી વહીવટી પ્રથા : 1857 પહેલાં અને પછી
(Colonialism : The New Administrative System—Pre and Post 1857 53

એકમ 6

અંગ્રેજ રાજ સુદૃઢ થવું : સરહદી અને વિદેશી નીતિ
(Consolidation of the Raj : Frontier and Foreign Policy 65

## EXPERT COMMITTEE

Prof. Ravinder Kumar *(Chairman)*
Director
Nehru Memorial Museum and Library
New Delhi

Prof. S. Gopal (CHS)

Prof. Satish Chandra (CHS)
Prof. Romila Thapar (CHS)
Dr. Muzfar Alam (CHS)
Jawaharlal Nehru University
New Delhi

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor (Acad.)
Prof. Bakshish Singh *(Convener)*
IGNOU, New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P.L. Mehra
Dr. R.I. Malhotra
Department of History
Punjab University
Chandigarh



## Course Preparation Team

Prof. Bipan Chandra (CHS)
Prof. S. Bhattacharya (CHS)
Jawaharlal Nehru University
New Delhi

Ms. Medha Malik
Jesus and Mary College
Delhi University

Dr. Devi Sirohi
History Department
Bombay University

Dr. S.K. Bajaj
Department of History
Punjabi University
Patiala

Prof. V.N. Dutta *(Course Editor)*
Department of History
Kurukshetra University
Kurukshetra

Prof. S. Bhattacharya
(CHS)
Jawaharlal Nehru University *(Consultant)*
New Delhi

Prof. O.P. Grewal *(Language Editor)*
Department of English
Kurukshetra University
Kurukshetra



## FACULTY MEMBERS: INDIRA GANDHI NATIONAL OPEN UNIVERSITY

Dr. Kapil Kumar
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Ms. Sangeeta Joshi

Prof. B.N. Koul *(Format Editor)*
Director
Division of Distance Education



## Production

Maj. Gen. G.S. Wirk (Retd.)
Registrar (MPDD)
IGNOU

Mr. Balakrishna Selvaraj
Production Officer (MPDD)
IGNOU

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*



*Further information on the Indira Gandhi National Open University Courses may be obtained from the University's office at K-76 Hauz Khas, New Delhi-110 016.*

## અનુવાદ :

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. પુષ્પા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, હ. કા. વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |


**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481



© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# આધુનિક ભારત (Modern India)

## અભ્યાસક્રમનો પરિચય

ઇતિહાસ એ કેવળ ભૂતકાળનો અભ્યાસ જ નથી પણ વર્તમાન અને ભવિષ્ય બંને ઉપર પ્રકાશ પાથરે છે. હકીકતમાં તે સમકાલીન સામાજિક સત્યને સમજવામાં સહાય કરે છે, કારણ ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓના વિકાસમાંથી વર્તમાનનું સર્જન થાય છે. આવી જ રીતે, ભૂતકાળના અનુભવો વર્તમાનના સંદર્ભમાં આપણને ભાવિની ઘટનાઓના વિકાસમાં પથદર્શક બની રહે છે. આ સંદર્ભમાં ઇતિહાસના વૈકલ્પિક પાઠ્યક્રમ-1 અંતર્ગત આધુનિક ભારતને ફરજિયાત વૈકલ્પિક વિષય તરીકે શરૂ કર્યો છે, ખાસ કરીને ઇતિહાસ વિષય પસંદ કરનાર સહુ વિદ્યાર્થીઓ માટે.

આપે શાળા કે મહાવિદ્યાલયમાં કે અન્યથા સામાન્ય વાંચન તરીકે આધુનિક ભારતના ઇતિહાસ વિશે લેખો કે પુસ્તકોનું વાચન કર્યું હશે અને ત્યારે તમે અનુભવ કર્યો હશે. લેખકે લેખકે અને પુસ્તકે પુસ્તકે અર્થઘટનમાં ભિન્નતા જોઈ હશે. કહેવાનું તાત્પર્ય એ છે કે ઘટનાઓનું મહત્ત્વ, તેનો પ્રભાવ, તેનાં કારણો અને અભિપ્રાયો વિશે મતમતાંતરો હોય છે. અરે, ઇતિહાસની પ્રક્રિયા વગેરેમાં પણ ભિન્નતા જોવા મળે છે. આ પ્રકારે અર્થઘટનમાં મતભેદો તો આપણે આપણા રોજિંદા જીવનની અનુભૂતિમાં (કે જ્ઞાનમાં) કે વિવિધ વર્તમાનપત્રોમાં એક જ સમાચાર માટે વિવિધ રજૂઆત જોઈ શકીશું. તમે જ્યારે ઇતિહાસનાં લખાણોનો અભ્યાસ કરશો તો તમે જોઈ શકશો કે આ પ્રકારનાં અર્થઘટનોમાંના મતભેદોથી ઇતિહાસના વિભિન્ન વિચાર-સંપ્રદાયો (School of history) જન્મે છે. આ બધી વિચારધારાઓ ઇતિહાસનું અર્થઘટન અલગ અલગ રીતે કરે છે. ઇતિહાસના અધ્યયનની આવી એક શાળાને 'ઇતિહાસ લેખન વિદ્યા' કહેવામાં આવે છે.

આધુનિક ભારતના ઇતિહાસમાં ઓગણીસમી સદીના અંતમાં અને વીસમી સદીના આરંભમાં ઇતિહાસ લેખન વિદ્યાની જે શાળા કે પરંપરા પ્રભાવશાળી હતી તે સામ્રાજ્યવાદી ઇતિહાસ લેખન વિદ્યાની હતી. આ પરંપરામાં એક સાથે ઘણા બૌદ્ધિક પ્રભાવો અસ્તિત્વમાં હતા : (1) ઓગણીસમી સદીના પ્રારંભે ઈસાઈ ધર્મોપદેશકોના મતનો પ્રભાવ હતો, જેઓ એવા વિચારના હતા કે અંગ્રેજ સરકાર આ દેશને અંધકારમાંથી ખ્રિસ્તી ધર્મ અને યુરોપીય સંસ્કૃતિના પ્રકાશ તરફ લઈ જશે. (2) આ પરંપરા ઉપર ઉપયોગિતાવાદની અસર પણ હતી, જેઓ એવા મતના હતા કે ભારતીય લોકોના કલ્યાણ સારુ અંગ્રેજોનું એ કર્તવ્ય હતું કે તેઓ આ દેશમાં યુરોપીય સંસ્કૃતિના વિચાર અને આચાર લઈ આવે. (3) આવા વિચાર આજે પણ નવસામ્રાજ્યવાદી ઇતિહાસ નિરૂપણમાં જોવા મળશે. (4) સામ્રાજ્યવાદી વિચારકોના સ્વરૂપે ઓગણીસમી સદીના બ્રિટિશ ઇતિહાસવિદોએ, જેમાંના કેટલાક તો અંગ્રેજ સરકારની મુલકી સેવામાં હતા, રાષ્ટ્રવાદી પ્રતિસાદને જગાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી.

ઇતિહાસ નિરૂપણમાં રાષ્ટ્રવાદી અભિગમના સ્વરૂપે આ પ્રતિસાદ વ્યક્ત થયો. આ અભિગમમાં જો કોઈ મહત્ત્વનું તત્ત્વ હોય તો તે હતું રાષ્ટ્રીય આત્મસન્માન અને ભારતના ભવ્ય ભૂતકાળના ગૌરવની પુનર્સ્થાપનાનો પ્રયાસ. બીજું જે તત્ત્વ હતું તે ભારતમાં બ્રિટિશ શાસનને કારણે થયેલા આર્થિક વિનાશની સ્થિતિનું નિરૂપણ કરતા આર્થિક રાષ્ટ્રવાદના પ્રચારનું હતું. આ બધામાં સૌથી શ્રેષ્ઠ બાબત હતી : રાષ્ટ્રવાદી ઇતિહાસ લેખન વિદ્યાથી આધુનિક ભારતીય માનસ માટે ભારતની પુનર્ખોજનો પ્રયાસ. બીજું, ભારતમાં રાષ્ટ્રનિર્માણ માટે રાજનૈતિક એકતા અને સામ્રાજ્યવાદ વિરોધી ભાવનાઓને પ્રોત્સાહિત કરવી. ઇતિહાસની રાષ્ટ્રવાદી વિચારધારાને એક તરફ ઇતિહાસ લેખન વિદ્યામાં સામ્રાજ્યવાદી પૂર્વગ્રહો સાથે તો બીજી બાજુ ઇતિહાસના સાંપ્રદાયિક (કોમવાદી) અર્થઘટન સાથે પણ સંઘર્ષ કરવો પડ્યો હતો. આથી આ સદીના આરંભના દાયકાઓથી જ આનો પ્રભાવ પડેલો જોવા મળે છે.

રાષ્ટ્રવાદી ઇતિહાસ લેખન વિદ્યાએ એક તરફ સ્વતંત્રતા સંગ્રામને વૈચારિક આધાર પ્રદાન કર્યો તો બીજી બાજુ સામ્રાજ્યવાદનાં આર્થિક પરિણામોનું પૃથક્કરણ કરવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી. (જુઓ વિભાગ 1) છતાં રાષ્ટ્રવાદી ધ્યાન તો બહારની બાબતો વિશે એટલે કે ભારતનું સામ્રાજ્યવાદી શોષણ વિશે જેટલું કેન્દ્રિત થયેલું હતું તેટલું આંતરિક બાબતો વિશે અર્થાત્ ભારતીય સમાજના વિભિન્ન વર્ગોના પારસ્પરિક સંઘટકો અને વર્ગ-શોષણ ઉપર થયું ન હતું. આમાંથી બીજી બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું કાર્ય માર્ક્સવાદી અભિગમના પ્રભાવના પરિણામે થયું હતું. અને આ કાર્ય 1940ના દાયકાથી સતત વધતું ગયું. વળી, આ નવી દૃષ્ટિએ બ્રિટિશ શાસનની આર્થિક રાષ્ટ્રીય સમીક્ષાનો તો સમાવેશ કર્યો જ તે સાથે આ સમીક્ષાને બ્રિટિશ સામ્રાજ્યવાદના વૈશ્વિક મૂડીવાદીના માળખાગત વિશ્લેષણને અંતર્ગત રાખીને વિકાસાવી પણ ખરી.

ઇતિહાસ લેખન વિદ્યાની પ્રસ્તુત બધી પરંપરાઓનો પ્રભાવ આજના ઇતિહાસ લેખનમાં જોઈ શકાય છે. આધુનિક ભારતના ઇતિહાસના અધ્યયન દરમિયાન આ વિશે ધ્યાન રાખશો તો તે તમને ઉપયોગી થઈ પડશે.

1857થી 1964 દરમ્યાનનો સમયગાળો અનેક સંકુલ સમસ્યાઓથી ભરપૂર છે અને તેથી તેનું અધ્યયન સરળ નથી જ. તો પણ, અમે તમને આ સમયગાળાના મહત્ત્વના મુદ્દાઓથી પરિચિત કરાવવાનો પ્રયાસ કર્યો છે.

પાઠ્યક્રમનો આરંભ સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદની સૈદ્ધાન્તિક સમજણ આપીને કર્યો છે. તે પછી ભારતના આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવન ઉપર પડેલા પ્રભાવોના અધ્યયન સુધી લઈ જઈશું. સાંસ્થાનિક શોષણને પરિણામે ભારતીયોમાં જબરજસ્ત રાષ્ટ્રવાદી ભાવનાઓ જન્મી. તરત જ અવ્યવસ્થિત અસંતોષે અખિલ ભારતીય સ્તરે સંગઠિત પ્રતિકારનું સ્વરૂપ ધારણ કર્યું. આને આપણે અખિલ ભારતીય રાષ્ટ્રીય ચળવળના નામથી ઓળખીશું, જે છેવટે 1947ના પંદરમી ઑગસ્ટે ભારતને મળેલી આઝાદીની પરાકાષ્ઠામાં પરિણમી. આઝાદી કેવળ ભારત માટે એક સિદ્ધિ ન હતી પણ વિદેશી શાસનમાંથી મુક્તિ ઝંખતી દુનિયાની બધી પીડિત પ્રજાઓ માટે એક મહત્ત્વની ભૂમિકા હતી. ભારતની આઝાદીએ વિશ્વફલક ઉપર પીડા આપતી સાંસ્થાનિક વ્યવસ્થાને નબળી પાડી એ ધ્યનાર્હ છે. આ દૃષ્ટિકોણના સંદર્ભે ભારતના રાષ્ટ્રીય આંદોલનનું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ છે.

સમગ્ર પાઠ્યક્રમ આઠ વિભાગોમાં વિભાજિત છે.

**એકમ એક** : વિશ્વવ્યાપી ઘટનાના સંદર્ભમાં સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદના સૈદ્ધાન્તિક અભિગમ વિશે આ એકમમાં ચર્ચા કરી છે. અઢારસો સત્તાવનનો સંગ્રામ, રાષ્ટ્રીય ચેતનાનો ઉદ્ભવ, બ્રિટિશ સરકારની વહીવટી પદ્ધતિ અને ભારતમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા અંગ્રેજો દ્વારા અપનાવેલી નીતિઓ—આ બધાંની પણ ચર્ચા અહીં કરી છે.

**એકમ બે** : ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અંગ્રેજી શાસન સામે ઊઠેલા લોક-આંદોલનની ચર્ચા કરી છે. ઉપરાંત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના વિશે, જેણે રાષ્ટ્રવાદી પરિબળોને સંગઠિત દિશા દોરવણી પૂરી પાડી તે વિશે પણ ચર્ચા કરી છે. સમાજ-સુધારકોનાં કાર્યોની માહિતી આપી છે. આ કાર્યોથી એક તરફ વિદેશી પ્રભાવની વિરુદ્ધ જનમત જાગૃત કર્યો તે વિશે અને બીજી તરફ ભારતીય સમાજમાં ઊંડાં મૂળ નાંખી પડેલાં સામાજિક દૂષણો સામે પણ જાગૃતિ આણી તેની ચર્ચા કરી છે. આ ઉપરાંત આ ખંડમાં અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભાનો વિકાસ બંગાળના ભાગલા અને સ્વદેશી ચળવળ જેવા મુદ્દાઓ વિશે પણ ચર્ચાવિચારણા પ્રસ્તુત છે.

**એકમ ત્રણ** : આ ખંડમાં આટલા મુદ્દાઓ વિશે વિવરણ કર્યું છે : રાષ્ટ્રીય આંદોલન દરમ્યાન ઉદ્ભવેલી કેટલીક મૂલગત પ્રવૃત્તિઓ, પ્રથમ વિશ્વ યુદ્ધ અને રશિયાની ક્રાન્તિ જેવી આંતરરાષ્ટ્રીય ઘટનાઓની રાષ્ટ્રીય લડત ઉપર અસર, ભારતના રાજકીય તખતા ઉપર મહાત્મા ગાંધીનું આગમન, અખિલ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસને મળેલી એમની દિશાદોરવણી.

**એકમ ચાર, પાંચ અને છ** : રાષ્ટ્રીય સ્તરે અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભાએ શરૂ કરેલી વિવિધ સામુદાયિક ચળવળો અને પ્રાદેશિક સ્તરે તેને સાંપડેલો પ્રતિસાદ, જેને રાષ્ટ્રીય ચળવળ સાથે સીધો સંબંધ નથી એવી અકાલી ચળવળ અને અ-બ્રાહ્મણ ચળવળ જેવી ચળવળો વિશે, સ્વરાજવાદી અને રચનાત્મક કાર્યો વિશે, બંધારણીય સુધારા અંગે, 1937ની ચૂંટણીઓ, કૉંગ્રેસનાં પ્રધાન મંડળો, જેવા મુદ્દાઓની સમાજવાદી વિચારોના વિકાસ, ખેડૂતો અને મજૂરોનું આંદોલન, રાજાશાહી રાજ્યોમાંના સંઘર્ષ વિશે ચર્ચા વિચારણા આ ખંડોમાં કરવામાં આવી છે.

**એકમ સાત** : અહીં એવી ઘટનાઓનું વિશ્લેષણ પ્રસ્તુત કર્યું છે જેને લીધે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ અને લોકતાંત્રિક રાજ્યની સ્થાપના થઈ.

**એકમ આઠ** : પ્રસ્તુત અભ્યાસક્રમના છેલ્લા ખંડમાં સમકાલીન ઇતિહાસના મુદ્દાઓનો સમાવેશ કર્યો છે. દા.ત. યોજના અને વિકાસ, જમીન સુધારણા, ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંત અને વ્યવહાર અને સ્વતંત્ર ભારતની વિદેશ નીતિ વગેરે. આ બધી બાબતો 1947 થી 1964 દરમ્યાનના સમયગાળાની છે.

આ પાઠ્યક્રમોના અનુસંધાનમાં કેટલાક વીડિયો અને ઑડિયો કાર્યક્રમો પણ તૈયાર કર્યા છે. યુનિવર્સિટીનાં વિવિધ અધ્યયન કેન્દ્રોમાંથી આ સામગ્રી ઉપલબ્ધ થઈ શકશે.

# વિભાગ 1 સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ અને રાષ્ટ્રવાદનો પરિચય

# (Imperialism, Colonialism and Nationalism's Introduction)

આશરે બસો વર્ષ સુધી ભારતીય પ્રજાએ અંગ્રેજો દ્વારા સામ્રાજ્યવાદી અને સાંસ્થાનિક શોષણનો અનુભવ કર્યો. આ કેવી રીતે થયું ? એનો શો પ્રભાવ પડ્યો ? આ કેટલાક પ્રશ્નો છે, જેના ઉત્તર આધુનિક ભારતના ઇતિહાસવિદોએ આપવાના છે. ભારતના સાંસ્થાનિક પરિવર્તનની સાચી સમજણ મેળવવા માટે સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદની વિશ્વવ્યાપી ઘટનાઓનું સ્પષ્ટ જ્ઞાન આવશ્યક છે. સાથોસાથ આ ઘટનાઓ આપણા દેશમાં અસ્તિત્વ ધરાવતી પરિસ્થિતિમાં કેવી રીતે ઘટી તેનું પૃથક્કરણ પણ જરૂરી છે. આધુનિક ભારતના ઇતિહાસને સ્પર્શતાં આ બે મહત્ત્વનાં પાસાંઓ વિશે આ વિભાગમાં ભાર આપવામાં આવ્યો છે.

આ વિભાગના પ્રથમ બે એકમમાં સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદની વિભિન્ન સૈદ્ધાન્તિક વિચારણાઓની સમીક્ષા કરી છે. આમાં યુરોપીય અને ભારતીય વિદ્વાનોનાં વિવિધ દૃષ્ટિબિંદુઓનો સમાવેશ થાય છે. એકમ એકમાં ભારતમાં સંસ્થાનવાદનાં સ્વરૂપ અને વિવિધ સોપાનોની નોંધ કરી છે. તો એકમ બેમાં સામ્રાજ્યવાદની સૈદ્ધાન્તિક સ્તરે ચર્ચા કરતાં ભારતના અર્થતંત્ર, સમાજ અને રાજકારણ ઉપરની તેની અસરનો નિર્દેશ કર્યો છે.

ઓગણીસમી સદીમાં બ્રિટિશ નીતિઓના વિરોધમાં રાષ્ટ્રીય જાગૃતિનો પ્રાદુર્ભાવ થયો. એકમ ત્રણમાં આ ચેતનાના વિકાસમાં કયાં વિવિધ પરિબળોએ પ્રદાન કર્યું તેની ચર્ચા છે. બ્રિટિશ શાસન સામેનો ઉકળાટ અસ્તિત્વમાં હતો પણ 1857માં રાષ્ટ્રીય સ્તર ઉપર અંગ્રેજ શાસનને નિર્મૂળ કરવાનો સામૂહિક પ્રયાસ કરવામાં આવ્યો હતો. એકમ ચાર, અઢારસો સત્તાવનના મહાસંગ્રામ સંબંધિત વિવિધ પાસાંઓ વિશે ચર્ચા કરે છે, જેણે બ્રિટિશ શાસનને હચમચાવી મૂક્યું. તો એકમ પાંચમાં સાંસ્થાનિક શાસન હેઠળ ભારતમાં કેવા પ્રકારની વહીવટી પ્રથા ઠોકી બેસાડવામાં આવી હતી તેની માહિતી છે. સાંસ્થાનિક હિતોના રક્ષણ માટે વહીવટી વ્યવસ્થા ગોઠવવામાં આવી અને અઢારસો સત્તાવનના સંગ્રામ પછી સાંસ્થાનિક પકડને મજબૂત કરવા કેટલીક કાર્યવાહી કરવામાં આવી. એકમ છમાં તમે સમજશો કે ભારત સામ્રાજ્યવાદી પ્રથાનું એશિયાના ઘણા ભાગો પરના પ્રભુત્વનું કેવી રીતે મધ્યબિંદુ બન્યું. આ એકમમાં સરહદી નીતિ અને વિદેશ નીતિની પણ ચર્ચા છે જે એશિયામાં બ્રિટિશ રાજની સ્થિતિ મજબૂત કરવા ઘડવામાં આવી હતી. આ નીતિઓ બ્રિટિશ સામ્રાજ્યવાદનાં વ્યાપક હિતોના સુચારુ સંચાલન માટે હતી.

આ મુદ્રિત સામગ્રી ઉપરાંત 'ઇતિહાસની શોધમાં' અને 'ઇતિહાસ લેખન વિદ્યા' નામના બે વીડિયો કાર્યક્રમ પણ તૈયાર કર્યા છે. ઑડિયો કાર્યક્રમ પણ તૈયાર કર્યો છે જેનું શીર્ષક છે 'ધનનું ઘસડાઈ જવું'. વિશ્વવિદ્યાલયનાં વિવિધ અધ્યયન કેન્દ્રો ઉપર આ કાર્યક્રમો હાથવગા છે.

# એકમ 1 સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદ : સૈદ્ધાન્તિક પરિપ્રેક્ષ્ય

## (Imperialism and Colonialism : A Theoretical Perspective)

**રૂપરેખા**


1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 સંસ્થાનવાદ : વિવિધ દષ્ટિબિંદુ

1.2.1 સંસ્થાનવાદનું સ્વરૂપ

1.2.2 સંસ્થાનવાદ ઉપર પ્રભાવ

1.3 સંસ્થાનવાદનાં સોપાન

1.3.1 પ્રથમ સોપાન

1.3.2 દ્વિતીય સોપાન

1.3.3 તૃતીય સોપાન

1.4 સારાંશ

1.5 ચાવીરૂપ શબ્દો

1.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 1.0 ઉદ્દેશો

સામ્રાજ્યવાદ અને સંસ્થાવાદના સ્વરૂપ વિશે વિસ્તૃત ચર્ચા પ્રસ્તુત એકમમાં કરવામાં આવી છે. ઉપરાંત અહીં એ પણ સમજાવવામાં આવ્યું છે કે બસો વર્ષ દરમ્યાનના બ્રિટિશ સંસ્થાનવાદના શાસન હેઠળ ભારતમાં ઐતિહાસિક વિકાસની બુનિયાદી વિશેષતાઓને સમજાવામાં કઈ રીતે આ ચર્ચા ઉપયોગી બની રહે છે.

આ એકમના અધ્યયનથી આપ આટલું જાણી શકશો :

- સંસ્થાનવાદ, તેના પ્રકાર અને વિવિધ સોપાન કયાં છે ?
- સંસ્થાનવાદ અને વૈશ્વિક મૂડીવાદી વ્યવસ્થા વચ્ચે શો સંબંધ છે, અને
- સંસ્થાનવાદ અન્તર્ગત ભારતીય સમાજ અને અર્થવ્યવસ્થા પૂર્ણતયા કેવી રીતે બ્રિટિશ અર્થવ્યવસ્થા અને રાજકીય નિયંત્રણ હેઠળ હતાં.

## 1.1 પ્રસ્તાવના

સામ્રાજ્યવાદ એ મૂડીવાદી વિકાસની એક એવી પ્રક્રિયા છે જેમાં મૂડીવાદી રાષ્ટ્રો વિશ્વનાં પ્રાક્-મૂડીવાદી દેશો ઉપર વિજય પ્રાપ્ત કરવા અને પ્રભુત્વ સ્થાપવા પ્રેરણા આપે છે. અહીં પ્રગતિશીલ મૂડીવાદી દેશોમાં મૂડીવાદનો વિકાસ, વિકસિત મૂડીવાદી રાષ્ટ્રોનો પારસ્પરિક સંબંધ અને મૂડીવાદી દેશ દ્વારા પ્રાક્-મૂડીવાદી દેશો ઉપર દમન વિશે વિચાર કર્યો છે. (અહીં તેને 'મહાનગર' કે 'મહાનગરી દેશ તરીકે' પણ ઓળખાવ્યો છે.) સંક્ષેપમાં સામ્રાજ્યવાદ શબ્દનો પ્રયોગ, મહાનગર દેશો અને આધીન દેશો વચ્ચે રાજકીય અને આર્થિક સંબંધોને દર્શાવવા સારુ થયો છે.

જે દેશ મહાનગરી મૂડીવાદી દેશને આધીન છે તેને સંસ્થાન તરીકે ઓળખવામાં આવે છે. અને સંસ્થાનમાં જે ઘટનાઓ બને છે તેને સંસ્થાનવાદ કહેવાય છે. અર્થાત્ પ્રાક્-મૂડીવાદી દેશ ઉપર પૂર્ણતયા સામ્રાજ્યવાદી પ્રભુત્વ તે સંસ્થાનવાદ. સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનું અધ્યયન પરસ્પર સંબંધિત છે, જે વિશે આગળ ચર્ચા કરીશું. પરન્તુ અહીં તો આપણે સંસ્થાનવાદના અધ્યયન ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીશું અને મૂડીવાદી વિકાસના અધ્યયનમાં સામ્રાજ્યવાદનાં વિવિધ પાસાંઓ વિશે ધ્યાન આપીશું.

## 1.2 સંસ્થાનવાદ : વિવિધ દૃષ્ટિબિન્દુ (Colonialism : Various View Points)

સંસ્થાનવાદ એટલે શું ? શું તે એક દેશનું બીજા દેશ ઉપરનું કેવળ રાજકીય પ્રભુત્વ છે કે પછી એક દેશ દ્વારા બીજા દેશ ઉપર આર્થિક દમનની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે ? વિભિન્ન વિદ્વાનોએ સંસ્થાનવાદની વિભિન્ન વ્યાખ્યાઓ આપી છે. આ વિભાગમાં આપણે સંસ્થાનવાદના વિવિધ દૃષ્ટિકોણ વિશે તેમ જ સંબંધિત બીજાં પાસાંઓ વિશે પરિચય મેળવીશું.

(1) મોટી સંખ્યામાં સમાજવિજ્ઞાનીઓ, રાજ્યશાસ્ત્રીઓ અને અર્થશાસ્ત્રીઓએ એવો વિચાર પ્રસ્તુત કર્યો છે જેમાં સંસ્થાનવાદી સમાજ મૂળમાં તો પરંપરિત સમાજ હોવાનું સૂચવાયું છે. અર્થાત્ સંસ્થાનવાદમાં પ્રાક્-સાંસ્થાનિક સમાજનાં સામાજિક-આર્થિક તત્ત્વો અને ઢાંચો ચાલુ રહે છે. અનુસંસ્થાનવાદી સમાજ પરંપરિત સામાજિક-આર્થિક ઢાંચામાં આધુનિકતા તરફ પ્રયાણ શરૂ કરે છે. કેટલાક વિદ્વાનો સંસ્થાનવાદને એક એવા પરિવર્તન પામતા સમાજ તરીકે ઓળખાવે છે જેમાં આર્થિક, સામાજિક અને રાજકીય પરંપરાઓનું સ્વરૂપ બદલાઈને આધુનિક મૂડીવાદી સમાજનું મહોરું ધારણ કરે છે. તેઓ એવો મત ધરાવે છે કે, જો પૂરો સમય આપવામાં આવ્યો હોય તો, સંસ્થાનવાદ એના આ કાર્યમાં જરૂર સફળ થયો હતો.

(2) જોકે બીજા કેટલાક વિદ્વાનો એવો મત ધરાવે છે કે સંસ્થાનવાદ દ્વિમુખી સમાજનું સર્જન કરે છે, જેમાં એક ક્ષેત્ર આધુનિક અને મૂડીવાદી હોય છે, તો બીજું ક્ષેત્ર પરંપરિત પ્રાક્-મૂડીવાદી હોય છે. આ બંને ક્ષેત્રો એક સાથે અસ્તિત્વ ધરાવે છે અને બંને એટલાં મજબૂત નથી હોતાં કે પરસ્પરને દબાવી શકે કે દૂર કરી શકે. કેટલાક લેખકોએ દ્વિમુખી સમાજના માળખાનું મૂળગામી અર્થઘટન કર્યું છે. એમના મતાનુસાર સંસ્થાનવાદ આધુનિકીકરણનું કાર્ય હાથ ધરે છે પરન્તુ તેને પૂર્ણ કરવામાં નિષ્ફળ જતાં અધવચ્ચે છોડી દે છે. પરિણામે સંસ્થાનવાદી અર્થવ્યવસ્થા અને સમાજ 'સ્થગિત વિકાસ'નું કારણ બને છે. આમ, ખેતીનાં અર્ધ-સામંતી લક્ષણોને પ્રાક્-સંસ્થાની અવશેષ તરીકે જોવામાં આવે છે. આથી સંસ્થાનવાદને અર્ધ-સામંતી લક્ષણોને સાચવવા કે તે લક્ષણોને ઉખાડી દેવામાં નિષ્ફળ જનાર તરીકે ઓળખવામાં આવે છે.

(3) ઘણા લેખકો સંસ્થાનવાદને રાજકીય પ્રભુત્વ કે વિદેશી રાજકીય શાસનથી વિશેષ કશું હોવાનું સ્વીકારતા નથી. સંસ્થાનવાદીની કમજોરી વ્યક્તિગત સાંસ્થાનિક વહીવટદારો દ્વારા અપનાવાયેલી નીતિઓની નિષ્ફળતા તરીકે ઓળખવામાં આવે છે.

### 1.2.1 સંસ્થાનવાદનું સ્વરૂપ (Nature of Colonialism)

સંસ્થાનવાદે એક એવા સમાજનું સર્જન કર્યું જે બ્રિટનની જેમ મૂડીવાદી નહોતો કે પ્રાક્-સંસ્થાની કે પ્રાક્-મૂડીવાદી પણ નહોતો. આથી, દૃષ્ટાંતરૂપે, બ્રિટિશ શાસન હેઠળ-ભારત ન હતું મૂડીવાદી બ્રિટન સમાન કે ન હતું મૂળ રૂપથી મુગલ સમયના ભારત જેવું. ભારત, ઇજિપ્ત કે ઇન્ડોનેશિયાનાં સંસ્થાનોમાં કૃષિ-વિષયક સંબંધોનો વિકાસ આ બાબતને વધુ સ્પષ્ટ કરે છે. દા.ત બ્રિટિશ ભારતના પ્રદેશોની જમીનદારી અને રૈયત સંબંધી જમીનદારી પ્રથા એક નવી ઘટના હતી, જે મુગલ સમયના ભારતમાં અસ્તિત્વમાં ન હતી. આ ઘટના બ્રિટિશ શાસનની દેન હતી. એ ભારતની ખેતીને સાંસ્થાનિક શાસકો તરફથી પરિવર્તિત કરવાના પ્રયાસોના પરિણામરૂપ હતી. ભારતમાં ખેતી મૂડીવાદી ન હતી પણ તેમાં ઘણાં મૂડીવાદી લક્ષણો હતાં. દા.ત. મિલકત વિષયક સંબંધો મૂડીવાદી હતા, જમીન હવે ખાનગી સંપત્તિ બની હતી, જે મોટે પાયે ખરીદી કે વેચી શકાતી નથી.

વાસ્તવમાં, સંસ્થાનવાદ અન્તર્ગત સમાજ મૂળભૂત રીતે પરિવર્તિત બન્યો એમ આપણે કહી શકીએ. આ ઘટના વૈશ્વિક મૂડીવાદી વ્યવસ્થાનું અભિન્ન અંગ બની. દા.ત. ભારતમાં સંસ્થાનવાદી પ્રક્રિયા બ્રિટનમાંના ઔદ્યોગિક મૂડીવાદની જેમ જ આધુનિક ઘટના હતી; અઢારમી સદીના મધ્યથી બંને દેશોમાં એનો એકસાથે વિકાસ થયો. સ્વભાવતઃ મૂડીવાદ એક વૈશ્વિક વ્યવસ્થા હતી જે સમગ્ર વિશ્વ ઉપર છવાઈ જવી જોઈતી હતી પરન્તુ તે રીતે તે સમગ્ર વિશ્વ ઉપર છવાઈ ના શકી; કારણ તેનું એક રૂપ મહાનગરોમાં હતું, તો બીજું સંસ્થાનોમાં. તેણે મહાનગરને સંસ્થાનવાદી રાષ્ટ્રને આધુનિક વિકસિત ઔદ્યોગિક દેશ તરીકે વિકસાવ્યો અને સંસ્થાનોને અવિકસિત રાખ્યાં.

આ એ જ મૂડીવાદી પ્રક્રિયા હતી જેણે મહાનગરોમાં આર્થિક વિકાસને વધાર્યો અને વિકસિત મૂડીવાદી દેશ બનાવ્યો જેથી સંસ્થાનોમાં વિકાસને તેણે અટકાવ્યો અને સાંસ્થાનિક સમાજ તરીકે પરિવર્તિત કર્યો. સંસ્થાનવાદ પૂર્વકાલીન સમાજ અને આર્થિક વ્યવસ્થાને નેસ્તનાબૂદ કરે છે પણ આધુનિક સાંસ્થાનિક સમાજ અને અર્થવ્યવસ્થાની પૂર્વકાલીન પ્રાક્-મૂડીવાદી અર્થવ્યવસ્થા અને સમાજની જેમ આધુનિક આર્થિક વિકાસને અવરોધક બને છે તે બાબત સમજવી જરૂરી છે.

સંસ્થાન વિશ્વ મૂડીવાદી વ્યવસ્થાનું અભિન્ન અંગ બની જાય છે, પરન્તુ મૂડીવાદી સર્જનના વિકાસમાં કે ઔદ્યોગિક ક્રાન્તિમાં તેની કોઈ ભૂમિકા હોતી નથી. હકીકતમાં સંસ્થાનવાદ સંસ્થાનોમાં આધુનિક મૂડીવાદના વિકાસને અવરોધે છે.

### 1.2.2 સંસ્થાન ઉપર પ્રભાવ (Impact on Colony)

તમે સંસ્થાનવાદનાં પાયાનાં લક્ષણો જાણવા ઇચ્છતા હશો. મુખ્યતઃ તેની બે વિશેષતા છે : (1) સામ્રાજ્યવાદી સત્તા અથવા મહાનગરોની જરૂરિયાતો અનુસાર સંસ્થાનોએ સંપૂર્ણ તાબે થવું, અને (2) મહાનગરો દ્વારા સંસ્થાનોનું આર્થિક શોષણ થવું અથવા સંસ્થાનોના અધિશેષ આર્થિક ઉત્પાદનો પર કબજો જમાવવો.

વિભિન્ન પદ્ધતિઓ દ્વારા સંસ્થાનોમાં આર્થિક ઉત્પાદનમાં વધારો કરવામાં આવતો હતો. પરંપરિત કૃષિ-વ્યવસ્થાથી લઈને ગળી-ચાના વાવેતર અને ખાણ અને કારખાના વગેરેની સ્થાપના કરીને સામ્રાજ્યવાદી દેશોના વિભિન્ન વર્ગો દ્વારા સંસ્થાનોની આર્થિક બચતોને પચાવી પાડવી તે સંસ્થાનવાદનું પ્રધાન તત્ત્વ હતું. તાબેદારી એટલે સંસ્થાનોના આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસ માટેની મૂલગત બાબતોનો નિર્ણય સંસ્થાનોની આવશ્યકતાનુસાર થવાને બદલે મહાનગરોની અર્થવ્યવસ્થા અને તેના મૂડીવાદી વર્ગોની ઇચ્છા અને જરૂરિયાત મુજબ થતો હતો.

આ રીતે, સંસ્થાનવાદ એ રાજકીય નિયંત્રણ અથવા સાંસ્થાનિક નીતિઓથી કંઈક વિશેષ પ્રક્રિયા હતી. એને એક સંરચના તરીકે જોવામાં આવે છે. સાંસ્થાનિક હિતો અને નીતિઓ, સાંસ્થાનિક રાજ્ય અને વહીવટી સંસ્થાઓ, સાંસ્થાનિક સંસ્કૃતિ અને સમાજ તથા સાંસ્થાનિક વિચારો અને વિચારધારાઓ – આ બધી સાંસ્થાનિક ઢાંચા અન્તર્ગત થતી પ્રવૃત્તિઓ હતી.

**તમારી પ્રગતિ ચકાસો – ક**

1. પ્રસ્તુત વિધાનોમાંથી કયાં સાચાં (✓) છે અને ક્યાં ખોટાં (×) છે :
   (1) બ્રિટિશ અમલ હેઠળ ભારત મૂડીવાદી બ્રિટન જેવું હતું.
   (2) સ્વભાવગતઃ મૂડીવાદ એક સ્થાનિક ઘટના છે.
   (3) સંસ્થાનવાદ સંસ્થાનોના આર્થિક વિકાસને અવરોધે છે.
   (4) ભારત સંસ્થાન બન્યું તે પૂર્વે ભારતની કૃષિ વ્યવસ્થામાં કેટલાંક મૂડીવાદી તત્ત્વો હતાં.
2. સંસ્થાનવાદની મુખ્ય વિશેષતાઓ વિશે આશરે દસ લીટીમાં ચર્ચા કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 1.3 સંસ્થાનવાદનાં સોપાન (Stages of Colonialism)

સંસ્થાનવાદ એ સતત બનતી ઘટના કે એકીકૃત માળખું નથી. વિવિધ તબક્કાઓમાંથી સંસ્થાનવાદ પસાર થાય છે. સાંસ્થાનિક દેશોનું આધીનપણું અને તેમનું શોષણ સ્થિર ભાવે થતું રહે છે; પરંતુ દમન અને શોષણનું સ્વરૂપ તબક્કે તબક્કે બદલાતું રહે છે. આ પરિવર્તન ઘણાં કારણો સાથે સંબંધિત છેઃ દા.ત.

- મૂડીવાદનો વિશ્વ વ્યવસ્થા તરીકે ઐતિહાસિક વિકાસ.
- એકલદોકલ મહાનગરીય કે સામ્રાજ્યવાદી દેશનાં આર્થિક સામાજિક અને રાજકીય વિકાસનાં બદલાતાં સ્વરૂપો.
- વિશ્વ વ્યવસ્થામાં એની બદલાતી રહેતી સ્થિતિ.
- અને સંસ્થાનોનો પોતાનો ઐતિહાસિક વિકાસ.

ત્રણ અલગ અલગ સોપાનોમાં સંસ્થાનવાદને વિભાજિત કરી શકાય છે. આ સોપાન શોષણ અથવા બચત વિનિયોગનાં વિભિન્ન સ્વરૂપો સાથે સંબંધિત છે. ફલસ્વરૂપ, પ્રત્યેક સોપાન સાંસ્થાનિક, આર્થિક, સામાજિક અને રાજકીય તાબેદારી કે દમનનાં વિવિધ સ્વરૂપોને દર્શાવે છે. અને તેથી સાંસ્થાનિક નીતિઓ, રાજનીતિક અને વહીવટી સંસ્થાઓ, વિચારસરણીઓ અને પ્રભાવ તો ભિન્ન જોવા મળે છે પણ સાંસ્થાનિક લોકોનો પ્રતિભાવ પણ વિભિન્ન હોય છે.

વિભિન્ન સંસ્થાનો સારુ સંસ્થાનવાદી સોપાન ચોક્કસ સમયગાળામાં એક જ હોવાં જરૂરી નથી. વિવિધ સંસ્થાનોમાં વિવિધ સમયે વિવિધ સોપાન જોવા મળે છે. અર્થાત્ અલગ અલગ સંસ્થાનોમાં અલગ અલગ

સમયે વિભિન્ન સોપાન વિદ્યમાન હોય છે. પરંતુ સામાન્ય રીતે પ્રત્યેક સોપાનમાં વિષયવસ્તુ તો જ્યાં અને જ્યારે અસ્તિત્વ ધરાવે ત્યારે એકસરખું હોય છે. આપણે એ પણ નોંધવું જોઈએ કે સંસ્થાનવાદનું એક સોપાન શુદ્ધ સ્વરૂપે અન્યત્ર જોવા મળતું નથી, તેમ જ એક સોપાન અને બીજા સોપાન વચ્ચે સ્પષ્ટ અને સંપૂર્ણ વિચ્છેદ પણ જોવા મળતો નથી. શોષણ અથવા અધિશેષ આર્થિક (ઉચાપત) કબજાના સ્વરૂપ અને સંસ્થાનવાદની કેટલીક વિશેષતા પ્રારંભિક સોપાનમાંથી ઉત્તરકાલીન સોપાનમાં વિચરતી રહે છે. તેથી વિભિન્ન સોપાનને વિશિષ્ટ પ્રધાન વિશેષતાઓથી ઓળખાવી શકાય છે – એક સોપાનમાંથી બીજા સોપાનમાં ગુણાત્મક પરિવર્તન જોવા મળે છે.

આધુનિક ભારતના સાંસ્થાનિક ઇતિહાસના અધ્યયનથી સંસ્થાનવાદનાં મુખ્ય લક્ષણો અને તેનાં વિવિધ સોપાન સહજ રીતે જાણી શકાય છે, કારણ કે ઇતિહાસકારો ભારતને એક આદર્શ સંસ્થાન તરીકે સ્વીકારવામાં એકમત છે. આશરે બસો વર્ષના ભારતમાંના બ્રિટિશ શાસનના ઇતિહાસનું અધ્યયન સ્પષ્ટ સૂચિત કરે છે કે તે શાસનનાં આધારભૂત લક્ષણો એકસરખાં રહ્યાં નથી. વિકસતા વિશ્વ મૂડીવાદી અર્થતંત્રમાં બ્રિટનની બદલાતી રહેતી સ્થિતિના સંદર્ભમાં ભારતમાંના બ્રિટિશ સંસ્થાનવાદનું સ્વરૂપ પણ બદલાતું રહ્યું એટલે કે શોષણના સ્વરૂપમાં ફેરફાર અને તે સંદર્ભે સાંસ્થાનિક નીતિઓ, તેનો પ્રભાવ અને ભારતીય પ્રતિસાદમાં પરિવર્તન. છેલ્લાં બે પાસાં અર્થાત્ ભારત ઉપર સંસ્થાનવાદનો પ્રભાવ અને ભારતીય લોકોના પ્રતિભાવ વિશેની ચર્ચા હવે પછીના એકમમાં કરી છે. સાંસ્થાનિક નીતિઓની વિગતવાર ચર્ચા પણ બીજા એક એકમમાં કરીશું. પરન્તુ અહીં તો આપણે ભારતમાંના સંસ્થાનવાદની મુખ્ય વિશેષતાઓ વિવિધ સોપાન દરમ્યાન કેવી હતી તે વિશે તથા સંસ્થાનવાદમાં એક સોપાનમાંથી બીજા સોપાનમાં કેવી રીતે પરિવર્તન આવ્યાં તેનાં કારણોની ચર્ચા કરીશું.

## 1.3.1 પ્રથમ સોપાન (First Stage)

આ તબક્કો 'ઇજારાશાહી વેપાર : એક પ્રત્યક્ષ આર્થિક શોષણ' તરીકે ઓળખાય છે અર્થાત્ ઈ.સ. 1757 થી 1813 દરમિયાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન કાળ તરીકે ઓળખાય છે. અઢારમી સદીના ઉતરાર્ધ દરમ્યાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ઇજારાવાદી વેપાર નિગમ હેઠળ ભારત મુકાઈ ગયું હતું. આ તબક્કે કંપનીના ખ્યાલમાં બે બુનિયાદી ઉદ્દેશ હતા :

(1) પ્રથમ ઉદ્દેશ હતો ભારત સાથે ઇજારાશાહી વેપાર હસ્તગત કરવો. આનો અર્થ એ હતો કે બીજી કોઈ અંગ્રેજ કે યુરોપીય વેપારી કંપનીઓ કે વેપારીઓ ભારતીય માલના વેચાણ અને ખરીદના ક્ષેત્રમાં હરીફાઈ કરે નહીં, એટલું જ નહીં પણ ભારતીય વેપારીઓ પણ તેમ કરે નહીં. આને પરિણામે ઈસ્ટ ઇન્ડિયા કંપની ભારતીય ઊપજ શક્ય તેટલા સસ્તા ભાવે ખરીદી શકે અને વિશ્વ બજારમાં તે માલ શક્ય તેટલી ઊંચી કિંમતે વેચી શકે. આ રીતે ભારતીય આર્થિક અધિશેષનો ઇજારા પદ્ધતિથી કબજો લેવામાં આવતો હતો.

રાજ્ય અધિકાર પત્ર દ્વારા ભારત અને પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો એકાધિકાર (ઇજારો) ઈસ્ટ ઇન્ડિયા કંપનીને જ મળે એ પ્રકારની મજબૂર પરિસ્થિતિમાં બ્રિટિશ સરકારને મૂકીને બીજા અંગ્રેજ પ્રતિસ્પર્ધી વેપારીઓને પ્રસ્તુત વેપારમાંથી દૂર રાખ્યા. યુરોપીય પ્રતિસ્પર્ધીઓ સામે ભારતીય ભૂમિ ઉપર અને દરિયાઈ વેપારમાં ઈ.ઈ.કં.ને ઘણી લાંબી અને ભયાનક લડાઈ લડવી પડી. ભારતીય વેપારીઓ ઉપર ઇજારો સ્થાપવા અને ભારતીય રાજાઓને તેમાં હસ્તક્ષેપ કરતા રોકવા સારુ કંપનીએ દેશના વિવિધ વિસ્તારો ઉપર કાબૂ મેળવવા અને રાજકીય પ્રભાવ વધારવા મુગલ સામ્રાજ્યના વિઘટનનો લાભ ઉઠાવ્યો. રાજકીય વિજય પછી કંપની સીધી રીતે ભારતીય વણકરોને રોજગારી આપવા લાગી. આ સ્થિતિમાં બજાર ભાવથી ઓછી કિંમતે કપડાં તૈયાર કરવા વણકરોને ફરજ પાડી.

(2) આ સોપાન દરમ્યાન સંસ્થાનવાદનો બીજો મહત્ત્વનો ઉદ્દેશ હતો રાજ્ય સત્તા ઉપર નિયંત્રણ મારફતે સરકારી મહેસૂલ સીધી રીતે હાથમાં લેવાનો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ભારતીય ભૂમિ ઉપર અને દરિયામાં યુરોપીય હરીફો સામે લડાઈ લડવા માટે વ્યાપક આર્થિક સાધનોની જરૂર હતી. ઉપરાંત ભારતીય રાજાઓ ઉપર કાબૂ રાખવા અને દરિયાઈ લશ્કર નિભાવવા પણ સાધનોની જરૂરી હતી. વળી પોતાનાં વેપારી કેન્દ્રોના રક્ષણ માટે અને કિલ્લાઓની સુરક્ષા માટે પણ આર્થિક સમૃદ્ધિ જરૂરી હતી. પરન્તુ કંપની પાસે આવાં અને આટલાં સાધનોનો અભાવ હતો. તેમ જ બ્રિટિશ સરકાર પાસે કાં તો સાધનો ન હતાં કાં તો કંપનીનાં હિતો માટે તેનો ઉપયોગ કરવા દેવા ઇચ્છુક ન હતી. આથી જરૂરિયાત મુજબનાં આર્થિક સ્રોત ભારતીય પ્રજા પાસેથી પ્રાપ્ત કરવાં જરૂરી હતાં. આથી ભારતનાં વિભિન્ન ક્ષેત્રો ઉપર વિજય હસ્તગત કરવાની પ્રેરણા કંપનીને થઈ.

બીજા એક કારણસર પણ ભારતમાં આર્થિક સાધનો વધારવાની જરૂર ઊભી થઈ. દા.ત ભારતીય માલ ખરીદવા માટે ભારતીય નાણાં જરૂરી હતાં. બ્રિટિશ માલને ભારતમાં વેચીને અથવા ભારતમાં ચાંદી અને સોનાની નિકાસ કરીને આમ થઈ શકે તેમ હતું. પ્રથમ પદ્ધતિનો વિનિયોગ થઈ ના શક્યો, કારણ બ્રિટન ભાગ્યે જ એવો માલ ઉત્પન્ન કરતું હતું જેનું વેચાણ ભારતીય માલની હરીફાઈમાં ભારતમાં થઈ શકે. ઓગણીસમી સદીના આરંભ સુધી ભારતીય હસ્ત ઉદ્યોગના માલની હરીફાઈ બ્રિટનનું ઔદ્યોગિક ઉત્પાદન કરી શક્યું નહીં. રાજ્ય પ્રેરિત વાણિજ્યવાદના સિદ્ધાન્તોની અસર હેઠળ બ્રિટિશ સરકાર બ્રિટનમાંથી ચાંદી અને સોનું નિકાસ કરવા રાજી ન હતી. સરકારી મહેસૂલનો વિનિયોગ, અલબત્ત, ઈસ્ટ

ઈન્ડિયા કંપનીના નફામાં તથા શૅર હોલ્ડરોના ડિવિડન્ડમાં વધારો કરે તેમ હતું. આમ વેપારનો ઇજારો અને સરકારી મહેસૂલના વિનિયોગના બંને ઉદ્દેશ ઝડપથી પૂરા તો જ થઈ શકે જો શરૂમાં બંગાળ અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારો ઉપર અને પછીથી ભારતના શેષ ભાગો ઉપર વિજય હાંસલ કરવામાં આવે. આથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાની રાજકીય સત્તાનો ઉપયોગ ભારતીય હસ્તકલાની ઊપજ અને ભારતીય વેપાર ઉપર એકાધિકાર નિયંત્રણ પ્રસ્થાપવામાં કર્યો. ભારતીય વેપારીઓને ક્રમશઃ દૂર કરીને છેવટે તેમને નેસ્તનાબૂદ કર્યા. જ્યારે ભારતીય વણકરો અને બીજા હસ્તકલા કારીગરોને કાં તો પોતાનો માલ ઓછી કિંમતે વેચવા અથવા કંપની માટે ઓછા વેતને કામ કરવા મજબૂર કર્યા. અહીં એ ખાસ નોંધવું જોઈએ કે આ તબક્કે ભારતમાં મોટા પાયે બ્રિટિશ માલ આયાત થતો ન હતો. બલ્કે પરિસ્થિતિ એથી વિપરીત હતી. અર્થાત્ ભારતીય કાપડની નિકાસમાં વધારો થયો. દા.ત ભારતીય વણકરો આ તબક્કે બ્રિટિશ માલની આયાતથી પાયમાલ થયા ન હતા. પરન્તુ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ઇજારાશાહી તેમ જ નુકસાની વેઠીને કંપની માટે માલ ઉત્પન્ન કરવાની ફરજને કારણે પાયમાલ થયા હતા.

રાજકીય વિજય પ્રાપ્ત કરીને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતીય રાજ્યોના મહેસૂલ ઉપર પ્રત્યક્ષ કાબૂ મેળવ્યો. આ ઉપરાંત કંપની અને તેમના કર્મચારીઓએ ભારતીય વેપારીઓ અધિકારીઓ, ઉમરાવો, રાજાઓ અને જમીનદારો પાસેથી ગેરકાનૂની રીતે અઢળક સંપત્તિ છીનવી લીધી. હકીકતમાં સંસ્થાનવાદના પ્રથમ સોપાન દરમિયાન લૂંટફાટની પ્રવૃત્તિ અને બચતોને સીધે સીધી ઝૂંટવી લેવાની પ્રવૃત્તિ પૂરજોરમાં હતી. ક્રમશઃ મોટી સંખ્યામાં ઊંચા પગારદાર બ્રિટિશ અધિકારીઓ ભારતમાં નીમવામાં આવ્યા અને તેમનાં પગાર અને પેન્શન આપણી બચતોમાંથી ચૂકવવામાં આવતાં. આથી ભારતમાં બ્રિટિશ અધિકારીઓની નિમણૂક બાબતે ખાસ કરીને જમીનદાર વર્ગ અને ઉમરાવ વર્ગ વચ્ચે બ્રિટનમાં તીવ્ર સંઘર્ષ હતો.

આ સોપાન દરમિયાન સંસ્થાનવાદનું મહત્ત્વનું લક્ષણ એ હતું કે ભારતીય સંસ્થાનના વહીવટમાં, ન્યાય વ્યવસ્થામાં, વાહન અને સંદેશા વ્યવહારમાં ખેતી અને ઔદ્યોગિક ઉત્પાદનની પદ્ધતિમાં વેપારી સંચાલન અને આર્થિક સંગઠનના સ્વરૂપમાં કોઈ પાયાના ફેરફારો અમલી બનાવ્યા ન હતા. ફક્ત બંગાળમાં કાયમી જમાબંધીનો ફેરફાર થયો હતો જે સંસ્થાનવાદના બીજા સોપાનને સ્પર્શતો હતો. વળી શૈક્ષણિક અને બૌદ્ધિક ક્ષેત્રોમાં તેમ જ સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં પણ કોઈ પરિવર્તન કર્યું ન હતું. ફક્ત બે નવી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવામાં આવી હતી : સંસ્કૃતના અધ્યયન માટે બનારસમાં અને અરબી-ફારસીના અધ્યયન માટે કલકત્તામાં. આધુનિક પશ્ચિમી વિચારો ભારતમાં આયાત કરવામાં નિમિત્ત બનનાર ખ્રિસ્તી મિશનરીઓ અને બ્રિટિશ મૂડીવાદીઓને પણ ભારતમાંના બ્રિટિશ આધિપત્ય ક્ષેત્રમાં પ્રવેશવા દીધા ન હતા. જે કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા તેમાં

(1) લશ્કરી સંગઠન અને તકનિકીનો સમાવેશ થાય છે. આવો ફેરફાર સમકાલીન ભારતના સ્વતંત્ર શાસકો એમના સશસ્ત્ર સૈન્યમાં કરતા હતા.
(2) અને બીજો ફેરફાર વહીવટમાં–ખાસ કરીને મહેસૂલ એકત્ર કરવાની પદ્ધતિમાં જેથી કંપનીને અસરકારક ફાયદો થાય.

આ તબક્કે બ્રિટિશ શાસન પરંપરિત ભારતીય સામ્રાજ્યોથી ખાસ ભિન્ન પ્રકારનું ન હતું કેમ કે આ શાસકો પણ જમીન મહેસૂલ એકઠું કરવા ઉપર આધાર રાખતા હતા.

આમ શાથી હતું ? શા માટે થોડા જ ફેરફારો અમલી બનાવ્યા ? કારણ કે આ તબક્કા દરમ્યાન સંસ્થાનવાદના બે મુખ્ય ઉદ્દેશો સારુ ભારતના સામાજિક-આર્થિક વહીવટમાં પાયાના ફેરફારો આવશ્યક જણાયા ન હતા. સંસ્થાનવાદ એના પ્રથમ સોપાન દરમ્યાન વિદ્યમાન આર્થિક, સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય ઢાંચા ઉપર પ્રભુત્વ જમાવી શકે તેમ હતું. વળી બ્રિટિશ શાસકોને ભારતમાંના અગાઉના શાસન-અધિકારીઓની જેમ દૂરનાં ગામો સુધી જવાની જરૂર જણાઈ નહીં, જ્યાં સુધી પરંપરાગત પદ્ધતિથી એમને મહેસૂલ એકત્ર કરવામાં સફળતા મળતી રહી. તેથી ભારતના વિદ્યમાન આર્થિક અથવા રાજકીય ઢાંચામાં કે વહીવટી અને સામાજિક સંસ્થાઓમાં કે સાંસ્કૃતિક અને વૈચારિક માળખામાં હસ્તક્ષેપ કરવાની જરૂર જણાઈ નહીં.

શાસકોની વિચારસરણીમાં પણ પરિવર્તનમાં અભાવનું પ્રતિબિંબ પડેલું જોઈ શકાય છે. ભારતની પારંપારિક સંસ્કૃતિ, ધર્મો, કાયદાકાનૂન, જ્ઞાતિ પ્રથા, કૌટુંબિક ઢાંચો વગેરેની ટીકાટિપ્પણી કરવાની કોઈ આવશ્યકતા એમને અનુભવાઈ નહીં કેમ કે સંસ્થાનવાદના આ સોપાન દરમ્યાન અર્થાત્ શોષણ દરમ્યાન આ બધું અવરોધક જણાયું ન હતું. જરૂરિયાત તો હતી સંસ્થાનવાસીઓને સહાનુભૂતિપૂર્વક સમજવાની, જેથી રાજકીય પ્રભુત્વ અને આર્થિક શોષણની પ્રક્રિયા ધાર્મિક, સામાજિક કે સાંસ્કૃતિક ભૂમિકાના મુદ્દે ભારતીયોના વિરોધ વિના સરળતાથી આગળ ધપાવી શકાય.

આ સોપાન દરમ્યાન ભારતમાંથી ઘણું ધન વિદેશમાં ખેંચાઈ ગયું. બ્રિટનની ઔદ્યોગિક ક્રાન્તિ માટેની નાણાકીય વ્યવસ્થા ઊભી કરવામાં આ ધને મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી. આ સમયે ભારતમાંથી ખેંચાઈ ગયેલું ધન બ્રિટનની રાષ્ટ્રીય આવકના 2 થી 3 ટકા જેટલું થતું હતું.

**તમારી પ્રગતિ ચકાસો – ખ**

1. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના બે મુખ્ય ઉદ્દેશની આશરે દશ લીટીમાં ચર્ચા કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2. પ્રસ્તુત વિધાનોમાંથી કયાં સાચાં (✓) અને કયાં ખોટાં (×) છે તે જણાવો.
   (1) શોષણનાં સ્વરૂપોમાં કોઈ પરિવર્તન વિનાનો સંસ્થાનવાદ એક સતત બનતી ઘટના છે.
   (2) સંસ્થાનવાદનાં વિવિધ સોપાન બધાં સંસ્થાનોમાં એકસરખી રીતે અને એક જ સમયે વિકસિત થયાં હતાં.
   (3) ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં હિતોના વિકાસ માટે બ્રિટિશ સરકાર પોતાનાં સાધનોનો ઉપયોગ કરવા ઇચ્છતી ન હતી.
   (4) કંપનીના કર્મચારીઓએ ભારતીય વેપારીઓનું ઘણું ધન ઝૂંટવી લીધું હતું.
3. ભારતમાં સંસ્થાનવાદની ઇજારાશાહી વેપાર વ્યવસ્થામાં મુખ્ય લક્ષણો સૂચિત કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

## 1.3.2 દ્વિતીય સોપાન (Second Stage)

વેપાર મારફતે શોષણનો આ તબક્કો હતો અને તેથી તેને 19મી સદી દરમ્યાનના મુક્ત વેપારનો સંસ્થાનવાદ પણ કહેવાયો છે. ભારતના ઘણા બધા વિસ્તારો ઉપર ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આધિપત્ય જમાવ્યા પછી તરત જ બ્રિટનમાં આ નવું સંસ્થાન કોનાં હિતોનું રક્ષણ કરશે તે બાબતે, તીવ્ર સંઘર્ષ શરૂ થયો. ઇ.સ. 1750 પછી બ્રિટન ઔદ્યોગિક ક્રાન્તિની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું હતું. નવા વિકસતા ઔદ્યોગિક મૂડીવાદીઓએ ભારતમાંની ઈસ્ટ ઇન્ડિયા કંપની અને તેના શોષણના સ્વરૂપ ઉપર આક્રમણોનો પ્રારંભ કર્યો. એમણે એવી માગણી મૂકી કે ભારતીય સાંસ્થાનિક વહીવટ અને નીતિઓએ હવે એમનાં હિતોનું રક્ષણ કરવું જોઈએ, જે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં હિતોથી જુદાં હતાં. ભારતીય ઊપજ ઉપરના એકાધિકારી વેપારથી થતા મહેસૂલ ઉપરના કંપનીના નિયંત્રણથી કશો લાભ તેમને થયો નહીં. પોતાના વધતા જતા ઉત્પાદન, ખાસ કરીને કાપડ, માટે ભારત એક બજારના સ્વરૂપે કાર્ય કરે એવી એમની ઇચ્છા હતી. તે સાથે તેઓને ભારતમાંથી નિકાસ થતા કાચા માલ, ખાસ કરીને કપાસ અને અનાજની આવશ્યકતા વિશેષ હતી. વધુમાં ભારત વધુ પ્રમાણમાં બ્રિટિશ માલ ત્યારે જ ખરીદી શકે જ્યારે તે પોતાની નિકાસ વધારીને વિદેશી મુદ્રા પ્રાપ્ત કરે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ડિવિડન્ડ વધારવા અને બ્રિટિશ વેપારીઓના નફા અને બ્રિટિશ અધિકારીઓનાં વેતન અને પેન્શન વગેરેને બ્રિટનમાં લઈ જવા સારુ નિકાસમાં વધારો કરવાની આવશ્યકતા હતી.

પણ ભારત શેની નિકાસ કરે ? વર્ષો સુધી ભારતનું કાપડ બ્રિટનમાં આયાત થાય એવું બ્રિટિશો ઇચ્છતા ન હતા અને એમની નિકાસ આર્થિક રીતે સક્ષમ ન હતી. આથી ભારતમાંથી જે ચીજવસ્તુઓ નિકાસ યોગ્ય હતી તેમાં ખેતી માટેની કાચી સામગ્રી અને બીજી બિનઉત્પાદિત વસ્તુઓનો સમાવેશ થતો હતો. અર્થાત્ બ્રિટિશ ઔદ્યોગિક મૂડીવાદીઓને અનુકૂળતા માટે ભારતમાં બ્રિટિશ સંસ્થાનવાદે એના બીજા સોપાનમાં પ્રવેશ કરવો જરૂરી હતો. બ્રિટનને આધીન એવા વ્યાપારિક ભાગીદાર ભારતે બનવું જોઈએ અને તે એવા બજારના સ્વરૂપે જેથી તેનું શોષણ થઈ શકે અને એવા સંસ્થાન તરીકે જેથી બ્રિટનની આવશ્યકતા અનુસાર કાચો માલ અને ખાદ્ય પદાર્થ મોકલી શકાય અથવા બનાવી શકાય. ભારતની આર્થિક બચતો એવા વેપારના માધ્યમથી વિનિયોગ થવી જોઈતી હતી જે અસમાનતા ઉપર આધારિત હતી. ફલસ્વરૂપ બ્રિટને એવો માલ બનાવ્યો અને નિકાસ કર્યો જે કારખાનાંમાં આધુનિક ટેકનોલૉજી અને ઓછા પરિશ્રમથી તૈયાર થયો હતો અને તેમાં ઉત્પાદકતા અને વેતનનું સ્તર ઘણું ઊંચું હતું. બીજી તરફ

ભારતે, જેમાં વધુ પરિશ્રમની જરૂર પડતી, ઉત્પાદન ઓછું થતું અને મજૂરી ઓછી આપવામાં આવતી એવી જૂનીપુરાણી પદ્ધતિથી ખેતી માટેનો કાચો માલ ઉત્પન્ન કર્યો. શ્રમનું આ આંતરરાષ્ટ્રીય વિભાજન ભારત માટે માત્ર પ્રતિકૂળ ન હતું. બલકે અકુદરતી અને બનાવટી પણ હતું તેમ જ બળપૂર્વક તેનો અમલ ભારતમાં સંસ્થાનવાદી આધિપત્ય દ્વારા થયો હતો.

બ્રિટિશ શાસક વર્ગો વચ્ચેના તીવ્ર સંઘર્ષના ફલસ્વરૂપ 1773નો રેગ્યુલેટિંગ ઍક્ટ 'નિયામક ધારો' અને 1784નો 'પિટ્સ ઇન્ડિયા ઍક્ટ' પસાર થતાં ભારતમાં પરિવર્તનમાં પ્રારંભ થયો. 1789 પછી ફ્રાન્સના ક્રાન્તિકારી યુદ્ધને કારણે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને રક્ષણ અને રાહત પ્રાપ્ત થયાં. પણ કંપની ક્રમશઃ પોતાની શાખા ગુમાવતી ગઈ. 1813 સુધીમાં, જ્યારે બીજો 'ચાર્ટર ઍક્ટ' (સનદી ધારો) પસાર થવાથી કંપનીએ ભારતમાં પોતાની રાજકીય અને આર્થિક સત્તા ગુમાવી દીધી હતી અને વાસ્તવમાં સત્તા બ્રિટિશ સરકાર હસ્તક રહી, જેણે બ્રિટિશ મૂડીવાદી વર્ગનાં સામૂહિક હિતો માટે ભારત ઉપર શાસન કર્યું.

જોકે ભારતનું પોતાની વિદ્યમાન આર્થિક, રાજકીય, વહીવટી અને સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થામાં નવી પદ્ધતિથી શોષણ થઈ શકે તેમ ન હતું. આથી આ બધી વ્યવસ્થાને છિન્નભિન્ન કરવી અને પૂર્ણ રીતે બદલવી જરૂરી હતી. બ્રિટિશ ભારતીય સરકાર 1813 પછી આમ કરવા કટિબદ્ધ બની. આર્થિક ક્ષેત્રમાં એનો અર્થ, ભારતની સંસ્થાનવાદી અર્થવ્યવસ્થાને બ્રિટિશ અને વિશ્વની મૂડીવાદી અર્થવ્યવસ્થા સાથે જોડવાનો હતો. આ માટેનું મુખ્ય સાધન હતું મુક્ત વેપારનો અમલ. ભારતમાં બધી આયાતી ચીજો ઉપરનો કર સંપૂર્ણતયા દૂર કરાયો અથવા ઘણો ઓછો કરાયો. આ રીતે બ્રિટિશ ઉત્પાદન માટે ભારત મુક્ત બજાર બન્યું. બ્રિટિશ મૂડીવાદીઓ ચા, કૉફી અને ગળીનાં વાવેતર કરી શકે અને વેપાર, વાહનવ્યવહાર અને ખાણો તથા આધુનિક ઉદ્યોગો વિકસાવી શકે તે માટે ભારતમાં મુક્ત પ્રવેશની તેમને અનુમતિ પ્રાપ્ત થઈ. બ્રિટિશ ભારતીય સરકારે આ મૂડીવાદીઓને જરૂરી સક્રિય રાજ્ય સહાય પૂરી પાડી. કાયમી જમાબંધી અને રૈયતવારી પદ્ધતિના માધ્યમથી ભારતના કૃષિવિષયક માળખાને મૂડીવાદી દિશા તરફ લઈ જવાની કોશિશ કરવામાં આવી હતી. ભારતમાં મોટા પાયે આયાત કરી તેનું વેચાણ કરવા માટે ઉપરાંત વધુ મોટા પાયે કાચા માલની નિકાસ કરવા અને દૂરનાં સ્થળોએથી તે માલ બંદરો સુધી પહોંચાડવા માટે સસ્તા અને સરળ વાહન તથા સંદેશાવ્યવહારની આવશ્યકતા હતી. આવી જરૂરિયાત વિના મોટી માત્રામાં વિદેશી વેપાર ભારતમાં ખોલવો શક્ય ન હતો. આથી સરકારે નદીઓ અને નહેરોને સુધારી, નદીઓમાં વહાણોની અવરજવરની વ્યવસ્થાને પ્રોત્સાહન આપ્યું અને રસ્તાઓની મરામત કરી. ઉપરાંત, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતનાં મુખ્ય શહેરો અને બજારોને બંદરો સાથે સાંકળતી રેલવ્યવસ્થા સારુ પ્રોત્સાહન અને નાણાં પૂરાં પાડ્યાં. 1885 સુધીમાં આશરે 45000 કિલોમીટર લાંબા રેલમાર્ગો તૈયાર થયા. એવી જ રીતે, તાર-ટપાલની પદ્ધતિ અમલી બનાવી જેથી આર્થિક લેવડ-દેવડની પ્રક્રિયા સરળ બને.

વહીવટી ક્ષેત્રમાં પણ હવે ઘણાં બધાં પરિવર્તન લાવવામાં આવ્યાં. વહીવટને વધુ વિસ્તૃત અને વ્યાપક બનાવ્યો અને દેશનાં ગામો અને દૂરનાં સ્થળો સુધી તે સુવિધા પહોંચી. આને પરિણામે બ્રિટિશ માલ દૂરનાં સ્થળો સુધી પહોંચે, અને ત્યાંથી કૃષિ ઉત્પાદન લાવવામાં આવે. મૂડીવાદી વેપારી સંબંધોના વિકાસ માટે તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારુ ભારતમાં કાનૂની અને ન્યાયાલયોના માળખામાં પરિવર્તન કરવામાં આવ્યું. તો પણ અપરાધી કાનૂન, કરાર સંબંધી કાનૂન અને કાયદાકીય પ્રક્રિયા, પર્સનલ લૉ જેમાં લગ્ન અને વારસા હક્ક સંબંધિત કાયદાઓ અંગે ખાસ કોઈ ફેરફાર કરવામાં આવ્યા નહીં; કેમ કે આ બધા કાનૂન સાંસ્થાનિક આર્થિક પરિવર્તનને અવરોધરૂપ બનતા ન હતા. વળી 1830 અને 1840ના દાયકા દરમ્યાન અંગ્રેજી ભાષાએ ફારસી ભાષાનું સ્થાન ભારતની અધિકૃત ભાષા તરીકે (રાજભાષા તરીકે) લઈ લીધું હતું. લૉર્ડ વિલિયમ બેન્ટિકના 7મી માર્ચ, 1835ના ઠરાવમાં એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું કે 'શિક્ષણ માટે નિર્ણીત નાણાં ફક્ત અંગ્રેજી શિક્ષણમાં સારી રીતે વાપરવામાં આવશે'.

આધુનિક શિક્ષણ મુખ્યત્વે વ્યાપક રીતે ફેલાયેલા વહીવટી માળખાને સુદઢ બનાવવાના હેતુથી શરૂ થયું હતું. ઉપરાંત ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં પરિવર્તન લાવવા માટે સહાયરૂપ થવાની અપેક્ષા પણ હતી. બે કારણોસર આ ફેરફાર આવશ્યક હતો : (1) વિકાસ અને પરિવર્તનનું વાતાવરણ સર્જવા માટે અને (2) શાસકો પ્રત્યે વફાદારીના સંસ્કાર ઉત્પન્ન કરવા માટે.

અહીં એ નોંધવું જોઈએ કે આ સમય દરમ્યાન રાજા રામમોહન રૉય જેવા ઘણા ભારતીય બૌદ્ધિકોએ, અલબત્ત અન્ય કારણોસર, સામાજિક અને સાંસ્કૃતિક આધુનિકીકરણનાં કાર્યો મુખ્યત્વે રાષ્ટ્રીય પુનરુત્થાન માટે કરવાં શરૂ કર્યાં.

સંસ્થાનવાદના બીજા સોપાને ઘણા બધા બ્રિટિશ મુત્સદ્દીઓ અને વહીવટદારોમાં ઉદાર સામ્રાજ્યવાદી વિચારધારાને જન્મ આપ્યો. લોકશાહી તંત્રની અને સ્વશાસનની બાબતોમાં ભારતીય લોકોને તાલીમ આપવાનો એમણે વિચાર કર્યો. ત્યારે બ્રિટન વિશ્વની એ કાર્યશાળા હતી; ઝડપી ગતિથી ઔદ્યોગિક દેશ તે એકલો બની શક્યો હતો. પરિણામે, જો બ્રિટન પોતાનો ભારત ઉપરનો પ્રત્યક્ષ રાજકીય અને વહીવટી કાબૂ હઠાવી લે તો પણ ભારત સાથે વેપારી સંબંધો સાચવી શકાય એવું માનનારા બ્રિટનમાં ઘણા હતા; ખાસ કરીને કાયદો અને વ્યવસ્થા, મુક્ત વેપાર અને વેપારી કરારોની વચનબદ્ધતા સુરક્ષિત રહે. જોકે ઉદાર સામ્રાજ્યવાદી લોકોનો વિશ્વાસ હતો કે આ સદ્‌ગુણો સંપ્રાપ્ત કરવા ભારતને સો કે તેથી

વધુ વર્ષો લાગશે અને તેથી હવે પછીની સદીઓ સુધી બ્રિટિશ શાસન ચાલુ રાખવું જોઈએ અને મજબૂત પણ બનાવવું જોઈએ.

જો ભારતના સામાજિક-આર્થિક માળખાને પૂર્ણતયા પરિવર્તિત કરવું હોય તો એની વિદ્યમાન સંસ્કૃતિ અને સામાજિક સંસ્થાઓને બિનઉપયોગી નિર્જીવ થતી જાહેર કરવી હતી. હવે ભારતીય સમાજ અને સંસ્કૃતિ તીવ્ર ટીકાના વિષયો ગણાવા લાગ્યા. આ ટીકામાં કોઈ જાતીય મુદ્દો સમાવિષ્ટ ન હતો. કારણ સાથોસાથ એવી પણ એક માન્યતા હતી કે ક્રમશઃ ભારતીયોને યુરોપીય સ્તર સુધી ઊંચે ઉઠાવી શકાશે.

આ સોપાન દરમ્યાન પણ અગાઉની જેમ અધિશેષ આવકને ઝૂંટવવાની પ્રક્રિયા ચાલુ રહી. આ ઉપરાંત મોંઘો વહીવટ અને આર્થિક પરિવર્તનના પ્રયાસોને પરિણામે કરવેરામાં તીવ્ર વધારો ખેડૂતો ઉપર બોજારૂપ બની રહ્યો. સૈનિક અને નાગરિક વહીવટના સંચાલન સારુ તથા રેલવેના નિર્માણ માટે નાણાંનો અભાવ તથા જમીન ઉપરના કરભારણની કેટલીક સ્વયમ્ મર્યાદાને કારણે સાંસ્થાનિક વહીવટ સતત ધનની ખેંચ અનુભવવા લાગ્યો. પરિણામે બીજાં ક્ષેત્રોમાંની આધુનિકીકરણની પ્રક્રિયા થોડી મંદ પડી.

આ સોપાન દરમ્યાન બ્રિટિશ સંસ્થાનવાદના વિકાસમાં ભારતે મહત્ત્વનો ભાગ ભજવ્યો. બ્રિટિશ ઉદ્યોગો, ખાસ કરીને કાપડનો ઉદ્યોગ, નિકાસ ઉપર મુખ્યત્વે આધારિત હતો. બ્રિટિશ નિકાસનો 10 થી 12 ટકા હિસ્સો ભારતમાં આવતો હતો અને 1860 થી 1880 દરમ્યાન બ્રિટિશ કાપડની આશરે વીસ ટકા આયાત ભારત કરતું હતું. 1850 પછી એન્જિન, ડબ્બા, રેલના પાટા અને અન્ય રેલ સામાન માટે ભારત મુખ્ય આયાતી દેશ હતો. વધુમાં, એશિયા અને આફ્રિકામાં બ્રિટિશ સંસ્થાનવાદ ફેલાવવા માટે ભારતે નિર્ણાયક ભૂમિકા ભજવી. આ સમગ્ર સોપાન દરમ્યાન ભારતનું ધન અને મૂડી સતત બ્રિટનમાં ઘસડાતું રહ્યું.

### 1.3.3. તૃતીય સોપાન (Third Stage)

આ સોપાનને સંસ્થાનો માટે વિદેશી રોકાણ અને આંતરરાષ્ટ્રીય પ્રતિસ્પર્ધાના યુગ તરીકે ઓળખવામાં આવે છે. લગભગ 1860થી ભારતમાં સંસ્થાનવાદના નવા તબક્કાનો આરંભ થયો. વિશ્વ અર્થવ્યવસ્થામાં આવેલાં કેટલાંક મુખ્ય પરિવર્તનોનું આ પરિણામ હતું : દા.ત.

1. યુરોપના ઘણા દેશો, યુ.એસ.એ. અને જાપાનમાં ઉદ્યોગીકરણનો પ્રસાર થયો તે સાથે બ્રિટનની વિશ્વમાંની ઔદ્યોગિક સર્વોપરીતાનો અંત આવ્યો.
2. ઉદ્યોગોમાં વૈજ્ઞાનિક જ્ઞાનના અમલીકરણને કારણે ઉદ્યોગીકરણની પ્રક્રિયા વધુ ગતિશીલ બની. આધુનિક રાસાયણિક ઉદ્યોગો, આંતરિક દહન એંજિન માટે ઈંધણ તરીકે પેટ્રોલિયમનો વિનિયોગ અને ઉદ્યોગોના હેતુ માટે વીજળીનો વપરાશ આ સોપાન દરમ્યાન ઘણો વધ્યો.
3. આંતરરાષ્ટ્રીય વાહનવ્યવહારમાં થયેલી ક્રાન્તિને કારણે વિશ્વના બજારનું વિશેષ એકીકરણ થયું.

ઘણા ઔદ્યોગિક દેશોમાં નવા ઉદ્યોગોએ મોટા પ્રમાણમાં કાચા માલનો વપરાશ કર્યો. ઝડપી ઔદ્યોગિક વિકાસને પરિણામે શહેરોની વસતી ઝડપથી વધવા લાગી અને તેથી વધારે ખાદ્ય પદાર્થોની જરૂર ઊભી થઈ. તે સાથે સલામત અને નવાં વિશિષ્ટ બજારો તથા ખેતી વિષયક કાચો માલ અને ખનીજ માલ અને ખાદ્ય પદાર્થો સંપ્રાપ્ત કરવા સારુ તીવ્ર સંઘર્ષ શરૂ થયા.

આ ઉપરાંત, ઘર આંગણે વેપાર અને ઉદ્યોગનો વિકાસ તથા સંસ્થાનો અને ઉપસંસ્થાનોના વધતા જતા શોષણને પરિણામે મૂડીવાદી દેશોમાં મૂડીનો વ્યાપક ભરાવો થવા માંડ્યો. સાથોસાથ, મૂડીનું કેન્દ્રીકરણ તથા બેંકિંગ મૂડીનું ઔદ્યોગિક મૂડીમાં સમાઈ જવા જેવી પ્રક્રિયા નાની સંખ્યામાં પરંતુ મોટાં નિગમો, વેપારી સંઘો અને ઉત્પાદક સંઘોમાં થઈ. આ મૂડી માટે બજારોની શોધ કરવી પડી, જેથી મોટી માત્રામાં મૂડીની નિકાસ થવા માંડી. ફરી એક વાર વિકસિત મૂડીવાદી દેશોએ એવાં ક્ષેત્રો માટે શોધ અને સ્પર્ધા શરૂ કરી, જ્યાં તેઓ પોતાની વધારાની મૂડીના રોકાણનો એકાધિકાર પ્રાપ્ત કરી શકે. આમ, મૂડીના રોકાણ માટે બજાર, કાચો માલ અને વિસ્તારોની શોધમાં મૂડીવાદી દેશોએ પરસ્પર વિશ્વનું વિભાજન અને પુનર્વિભાજન આરંભી દીધું.

આ સોપાન દરમ્યાન સંસ્થાનવાદે સામ્રાજ્યવાદી દેશો અથવા 'મહાનગરો'માં મહત્ત્વપૂર્ણ રાજનૈતિક અને વૈચારિક હેતુઓની ગરજ સારી. સામ્રાજ્યવાદના ગુણગાન ઉપર આધારિત ઉત્કટ રાષ્ટ્રવાદ કે અંધ દેશભક્તિનો પ્રયોગ દેશનાં સામાન્ય હિતો પર ભાર મૂકીને સામાજિક વિભાગીકરણને ઓછું કરવા સારુ થતો હતો. ઉદાહરણ તરીકે, શ્રમિકોનાં અભિમાન અને સંતોષનો ભાવ ફેલાવવા માટે જેમનાં ગંદાં ઝૂંપડાં ઉપર ક્યારેય સૂર્ય પ્રકાશતો નથી ત્યારે બ્રિટિશોએ બ્રિટિશ સામ્રાજ્ય ઉપર ક્યારેય સૂર્ય અસ્ત પામતો નથી એવું ગર્વીલું ઘોષણાસૂત્ર પ્રસારિત કર્યું. તો ફ્રાન્સવાસીઓને (ફ્રેન્ચોએ) એવું 'સિવિલાઇઝીંગ સંસ્કારી બનાવવાના મિશન' વિશે અને જાપાને 'અખિલ એશિયાવાદ' વિશે ચર્ચા કરી અને એશિયાઈ લોકોના સમર્થક હોવાનો દાવો કર્યો.

આ સોપાન દરમ્યાન વિશ્વમાં બ્રિટનની સ્થિતિ સામે પ્રતિસ્પર્ધી મૂડીવાદી દેશો દ્વારા સતત પડકાર થતો રહ્યો અને તેને નબળી પાડવામાં આવી રહી હતી. આથી ભારત ઉપરના પોતાના પ્રભુત્વને સુદૃઢ કરવા

સારુ પ્રયાસો આરંભ્યા. પ્રત્યાઘાતચી સામ્રાજ્યવાદી નીતિઓએ ઉદાર શાહીવાદી નીતિઓનું સ્થાન લઈ લીધું. આનું પ્રતિબિંબ લીટન, ડફરિન, લેન્સડાઉન તથા કર્ઝનના વાઇસરોય કાળમાં પડ્યું. ભારત ઉપરની સાંસ્થાનિક પકડને મજબૂત કરવા માટે એક તરફ પ્રતિસ્પર્ધીઓ દૂર રાખવાની આવશ્યકતા હતી તો બીજી તરફ ભારતમાં બ્રિટિશ ધનરાશિને લાવવાની અને સુરક્ષા બક્ષવાની એટલી જ જરૂર હતી. 1850 પછી મોટા પાયે રેલવે માટે, ભારત સરકારને અનુદાનરૂપે ઉપરાંત થોડા પ્રમાણમાં વેપાર ગળી, ચાના વાવેતર, કોલસાની ખાણો, શણનાં કારખાનાં, જહાજી વિકાસ અને બેંકિંગ કાર્યમાં બ્રિટિશ ધન રોકવામાં આવ્યું.

બ્રિટન સારુ ભારતે બીજો મહત્ત્વનો ભાગ ભજવ્યો. વિશ્વના વિભાજન અને પુનર્વિભાજનના સંઘર્ષના બ્રિટનના હરીફો સામે લડવા ભારતીય સૈન્ય, પ્રજા અને ધનનો ઉપયોગ થઈ શકતો હતો. હકીકતમાં, આફ્રિકા અને એશિયામાં બ્રિટિશ સામ્રાજ્યનો વિસ્તાર કરવા અને તેને સુદૃઢ કરવા તથા તેના રક્ષણ માટે ભારતીય સૈન્ય મુખ્ય સાધન હતું. પરિણામ એ આવ્યું કે 1904માં ભારતીય મહેસૂલી આવકના બાવન ટકા ખર્ચ મોંઘી અને સ્થાયી સેનાના નિભાવ માટે થયું.

રાજકીય અને વહીવટી દષ્ટિએ સંસ્થાનવાદના ત્રીજા સોપાનનું લક્ષણ હતું ભારત ઉપર વિશિષ્ટ રીતે પ્રભુત્વને સુદૃઢ કરવું. ઉપરાંત, અગાઉ કરતાં હવે એ મહત્ત્વનું હતું કે ભારતને ખૂણે ખૂણે સાંસ્થાનિક વહીવટ પહોંચવો જોઈએ. અગાઉની અપેક્ષાએ સાંસ્થાનિક વહીવટ નોકરશાહીના સ્વરૂપે વધારે મજબૂત, અસરકારક અને વ્યાપક બન્યો. રેલવે પણ ઘણી ઝડપથી નંખાવા લાગી.

સંસ્થાનવાદી વિચારણામાં એક જબરજસ્ત પરિવર્તન આવ્યું. સ્વશાસન માટે ભારતીયોને તાલીમ આપવાની બાબત રદબાતલ થઈ ગઈ. જોકે ભારતીય રાષ્ટ્રીય ચળવળના દબાણને પરિણામે 1918 પછી વીસમી સદીમાં તે વિચારણા સજીવન થઈ. એને સ્થાને બ્રિટિશ શાસનનો ઉદ્દેશ ભારતીય પ્રજા ઉપર સ્થાયી પ્રશાસન ઘોષિત કરવાનો હતો. ભારતીય પ્રજાને કાયમી ધોરણે અપરિપક્વ અને 'બાળ' પ્રજા તરીકે જાહેર કરાઈ એ તે માટે બ્રિટિશ નિયંત્રણ અને વાલીપણાની આવશ્યકતા હતી. ભારતીયોને લોકશાહી માટે કે સ્વશાસન માટે કાયમી ધોરણે અયોગ્ય ઠેરવવા સારુ ભૂગોળ, જાતિ, વાતાવરણ, ઇતિહાસ, ધર્મ સંસ્કૃતિ અને સામાજિક સંસ્થાઓ જેવાં તત્ત્વોનો સહારો લેવામાં આવ્યો. તેથી આવનારી સદીઓ સુધી બ્રિટન 'પરોપકારી' આપખુદશાહી તંત્ર ચાલુ રાખી શકે.

આ સોપાન દરમ્યાન ફરી એક વાર જૂજ અસરો સાથે ભારતમાં પરિવર્તન લાવવાના પ્રયત્નો ચાલુ રખાયા. અગાઉ ચર્ચા કરવામાં આવી એ રીતે આર્થિક મુશ્કેલીના કારણે તથા રાષ્ટ્રીય ચળવળના ઉદયને કારણે આમ કરવું પડ્યું. આ થોડાક પણ ફેરફારોને કારણે બૌદ્ધિક વર્ગનો ઉદય થયો જેણે સંસ્થાનવાદનો વિરોધ કરવો શરૂ કર્યો અને સાંસ્થાનિક શોષણના તરીકાઓનું પૃથક્કરણ કર્યું. સામાજિક અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે બ્રિટિશ વહીવટદારોએ તટસ્થ બનવાનું પસંદ કર્યું. અને તદ્દેશીય સંસ્થાઓની જાળવણીને નામે તેમણે સામાજિક અને સાંસ્કૃતિક પ્રત્યાઘાતીઓને મદદ કરવી શરૂ કરી.

**તમારી પ્રગતિ ચકાસો – ગ**

1. આશરે સો શબ્દોમાં ભારતમાં સંસ્થાનવાદના બીજી અને ત્રીજી સોપાન દરમ્યાન અધિશેષ બચતોને ઘસડી જવાનાં અથવા શોષણનાં બુનિયાદી સ્વરૂપ વિશે ચર્ચા કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. પ્રસ્તુત વિધાનોમાંથી ક્યાં સાચાં (✓) અને ક્યાં ખોટાં (×) છે તે જણાવો :

(1) ભારતમાં સંસ્થાનવાદના મુક્ત વેપારના તબક્કા દરમ્યાન આયાત કર વધારવામાં આવ્યો હતો.

(2) બજારોના વિકાસમાં રેલવેએ યોગદાન આપ્યું.

(3) બ્રિટિશ ઔદ્યોગિક સર્વોપરીતા સામેના પડકારોને કારણે સાંસ્થાનિક નીતિમાં પરિવર્તન આવ્યું.

(4) 'બ્રિટિશ સામ્રાજ્ય ઉપર ક્યારેય સૂર્ય અસ્ત પામતો નથી' એવો બ્રિટનવાસીઓએ દાવો કર્યો.

3. 19મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાંની તેમની સ્થિતિ મજબૂત કરવા સારુ બ્રિટિશોએ કરેલા પ્રયાસોની ચર્ચા આશરે દશ લીટીમાં કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 1.4 સારાંશ

સંસ્થાનવાદ હેઠળ ભારતીય અર્થવ્વસ્થા અને સમાજ સંપૂર્ણપણે બ્રિટિશ અર્થવ્યવસ્થાને આધીન હતા. પરિણામ એ આવ્યું કે 1760 પછીનાં નજીકનાં વર્ષોમાં જ્યારે બ્રિટન વિશ્વમાં પ્રમુખ મૂડીવાદી દેશ તરીકે વિકાસ પામી રહ્યો હતો ત્યારે ભારતની વિકાસની ગતિ ઘણી ધીમી રહી અને અંતમાં એક વિશિષ્ટ પછાત સંસ્થાનમાં ફેરવાઈ ગયું.

## 1.5. ચાવી રૂપ શબ્દો (Key Words)

**જમીનદાર વર્ગ :** ઉચ્ચ વર્ગમાં જન્મેલો અને ઊંચો સામાજિક મોભો ધરાવતો વર્ગ, જેઓ પાસે જરૂર કરતાં વધારે જમીનની માલિકી હતી દા.ત જમીનદાર, તાલુકદાર.

**બુદ્ધિજીવી વર્ગ :** સમાજનો એક એવો વર્ગ જે સમાજમાં જાગૃતિ લાવવા અર્થે પ્રગતિશીલ વિચારોને જન્મ આપવામાં અને ફેલાવવામાં અગ્રણી ભૂમિકા અદા કરે. આ વર્ગમાં શિક્ષકો, વકીલો, રાજકારણીઓ કલાકારો અને સાહિત્યજ્ઞોનો સમાવેશ થઈ શકે.

**મહાનગર :** સંસ્થાનો જેમના કબજામાં છે તેવા મૂડીવાદી દેશને ઓળખાવતો ટેકનિકલ શબ્દ.

**મૂડીવાદ :** એક એવી આર્થિક અને રાજકીય વ્યવસ્થા જેમાં મિલકત, ધંધો અને ઉદ્યોગ ખાનગી હોય અને જ્યાં અર્થવ્યવ્યવસ્થાનો મુખ્ય આધાર હરીફાઈ હોય.

**રાજ્ય પ્રેરિત વાણિજ્યવાદનો સિદ્ધાંત :** આર્થિક રાજકીય તત્ત્વવિચારણા, જે અનુસાર રાષ્ટ્ર રાજ્યનો મુખ્ય ઉદ્દેશ નિકાસને વધારવી, આયાત ઓછી કરવી અને શક્ય હોય ત્યાં સુધી વધુ ને વધુ સોનું-ચાંદી હસ્તગત કરવાં વગેરે હતો.

## 1.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો – ક**

1 (1) × (2) × (3) ✓ (4) ✓

2 જુઓ પેટા વિભાગ 1.2.2

**તમારી પ્રગતિ ચકાસો – ખ**

1. જુઓ પેટા વિભાગ 1. 3. 1
2. (1) × (2) × (3) ✓ (4) ✓
3. જુઓ પેટા વિભાગ 1.3.1

**તમારી પ્રગતિ ચકાસો – ગ**

1. જુઓ પેટા વિભાગ 1.3.2 અને 1.3.3
2. (1) × (2) ✓ (3) ✓ (4) ✓
3. જુઓ પેટા વિભાગ 1.3.3

# એકમ 2 સામ્રાજ્યવાદ અને તેની અસર
## (Imperialism : Its Effects)

રૂપરેખા

2.0 ઉદ્દેશો
2.1 પ્રસ્તાવના
2.2 સંસ્થાનવાદના સિદ્ધાન્ત
 2.2.1 યુરોપીય દૃષ્ટિબિંદુ
 2.2.2 ભારતીય રાષ્ટ્રવાદી દૃષ્ટિબિંદુ
2.3 સંસ્થાનવાદની અસર
 2.3.1 અ-ઉદ્યોગીકરણ
 2.3.2 સાંસ્થાનિક ભારતમાં દુકાળ
 2.3.3 ખેતીનું વાણિજ્યકરણ
 2.3.4 ગ્રામીણ સમાજ ઉપર વાણિજ્યકરણની અસર
2.4 આધુનિક ઉદ્યોગ અને ભારતીય મૂડીવાદી વર્ગ
2.5 સાંસ્થાનિક રાજ્ય
2.6 સારાંશ
2.7 ચાવીરૂપ શબ્દો
2.8 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 2.0 ઉદ્દેશો

આ એકમમાં આપણે એક તરફ ભારતીય સમાજ ઉપર સંસ્થાનવાદની અસરની અને બીજી તરફ ભારતમાં બ્રિટિશ સાંસ્થાનિક શાસનનો અર્થતંત્ર, સમાજ અને રાજ્યકારણ ઉપરના પ્રભાવની ચર્ચા કરીશું. આ એકમમાં આપણે જોઈશું કે સાંસ્થાનિક શાસન સાચવી રાખવા સારુ એક કારણ સંસ્થાનવાદની વ્યવસ્થા હતું, નહીં કે ભારતીય અર્થવ્યવસ્થા અને સમાજ આધુનિકીકરણનું કારણ. આ એકમના અભ્યાસથી આપણે આટલી બાબતો શીખીશું :

- ભારતીય રાષ્ટ્રવાદીઓ દ્વારા અને યુરોપીયો દ્વારા નિર્મિત સંસ્થાનવાદના વિવિધ સિદ્ધાન્તો.
- ખેતીના વાણિજ્યકરણ અને અ-ઉદ્યોગીકરણના સંદર્ભમાં સંસ્થાનવાદનો ભારતીય અર્થકારણ ઉપર પ્રભાવ.
- ભારતમાં આધુનિક ઉદ્યોગનો કેવી રીતે ઉદય થયો અને મૂડીવાદી વર્ગની શી ભૂમિકા રહી. તથા
- સાંસ્થાનિક પ્રક્રિયાનાં કેટલાંક રાજકીય પાસાં.

## 2.1 પ્રસ્તાવના

સંસ્થાનવાદની પ્રકૃતિને અને ભારત ઉપર તેની આર્થિક, સામાજિક અને રાજકીય અસરોને સમજવા સારુ સંસ્થાનવાદને વિશ્વના સંદર્ભમાં સમજવો જરૂરી છે. જો આપણે તેને ફક્ત ભારતના સંદર્ભમાં અવલોકીશું તો આપણે સામ્રાજ્યવાદના માળખાના તર્કને સારી રીતે સમજી શકીશું નહીં. આથી આપણને એવું લાગશે કે ભારતમાં બ્રિટિશ શાસકો અને યોજનાના નિર્માતા એવી થોડી વ્યક્તિઓની સારી અથવા ખરાબ નીતિઓને કારણે આ બધું થયું. ભૂતકાળમાં સારી એવી ઐતિહાસિક વિવેચના આ વિશે થઈ ગઈ છે, દા.ત. ખોટા માર્ગદર્શન હેઠળ ગર્વનર જનરલ કે ખરાબ વહીવટદાર અથવા ઇંગ્લેંડની જનતાના ઉપેક્ષિત લોકમતને કારણે ભારતના લોકો માટે ખરાબ પરિસ્થિતિનું નિર્માણ થયું. બ્રિટિશ સામ્રાજ્યના સમર્થકોએ પણ ઘણી વાર આ બધી સારી-ખોટી નીતિઓ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આરંભકાળના રાષ્ટ્રવાદી નેતાઓ પણ સામ્રાજ્ય વિશેના ઉપરછલ્લા વિચારોથી મુક્ત ન હતા, બ્રિટિશ શાસનના શોષણ મુક્ત અને દમનશીલ સ્વરૂપને અમુક હદ સુધી સમજાવવામાં તેઓ સફળ રહ્યા પણ તેઓ તેને વિશાળ સંદર્ભમાં મૂલવી ના શક્યા, જેને પછીના આલોચકોએ, માર્ક્સવાદી વિચારધારાથી પ્રભાવિત મૂડીવાદી સામ્રાજ્યવાદ અથવા મૂડીવાદી વિશ્વવ્યવસ્થાની ભૂમિકામાં સંસ્થાનવાદને અવલોક્યું. અને આ રીતે ભારતીય સામ્રાજ્યના ઐતિહાસિક વિકાસને સમજવામાં અમને સહાય કરી. સાંસ્થાનિક

વિકાસની આ પ્રક્રિયા અંગના પછીના અભિગમના મૂળ સામ્રાજ્યવાદના વીસમી સદીના આરંભકાળના આલોચકોમાં જોવા મળે છે. જેમાં હોબ્સન, હિલફરડિંગ, રોઝા લક્ઝેમ્બર્ગ અને લેનિનનો સમાવેશ થાય છે. ભારતમાં આ અભિગમના પુરસ્કર્તા હતા એમ.એન.રોય, જવાહરલાલ નેહરુ, આર.પી.દત્ત વગેરે.

## 2.2 સંસ્થાનવાદના સિદ્ધાન્ત (Theories of Colonialism)

યુરોપીય વિદ્વાનો અને ભારતના રાષ્ટ્રવાદીઓએ સંસ્થાનવાદ સંબંધી રજૂ કરેલા વિવિધ સિદ્ધાન્તોને તપાસીએ :

### 2.2.1 યુરોપીય દૃષ્ટિબિંદુ (European Views)

માર્ક્સવાદી વિચારધારાથી અલગ એવા રૂઢિગત બ્રિટિશ લેબર પાર્ટીના એક વિદ્વાન હોબ્સને સાંસ્થાનિક સામ્રાજ્ય નિર્માણનો સિદ્ધાન્ત પ્રતિપાદિત કર્યો (એમનો પ્રમુખ ગ્રંથ, ઇમ્પીરિયાલિઝમ 1902માં પ્રકાશિત થયો હતો). તેઓ એવો વિચાર ધરાવતા હતા કે મૂડીવાદ છેવટે તો આવા વિસ્તારવાદ કે સામ્રાજ્યવાદમાં પરિણમવાનો છે. એમણે બતાવ્યું કે મૂડીવાદી પદ્ધતિ એટલે આવકનું અણઘડ અસમાન વિતરણ. મૂડીવાદીઓના હાથમાં મોટો નફો પહોંચે છે અને મજદૂરોનાં વેતન ઓછાં હોય છે. આથી મજદૂરોના મોટા સમુદાયની નીચલા સ્તરની આવકને કારણે વપરાશનું ધોરણ નીચું રહે છે. આનું પરિણામ શું ? ઓછી વપરાશને કારણે બધા જ ઉદ્યોગોનું જે ઉત્પાદન થાય છે તે દેશની અંદર વેચી શકાતું નથી અને તેને ખરીદનારા પણ હોતા નથી. આ પરિસ્થિતિઓમાં મૂડીવાદી શું કરી શકે ? દેશમાં જેનું બજાર પ્રાપ્ત થઈ શકે નહીં તે વધારાની ઊપજને તેઓ વિદેશી બજારમાં વેચવાનો પ્રયત્ન કરે. જો બધા મૂડીવાદી દેશો આ પ્રથા અમલમાં મૂકે તો બજાર શોધવાની અને સંસ્થાનોના સ્વરૂપે સંપ્રાપ્ત બજારને સલામતી બક્ષવાની તીવ્ર હરીફાઈ થાય. આમ, હોબ્સનના મતે વિવિધ દેશોના મૂડીપતિઓ વચ્ચે ગળાકાપ સંઘર્ષ અને સંસ્થાનોનું વિસ્તરણ મૂડીવાદી પ્રથાનું અવશ્ય ભાવિ પરિણામ હતું. વળી 'ઓછી વપરાશ'ના દબાણ હેઠળ મૂડીવાદીઓ માટે રોકાણની તકો લાંબે ગાળે મર્યાદિત બની રહી. તે સાથોસાથ નફો વધતો જાય છે અને બચત રોકાણની રાહ જુએ છે. આને હોબ્સન 'વધારાની બચત' તરીકે ઓળખાવે છે, જે મૂડીવાદીને સાંસ્થાનિક વિસ્તાર માટે પ્રેરિત કરે છે. દા.ત. સંસ્થાનો હાથ કરવાથી વધારાની મૂડીનું રોકાણ સંભવિત બને છે. ટૂંકમાં કહીએ તો, 'ઓછો વપરાશ' અને 'વધારાની બચત'નો હોબ્સનનો સિદ્ધાન્ત એવું સૂચવે છે કે સંસ્થાનોનો વિસ્તાર કે સામ્રાજ્યવાદ એ મૂડીવાદી પ્રથાનું તાર્કિક પરિણામ છે. હોબ્સનના ગ્રંથના પ્રકાશન પછી આઠ વર્ષ બાદ રુડોલ્ફ હિલફરડિંગે 1910માં 'વિત્તીય મૂડીવાદ' ઉપર પ્રકાશ ફેંકતું મહત્ત્વનું વિશ્લેષણ પ્રકાશિત કર્યું. સામાજિક લોકતંત્રવાદી, વિચક્ષણ અર્થશાસ્ત્રી અને થોડો સમય માટે જર્મનીના નાણાં પ્રધાન તરીકે રહેલા હિલફરડિંગને જર્મનીના નાઝીવાદ અને હિટલરના ઉદયને કારણે પૅરિસમાં આશ્રય લેવો પડ્યો હતો અને જ્યારે જર્મન સેના દ્વારા પૅરિસ ઉપર કબજો જમાવવામાં આવ્યો હતો ત્યારે હિલફરડિંગને પકડીને મારી નાંખવામાં આવ્યો હતો. મધ્ય યુરોપીય સમાજવાદી આંદોલનના આ નિર્ભીક નેતા મૂડીવાદના અંતિમ તબક્કાના ગહન વિશ્લેષક તરીકે જાણીતા થયા હતા. આ સોપાન દરમ્યાન હિલફરડિંગે સૂચવ્યા મુજબ મૂડીવાદ, વિશાળકાય બૅંકો અને વિત્તીય સંસ્થાઓના દબાણ હેઠળ રહે છે, જેઓ ઇજારાદાર ઔદ્યોગિક વ્યાવસાયિક ગૃહો સાથે હાથ મિલાવીને કામ કરે છે. વિત્તીય મૂડીવાદના આ વિશ્લેષણને વી. આઈ. લેનિને પોતાના પુસ્તક 'સામ્રાજ્યવાદ : મૂડીવાદનો અંતિમ તબક્કો' (1916)માં આગળ વધાર્યું છે. 1913માં રોઝા લક્ઝેમ્બર્ગે એમની પુસ્તિકાનું પ્રકાશન કર્યું, જેમાં એમણે મૂડીનો સંચય અને સામ્રાજ્યવાદી વિસ્તારની વિભિન્ન અવસ્થાઓની ચર્ચા કરી છે. તે એક સમાજવાદી નેતા હતી જેણે પોલેન્ડથી જર્મનીમાં સ્થળાંતર કર્યું હતું. યુરોપીય સમાજવાદી આંદોલન ઉપર તેણે રાજનૈતિક અને બૌદ્ધિક છાપ પ્રસ્થાપી હતી અને નાઝીઓના ઘાતક આક્રમણની ભોગ બની ત્યાં સુધી એ પોતાની મહત્ત્વની ભૂમિકા અદા કરતી રહી. જ્યાં સુધી લેનિનને લાગેવળગે છે ત્યાં સુધી આપણે એમ કહી શકીએ કે એણે સામ્રાજ્યવાદ વિશેનો ગ્રંથ એટલા સારુ લખ્યો જેથી વિશ્વ યુદ્ધ તરફ દોરી જતી મૂડીવાદી વ્યવસ્થાને ખુલ્લી પાડી શકાય. એનો અંતિમ ઉદ્દેશ રૂસી જનતાને યુદ્ધમાં જતી રોકવાનો હતો, કારણ આ યુદ્ધ પશ્ચિમી યુરોપના વિત્તીય ઇજારાદારોનાં હિતોના સંઘર્ષમાંથી શરૂ થયું હતું. લેનિનનું આ વિવાદી લખાણનું એક સફળ પરિણામ એ હતું કે તેની માર્ક્સવાદી ઇતિહાસ લેખનવિદ્યા ઉપર ઘેરી અસર થઈ.

### 2.2.2. ભારતીય રાષ્ટ્રવાદી દૃષ્ટિબિંદુ (Indian Nationalists Views)

હોબ્સન, હિલફરડિંગ અને લેનિન દ્વારા વિકસિત સામ્રાજ્યવાદની એમની આલોચનાથી ભિન્ન રીતે ભારતીય રાષ્ટ્રવાદીઓએ એમનાં પ્રભાવશાળી વિદ્વત્પૂર્ણ લખાણો મારફતે ભારત પરની સાંસ્થાનિક અર્થવ્યવસ્થાના પ્રભાવની સૂક્ષ્મ અને આકરી ટીકા કરી. દાદાભાઈ નવરોજી, મહાદેવ ગોવિંદ રાનડે અને રોમેશચંદ્ર દત્ત તેમ જ અન્ય લોકોએ—જેમણે રાષ્ટ્રવાદી આર્થિક વિચારધારાનો વિકાસ કર્યો—બ્રિટિશ શાસન અન્તર્ગત ભારતીયોના વિશિષ્ટ અનુભવો ઉપર પ્રકાશ ફેંકતું વિશ્લેષણ કર્યું. આ વિશ્લેષણનાં

પ્રમુખ તત્ત્વો આ મુજબ છે :

(1) સંપત્તિના થતા શોષણની વિચારધારાનો નવરોજી અને દત્તનાં લખાણોમાં વિકાસ થયેલો જોઈએ છીએ. એમના મત અનુસાર સંપત્તિનું શોષણ અઢારમી સદીથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના કર્મચારીઓ દ્વારા કે ગેરકાનૂની પદ્ધતિથી અને લૂંટફાટના ખ્યાલથી થતું રહેતું હતું. વળી ઇંગ્લેન્ડમાં ભારતીય સરકારનો ખર્ચ મુખ્યત્વે ભારતીય પ્રજા ઉપર નાખેલા વિભિન્ન કરવેરાઓમાંથી કરવામાં આવતો હતો અને અંત સુધી ખાનગી ખાતા દ્વારા ભારતીય સંપત્તિ, નફો અને લાભ તથા વ્યાજના રૂપે, ઘસડાઈ જતી હતી.

ભિન્ન ભિન્ન સ્વરૂપો મારફતે આપણી સંપત્તિ બ્રિટનમાં ઘસડી જઈ દેશને આર્થિક રીતે કેવો કમજોર બનાવ્યો તેમ જ બ્રિટન અને ભારત વચ્ચેની આર્થિક ખાઈ કેવી રીતે વધારી તે બહુ સ્પષ્ટ રીતે રાષ્ટ્રવાદી આલોચકોએ બતાવ્યું છે અને જણાવ્યું કે સંપત્તિ શોષણ એ તો બ્રિટનની લક્ષ્યાંક નીતિ હતી.

(2) બ્રિટિશ સામ્રાજ્યે કેવી રીતે ભારતીય લઘુ-ઉદ્યોગોનો વિનાશ કર્યો તે તરફ પણ રાષ્ટ્રવાદી વિશ્લેષકોએ ધ્યાન દોર્યું છે. આ પ્રક્રિયાને વર્તમાનમાં અ-ઉદ્યોગીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

(3) રાષ્ટ્રવાદીઓએ એવી વિચારણા (તર્ક) પણ કરી હતી કે મુક્ત વેપાર અને બિનદખલગીરીની નીતિઓ જકાત અને ઔદ્યોગિક નીતિઓનો નિર્ધાર કર્યો જેને લીધે બ્રિટિશ ભારતમાં ઉદ્યોગોના વિકાસની શક્યતાઓ નેસ્તનાબૂદ થઈ ગઈ. પરિણામે, ભારત ઔદ્યોગિક ઇંગ્લેન્ડ માટેનું 'ખેતીવાડી ક્ષેત્ર' બની ગયું. અર્થાત્ ઇંગ્લેન્ડની ઔદ્યોગિક પુરવઠા ઉપર પૂર્ણતયા નિર્ભર ખાદ્ય પદાર્થો અને કાચા માલનું કેન્દ્ર ભારત બન્યું.

(4) રોમેશચંદ્ર દત્તે ખેતી વિષયક કરના ધોરણની આકરી ટીકા કરી હતી. એમના મત અનુસાર જ્યાં સમયાંતરે કામચલાઉ મહેસૂલ-વ્યવસ્થા (જમા બંદી) થતી હતી તેવા પ્રદેશો ઉપર જમીન મહેસૂલનું ભારણ ઘણું વધારે હતું. એનું કારણ બ્રિટિશ ભારતમાં અવારનવાર આવતા દુકાળનું આ પરિણામ હોવાનું પણ એમણે જણાવ્યું. મહેસૂલ ઉઘરાવવાની વ્યવસ્થા મારફતે ગ્રામીણ ક્ષેત્રોનાં ધનનું શોષણ થતું હતું, જેને કારણે આર્થિક દૃષ્ટિએ ખેતીમાં એટલી અનિશ્ચિતતા આવી કે વરસાદ ન આવવાથી કે અન્ય કુદરતી આપત્તિઓને કારણે ભારતીય ખેડૂત ટકી શક્યો નહીં.

(5) સરકારના અન્ય વહીવટી ખર્ચા તથા લશ્કર અને પોલીસ ઉપરના સરકારી ખર્ચની ટીકા રાષ્ટ્રવાદીઓના ભારતમાંની બ્રિટનની આર્થિક નીતિના વિશ્લેષણનો મહત્ત્વનો ભાગ છે. ખર્ચ એટલો બધો થતો હતો કે વિકાસ માટેના રોકાણની અવગણના થતી હતી. દા.ત. સિંચાઈનાં કામોમાં ઓછા ખર્ચની સામે બ્રિટિશ ભારતીય લશ્કર અને રેલવે માટે ઉદારતાથી ખર્ચ થતો હતો.

ઉપર્યુક્ત મુદ્દાઓ હવે પછી આપણે વિગતે ચર્ચીશું. હાલ તો આપણે એટલું જ નોંધીશું કે યુરોપીય સમાજવાદીઓ અને ભારતીય રાષ્ટ્રવાદીઓની બે ભિન્ન વિચારધારાઓની ટીકામાં મુખ્યત્વે યુરોપમાં વિત્તીય મૂડીવાદ તથા ઔદ્યોગિક મૂડીવાદની સ્થિતિ સંસ્થાનવાદની ઘટનાને સ્પર્શે છે. (એકમ 1માં સંસ્થાનવાદનાં સોપાન તરફ નજર કરવી.) વધુમાં એ પણ નોંધવું જોઈએ કે ભારતીય રાષ્ટ્રવાદી વિશ્લેષણ સ્વાભાવિક રીતે 'ઔપચારિક સામ્રાજ્યવાદ'ની લાક્ષણિક વિશેષતાઓ તરફ ઈશારો કરે છે. 'ઔપચારિક સામ્રાજ્યવાદ' અથવા બ્રિટિશ સામ્રાજ્યવાદની શક્તિ અંતર્ગત ભારતીય સંસ્થાનમાં ઔપચારિક રાજનીતિના અધીનપણા સંદર્ભે ભારતમાં જોવા મળતો સામ્રાજ્યવાદ. હોબ્સન હિલફરડિંગ વગેરે યુરોપીય સમાજવાદી લેખકોએ સામ્રાજ્યવાદનું સામાન્ય દૃષ્ટિએ અધ્યયન કર્યું, જેમાં તેમણે 'અનૌપચારિક સામ્રાજ્યવાદ'ને ધ્યાનમાં રાખ્યું હતું અને જેમાં ભલે સંસ્થાનનું રાજકીય અધીનપણું જોવા ના મળે પરન્તુ મહાનગરીય સાંસ્થાનિક સંબંધોમાં આર્થિક સંસ્થાનવાદની લાક્ષણિક વિશેષતાઓ અવશ્ય જોવી પ્રાપ્ત થાય છે. (દા.ત. ચીન અથવા લૅટીન અમેરિકી દેશો.)

અંતમાં, આપણે એ પણ નોંધીએ કે દાદાભાઈ નવરોજી, મહાદેવ ગોવિંદ રાનડે, રોમેશચંદ્ર દત્ત જેવા ભારતીય રાષ્ટ્રવાદી વિચારકો દ્વારા અભિવ્યક્ત થયેલી વિચારધારાથી તદ્દન ભિન્ન પ્રકારની હોબ્સન કે લેનિન દ્વારા રજૂ થયેલી પદ્ધતિમાં સંસ્થાનવાદને મૂડીવાદની વિશ્વ વ્યવસ્થા સાથે સાંકળવામાં આવ્યો છે. હોબ્સન અને બીજા વિચારકોના મત મુજબ સાંસ્થાનિક શોષણ એ મૂડીવાદનું કુદરતી તાર્કિક સર્જન હતું, જેવું યુરોપમાં જોઈ શકાય છે. ફક્ત યુરોપમાંની ખોટી નીતિઓને કારણે આમ થયું એમ માનવાની જરૂર નથી, પરન્તુ સાંસ્થાનિક પ્રજામાં રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવાના સક્ષમ સાધન તરીકે ભારતીય રાષ્ટ્રવાદી લેખકોએ સામ્રાજ્યવાદની ટીકાનો આશ્રય લીધો. નેહરુ જેવા અનુકાલીન રાષ્ટ્રવાદી પ્રવક્તાઓએ માર્ક્સવાદી, હોબ્સનવાદી અને લેનિનવાદી વિચારધારાનાં કેટલાંક તત્ત્વો અપનાવીને સામ્રાજ્યવાદી તત્ત્વજ્ઞાનને સમજવાની રાષ્ટ્રવાદી પ્રક્રિયાને વધુ મજબૂત કરી અને વિકસાવી.

**તમારી પ્રગતિ ચકાસો – ક**

1. પ્રસ્તુત વિધાનો વાંચીને તે સાચાં (✓) છે કે ખોટાં (×) તે જણાવો :

(1) હોબ્સન અનુસાર 'ઓછી વપરાશ અને અધિક બચત'ને કારણે સંસ્થાનવાદનો વિકાસ થયો.

(2) હિલફરડિંગ અને રોઝા લક્ઝેમ્બર્ગે સંસ્થાનવાદનાં વિધાયક લક્ષણો તરફ ધ્યાન ખેંચ્યું.

(3) યુરોપીય સિદ્ધાન્તકારો સંસ્થાનવાદને મૂડીવાદી માળખા સાથે સાંકળ્યું.

(4) પ્રારંભકાળના રાષ્ટ્રવાદીઓ પોતાના વિચારોમાં યુરોપીય વિદ્વાનોના સમર્થક હતા.

2. સંસ્થાનવાદને સમજવામાં આરંભકાળના રાષ્ટ્રવાદી નેતાઓના પ્રદાન વિશે આશરે દશ લીટીમાં વર્ણન કરો.

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

3. 'ઔપચારિક સામ્રાજ્યવાદ' અને 'અનૌપચારિક સામ્રાજ્યવાદ' પરિભાષા વિશે તમે શું સમજ્યા છો ? ઉદાહરણ સહિત સો શબ્દોમાં ચર્ચા કરો.

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

## 2.3 સંસ્થાનવાદની અસરો (Effects of Colonialism)

એકમ એકમાં તમે સંસ્થાનવાદનાં વિવિધ સોપાનો વિશે અધ્યયન કર્યું. પરન્તુ આ સોપાનોએ ભારતીય અર્થતંત્રને કેવી અસર પહોંચાડી ? કારીગરો ખેડૂતો, કામદારો, અને વેપારીઓ જેવા ભારતીય સમાજના બધા વર્ગોના લોકો ઉપર સાંસ્થાનિક નીતિઓનો શો પ્રભાવ પડ્યો ? આ વિભાગમાં આપણે સંસ્થાનવાદના આર્થિક પ્રભાવ વિશે ચર્ચા કરીશું.

### 2.3.1 અ-ઉદ્યોગીકરણ (De-industrialisation)

આપણા દેશમાં પરંપરિત ભારતીય ઉદ્યોગોનો વિનાશ સંસ્થાનવાદનાં પ્રારંભિક પરિણામોમાંનું એક કારણ હતું, જે જોઈ શકાયું છે અને જેના વિશે લખાયું પણ છે. ઇંગ્લેન્ડમાંનાં આધુનિક કારખાનાં અને ઉદ્યોગોના વિકાસ સાથે ભારતીય ગૃહ-ઉદ્યોગોની પડતીની પ્રારંભિક પ્રક્રિયા સાથે આ મુદ્દો જોડવામાં આવે છે. તોપણ અઢારમી સદીથી આ બાબતને સમજવાનો પ્રયાસ કરીશું, જ્યારથી ભારતીય ઉદ્યોગોનાં ઉત્પાદન વાણિજ્યની દૃષ્ટિએ ઊંચી કિંમત તરીકે સ્વીકૃત થયાં હતાં. રાજ્યપ્રેરિત વાણિજ્ય વિષયક મૂડીવાદના આરંભિક સોપાન દરમ્યાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નફાનાં સાધનો ભારતીય ઔદ્યોગિક ઉત્પાદકોના સુતરાઉ અને રેશમી કાપડના ભારતમાંની પડતર કિંમત અને ઇંગ્લેન્ડમાંની વેચાણ કિંમતમાં તફાવત હતો. મૂલ્યમાંનો આ તફાવત અર્થાત્ ઇંગ્લિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નફાનું ધોરણ વધારી શકાય, જો ભારતમાંથી ઈસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા ખરીદવામાં આવતા માલની ભારતીય પડતર કિંમત ઘટાડી શકાય તો. જ્યાં સુધી ભારતીય બજારોમાં હરીફાઈ હતી અર્થાત્ જ્યાં સુધી ઇંગ્લીશ ઈસ્ટ ઇન્ડિયા કંપની ભારતીય બજારોમાં ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપની કે ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપની અને ભારતના અન્ય વેપારીઓ તથા એશિયાઈ મૂળના વેપારીઓ સાથે હરીફાઈ કરતી હતી ત્યાં સુધી ભારતીય કારીગરો પોતાના ઉત્પાદનમાં ઘણો નફો મેળવવાની સ્થિતિમાં હતા. પરન્તુ અઢારમી સદીના છેલ્લા દાયકાઓમાં અંગ્રેજોએ ક્રમશઃ ભારતમાંના પોતાના પ્રતિસ્પર્ધીઓને ખાસ કરીને ફ્રેન્ચ અને ડચ કંપનીઓને હરીફાઈમાંથી હટાવી દીધા. વધુમાં પોતાની લશ્કરી તાકાતના સહારે અને કેટલાક વિસ્તારોમાં (દા.ત 1765માં બંગાળમાં) પોતાની મજબૂત રાજકીય અને વહીવટી સ્થિતિને કારણે બજારમાં પોતાનો એકાધિકાર જમાવવામાં કે ઇજારાશાહી સ્થાપવામાં તેમને મદદ મળી.

ઇંગ્લિશ કંપની તથા એમના કર્મચારીઓ મારફતે થતી પોતાની વૈયક્તિક ખરીદશક્તિની ભાગીદારી એટલી બધી થતી હતી કે બંગાળામાંથી ગુણાત્મક દૃષ્ટિએ સારા કાપડનો મોટો હિસ્સો તેઓ જ ખરીદી લેતા હતા. આપણે બધા જાણીએ છીએ તેમ ઇજારદારો સ્વાભાવિક રીતે પોતાના લાભને ધ્યાનમાં

રાખીને બજારમાં પ્રભાવ જમાવી શકે છે. અઢારમી સદીના છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન અંગ્રેજ વેપારીઓને આથી એ લાભ થયો કે ભારતીય કારીગરોને આપવામાં આવતી કિંમત એમણે ઓછી કરી દીધી અને યુરોપીય બજારમાં એ માલની ઊંચી કિંમત રાખીને મોટો નફો અંકે કર્યો. ભારતીય કારીગરોના થતા આવા અતિરેકી શોષણથી આપણા હસ્તકલા ઉદ્યોગોના હેતુને નબળો બનાવ્યો; ખાસ કરીને એમની આવકનું ધોરણ નીચું રાખીને. પોતાની કારીગરી વિકસાવવા તથા ઉદ્યોગમાં વધુ રોકાણ કરવા માટેનાં સાધનો એકત્રિત કરવાની સંભાવનાનો જ છેદ ઉડાડી દીધો. અઢારમી સદીના છેલ્લા દાયકાઓ અને ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓ દરમ્યાન ઇંગ્લેન્ડમાં થયેલો સંપત્તિનો વધારો અને યંત્ર-વિજ્ઞાનમાં આવેલ ક્રાન્તિથી આપણે અજાણ નથી. આ ઔદ્યોગિક ક્રાન્તિને પરિણામે સૌ પ્રથમ તો ભારતીય કારીગરોના યુરોપમાંના બજારને નાબૂદ કરાવી શકાયું; કારણ કે આધુનિક અંગ્રેજી કારખાનાંઓમાં મોટા પાયે થયેલા ઉત્પાદનને લીધે ભારતીય કારીગરો માટે હવે કારખાનામાંના ઉત્પાદિત માલની સ્પર્ધા પોતાની હસ્તકલાના માલથી કરવી અસંભવ બની. ઓગણીસમી સદીના પ્રારંભથી દેશની મહત્ત્વની ઔદ્યોગિક નિકાસ, સુતરાઉ કાપડ વગેરેની નિકાસમાં પડતી આવવી શરૂ થઈ અને ઝડપથી નિકાસનું કાર્ય અટકી ગયું. જોકે ગળી, કાચું રેશમ જેવી અન્ય ચીજવસ્તુઓની નિકાસ થતી રહેતી હતી. તોપણ આ પ્રવૃત્તિ 1813થી ઈસ્ટ ઇન્ડિયા કંપનીને બદલે ખાનગી વેપારીઓ નિકાસના એજન્ટ તરીકે કરવા લાગ્યા. વિદેશી કારખાનેદારોએ કેવળ ભારતીય કારીગરોના નિકાસ બજારને જ હાથમાં લીધું એટલું જ નહિ પણ ઘર-આંગણેનાં બજારોને આયાતી ઉત્પાદનોથી ભરી દીધું.

**આ પ્રક્રિયાને અ-ઉદ્યોગીકરણ તરીકે ઓળખવામાં આવે છે. કેમ કે તે ઉદ્યોગીકરણની પ્રક્રિયાથી બિલકુલ વિપરીત છે.**

ઓગણીસમી સદી દરમ્યાન ભારતમાં બિન-ઉદ્યોગીકરણના—અ-ઉદ્યોગીકરણના અસ્તિત્વના પગરણના મુદ્દા ઉપર થયેલી ચર્ચા વિશે હવે આપણે ધ્યાન આપીશું. રોમેશચંદ્ર દત્ત અને મદનમોહન માલવિયાએ ભારતીય ઔદ્યોગિક પંચને એક વિરોધની નોંધ મોકલી હતી અને પોતાના મુદ્દાના સમર્થનમાં આયાતના આંકડાઓનો ઉપયોગ કર્યો. દા.ત તેમણે જણાવ્યું કે 1860માં આયાત થયેલા માન્ચેસ્ટરના કાપડની કિંમત ૧૬ લાખ સ્ટર્લિંગ હતી તે વધીને 1900માં સત્તાવીસ કરોડ થઈ. ડેવીસ મોરિસ ડેવીસ જેવા અત્યારના લેખકોએ એવી દલીલ કરી છે કે આ આધાર નિર્ણાયક નથી. એમણે બતાવ્યું કે 'પેક્સ બ્રિટાનિકા' (બ્રિટનના સામ્રાજ્યવાદ દ્વારા શાંતિની સ્થાપના) અંતર્ગત વસતી વધી છે, માથા દીઠ આવક વધી છે, વપરાશની ટેવમાં ફેરફારને લીધે કાપડનું વેચાણ વધ્યું છે અને આ રીતે ભારતીયો માટે એ શક્ય બન્યું કે તેઓ વધારે વિદેશી કાપડ ખરીદતા થયા પણ સ્થાનિક કારીગરોના બજારને અસર પહોંચાડ્યા વિના. ટૂંકમાં મોરિસની દલીલ એ હતી કે બજાર એવું વિસ્તાર પામ્યું કે જેમાં ભારતીય વણકરો અને માન્ચેસ્ટરના ઉત્પાદન બંનેનો સમાવેશ થવા લાગ્યો. મોરિસે એ દલીલ ચાલુ રાખી કે માન્ચેસ્ટરી કાપડથી સ્થાનિક વણકરોના કાપડના વેચાણને નુકસાન પહોંચ્યું નહીં. જોકે મોરિસનું આ દષ્ટિબિંદુ સ્વીકાર્ય બનતું નથી; કારણ ઓગણીસમી સદી દરમ્યાન વસ્તી વધી છે અને માથા દીઠ આવક પણ વધી છે. એના તર્કના સમર્થનમાં એણે કોઈ પુરાવા રજૂ કર્યા નથી. શરદ રાજૂ (મદ્રાસના સંદર્ભમાં), એન. કે. સિંહા (બંગાળ)ના સંદર્ભમાં, એ.વી. રામન રાવ (આંધ્ર પ્રદેશ), આર. ડી. ચોક્સે મહારાષ્ટ્રના સંદર્ભમાં અને એ. કે. બાગચીના બિહારના સંદર્ભમાં જેવા આધુનિક આર્થિક ઇતિહાસના તજ્જ્ઞોએ ઘણા બધા પુરાવાઓ બિન-ઉદ્યોગીકરણના સિદ્ધાન્તના સમર્થનમાં રજૂ કર્યા છે. આરંભકાળના રાષ્ટ્રવાદી અર્થવિદો પાસે આધુનિક આર્થિક ઇતિહાસના વિદ્વાનો દ્વારા ઉપયોગમાં લેવાયેલાં સાધનોનો ભંડાર તથા અન્વેષણ પદ્ધતિ હાથવગી ન હતી. તોપણ બિન-ઉદ્યોગીકરણના એમના નિષ્કર્ષો અનુકાલીન અન્વેષકો દ્વારા પુરસ્કૃત કરાયા છે તે મહત્ત્વનું છે. બાંગચીના મત મુજબ, મધ્ય ગંગાતટ પ્રદેશ (દોઆબ)માં ઔદ્યોગિક પડતીને ચોક્કસ રીતે દર્શાવી શકાય તેમ છે. દા.ત. ઉદ્યોગો ઉપર આશ્રિત વ્યક્તિઓની સંખ્યા 1809-13 થી 1901ની વસ્તી ગણતરી સુધી ઘટીને અડધી થઈ હતી.

ઓગણીસમી સદીના છેલ્લા દાયકા સુધી બિન-ઉદ્યોગીકરણની પ્રક્રિયા ચાલુ રહી એ નિર્વિવાદ હકીકત છે. ઓગણીસમી સદીના અંતિમ દાયકા દરમ્યાન નવી ઔદ્યોગિક પ્રવૃત્તિના વિકાસથી શું સમતુલા જળવાઈ ? 1881ની વસતી ગણતરી પછીના આંકડાઓ 1881 થી 1931 સુધી બિન-ઉદ્યોગીકરણની પ્રક્રિયા ચાલુ હતી તે પુરવાર કરતા નથી એવો વિવાદી મત ડેનિયલ થોરનરે રજૂ કર્યો છે. પહેલી નજરે સેન્સસના આંકડાઓ દર્શાવે છે કે ખેતીમાં પુરુષ-મજદૂરોની સંખ્યા 1881માં 65 ટકા હતી તે 1931માં 72 ટકા થઈ. જ્યારે તેની સરખામણીમાં ઉદ્યોગમાં કામદારોની સંખ્યા 1881માં 16 ટકા હતી તે 1931માં 9 ટકા થઈ ગઈ. પરન્તુ થોરનરનું માનવું છે કે આ વર્ગીકરણ ભ્રામક છે અને ખેતીકામમાં વપરાતી શક્તિને કામકાજના અન્ય વર્ગો સાથે તથા સામાન્ય મજદૂરો તથા આ પ્રકારના અન્ય શ્રમિકોની ગણતરી કરવાથી સમગ્રતયા કાર્યશક્તિમાં વૃદ્ધિ થાય છે. જો એમની વાત ગ્રાહ્ય રાખવામાં આવે તો સમગ્ર ચિત્ર બદલાઈ જાય છે. પ્રાથમિક ક્ષેત્રોમાં સંયોજિત વર્ગોની વૃદ્ધિ ઘણી ઓછી જોવા મળે છે દા.ત 1881 અને 1931ની વચ્ચે ફક્ત બે ટકા વૃદ્ધિ. એવી જ રીતે વેપાર અને ઉદ્યોગમાંની પડતીને એકસાથે મુકાય તોપણ તે ઘણી ઓછી જણાય છે. દા.ત 1881 થી 1931 દરમ્યાન ઘટાડો 3 ટકા હતો. વધુમાં થોરનર મહિલાઓની શ્રમશક્તિ અંગેના આંકડા પણ આ માટે ભ્રામક ગણે છે. કારણ સેન્સસ અધિકારીઓના મત મુજબ

એકત્રિત કરેલી માહિતી સાચી ન હતી. આમ, થોરનર એવા નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે 1881-1931 દરમ્યાનની વસ્તી ગણતરી બિન-ઉદ્યોગીકરણ અંગે પર્યાપ્ત પુરાવાઓ પ્રસ્તુત કરતી નથી.

થોરનરની દલીલોની વિરુદ્ધમાં એક સર્વમાન્ય હકીકત એ છે કે બિન-ઉદ્યોગીકરણની પ્રક્રિયાએ જનગણનાના કાર્યના પ્રારંભ પહેલાં જ ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. સૌ પ્રથમ અખિલ ભારતીય કક્ષાએ ભરોસાપાત્ર સેન્સસ 1881નો છે. આ બાબત થોરનર પોતે સ્વીકારે છે. બીજું મહિલાઓની કાર્યશક્તિ એટલે કે સ્ત્રી-કામદારોની રોજગારી અંગેના આંકડા થોરનર ધ્યાનમાં લેતા નથી તે તેમની ભૂલ છે. 1881 થી 1931ના આંકડા સૂચિત કરે છે કે ખેતીવાડીમાં મજદૂરોની રોજગારી 13 ટકા વધી છે જ્યારે ઔદ્યોગિક રોજગારી આ સમય દરમ્યાન નવ ટકા વધી છે. ભારતીય સામાજિક ઢાંચા સંદર્ભમાં મહિલાઓની રોજગારી મહત્ત્વપૂર્ણ બની રહે છે અને આ તે કારણે કદાચ સંભવિત થયું જ્યારે હસ્તકલાકારોના વ્યવસાયમાં પડતી આવી અને તેથી ઘરકામ કરતી મહિલાઓએ કલાકારીગરીવાળી કુટુંબોના પુરુષ-કામદારો કરતાં પહેલાં જ ઔદ્યોગિક રોજગારી છોડી દીધી હતી. ખાસ કરીને ઘરકામ અને ખેતીકામમાં ધ્યાન આપવા સારુ. આ સિવાય બીજો એક મુદ્દો પણ વિચારણીય છે : કાર્યશક્તિના ક્ષેત્રીય વિભાજનને ઉદ્યોગીકરણનો કેટલો વિશ્વાસપાત્ર સૂચકાંક અથવા તેથી ઊલટું માની શકાય ? નિર્ણાયક સૂચકઆંક એ માથા દીઠ ઉત્પાદનનું અને જે ઉત્પન્ન થયું છે તેનું રાષ્ટ્રીય ઉત્પાદનની સરખામણીમાં મૂલ્ય સૂચક છે અર્થાત્ રાષ્ટ્રીય આવકનું પ્રમાણ. આ સંદર્ભમાં જે. કૃષ્ણમૂર્તિએ જનગણનાના આંકડાના ઉપયોગ વિશે થોરનરના તર્કને શંકાની દૃષ્ટિએ જોઈ એને પ્રશ્ન કર્યો છે કે આખરે બિન-ઉદ્યોગીકરણ હતું ખરું ?

અંતમાં આપણે નોધવું જોઈએ કે સામ્રાજ્યવાદી સમર્થકોની એક મહત્ત્વપૂર્ણ વિચારધારા એ હતી કે ભારતમાં બિન-ઉદ્યોગીકરણની પ્રક્રિયા થઈ હતી. પણ તે સાથે તેમણે એવી દલીલ કરી કે ભારત અને બ્રિટનના એ લાભમાં હતું કે ભારતીય સંસ્થાને કૃષિવિષયક પદાર્થોના ઉત્પાદનમાં વિશેષતઃ હાંસલ કરી હતી. 1911માં લોર્ડ જ્હૉન મેયનાર્ડ કેઈન્સે લખ્યું હતું કે ભારતમાં ઉદ્યોગીકરણ નહોતું ઇચ્છનીય કે નહોતું શક્ય. હકીકતમાં ભારત પશ્ચિમમાંથી આયાત થતી ઔદ્યોગિક ચીજવસ્તુઓના બદલામાં ખેત-ઉત્પાદનની નિકાસ કરીને વધુ સમૃદ્ધ થઈ શક્યું હોત. આ વિચાર તુલનાત્મક લાભ અને શ્રમના આંતર રાષ્ટ્રીય વિભાજનના વિશિષ્ટ સિદ્ધાન્ત તરફ આપણું ધ્યાન લઈ જાય છે. અને ઉદ્યોગકૃત સામ્રાજ્યવાદી દેશ માટે ભારત જેવા સંસ્થાનને ખેતભૂમિ બનાવવામાં મદદ કરે છે. રાષ્ટ્રવાદી અર્થશાસ્ત્રીઓનું સહુથી મહત્ત્વનું પ્રદાન એ હતું કે તેમણે આ વિચારધારાનો છેદ ઉડાડ્યો અને સ્વાતંત્ર્ય-સંગ્રામનાં રાજકીય કાર્યોમાં ભારતીય ઉદ્યોગીકરણના આર્થિક કાર્યક્રમને પ્રસ્થાપિત કર્યો.

## 2.3.2 સાંસ્થાનિક ભારતમાં દુકાળ (Famines in Colonial India)

જો સંસ્થાનવાદનો અર્થ જૂના ઉદ્યોગોનો નાશ થતો હોય તો શું તેનો અર્થ કૃષિ ઉત્પાદનનો વિકાસ થયો ? એનો ઉત્તર શક્યતઃ ના છે : જો આપણે 1898થી 1947 સુધી અનાજનું માથા દીઠ અને એકર દીઠ ઉત્પાદન ધ્યાનમાં લઈએ તો નિશ્ચિતપણે એનો ઉત્તર નકારાત્મક મળે છે. આરંભનાં પચાસ વર્ષો તરફ નજર કરીએ તો વારંવાર આવેલા દુકાળ પોતાની કથા કાનમાં કહી જાય છે.

ઓગણીસમી સદીના મધ્યભાગથી પડેલા દુકાળોએ ભારતની સ્થિતિ દયાનજક બનાવી દીધી છે. આ સમય દરમ્યાન સરકારે સ્વીકારેલા દુકાળ અંગેના આંકડા અહીં પ્રસ્તુત છે :

સાંસ્થાનિક ભારતમાંના દુકાળની વિગતો

1853-55
- મુંબઈ પ્રાન્ત
- મદ્રાસ પ્રાન્ત
- રાજપૂતાના

1860-61
- પંજાબ
- કચ્છ
- રાજપૂતાના
- ઉત્તર પ્રદેશ

1862
- દખ્ખણ

1866-67
- બિહાર
- ઓરિસ્સા
- ઉત્તર મદ્રાસ
- હૈદરાબાદ
- મૈસૂર

| | |
|---|---|
| 1868-70 | મધ્ય પ્રાન્ત (આજનો મધ્ય પ્રદેશ) |
| | રાજસ્થાન |
| | મુંબઈ પ્રાન્ત |
| | બંગાળાના કેટલાક પ્રદેશ |
| | બિહાર |
| 1876-78 | ઉત્તર પ્રદેશ |
| | મુંબઈ પ્રાન્ત |
| | મૈસૂર |
| | હૈદરાબાદ |
| | મદ્રાસ પ્રાન્ત |
| 1880-89 | ઓરિસ્સા |
| | બિહાર |
| 1896-97 | મધ્ય પ્રાન્ત |
| | રાજપૂતાના |
| | મુંબઈ પ્રાન્ત |
| | ગુજરાત |
| 1905-06 | મુંબઈ પ્રાન્ત |
| 1906-07 | બિહાર |
| 1907-08 | ઉત્તર પ્રદેશ |
| | મધ્ય પ્રાંત |

આ માહિતીમાં આપણાં રજવાડી રાજ્યો તથા જેમનાં નામ બદલાયાં છે તેવાં વર્તમાન રાજ્યો (દા.ત ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ)નાં નામોનો સમાવેશ થયો છે. અધિકૃત અંદાજ મુજબ, આ દુષ્કાળ દરમ્યાન જાનહાનિ એક કરોડ અને બાવન લાખની થઈ હતી અને 39 કરોડ ને સાત લાખ લોકો ઉપર દુકાળની ઘેરી અસર થઈ હતી.

આટલી મોટી સંખ્યા સૂચવે છે કે લાગલગાટ આપત્તિકાળે સ્થાન લીધું હતું. શંકારહિત તેનું તત્કાલીન કારણ દુકાળ અને પાકની નિષ્ફળતા રહ્યું પણ એનું મૂળ કારણ તો હતું ખેતી વિષયક ઉત્પાદનના સામાન્ય દરમાં ખેતીની તકનીકીમાં સ્થગિતતા, એકર દીઠ વધારે ઉત્પાદન સારુ રોકાણની નિષ્ફળતા, મહેસૂલ ઉઘરાવનાર વચેટિયાના હાથમાં ઘસડાઈ જતાં કૃષિવિષયક સાધનો, તેમ જ નાણાં ધીરધાર કરનારાઓ તથા ખેતચીજોના વેપારીઓ પણ આ ઘટનાનાં મહત્ત્વનાં અંગો હતાં. સિંચાઈમાં અને અન્ય વિકાસનાં કામોમાં સરકારનું ઓછું રોકાણ અને 1920થી વસ્તીમાં ઝડપી વધારો પણ સાંસ્થાનિક ખેતીની સામાન્ય સ્થિતિ માટે કારણભૂત હતાં. ખાદ્ય પદાર્થોની પૂર્તિ સંદર્ભે સામાન્ય અવસ્થાનું મહત્ત્વનું સૂચકાંક ભારતમાં માથા દીઠ ખાદ્યપદાર્થની ઉપલબ્ધિ ગણી શકાય. 1901થી 1943 દરમ્યાન આ સંદર્ભે ત્રણ અંદાજ આપણને ઉપલબ્ધ છે. બ્રિટિશ ભારત માટે આ વર્ષો દરમ્યાન જ્યોર્જ બ્લીનના અંદાજ અનુસાર માથા દીઠ ખાદ્ય પદાર્થોની ઉપલબ્ધિ 0.23 ટન થી ઘટીને 0.16 ટન થઈ. શિવ સુબ્રમનિયનના અંદાજ અનુસાર અખંડ ભારત સંદર્ભે આ ઘટાડો 0.2 ટનથી 0.14 ટન થયો. એલન હેસ્ટન મુજબ આ ઘટાડો 0.17 ટન (1901) થી. 0.16 ટન (1946) થયો. આ બધા અંદાજો એ દર્શાવે છે કે બ્રિટિશ શાસનનાં પચાસ વર્ષોમાં ખાદ્ય પદાર્થોમાં ઘટાડો થતો રહ્યો છે. જોકે આ અંદાજોના આંકડા અલગ અલગ છે તે નોંધવું જોઈએ.

### 2.3.3 ખેતીનું વાણિજ્યીકરણ (Commercialisation of Agriculture)

આપણે અગાઉ જોઈ ગયા કે ખાદ્ય-અન્નનું ઉત્પાદન વધ્યું નહીં પણ જોકે આ બાબત કેટલાક રોકડિયા પાક માટે સાચી નથી. અખાદ્ય ફસલોનાં કુલ અને એકર દીઠ ઉત્પાદન બંનેમાં વધારો થયો અને તેનું કારણ મુખ્યત્વે માગનો વધારો અને બહારનાં તથા ઘરેલુ બજારોમાં કિંમતમાં વધારો. આ પ્રકારનો સહુથી વધુ નાટકીય વધારો 1860 પછીના પ્રારંભિક વર્ષોમાં કપાસની ફસલના ઉછાળામાં જોવા મળે છે જે તરફ આપણું વિશેષ ધ્યાન ખેંચાય છે.

અબ્રાહમ લિંકન મારફતે કાળા ગુલામોની મુક્તિ અને પરિણામે અમેરિકામાં સતત ચાલુ રહેતા ગૃહ-યુદ્ધને કારણે 1860-64 દરમ્યાન વિશ્વના કપાસના પુરવઠામાં ભારે કટોકટી સર્જાઈ. આથી કપાસની કિંમતમાં ઉછાળો આવ્યો, ભારતમાંથી કપાસની નિકાસ વધી અને ભારતમાં એકર દીઠ કપાસની ખેતી મોટા પાયે થવા માંડી. કપાસના ભાવોમાં આ ઉછાળાને કારણે કપાસની ખેતી કરતા ભારતના ખેડૂતોને વિશ્વ મૂડીવાદી વ્યવસ્થા અંતર્ગત લાવી દીધા. કપાસમાં આવેલા આ અદ્વિતીય ઉછાળાથી જેમને જેમને આર્થિક લાભ થયો તેમાં મુંબઈના નિકાસમાં પડેલાં કુટુંબો, મોટાં શહેરોના જથ્થાબંધ માલના વેપારીઓ, કપાસની નિકાસના વેપારમાં સંકળાયેલા વચેટિયાઓ અને દલાલો, કપાસની ખેતીમાં રોકાયેલા ખેડૂતોને નાણાકીય ધિરાણ કરતા ગ્રામીણ વણિકોનો સમાવેશ થાય છે. આ નફાને કારણે તથા અફીણ અને ગળી જેવા નફાકારક પાકોમાં અગાઉ થયેલા આર્થિક લાભને કારણે ભારતના થોડાક વેપારીઓના હાથોમાં નાણાંનો અઢળક ભરાવો થયો. સહુથી ધ્યાનાકર્ષક બાબત એ છે કે કપાસમાં આવેલા ભાવવધારાને લીધે ઔદ્યોગિક પશ્ચિમની કૃષિવિષયક ચીજવસ્તુઓ માટે કાચા માલનો જરૂરી પુરવઠો પૂરો પાડવાના ક્ષેત્રે ભારતનું મહત્ત્વ વધ્યું. આથી બિન-ઉદ્યોગીકરણની પ્રક્રિયા ઝડપી બની. સંસ્થાન મારફતે ખેતી કાર્યમાં આવેલા કૌશલ્યની ભૂમિકા અને પશ્ચિમમાં ઉદ્યોગીકૃત દેશની ભૂમિકા સ્પષ્ટ રીતે આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજનના સમકાલીન સિદ્ધાન્તમાં જોવા મળે છે. આ લાક્ષણિકતા કેવળ ભારત અને ઇંગ્લૅન્ડ પૂરતી સીમિત ન રહી પણ ઔદ્યોગિક મૂડીવાદી સામ્રાજ્યવાદી અવસ્થામાં અન્ય સંસ્થાનો અને મહાનગરી દેશો સુધી વિસ્તરેલી જોવા મળે છે.

કૃષિ-ઉત્પાદનના આંકડા એક તરફ અખાદ્ય પાકોના ઉત્પાદનમાં વૃદ્ધિ બતાવે છે, તો બીજી તરફ ખાદ્ય પદાર્થોના ઉત્પાદનમાં વિપરીત સ્થિતિ જોવા મળે છે. 1891 થી 1947 દરમ્યાન વસ્તીનો વાર્ષિક વધારો 0.67 ટકા હતો જ્યારે ખાદ્ય ચીજોનું કુલ ઉત્પાદન આ સમય દરમિયાન ફક્ત 0.11 ટકા વધ્યું. તો ખાદ્ય ચીજોનું એકર દીઠ વાર્ષિક ઉત્પાદન 0.18 ટકા ઘટ્યું. બીજી તરફ બજારમાં વધતી માગ અને વધતી કિંમતને કારણે ઉચ્ચ વાણિજ્યિક અખાદ્ય પદાર્થોનું ઉત્પાદન વાર્ષિક ધોરણે 0.86 ટકા વધ્યું અને કુલ ઉત્પાંદન 1.31 ટકા વધ્યું. અખાદ્ય પદાર્થોમાં મુખ્ય છે કપાસ અને શણ; પણ પછી તમાકુ, શેરડી અને તેલીબિયાંનો પણ સમાવેશ થયો.

### 2.3.4 વાણિજ્યીકરણનો ગ્રામીણ સમાજ ઉપર પ્રભાવ : (Impact of Commercialisation on Rural Society)

કૃષિ ઉત્પાદનના વાણિજ્યીકરણને લીધે ગ્રામીણ સમાજમાં વેપારી-મૂડી અને વ્યાજખોરીને જન્મ આપ્યો અને ખેડૂતો વચ્ચેનું અંતર ઘણું વધ્યું. જેમ જેમ વાણિજ્યીકરણ વધતું ગયું તેમ સામાન્ય ખેડૂત ધિરાણ માટે શાહુકાર (ગ્રામીણ વણિક) ઉપર વિશેષ નિર્ભર બન્યો; ખાસ કરીને પોતાના પાક માટે બજાર શોધવામાં, અને મંદીની મોસમમાં જીવન જીવવા સારુ કર્જ લેવામાં. જમીન મહેસૂલ ભરવામાં પણ શાહુકાર-વેપારીની રોકડ નાણાં ધીરવામાં મહત્ત્વની ભૂમિકા રહી. શાહુકાર આયાત કરેલી ઔદ્યોગિક ચીજ-વસ્તુઓ, ખાસ કરીને માન્ચેસ્ટરી કાપડ, દૂરનાં ગામો સુધી પહોંચાડવામાં પ્રમુખ એજન્ટ તરીકે કાર્યરત બન્યા.

જ્યારે ગરીબ ખેડૂતો બજાર માટે પાક ઉગાડી રહ્યા હતા ત્યારે હકીકતમાં તેઓ શાહુકારના હાથોમાં ગીરો તરીકે મુકાઈ ગયા હતા, જ્યારે થોડા સુખી ખેડૂતો તેમની સરખામણીમાં આ પરિસ્થિતિથી મુક્ત હતા. આ ખેડૂતો પોતાનુ ઉત્પાદન સંઘરી રાખતા હતા, અને ઊંચા ભાવ થાય ત્યાં સુધી રાહ જોતા હતા. ગ્રામીણ શાહુકાર કે દલાલ આપે તે કરતાં વધુ ઊંચી કિંમત મેળવવા તેઓ પોતાનો માલ ગાડામાં ભરીને શહેરના બજાર સુધી લઈ જઈ શકતા હતા. વધુમાં પોતાની પસંદનો પાક ઉગાડવાનો નિર્ણય તેઓ લઈ શકતા હતા, જ્યારે ગરીબ ખેડૂતો શાહુકારની ઇચ્છા મુજબ પાક ઉગાડવામાં મજબૂર હતા. કેટલાક પ્રદેશોમાં સમૃદ્ધ ખેડૂતો સ્વયં શાહુકાર બનીને ગરીબ ખેડૂતોને નાણાં ધીરતા હતા અને આ રીતે વિશેષીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો.

વિશેષીકરણની આ પ્રક્રિયા દરમ્યાન અને પૈસાની લેવડદેવડના વેપારમાં મોટી સંખ્યામાં ખેડૂતોની જમીન શાહુકારોએ છીનવી લીધી અને પરિણામે જમીનવિહોણા ખેતમજૂરો તરીકે તેમની સ્થિતિ બની. અહીં એ બાબત ઉપર જરૂર ધ્યાન આપવું જોઈએ કે જમીનવિહોણા ખેતમજૂરોનું અસ્તિત્વ સાંસ્થાનીકરણ પહેલાં પણ હતું જ; ખાસ કરીને દક્ષિણ ભારતમાં કેટલીક જ્ઞાતિઓના લોકો મોટી સંખ્યામાં ગુલામો હતા. અકૃષિકરણની આ આર્થિક પ્રક્રિયા હતી અને જમીનવિહોણા ખેડૂતમજૂરોની આટલી મોટી સંખ્યા સાંસ્થાનિક સમયની પ્રમુખ વિશેષતા તરીકે ઊપસી આવી હતી.

1931ની જનગણનાના આંકડાઓ આધારિત અંદાજ મુજબ આપણને ગ્રામીણ ભારતના સામાજિક સ્તરનું કંઈક આવું ચિત્ર હાથવગું થાય છે; પિરામીડના પાયામાં જમીનવિહોણા ખેતમજૂરો હતા (બંધનયુક્ત દાસ મજૂરો સહિત) જેમની સંખ્યા 37.8 ટકા હતી. તેમની ઉપરના સ્તરમાં પાંચ એકથી (આશરે નવ ટકા) ઓછી જમીન ધરાવનાર ખેડૂતો હતા (જેમાં બિનમોસમી ગણોતિયા અને ભાગિયા-સાથિયાનો સમાવેશ થતો) જેની સંખ્યા 24.3 ટકા હતી. આની ઉપરના સ્તરમાં થોડા વધુ સમૃદ્ધ ખેડૂતો હતા જેમની પાસે પાંચ એકરથી વધુ જમીન હતી અને જેમની સંખ્યા 25.3 ટકા હતી. અને પિરામીડની ટોચ ઉપર એવા લોકો હતા (સંપન્ન ખેડૂતો) જેઓ સ્વયમ્ ખેતી કરતા ન હતા પણ સાથ લેતા હતા. એમની સંખ્યા

3.6 ટકાની હતી. આ બધામાં દાસ-મજૂરોની સ્થિતિ બદતર હતીઃ દા.ત આખી જિંદગી તેઓ પોતાના માલિક માટે મજૂરી કરતા રહ્યા અને ક્યારેક પેઢીઓ સુધી. આ લોકોની અને ગણોતિયાની સ્થિતિ સુધારવાના પ્રયાસો વિશે હવે પછી ચર્ચા કરીશું. (જુઓ એકમ 29, વિભાગ 15).

**તમારી પ્રગતિ ચકાસો – ખ**

1. કઈ ભૂમિકાને આધારે મોરિસ ડેવિડ મોરિસ અને ડેનિયલ થોરનર બિન-ઉદ્યોગીકરણની ધારણાનો વિરોધ કરતા હતા ? તમે એમના મત સાથે સહમત થાવ છો ? દશ-પંદર લીટી તમારા વિચારો દર્શાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. પ્રસ્તુત વિધાનો સાચાં છે (✓) કે ખોટાં (×) તે જણાવો
   (1) જે. કૃષ્ણમૂર્તિ માને છે કે વસ્તીગણતરીની માહિતી અ-ઉદ્યોગીકરણના પ્રશ્નોના ઉત્તર આપી શકે છે.
   (2) રોમેશચંદ્ર દત્તે એવી દલીલ કરી કે ભારતમાં અ-ઉદ્યોગીકરણ ન હતું.
   (3) 19મી સદીના વારંવારના દુકાળને ખાદ્ય પદાર્થોના ઓછા ઉત્પાદન વડે સમજાવી શકાશે નહીં.
   (4) ખેતીનું વાણિજ્યીકરણ એટલે રોકડિયા પાકના ઉત્પાદનમાં અચાનક વૃદ્ધિ.
3. પ્રસ્તુત પારિભાષિક શબ્દો વિશે પાંચ પાંચ લીટી લખો :
   (ક) કપાસમાં ઉછાળો અને (ખ) શ્રમનું આંતરરાષ્ટ્રીય વિભાજન.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 2.4 આધુનિક ઉદ્યોગ અને ભારતીય મૂડીવાદી વર્ગ (Modern Industry and Indian Capitalist Class)

ઔદ્યોગિક મૂડીવાદી સામ્રાજ્યવાદના ઢાંચામાં સમાવિષ્ટ કાર્યાન્વિત યોજનામાં સંસ્થાનવાદી રાજ્યે સંસ્થાનમાંના કાચા માલ અને કુદરતી સંપત્તિના શોષણ સારુ આર્થિક કાર્યક્રમના નિમ્ન સ્તરના માળખાકીય વિકાસને પ્રોત્સાહિત કર્યું. આ વિશે આપણે હમણાં જ ચર્ચા કરીશું.

અત્યારે તો એટલું બતાવવું પૂરતું છે કે આ નિમ્ન સ્તરના માળખાકીય વિકાસે, ખાસ કરીને રેલવે અને વાહનવ્યવહાર પદ્ધતિ વિશે, ફક્ત કેટલાંક ક્ષેત્રો (દા.ત. શણનાં કારખાનાં, કોલસાની ખાણો, ચા અને કૉફીના બગીચા) કેવળ વિદેશી મૂડીના વિકાસ માટે જ નહીં પણ દેશની મૂડીના વિકાસ માટે પણ પરિસ્થિતિનું સર્જન કર્યું. દેશની મૂડીનું સર્વ પ્રથમ ઔદ્યોગિક રોકાણ કાપડના ઉદ્યોગમાં થયું, અને તે પણ માન્ચેસ્ટરી કપડાંની તીવ્ર હરીફાઈમાં અને બ્રિટિશ ભારતીય સરકારની દ્વેષીલી જકાતની નીતિઓના વિરોધમાં. 1854માં મુંબઈમાં સર્વ પ્રથમ ભારતીય કાપડની મિલની સ્થાપના થઈ ત્યારથી પ્રથમ વિશ્વ યુદ્ધ

સુધી ભારતીય ઔદ્યોગિક મૂડીની પ્રગતિ ધીમી અને અનિશ્ચયાત્મક રહી. આ સમય યુદ્ધ અને બે યુદ્ધ વચ્ચેનો હતો જેમાં ભારતીય મૂડીનું ઔદ્યોગિક વિવિધીકરણ અને તેનો ઝડપી વિકાસ જોવા મળ્યો. આ વિકાસ વિદેશી મૂડીવાદી આધિપત્ય સામેના તીવ્ર સંઘર્ષના એક ભાગરૂપ હતો, ખાસ કરીને પૂર્વ ભારતમાં. આ સંઘર્ષ બ્રિટિશ વેપારી હિતો (જેમણે ઇંગ્લૅન્ડમાંની નીતિ-નિર્ણાયક ઉપર પ્રભાવ પાડ્યો હતો) અને સહાનુભૂતિ રહિત એવી બ્રિટિશ ભારતીય સરકારની સામેનો હતો. આથી આપણે ભારતીય મૂડીવાદી વર્ગ તથા દેશી મૂડીના સમર્થક રાષ્ટ્રવાદી નેતાઓ વચ્ચેના ગઠબંધન સમજી શકીએ છીએ.

સાંસ્થાનિક સંદર્ભમાં રાષ્ટ્રીય મૂડીનો વિકાસ સ્વાભાવિક રીતે મર્યાદિત રહ્યો. સાંસ્થાનિક ઔદ્યોગિક વિકાસની સંભાવના પણ ઘણી મર્યાદિત રહી. રાષ્ટ્રીય આવક વિશે શિવ સુબ્રમણ્ય દ્વારા થયેલા અંદાજથી જાણવા મળે છે કે અંગ્રેજી રાજ્યનાં છેલ્લાં પચાસ વર્ષોમાં ઔદ્યોગિક વિકાસનો દર ઘણો ઓછો હતો. કુલ રાષ્ટ્રીય ઉત્પાદનનો ગુણોત્તરમાં ઔદ્યોગિક ક્ષેત્રનો હિસ્સો 1900 થી 1904 દરમ્યાન 12.7 ટકા હતો, 1915-19માં 13.6 ટકા હતો અને 1940 થી 1944 દરમ્યાન 16.7 ટકા હતો. એટલે ઔદ્યોગિક વિકાસમાં ભારત જ્યાંનું ત્યાં રહ્યું એટલે કે ખેતીપ્રધાન રહ્યું. એ સ્પષ્ટ છે કે કુલ રાષ્ટ્રીય ઉત્પાદનનાં પ્રાથમિક ક્ષેત્રોમાં ઉપાર્જિત આવકનું પ્રમાણ આ મુજબ હતું : 1900 થી 1904 માં 63.6 ટકા, 1915-19માં 59.6 ટકા, 1940 થી 44માં 47.6 ટકા. ત્રીજી અવસ્થાના ક્ષેત્રમાં આપણો વૃદ્ધિ દર ઘણો જોવા મળે છે : 1900 થી 1904માં 23.7 ટકાની સરખામણીમાં 1940-44માં વૃદ્ધિ દર 35.7 ટકા હતો.

અન્ય કોઈ સાંસ્થાનિક કે ઔદ્યોગિક દૃષ્ટિએ પછાત દેશોની જેમ ભારતની રાષ્ટ્રીય આવકનું ધોરણ સ્થિર જોવા મળે છે. બ્રિટિશ શાસનનાં આંતરિક વર્ષોમાં રાષ્ટ્રીય આવકની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. દાદાભાઈ નવરોજીની ગણતરી અનુસાર 1860થી ભારતની માથા દીઠ આવક વાર્ષિક 20 રૂપિયા હતી. આપણે અગાઉ જોઈ ગયા છીએ તેમ દાદાભાઈ અને અન્ય રાષ્ટ્રવાદીઓએ કેવી રીતે ભારતની આવી દરિદ્ર અવસ્થા માટે સંપત્તિના શોષણને કારણભૂત માન્યું હતું. આ સમયે, ખાસ કરીને 1870માં મિશેલ અને ડીનના અંદાજ મુજબ ઇંગ્લેન્ડમાં માથા દીઠ વાર્ષિક આવક 24.4 પાઉંડ હતી. અર્થાત્ રૂ. 568 બરાબર હતી.

શિવ સુબ્રમણ્યન દ્વારા તાજેતરના અંદાજ મુજબ બ્રિટિશ શાસનનાં છેલ્લાં પચાસ વર્ષોમાં ભારતમાં માથા દીઠ વાર્ષિક આવક લગભગ સ્થગિત રહી હતી. દા.ત 1900 થી 1904માં 52.2 રૂપિયા, 1915-19માં 57.3 રૂપિયા અને 1940-44માં 56.6 રૂપિયા. આથી આપણે અલ્પ વિકાસ અને સ્થગિતતાની જાણકારી મેળવી શકીએ છીએ જેનો અનુભવ સાંસ્થાનિક ભારતને થયો હતો.

## 2.5 સાંસ્થાનિક રાજ્ય (The Colonial State)

સંસ્થાનવાદનો રાજકીય પ્રભાવ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન સંસ્થાનવાદના વિરોધ વિશે આપણે હવે પછી ચર્ચા કરીશું. (એકમ 2, 4 અને 5). અહીં તો આપણને નિસબત છે ફક્ત સાંસ્થાનિક પ્રક્રિયાનાં કેટલાંક રાજકીય પાસાં વિશે. અંગ્રેજી સામ્રાજ્યવાદી હિતો અનુસાર ભારતીય અર્થવ્યવસ્થાને કોઈ એક નિશ્ચિત સ્વરૂપ મળે એવા આશયથી નહીં બલકે તે ઉદ્દેશને હાથવગો કરવાના એક સાધન તરીકે સાંસ્થાનિક શાસનનો અમલ કરવામાં આવ્યો હતો. ઓગણીસમી સદીના અંત અને વીસમી સદીના આરંભમાં બ્રિટિશ શાસકોની અનુમાનિત રાજકીય વિચારધારાને આર્થિકક્ષેત્રે બિનડખલનીતિ, (મુક્ત વ્યાપાર નીતિ) અને પોલીસરાજના સ્વરૂપે ઓળખાવવામાં આવી છે. પણ 'બિનડખલનીતિ'નો વારંવાર ભંગ મૂળભૂત દૃષ્ટિએ થતો રહ્યો. જ્યાં સુધી ભારત જેવા સંસ્થાનને સંબંધ છે ત્યાં સુધી આ સિદ્ધાન્ત અનુસાર પશ્ચિમી પ્રભાવ હેઠળ દેશને સંસ્કારી બનાવવાની જવાબદારી અદા કરવા સક્રિય દરમ્યાનગીરી જરૂરી હતી.

ઉદાહરણ તરીકે, ભારતીય રેલવેમાં બ્રિટિશ ખાનગી મૂડીને એવી શરતે ઘણી ભારે સરકારી મદદ અપાતી હતી જેમાં નફા-નુકસાનને ધ્યાનમાં લેવામાં આવ્યો નહીં. બ્રિટિશ વેપારી હિતો માટે સ્પષ્ટતઃ આ બાબત વિશેષ લાભકારી હતી. બીજી તરફ મુક્ત વ્યાપારની નીતિને જકાત નીતિના ક્ષેત્રમાં દાખલ કરવામાં આવી. દા.ત આયાત કરેલા માન્ચેસ્ટરના કાપડ ઉપર કોઈ પણ પ્રકારની જકાતના ભારણનો ઇન્કાર અંગ્રેજી હિતો માટે લાભકારી અને ભારતીય મિલ માલિકો માટે નુકસાનકારક હતો. ફરીથી 19મી સદીના અંત અને 20મી સદીના આરંભમાં દુકાળ દરમ્યાન સરકાર દ્વારા કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ રોકીને ખાદ્ય પદાર્થોના વેપારમાં (અને અનાજની નિકાસ સાથે) 'અહસ્તક્ષેપ'ની નીતિ દાખલ કરવામાં આવી.

ઇંગ્લેન્ડના રાજકીય માળખાએ એ બાબતનું ખાસ ધ્યાન રાખ્યું કે પાર્લમેન્ટ ભારતીય રાજ્યનો સચિવ (જે બ્રિટિશ કૅબિનેટનો સભ્ય હતો), ગવર્નર જનરલ અને ભારતીય વરિષ્ઠ નોકરશાહીને ભારતમાં નીતિ ઘડવામાં મહત્ત્વપૂર્ણ વેપારી હિતો માટે પ્રભાવિત કરી શકે. પ્રથમ વિશ્વ યુદ્ધ સુધી આ પ્રભાવ એકદમ સ્પષ્ટ હતો, પરન્તુ પછીથી બ્રિટિશ ભારતીય સરકારે ઘર આંગણનાં દબાણો અને ભારતીય જરૂરિયાતના સંદર્ભે કેટલીક સમજૂતી કરવી પડી અને પરિણામે બ્રિટિશ નીતિઓ કેટલેક અંશે ઉદાર બની. ભારત ઉપર શાસન કાયમી રાખવાની વ્યવહારુતા, સરકારની નાણાકીય સક્ષમતાને કારણે

ભારતીય મૂડીવાદીઓ તથા કેટલાંક મહત્ત્વનાં હિતો સાથે સમાધાનની નીતિ અને રાષ્ટ્રવાદીઓના દબાણ જેવાં કેટલાંક પાસાંઓને કારણે 1920 પછી અંગ્રેજોની નીતિઓમાં કેટલુંક ઔદાર્ય જોવા મળે છે. આ બધી વિશેષતાઓને ધ્યાનમાં લેતાં એવું કહી શકાય કે ઓગણીસમી સદીના મધ્યથી 1947 સુધી સાંસ્થાનિક રાજ્ય ભારતીય સંસ્થાનનું એક સાધન હતું, નહીં કે ભારતીય અર્થવ્યવસ્થા અને સમાજને આધુનિક બનાવવાનું.

**તમારી પ્રગતિ ચકાસો – ગ**

1. ભારતીય મૂડીવાદી વર્ગ અને રાષ્ટ્રવાદી નેતાઓની વચ્ચેના ગઠબંધનને તમે કેવી રીતે સમજાવશો ? પચાસ શબ્દોમાં ચર્ચા કરો.

...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................

2. સાંસ્થાનિક શાસનના સ્વરૂપ વિશે પાંચ-સાત લીટીમાં વર્ણન કરો.

...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................

## 2.6 સારાંશ

સાંસ્થાનિક શાસનનું સ્વરૂપ અને સંસ્થાન ઉપરના તેના પ્રભાવ વિશે વિદ્વત્જનોએ વિવિધતાથી પૃથક્કરણ કર્યું છે. દાદાભાઈ નવરોજી, મહાદેવ ગોવિંદ રાનડે, અને રોમેશચંદ્ર દત્ત જેવા ભારતીય રાષ્ટ્રવાદી વિદ્વાનોએ મુખ્યત્વે ભારતીય સંદર્ભમાં તથા ભારતીય અર્થવ્યવસ્થા ઉપર અંગ્રેજી શાસનના પ્રભાવની ચર્ચા કરી પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે. એમણે આર્થિક શોષણ અને બિન-ઉદ્યોગીકરણને અંગ્રેજ રાજ્યનાં દુષ્પરિણામો તરીકે વર્ણવ્યું છે. તો બીજી તરફ યુરોપીય વિદ્વાનોએ સંસ્થાનવાદનું સામાન્ય સર્વેક્ષણ વિશ્વભરમાં કર્યું અને મૂડીવાદી માળખા સાથે તેને સાંકળી લીધું. હોબ્સન, હિલફરડિંગ, રોઝા લક્ઝેમ્બર્ગ અને લેનિન જેવા યુરોપીય વિદ્વાનોએ સંસ્થાનવાદને સમજવામાં આપણી દૃષ્ટિનો સારો વિકાસ કર્યો.

ભારતીય સંસ્થાનવાદનાં અન્ય પાસાંઓમાં ખેતીનું વાણિજ્યકરણ અને ઔદ્યોગિક પ્રક્રિયાની ધીમી તથા અસમાન ગતિ મુખ્ય હતાં. સંસ્થાનવાદની જરૂરિયાતો તરફ ભારતીય અર્થવ્યવસ્થાને વાળવામાં આવી અને સાંસ્થાનિક રાજ્યની સામ્રાજ્યવાદી હિતો માટે ભારતીય અર્થતંત્રને ઘડવામાં ભૂમિકા પૂરી પાડી. ભારતીય વેપારી હિતો વિરોધી અંગ્રેજીની પક્ષપાતી નીતિઓને કારણે જ સાંસ્થાનિક શાસન અને ભારતીય વેપારી સમૂહોની વચ્ચે સંઘર્ષની સ્થિતિ ઊભી થઈ જેથી ભારતીય મૂડીવાદી વર્ગ ભારતના રાષ્ટ્રીય આંદોલન સાથે જોડાઈ ગયો.

## 2.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અહસ્તક્ષેપ (પોલીસરાજ) :** દેશની આર્થિક પ્રક્રિયાઓમાં કોઈ પ્રકારે હસ્તક્ષેપ ન કરવાની નીતિ અને પોલીસરાજનો અર્થ છે : દેશમાં કાયદો અને વ્યવસ્થા સાચવાનું કામ રાજ્યનું છે. આ રીતે સરકાર આ નીતિ અનુસાર બધા પ્રકારની જવાબદારીઓથી મુક્ત રહેતી હતી.

**એકરદીઠ ઉત્પાદન** : પ્રત્યેક એકર દીઠ ખેત-ઉત્પાદનનું વિભાજન

**ચોખ્ખું રાષ્ટ્રીય આંતરિક ઉત્પાદન** (એન.ડી.પી) : ઉદ્યોગોની, ખેતી અને અન્ય સેવા ક્ષેત્રોમાં સંગઠિત રાષ્ટ્રીય ઉત્પાદન

**જનગણના સામગ્રી** : વસ્તી સંબંધિત આંકડા.

**સામ્રાજ્યવાદી ક્ષમાપ્રાર્થી** : સામ્રાજ્યવાદી પ્રત્યે કૂણું વલણ દાખવનાર વિદ્વાનો જેઓ સંસ્થાનવાદી શોષણનાં અંગો ઉપર પડદો રાખીને ભારતની આર્થિક પડતી પ્રત્યે કોઈ પણ જવાબદારીમાંથી મુક્ત કરતા હતા.

**તૃતીય ક્ષેત્ર** : વ્યાપાર અને વાહનવહારનું સેવાક્ષેત્ર

**દલાલ** : વચેટિયો

**નિઃકિસાનીકરણ** : થોડી જમીન ધરાવતા ખેડૂતોની જમીન છીનવી લેવાની પ્રક્રિયા જેને કારણે તેઓ આખરે ખેતમજૂરો બની ગયા.

**પ્રાથમિક ક્ષેત્ર** : ખેતી, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને વન ઉત્પાદન.

**માથા દીઠ આવક** : કુલ રાષ્ટ્રીય આવક જેને કુલ વસ્તીથી વિભાગી શકાય.

**માથા દીઠ ઉત્પાદન** : કુલ વસ્તીથી વિભાગ્યા પછીનું ઉત્પાદનનું ધોરણ.

**બિનમોસમી બિનરાત ગણોતિયો** : જૂન જમીનમાલિકોનો એક વર્ગ જે હવે નવા બનેલા જમીનદારોના ગણોતિયા બની ગયા. આ જમીનદાર ઋણ ન ચૂકવનાર ગણોતિયાને પોતાની ઈચ્છાનુસાર કાઢી મૂકતો હતો.

**ભાગિયો (સાંથિયો)** : ખેડૂતોનો એવો વર્ગ જે બીજાની જમીન ખેડે અને દેખરેખ રાખે અને બદલામાં ઉત્પાદનમાં ભાગીદાર થાય.

**વિશેષીકરણ** : ખેડૂતોને અન્ય વર્ગોમાં વિભાજિત કરવા જેને પરિણામે એ જ વર્ગમાં કેટલાક જૂથ ભોગે બીજા જૂથ સમૃદ્ધ થાય.

**શાહુકાર ગ્રામીણ વણિક** : નાણાં ધીરનાર એક ગ્રામીણ વર્ગ જે ક્યારેક ખેડૂત અને બજાર વચ્ચે દલાલી તરીકે કામ કરતો હતો.

## 2.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો – ક**

1 (1) ✓ (2) × (3) ✓ (4) ✓

2 પેટા જૂથ 2.2.2 જુઓ

3 પેટા જૂથ 2.2. માંથી શોધી કાઢો.

**તમારી પ્રગતિ ચકાસો – ખ**

1 પેટા ભાગ 2.3.1 ને ધ્યાનથી વાંચીને પોતાની ભાષામાં ઉત્તર લખો.

2 (1) × (2) × (3) × (4) ✓

3 પેટા ભાગ 2.3.3 જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો – ગ**

1 ભાગ 2.4 માંથી ઉત્તર શોધો.

2 ભાગ 2.5 વાંચીને ઉત્તર આપો.

# એકમ 3 રાષ્ટ્રીય ચેતનાનો ઉદય
## (The Rise of National Consciousness)

રૂપરેખા


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 ભારતીય અર્થતંત્રની પાયમાલી

3.2.1 ખેતી

3.2.2 ઉદ્યોગ

3.3 રાષ્ટ્રીય ચેતનાના ઉદયનાં કારણો

3.3.1 વહીવટનું સંગઠિત સ્વરૂપ

3.3.2 સંદેશા-વ્યવહારનું માળખું

3.3.3 છાપખાનાં

3.3.4 નવી શિક્ષણ પદ્ધતિ

3.3.5 અંગ્રેજોની વિસ્તારવાદી નીતિ

3.3.6 બૌદ્ધિક જાગૃતિ

3.3.7 રંગભેદ નીતિ

3.4 ભારતીય પ્રતિસાદ

3.4.1 કિસાન અને આટવિક જનજાતીય આંદોલન

3.4.2 મધ્યમ વર્ગીય જાગૃતિ

3.5 સારાંશ

3.6 ચાવીરૂપ શબ્દો

3.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 3.0 ઉદ્દેશો

આ એકમના અધ્યયનથી તમે આટલી માહિતી જાણી શકશો :

- ભારતીય પ્રજાના વિવિધ વર્ગોને સાંસ્થાનિક રાજ્યે કેવી અસર પહોંચાડી.
- રાષ્ટ્રીય ચેતનાના વિકાસને સહાયક પરિબળોનું યોગદાન.
- ભારતીય પ્રજા અને મધ્યમ વર્ગે સાંસ્થાનિક પડકારોનો કેવો પ્રતિસાદ આપ્યો અને રાષ્ટ્રીય ચેતનાએ કેવી રીતે સંગઠિત રૂપ ધારણ કર્યું.

## 3.1 પ્રસ્તાવના

આ વિભાગના એકમ એક અને બેમાં બ્રિટિશ સંસ્થાન તરીકે કેવી રીતે ભારતનું શોષણ થયું તે પ્રક્રિયાની જાણકારી આપણે મેળવી. તમે એ પણ જાણકારી મેળવી કે ભારતની સામાજિક સ્થિતિ, અર્થતંત્ર અને રાજકીય પ્રક્રિયાને સંસ્થાનવાદની પ્રક્રિયાએ કેવી અસર પહોંચાડી. પ્રસ્તુત એકમમાં આપણે ચર્ચા કરીશું. ઓગણીસમી સદીમાં રાષ્ટ્રીય ચેતનાના વિકાસમાં બ્રિટનની નીતિઓએ કેવી સહાય કરી. અભ્યાસ હેઠળના સમયગાળા દરમ્યાન આપણે મુખ્યત્વે રાષ્ટ્રીય ચેતનાના વિકાસમાં કયાં પરિબળોએ યોગદાન આપ્યું અને તેથી ચેતનાએ કેવું રૂપ ધારણ કર્યું તે વિશે ધ્યાન આપીશું.

ઓગણીસમી સદીમાં રાષ્ટ્રીય જાગૃતિનો ઉદય બ્રિટિશ શાસનનું સીધું પરિણામ ગણાવી શકાય. બ્રિટિશ શાસનને પરિણામે અર્થતંત્ર, રાજકારણ અને સામાજિક ક્ષેત્રે આવેલાં પરિવર્તનને લીધે ભારતીય સમાજજીવનના બધા વર્ગો ઉપર અત્યાચાર થયો જેને લીધે વ્યાપક પ્રમાણમાં સમૂહજીવનમાં અસંતોષનો ફેલાવો થયો. બીજી તરફ પ્રાથમિક દૃષ્ટિએ અસરકારક વહીવટ ચલાવવાના હેતુથી બ્રિટિશ શાસને જે પગલાં લીધાં તેમાં વહીવટમાં એકરૂપતા, તાર ને ટપાલ વ્યવસ્થાનો વિકાસ, રેલવે, છાપખાનાં અને શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. આને લીધે રાષ્ટ્રીય ચળવળને ઉદય અને વિકાસ પણ સંભવિત બન્યાં. આ એકમમાં આપણે આ બધાં પરિબળોના યોગદાન વિશે કેટલીક ચર્ચા વિગતે કરીશું.

## 3.2 ભારતીય અર્થતંત્રની પાયમાલી (Ruin of Indian Economy)

ભારતીય ખેતી અને હસ્તોદ્યોગના વિનાશમાં બ્રિટનની આર્થિક નીતિએ મહત્ત્વની ભૂમિકા ભજવી. આ પ્રક્રિયામાં ખેડૂતો, કામદારો અને બીજા વર્ગોની આર્થિક સ્થિતિ સતત બગડતી ગઈ. ખેતીનું વાણિજ્યીકરણ, બિન-ઉદ્યોગીકરણ, દુકાળો વગેરેના સ્વરૂપે અંગ્રેજી શાસનમાં આર્થિક દુષ્પરિણામો વિશે એકમ બેમાં તમે જાણકારી મેળવી લીધી છે. અહીં આપણે ઓગણીસમી સદી દરમ્યાન બ્રિટિશ શાસને આપણા આર્થિક જીવનમાં કેવું પરિવર્તન આણ્યું તે વિશે ટૂંકમાં વિગતો ચકાસીશું.

### 3.2.1 ખેતી (Agriculture)

કૃષિ વિષયક બ્રિટિશ નીતિનો મુખ્ય આશય વધુમાં વધુ જમીન મહેસૂલ આંચકી લેવાનો હતો. કાયમી જમાબંધીના વિસ્તારોમાં નિશ્ચિત મહેસૂલ જમીનદારે સરકારને આપવાનું હતું. આથી જમીનદાર, સરકારને પોતે આપવાના મહેસૂલ કરતાં વિશેષ મહેસૂલ, ખેડૂતો પાસેથી ઉઘરાવતો હતો. જમીનદારની આ માગણી પૂરી કરવા માટે ખેડૂતોને શાહુકારો પાસેથી ધિરાણ લેવું પડતું હતું, શાહુકારો ખેડૂતોને ધીરેલા નાણાં ઉપર વ્યાજનો ઘણો ઊંચો દર લાગુ પાડતા હતા. જ્યારે જ્યારે શાહુકારો અને જમીનદારો તરફથી શોષણનો વિરોધ કરતા હતા ત્યારે સરકારી તંત્ર શોષકોનો પક્ષ લેવું હતું. ગળી, કપાસ, શેરડી જેવા મોટી સંખ્યાના રોકડિયા પાકનું ઉત્પાદન અંગ્રેજી સરકાર પોતાની ઇચ્છા અનુસારની કિંમતે ખરીદતી હતી. અને આ ફસલ (ઉત્પાદન) વિનિયોગ બ્રિટિશ ઉદ્યોગ સારુ કાચા માલ તરીકે કરતા હતા. કપાસ અને ગળી ઉગાડનાર ખેડૂતો આ નીતિના વધારે શોષિતો હતા. બ્રિટિશ જમીન મહેસૂલ નીતિને પરિણામે મોટી સંખ્યામાં ખેડૂતો જમીનવિહોણા ખેતમજૂરોની સ્થિતિમાં પહોંચી ગયા. 1901માં કુલ વસ્તીની સંખ્યાના 20 ટકાથી વધુ વસ્તી ખેતમજૂરોની હતી.

### 3.2.2 ઉદ્યોગ (Industry)

આપણે જ્યારે ઉદ્યોગોની ચર્ચા કરીએ છીએ તો હસ્તકલાના કારીગરોને અનેક મુસીબતોનો સામનો કરવો પડતો હતો. બ્રિટનમાં ભારતીય કાપડની આયાત ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જ્યારે ઇંગ્લેન્ડમાં યંત્રો દ્વારા ઉત્પાદિત કાપડની ભારતમાં થતી આયાત ઉપર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ ન હતો. ઇંગ્લેન્ડમાં યંત્રો મારફતે ઉત્પાદિત કાપડનો સામનો ભારતીય હસ્તકલાકારો કરી શકે એવી સ્થિતિમાં ન હતા. એટલું જ નહીં પણ ઇંગ્લેન્ડમાં યંત્રોના પ્રવેશથી ત્યાંના કારીગરોની હાલત બગડી હતી. પરન્તુ એ દેશમાં તેમને તરત જ કારખાનાંમાં રોજગારી મળી ગઈ. યંત્રોથી તૈયાર થયેલો માલ ઇંગ્લેન્ડથી ભારતમાં આવતો હતો. ભારતમાં કારખાનાંની વિકાસ ગતિ ઘણી ધીમી હતી; કારણ સરકાર ભારતમાં યંત્રીકરણના વિકાસના પક્ષમાં ન હતી. આવી પરિસ્થિતિ હોવાને લીધે મોટી સંખ્યામાં કારીગરો બેરોજગાર બન્યા. કારખાનાં ખાણો અને બગીચાના કામ કરતા કામદારોની સ્થિતિ પણ સારી ન હતી. તેઓને ઘણી ઓછી મજૂરી આપવામાં આવતી હતી અને અત્યંત ગરીબાઈમાં તેઓ જીવતા હતા.

વેપાર, જકાત, કર અને વાહનવ્યવહાર સંબંધિત સરકારી નીતિઓને કારણે વિકાસ પામી રહેલા ભારતીય ઉદ્યોગપતિઓની મુશ્કેલીઓનો કોઈ પાર ન હતો. તેઓ અનુભવી શક્યા હતા કે ઇંગ્લેન્ડ ભારતનો ઉપભોગ બ્રિટિશ ઉદ્યોગો માટે કાચો માલ પ્રાપ્ત કરવા કેવી રીતે કરી રહ્યું હતું અને પછીથી કેવી રીતે અંગ્રેજી મૂડીનો થોડો હિસ્સોનો ઉપયોગ ભારતમાં થતો હતો. બ્રિટિશ મૂડીવાદીઓ, જેમની પાસે મોટા પ્રમાણમાં સાધનો હતાં, ને બધા જ પ્રકારની સગવડ સરકાર તરફથી મળતી હતી. જ્યારે ધીમે ધીમે વિકાસ પામી રહેલા ભારતીય ઉદ્યોગપતિઓને, જેમને સરકારી સહાયની આવશ્યકતા હતી, કોઈ સહાય તેમને પ્રાપ્ત થતી ન હતી.

#### 19મી સદીમાં ભારતની સ્થિતિ

આ સંક્ષિપ્ત વર્ણનથી તમે જોઈ શક્યા હશો કે ભારતીય પ્રજાના બધા વર્ગોના લોકો બ્રિટિશ શાસન હેઠળ સબડતા રહ્યા હતા. પરન્તુ પ્રજામાં અસંતોષની આગ એકાએક નવી ચેતનાને જન્મ આપતી નથી. હકીકતમાં આ અસંતોષ વિભિન્ન સમયે વિભિન્ન સ્વરૂપે વારંવાર ડોકાયા કરતો હતો. દા.ત ક્યારેક સરકારી અધિકારીઓને વિરોધ સ્વરૂપે, કયારેક જમીનદાર સામે, તો ક્યારેક નવી નીતિ સામે. વાસ્તવમાં વિદેશી શાસન પ્રત્યેના અસંતોષની જે લાગણી હતી તેણે સાચી રાષ્ટ્રીય ચેતનાને જન્મ ના આપ્યો તેનાં કેટલાંક કારણો હતાં. દા.ત દેશની ભૌગોલિક વિશાળતા, સંદેશાવ્યવહારનાં સાધનોનો અભાવ, શિક્ષણનો અભાવ, એક જ ભાષાની ગેરહાજરી, વિભિન્ન ક્ષેત્રોની સમસ્યાઓનું અલગતાપણું અને વહીવટને કાર્યાન્વિત કરવાની અલગ અલગ પદ્ધતિ.

**તમારી પ્રગતિ ચકાસો - ક**

1. ભારતમાં બ્રિટિશ નીતિ કેવી રીતે ભારતીય અર્થતંત્રને અસર કરી ગઈ ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

2. સાંસ્થાનિક શાસનથી પાયમાલ પામેલા ભારતીય સમાજના બે મુખ્ય વર્ગોની જાણકારી વર્ણવો.

   ..........................................................................

   ..........................................................................

3. એવું કયું કારણ હતું કે સાંસ્થાનિક શાસનના શરૂનાં વર્ષોમાં વિદેશી શાસન પ્રત્યે ભારતીય વિરોધ સંગઠિત સ્વરૂપે અભિવ્યક્તિ પામ્યો નહીં ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

## 3.3 રાષ્ટ્રીય ચેતનાના ઉદયનાં કારણો (Factors Contributing to National Consciousness)

અગાઉ આપણે જે મુદ્દાઓ વિશે ચર્ચા કરી છે તેને કારણે અંગ્રેજોને પણ એક પ્રભાવશાળી વહીવટી નિયંત્રણ સ્થાપવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ મુશ્કેલીઓમાંથી બહાર આવવા સારુ અંગ્રેજોએ કેટલાંક વહીવટી પગલાં ભર્યાં અને થોડીક નવી નીતિઓ અમલી બનાવી. આ પગલાંથી ભારતીય પ્રજામાં રાષ્ટ્રીય ચેતનાને વિકસાવવામાં સહાય મળી. હવે અહીં આપણે તે નીતિઓ અને તેની અસરની ચર્ચા કરીશું.

### 3.3.1 વહીવટનું સંગઠિત સ્વરૂપ (Unified System of Administration)

ભારતીય સાધનોનું ઉત્તમ શોષણ કરવા સારુ અંગ્રેજોએ દેશના ઘણાખરા વિસ્તારોને વહીવટની સમાન પદ્ધતિ હેઠળ આવરી લીધા. વહીવટમાં એકરૂપતા સ્થાપવાના આશયથી તેમણે જમીન મહેસૂલ, વ્યવસ્થા તંત્ર, પોલીસ, કાયદો અને વ્યવસ્થાનું તંત્ર, ન્યાયતંત્ર, જેવાં કેટલાંક મહત્ત્વનાં પગલાં લીધાં.

### 3.3.2 સંદેશાવ્યવહારનું માળખું (Communication Network)

તાર અને ટપાલની સેવાઓને વિસ્તારવામાં આવી અને સુદૃઢ પણ કરાઈ. દેશનાં બધાં મુખ્ય શહેરોને તાર સેવાઓથી સાંકળી લેવામાં આવ્યાં. 1853 પછી રેલમાર્ગોનું કાર્ય હાથ ધરાયું. યોજના તો એવી હતી જે દ્વારા પ્રાન્તોને એકબીજા સાથે સાંકળી શકાય તથા પીઠ પ્રદેશોને (જ્યાંથી કાચો માલ બંદર સુધી પહોંચાડાય તે વિસ્તારો) બંદરો સાથે બ્રિટિશો માટે રેલ માર્ગથી જે લાભ પ્રાપ્ત થયો તે હતો બંદરો સુધી અને બંદરોએથી માલસામાનને સરળતાથી અને ઓછી કિંમતે લાવવો-લઈ જવો. જેમ જેમ રેલમાર્ગોનો વિકાસ થયો તેમ તેમ મુસાફરોની આવન-જાવનમાં પણ વૃદ્ધિ થઈ. અને આ રીતે દૂરનાં સ્થળોએ રહેતી વ્યક્તિઓને એકબીજા સાથે સંપર્ક સ્થાપવાની તક મળી.

### 3.3.3 છાપખાનાં (Printing Press)

છાપખાનાંની સ્થાપનાથી વિચારોનાં આદાનપ્રદાન અને શિક્ષણની પ્રક્રિયા પણ સરળ અને સસ્તી બની. સંખ્યાબંધ દૈનિકો અને સામયિકો પ્રકાશિત થવા લાગ્યાં. આ પ્રકાશનો મારફતે દેશના વિભિન્ન વિભાગોના પ્રશ્નોથી લોકો વાકેફ થવા લાગ્યા. તમે પોતે તમારા અનુભવને આધારે એવું અનુમાન કરી શકશો કે સમાજના શિક્ષિત વર્ગોમાં રાષ્ટ્રીય ચેતના ઉત્પન્ન કરવામાં છાપખાનાંએ કેવી રીતે મહત્ત્વની ભૂમિકા અદા કરી.

### 3.3.4 નવી શિક્ષણ પદ્ધતિ (New Education System)

અંગ્રેજોએ ભારતમાં નવી શિક્ષણ પદ્ધતિ દાખલ કરી, જે મુખ્યત્વે પશ્ચિમની શિક્ષણ પ્રથા ઉપર આધારિત હતી. અંગ્રેજોનો આની પાછળનો મુખ્ય આશય હતો કે આ પ્રકારની શિક્ષણ પ્રથાથી ભારતીયોમાં એક વફાદર વર્ગ ઊભો કરી શકાશે જેઓ અંગ્રેજો માટે પૂર્ણ ભક્તિથી કારકૂની અને વહીવટી કામગીરી કરી શકે. મેકોલેએ ધાર્યું હતું કે આ ઉદ્દેશથી લોકોનો એક એવો વર્ગ તૈયાર કરી શકાશે જે લોહી અને રંગથી ભારતીય હોય પણ રુચિ, વિચાર અને નીતિમત્તાથી અંગ્રેજી હોય.

પરંતુ આ આધુનિક શિક્ષણ પદ્ધતિના અમલથી જે બીજી અસર થઈ તે આમ હતી : ભારતનો શિક્ષિત વર્ગ સમાનતા, સ્વતંત્રતા અને રાષ્ટ્રીયતાના વિચારોને લીધે સાંસ્થાનિક શાસનના ભ્રમથી મુક્ત થયો. જોકે આ શિક્ષણ પ્રથા ભારતીયોના એક નાના વર્ગ પૂરતી સીમિત હતી. અર્થાત્ 1921 સુધી લગભગ 92 ટકા ભારતીયો અશિક્ષિત હતા. જોકે આ શિક્ષણ પ્રણાલીના માધ્યમથી શિક્ષિત ભારતીયો યુરોપમાં ચાલી રહેલી રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓના પરિચયમાં આવ્યાં. દા.ત., જર્મની અને ઇટાલીનું એકીકરણ તથા તુર્કી સામ્રાજ્ય વિરુદ્ધ વિભિન્ન જાતિઓનું રાષ્ટ્રીય આંદોલન. આ ઉપરાંત આ શિક્ષિત વર્ગ, જ્હૉન મિલ્ટન, શેલી, બેન્થામ, જ્હૉન સ્ટુઅર્ટ મિલ, હર્બર્ટ સ્પેન્સર, રુસો, વોલ્ટેર, મેઝિની અને ગેરિબાલ્ડી જેવા ઉદારમતવાદી વિચારકો અને લેખકોનાં લખાણો અને વિચારોના પરિચયમાં આવ્યા. જે ભારતીયો ઇંગ્લેન્ડમાં અભ્યાસ કરી ભારત પાછા ફર્યા તો એમણે એવો અનુભવ કર્યો કે જે અધિકાર યુરોપીય રાષ્ટ્રોમાં નાગરિકોને પ્રાપ્ત છે તે અધિકારથી ભારતીયને વંચિત રાખવામાં આવ્યા હતા.

### 3.3.5 અંગ્રેજોની વિસ્તારવાદી નીતિ (British Policy of Expansion)

અંગ્રેજોએ આરંભમાં પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવા સારુ ભારતના વિભિન્ન વિસ્તારો જીતી લીધા. આ સોપાન દરમ્યાન પણ એમણે એમની વિસ્તારવાદી નીતિ ચાલુ રાખી. ભારતનાં સ્થાનિક રાજ્યો, જેઓ અંગ્રેજોની નીતિની વિરુદ્ધ ન હતાં તે રાજ્યોને પણ, એક પછી એક અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધાં. અને એ રીતે એમની વિસ્તારવાદી પ્રવૃત્તિ ચાલુ રહી. જે રાજ્યોને ખાલસા કર્યાં તેમાં સિંધ (1843), પંજાબ (1849), રંગૂન અને પેગુ (1852) અને અવધ (1856) ઉપરાંત ઝાંસી, સતારા અને નાગપુરનો સમાવેશ થતો હતો. આથી ભારતીય શાસકો (રાજાઓ) પણ અંગ્રેજોની નીતિથી અસ્વસ્થ (ચિંતિત) થઈ ગયા.

### 3.3.6 બૌદ્ધિક જાગૃતિ (Intellecutual Awakening)

ઓગણીસમી સદીના ભારતમાં સામાજિક સુધારણા અને બૌદ્ધિક જાગૃતિનો પ્રારંભ થયો. જે પ્રક્રિયા મારફતે તત્કાલીન સમાજનું ટીકાત્મક અને રચનાત્મક મૂલ્યાંકન એવા આશયથી થયું કે તે સમાજનું આધુનિકતાના આધારે પરિવર્તન થાય તે પરિસ્થિતિને બૌદ્ધિક જાગૃતિથી ઓળખાવી શકાય. આ પૃથક્કરણનું કાર્ય રાજા રામ મોહન રૉય, કેશવચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાદેવ ગોવિંદ રાનડે અને સૈયદ અહમદખાન જેવા બૌદ્ધિકોએ કર્યું. તેમને આધુનિક શિક્ષણનો લાભ પ્રાપ્ત થયો હતો. આ અગ્રણી બૌદ્ધિકોએ 19મી સદી દરમ્યાન રાષ્ટ્રીય ચેતનાના ઉદ્ભવમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.અંગ્રેજોએ પોતાના શાસનને ન્યાયપૂર્ણ દર્શાવવા સારુ પોતાના શાસનના ભારતના પૂર્વકાલને એટલે કે અઢારમી સદીના પૂર્વાર્ધને સ્થગિત સમય તરીકે ઓળખાવ્યો. આ સાથે એમણે એમ પણ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો કે ભારતીયોએ પોતાના પલ્લામાં કોઈ સિદ્ધિ હાંસલ કરી નથી; ખાસ કરીને વિજ્ઞાન અને ટેકનોલૉજીના ક્ષેત્રમાં, એટલું જ નહીં પણ સ્થિર અને કાર્યક્ષમ સરકાર આપવા પણ શક્તિશાળી નથી. શિક્ષિત ભારતીયોએ અંગ્રેજોના આ જૂઠા પ્રચાર સામે કલા, સાહિત્ય દર્શન, વિજ્ઞાન અને સ્થાપત્ય જેવાં ક્ષેત્રોમાં ભારતીયોએ દર્શાવેલી સિદ્ધિઓ કે ઉપલબ્ધિઓ ઉપર પ્રકાશ ફેંક્યો. ઇતિહાસનાં આ ક્ષેત્રોમાંની શોધને પરિણામે જે જાગૃતિ ભારતીય સમાજમાં ઊપસી આવી તેનો ઉદ્દેશ તો ધર્મના નામે ફેલાયેલ (દૂષણોને) બુરાઈઓને દૂર કરીને ભારતીય સમાજમાં પરિવર્તન લાવવાનો હતો.

### 3.3.7 રંગભેદની નીતિ (Racial Discrimination)

અંગ્રેજો મારફતે અપનાવાઈ ગયેલી રંગભેદની નીતિ પણ રાષ્ટ્રીય ભાવનાઓને જાગૃત કરવામાં ઉપયોગી બની. આ પ્રકારની ભેદનીતિ અંગ્રેજોએ સામાજિક વ્યવહાર ઉપરાંત ન્યાય તંત્રના ક્ષેત્રમાં પણ અપનાવી હતી. ઇતિહાસકાર અને પ્રભાવશાળી સરકારી અધિકારી જી.ઓ.ટ્રેવેલિયને 1864માં લખ્યું હતું કે 'અદાલતમાં અમારા દેશની એક વ્યક્તિની સાક્ષી ઘણા બધા હિન્દુઓની સાક્ષીની સરખામણીમાં ઘણી મહત્ત્વની ગણાતી. આ એક એવી પરિસ્થિતિ હતી જે બેઇમાની અંગ્રેજોના હાથમાં સત્તાનું એક મહત્ત્વનું હથિયાર પૂરું પાડે છે.' હકીકતમાં રંગભેદની નીતિએ વ્યવહારમાં ભારતીયોનું અપમાન કર્યું અને મુશ્કેલીઓમાં મૂકી દીધા. આથી રાષ્ટ્રીય જાગૃતિના વિકાસમાં વધારે બળ મળ્યું.

1. એક અથવા બે વાક્યમાં પ્રસ્તુત પ્રશ્નોના જવાબ લખો.
   (1) શા માટે અંગ્રેજોએ રેલવે નાંખી ?
   ..........................................................................................
   ..........................................................................................
   (2) જ્ઞાનના વિકાસમાં છાપખાનાંએ કેવા પ્રકારની સહાય કરી ?
   ..........................................................................................
   ..........................................................................................
   (3) ભારતીયોને આધુનિક શિક્ષણ આપવા પાછળનો અંગ્રેજોનો શો ઉદ્દેશ હતો ?
   ..........................................................................................
   ..........................................................................................
2. પ્રસ્તુત રાજ્યોમાંથી કયાં રાજ્યોને અંગ્રેજોએ ખાલસા ન કર્યાં ?
   (1) સિંધ (2) ગ્વાલિયર (3) અવધ (4) ઝાંસી
   (5) હૈદરાબાદ (6) સતારા (7) વડોદરા.
3. પ્રસ્તુત વિધાનો સાચાં છે (✓) કે ખોટાં (×) તે જણાવો.
   (1) 19મી સદીના ભારતમાં ન્યાયિક બાબતોમાં રંગભેદની નીતિ અપનાવવામાં આવી ન હતી.
   (2) અંગ્રેજોએ રેલવેના વિકાસને એટલા માટે મહત્ત્વ આપ્યું કે જેથી ભારતીયો ગતિથી-ઝડપથી મુસાફરી કરી શકે.
   (3) ભારતમાં વહીવટની એકરૂપતા સ્થાપવા અંગ્રેજોએ પ્રયાસ કર્યો.
   (4) છાપખાનાંની સ્થાપનાથી વિચારોનું આદાનપ્રદાન સરળ થયું.

## 3.4 ભારતીય પ્રતિસાદ (The Indian Response)

અંગ્રેજો દ્વારા થતા શોષણ અને વિવિધ ક્ષેત્રમાં લાગુ કરેલી નુકસાનકારક નીતિઓનો ભારતીયોએ વિરોધ કર્યો. ક્રમશઃ આ વિરોધે રાષ્ટ્રીય આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું, જોકે આરંભમાં આ પ્રક્રિયા ધીમી ગતિની રહી. ભારતીયો મારફતે અંગ્રેજો સામે વ્યક્ત થયેલો વિરોધ બે પ્રકારનો હતો : (1) ખેડૂતો અને આટવિકોનું (જનજાતીય લોકોનું) આંદોલન અને (2) મધ્યમ વર્ગીય વિરોધ.

### 3.4.1. ખેડૂતો અને આટવિકોનું (જનજાતીય) આંદોલન (The Peasant and Tribal Movement)

ઓગણીસમી સદીમાં આપણે ખેડૂતો અને આટવિકોએ (જનજાતિના લોકોએ) અંગ્રેજો સામે કરેલા વિદ્રોહને જોઈએ છીએ. જોકે પ્રારંભકાળના આ વિદ્રોહને રાષ્ટ્રીય ચળવળ તરીકે ઓળખાવી શકીશું નહીં, પણ સમયાંતરે રાષ્ટ્રીય ચેતના અને વિકાસમાં આ વિદ્રોહનું મહત્ત્વપૂર્ણ પ્રદાન હતું. આરંભના આ વિદ્રોહો જોકે અંગ્રેજોની શોષણ નીતિ સામેના હતા. સુમિત સરકાર અનુસાર પ્લાસીના યુદ્ધ પછી આશરે સો વર્ષો દરમ્યાન થયેલા આ વિદ્રોહોનું સંચાલન પરંપરાગત નેતાઓના હાથમાં હતું. દા.ત. જમીન ઉપરનો પ્રભાવ ગુમાવી બેઠેલા જમીનદારો, સ્થાનિક નેતાઓ અને સાધુ-ફકીરો વગેરે. આ વિદ્રોહ મુખ્યત્વે સમાજના નીચલા સ્તરના લોકોના હતા. કેથ્લીન ગોફે (Kathleen Gough) એવા 77 કિસાન આંદોલનોનો ઉલ્લેખ કર્યો છે, જેમાં હિંસાનું તત્ત્વ પ્રવેશેલું હતું.

આટવિક આંદોલનો પણ ઘણાં ઉગ્ર હતાં. આટવિકો વિશેના પોતાના અભ્યાસમાં કે. સુરેશ સિંઘે નોંધ્યું છે કે ભારતીય સમાજના અન્ય વર્ગોનાં આંદોલનોની અપેક્ષાએ આટવિક આંદોલનોની સંખ્યા અધિક તો હતી પણ તે વિશેષ હિંસક પણ હતી. કેટલાક મહત્ત્વના ખેડૂત અને આટવિક વિદ્રોહની ચર્ચા હવે કરીએ.

સમગ્ર ભારતમાં થયેલા ખેડૂત અને આટવિક વિદ્રોહોની યાદી ઘણી લાંબી છે. આમાંથી મહત્ત્વના કેટલાક વિદ્રોહોની નોંધ લઈશું. આગળ ઉપર ખેડૂત આંદોલનો વિશે તમે વિગતવાર માહિતી અલગ એકમમાંથી જાણી શકશો. (વિભાગ 2 એકમ 7).

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં થયેલાં મહત્ત્વનાં પ્રજાકીય આંદોલનો આટલાં છે : (1) ત્રાવણકોર વિદ્રોહ - 1800 થી 1809, (2) ભીલ વિદ્રોહ - 1818 થી 1831, (3) હો વિદ્રોહ - 1820 થી 1821, (4) અને ખાસી વિદ્રોહ - 1829 - 31. આ ઉપરાંત વહાબી આંદોલનો 1830-1869, કોલ વિદ્રોહ -- 1831, ફરૈઝી ચળવળ - 1834-47 અને સાંથાલ વિદ્રોહ - 1855 થી 56. આ બધાં આંદોલનોમાં મુખ્યત્વે નેતૃત્વ અને સહકાર સ્થાનિક મુખીઓના તરફથી પૂરું પાડવામાં આવતાં હતાં. આધુનિક સમજણની દૃષ્ટિએ આ

બધા વિદ્રોહને આપણે જાગૃત રાષ્ટ્રીય આંદોલનો તરીકે ઓળખાવી શકીએ નહીં. આ બધી ચળવળો અંતર્ગત મહત્ત્વનું જો કોઈ પરિબળ હોય તો તે હતું બ્રિટિશ નીતિઓ સામેનો સંગઠિત વિરોધ. તો ક્યારેક જમીનદાર, શાહુકાર અથવા વહીવટી અધિકારીઓની શોષક નીતિઓની સામે પણ વિદ્રોહ થયા હતા. આ જ સમય દરમ્યાન અંગ્રેજો સામે શહેરીજનોએ વિદ્રોહ પોકાર્યો હોવાનાં ઉદાહરણો પણ હાથવગાં છે. દા.ત. બનારસી હડતાળ - 1810-11 અને બરેલી વિદ્રોહ - 1816. બનારસમાં પડેલી હડતાળનું કારણ હતું ઘરવેરો અને જ્યારે બરેલી વિદ્રોહ હતો પોલીસ કર સામેનો. આ પોલીસ કર પ્રજાની સુરક્ષાના નામે ઉઘરાવવામાં આવતો હતો. આથી વિદ્રોહ થવા છતાં પોલીસ કર ચાલુ રહ્યો પણ બનારસની હડતાળને પરિણામે ગૃહ કર સરકારને પાછો ખેંચવો પડ્યો હતો.

**1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ**

અંગ્રેજ સરકારની નીતિઓના ફલસ્વરૂપ જે વ્યાપક અસંતોષ ભારતીય પ્રજામાં ફેલાયો હતો તેણે 1857ના સ્વાતંત્ર્ય આંદોલનરૂપે જન્મ લીધો. ઉત્તર અને મધ્ય ભારતના ઘણા વિસ્તારોમાં આ આંદોલન ફેલાયું હતું. 'સૌ પ્રથમ તો, હિન્દુસ્તાનમાં જ્યાં 200 રૂપિયા મહેસૂલ બાકી હતું ત્યાંથી 300 રૂપિયા આંચકી લેવામાં આવ્યા અને જ્યાંથી 400 રૂપિયા લેવાના હતા ત્યાંથી 500 રૂપિયા લઈ લીધા. અને છતાં તેઓ પોતાની માગણી વધારે જતા હતા. આથી લોકો ભિખારી (કંગાળ) બન્યા અને વિનાશ તરફ આગળ વધ્યા. બીજું, એમણે ચોકીદારી કરમાં બમણો, ચાર ગણો અને છેવટે દશ ગણો કરી દીધો કારણ તેમની ઇચ્છા જનતાને પાયમાલ કરવાની હતી. ત્રીજું, ઘણા વિદ્વાન અને સન્માનિત લોકો બેરોજગાર બન્યા, અને લાખો લોકોને જીવનની આવશ્યક વસ્તુઓ પણ પ્રાપ્ત થતી ન હતી. શાસકોના આવા બેરહમ અત્યાચારોનું ક્યાં સુધી કેટલું વર્ણન કરીશું ? ધીરે ધીરે વાત એટલી હદે વણસી કે સરકાર કોઈના પણ ધર્મને ભ્રષ્ટ કરવા ઇચ્છતી હતી.' - ક્રાન્તિકારીઓ તરફથી અંગ્રેજોની શોષણ નીતિ સંબંધે રજૂ થયેલું આ ઘોષણાપત્ર હતું.

અઢારસો સત્તાવનના આ વિદ્રોહમાં આપણે સહુ પ્રથમ વખત જોઈ શકીએ છીએ કે જનતા રાષ્ટ્રીય ચેતનાથી પ્રેરિત થઈ હતી. આ ભાવનાને સરસ રીતે અભિવ્યક્ત કરી છે ડૉ. સુરેન્દ્રનાથ સેને એમના ગ્રંથ 'અઢારસો સત્તાવન'માં. જોકે આ સંગ્રામને અંગ્રેજ સરકારે ક્રૂરતાથી દબાવી દીધો હતો. અને ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ સરકારે વહીવટી કબજો પોતાને હસ્તક લીધો. આ મહત્ત્વના સંગ્રામના દમન પછી પણ પ્રજાકીય વિદ્રોહ અંગ્રેજો સામે ઓગણીસમી સદીના અંત સુધી ચાલુ રહ્યો.

**1857 પછીનાં ખેડૂત આંદોલનો**

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં જે ખેડૂત આંદોલનો થયાં તેમાંનાં મુખ્ય આ પ્રમાણે છે : (1) બંગાળમાં ગળી આંદોલન - 1859 થી 60, (2) ત્રિપુરામાં કુકી વિદ્રોહ - 1860 થી 90, (3) પંજાબમાં કુકા ચળવળ - 1869 થી 72, (4) બંગાળમાં પબના કિસાન આંદોલન - 1872 થી 73, (5) મહારાષ્ટ્રમાં વાસુદેવ બલવંત ફડકેનો વિદ્રોહ - 1879 અને (6) દક્ષિણ બિહારમાં બિરસા મુંડા વિદ્રોહ - 1899 થી 1900. આમ, આપણે જોઈ શકીએ છીએ કે ઓગણીસમી સદીમાં બ્રિટિશ શાસન સામે ભારતમાં સતત પ્રજા કોઈને કોઈ ક્ષેત્રમાં સંઘર્ષ કરતી રહી. જોકે આ સંઘર્ષો નિષ્ફળ ગયા છતાં જનતામાં લડાયક વૃત્તિ પ્રબળ બની અને રાષ્ટ્રીય ચેતનાને તેથી બળ મળ્યું.

**તમારી પ્રગતિ ચકાસો—ગ**

1. આરંભકાળનાં ખેડૂત અને આટવિક આંદોલનોનું સ્વરૂપ કેવું હતું ?

   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................

2. દિલ્હીના ક્રાન્તિકારીઓએ 1857માં જાહેર કરેલું ઘોષણાપત્ર તમે વાંચો. આ ઘોષણાપત્રને આધારે ભારતીય પ્રજાની ત્રણ મુખ્ય ફરિયાદો અહીં વર્ણવો.

   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................

## 3.4.2 મધ્યમ વર્ગીય જાગૃતિ (Middle Class Consciousness)

ઓગણીસમી સદી દરમ્યાન પ્રજાજન આધારિત લોકપ્રિય આંદોલનો અને વિદ્રોહ ઉપરાંત શિક્ષિત વર્ગો અને મધ્યમ વર્ગના લોકોમાં એક વિશિષ્ટ ચેતનાનો સંચાર થઈ રહ્યો હતો. મધ્યમ વર્ગમાં ઉદ્‌ભવેલી આ ચેતનાએ જ લોકોભિમુખ અસંતોષને એક નિશ્ચિત દિશા પૂરી પાડી, જેણે રાષ્ટ્રીય ચેતનાના વિકાસમાં એક મહત્ત્વનું માધ્યમ રજૂ કર્યું.

શિક્ષિત વર્ગે એક તરફ ભારતીય સમાજની આકરી ટીકા કરી અને બીજી તરફ જાગ્રત લોકોએ સુધારા કરવા માટે ઘણા પ્રયાસો કર્યા. આ ક્ષેત્રમાં રાજા રામ મોહન રૉય અગ્રણી હતા. તેમણે 'બ્રહ્મો સમાજ'ની સ્થાપના કરી અને તે દ્વારા અસામાજિક દૂષણો સામે મોરચો માંડ્યો. દયાનંદ સરસ્વતીએ 'આર્ય સમાજ'ની સ્થાપના કરી તો વિવેકાનંદે 'રામકૃષ્ણ મિશન'ની પ્રવૃત્તિઓ ચલાવી. સતી પ્રથા, અસ્પૃશ્યતા અને અન્ય કુરિવાજોને દૂર કરવા સારુ બીજાં કેટલાંક સંગઠનો પણ સ્થપાયાં. મોટે ભાગે મધ્યમ વર્ગીય લોકો પૂરતાં સમાજ સુધારણાનાં આ આંદોલનો સીમિત હોવા છતાંય તેણે ભારતીય પ્રજામાં રાષ્ટ્રીય સામાજિક ચેતના વિકસાવી અને એક સમાન સાંસ્કૃતિક ભાવનાને પ્રજ્વલિત કરી.

આ સામાજિક જાગૃતિની સાથોસાથ રાજકીય જાગૃતિ પણ વિકસવા લાગી. અગાઉ નોંધ્યું છે તે મુજબ, ભારતીય શિક્ષિત મધ્યમ વર્ગ, જેમાં વણિકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ ઉપરાંત વકીલો, શિક્ષકો, દાક્તરો અને પત્રકારો જેવા ધંધાદારીઓનો સમાવેશ થાય છે. તે બધા અંગ્રેજી શાસન હેઠળ કોઈને કોઈ મુસીબતનો સામનો કરતા હતા. ખેડૂતો અને કામદારોની અપેક્ષાએ આ વર્ગ સામ્રાજ્યવાદના ઉદ્દેશો અને સાંસ્થાનિક શાસનના સ્વરૂપને વધારે પારદર્શક રીતે ઓળખીને એનું પૃથક્કરણ કરી શકતો હતો.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં આ વર્ગની એવી સ્પષ્ટ માન્યતા હતી કે સંદેશાવ્યવહાર, રેલવે અને બીજાં ઔદ્યોગિક સાહસો અંતે તો ભારતીયો માટે લાભકારક સાબિત થશે. આ સમજણ સાથે એમણે અંગ્રેજોની નીતિઓને સાથ આપ્યો પણ ધીરે ધીરે એ સ્પષ્ટ થતું ગયું કે અંગ્રેજ વહીવટી પગલાંનો આશય તો બ્રિટિશ શાસનને મદદ કરવાનો હતો. એટલું જ નહીં પણ એમની આર્થિક નીતિઓય બ્રિટિશ વેપારીઓ અને મૂડીવાદીઓનાં હિતોના લાભાર્થે જ હતી. જ્યારે ભારતીય મધ્યમ વર્ગીય લોકોને અંગ્રેજોની આ હિલચાલની ખાતરી થઈ ત્યારે એમણે સાંસ્થાનિક શાસનનો વિરોધ કરવાનું શરૂ કર્યું. પરંતુ ખેડૂતો, આટવિકો અને કામદારોએ વિદ્રોહ અને અસંતોષ સારું જે માર્ગો અપનાવ્યા હતા તે માર્ગો મધ્યમ વર્ગના લોકોએ અપનાવ્યા નહીં. આ વર્ગે બે વિશિષ્ટ માર્ગ અખત્યાર કર્યા : (1) એમણે અંગ્રેજ નીતિઓની આકરી ટીકા કરતાં પુસ્તકો અને લેખો લખવાં શરૂ કર્યાં તેમ જ સમાચારપત્રોના માધ્યમથી જનજાગરણના પ્રયાસો કર્યા. (2) આ વર્ગે જે બીજો વિશિષ્ટ માર્ગ અપનાવ્યો તે હતો સંગઠનો, મંડળો, સમિતિઓની સ્થાપના અને સમાન કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનો.

આપણે સહુ પ્રથમ સાહિત્યિક પ્રવૃત્તિઓને ચકાસીશું. આપણે અગાઉ નોંધ્યું છે કે છાપખાનાંની શરૂઆતથી વિચારોના આદાનપ્રદાનને કેવી રીતે મદદ મળી. રાજા રામમોહન રૉય આ ક્ષેત્રમાં અગ્રેસર હતા. તેમણે ઘણા ગ્રંથો પ્રકાશિત કર્યા અને 'સંવાદ કૌમુદી'નામનું બંગાળી સામયિક શરૂ કર્યું, જેમાં વિભિન્ન વિષયો ઉપર લેખો પ્રકાશિત થતા હતા. દીનબંધુ મિત્રે 'નિલ દર્પણ'નામનું નાટક બંગાળી ભાષામાં લખ્યું, જેમાં તેમણે ગળીની ખેતી કરતા ખેડૂતોની મુશ્કેલીઓને અભિવ્યક્તિ આપી. બંકિમચંદ્રે 'આનંદ મઠ' ગ્રંથ લખ્યો, જે રાષ્ટ્રીય ભાવનાઓથી ભરપૂર હતો.

ઉર્દૂમાં પણ ભારતીય જનતાની બગડતી જતી સ્થિતિ વિશે અને કેવી રીતે ઘણાં નગરોનું પતન થયું તે વિશે ગદ્ય અને પદ્યમાં ઘણું બધું લખાયું. ગુજરાતી, મરાઠી, હિન્દી અને તમિળમાં પણ ઘણા બધા ગ્રંથો પ્રકાશિત થયા. વિભિન્ન ભાષાઓમાં પણ સામયિકો અને સમાચારપત્રો પ્રકટ થવા શરૂ થયાં. આ સમયનાં મહત્ત્વનાં સામયિકો અહીં દર્શાવ્યાં છે, જેમાં રાષ્ટ્રીય ચેતનાને અભિવ્યક્તિ આપી છે : બંગાળમાં 'હિન્દુ પેટ્રિઓટ', 'અમૃત બજાર પત્રિકા', 'બંગાળી' અને 'સંજીવની', મુંબઈમાં 'નેટિવ ઓપિનિયન', 'મરાઠા' અને 'કેસરી', મદ્રાસમાં 'હિન્દુ', 'આંધ્ર પત્રિકા' અને 'કેરાલા પત્રિકા', ઉત્તર પ્રદેશમાંથી 'હિન્દુસ્તાન' અને 'આઝાદ', પંજાબમાંથી 'ટ્રિબ્યુન' અને 'અખબાર-એ-આમ'. 1877 સુધીમાં દેશની વિભિન્ન ભાષાઓમાં 169 અખબારો પ્રગટ થતાં હતાં. બંકિમચંદ્ર ચેટરજી, રવીન્દ્રનાથ ઠાકુર, વિષ્ણુ શાસ્ત્રી ચિપલુકર, સુબ્રમણ્યમ ભારતી, ભારતેન્દુ હરિશ્ચંદ્ર અને અલતાફ હુસૈન હાલી જેવા સાહિત્યકારોની કલમે પણ રાષ્ટ્રીય ચેતનાને એક વિશિષ્ટ બળ પૂરું પાડ્યું.

મધ્યમ વર્ગો તરફથી જે બીજો માર્ગ અપનાવવામાં આવ્યો તે હતો સંગઠનો અને મંડળોની સ્થાપના. આમાંની અગ્રણી સંસ્થાઓનાં નામ આ પ્રમાણે છે : બંગાળમાં 'લૅન્ડ હોલ્ડર્સ સોસાયટી'(1838), 'બેંગાલ બ્રિટિશ ઇન્ડિયા સોસાયટી' (1843), 'બ્રિટિશ ઇન્ડિયા ઍસોસિયેશન' (1851), મહારાષ્ટ્રમાં 'બૉમ્બે ઍસોસિયેશન'(1852) અને 'ડેક્કન ઍસોસિયેશન' (1852) તથા મદ્રાસમાં 'મદ્રાસ નેટિવ ઍસોસિયેશન'. આ બધાં સંગઠનોનો મુખ્ય ઉદ્દેશ પોતાનાં હિતોને નુકસાન પહોંચાડતી અંગ્રેજ નીતિઓનો સંગઠિતરૂપે વિરોધ કરવાનો હતો. એમની વિરોધ કરવાની પદ્ધતિ સંપૂર્ણ કાનૂની હતી, જેમાં અદાલતમાં અરજી કરવી, સરકારને અરજી કરવી કે અંગ્રેજ સંસદને અરજી કરવી જેવી બાબતોનો સમાવેશ થતો હતો. તેઓ ઇચ્છતા હતા કે 1853ના કંપનીના ચાર્ટરમાં વ્યાપક સુધારાનો સમાવેશ થવો જોઈએ. પરંતુ ચાર્ટર એમની માગણીઓને સંતોષવામાં અસફળ રહી.

1858માં ભારતનો વહીવટ બ્રિટિશ તાજે હાથમાં લીધા પછી ભારતના મધ્યમ વર્ગના લોકોમાં નવી આશાઓ જન્મી, કારણ કે તેઓએ માન્યું કે તાજની સરકાર આર્થિક શોષણ અટકાવી દેશે અને દેશના કલ્યાણ માટે કામ કરશે. પણ આ આશા ઠગારી નીવડી અને બહુ જલદી તેમને સમજાઈ ગયું કે તાજ

સરકાર પણ ભારતીય અર્થતંત્રનું શોષણ કરવાના માર્ગે આગળ વધી રહી છે. આથી હવે રાજકીય પ્રવૃત્તિઓ વધી અને ઘણાં બધાં નવાં સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં. ખુદ ઇંગ્લેન્ડમાં જ 'લંડન ઇન્ડિયા ઍસોસિયેશન'ની સ્થાપના થઈ, જે પછીથી 'ઈસ્ટ ઇન્ડિયન ઍસોસિયેશન'માં ભળી ગયું (1866). મહારાષ્ટ્રમાં 'પૂના સાર્વજનિક સભા' (1870) અને 'ઇન્ડિયન ઍસોસિયેશન' (1876) સ્થપાયાં. બંગાળમાં 'ઇન્ડિયન નેશનલ કૉન્ફરન્સ' (1883) અને મદ્રાસમાં 'મહાજન સભા'ની સ્થાપના થઈ. તો અમદાવાદમાં 1884માં 'ગુજરાત સભા'ની સ્થાપના થઈ. આ બધાં સંગઠનોનો હેતુ પ્રજાની મુશ્કેલીઓ અને અન્યાયોનું અરજીઓ અને પ્રતિનિધિત્વ દ્વારા સરકાર સમક્ષ રજૂ કરવાનો હતો.

અગાઉનાં સંગઠનોની અપેક્ષાએ પ્રસ્તુત સંગઠનો વિશેષ રાજકીય હતાં, અને તેમનો મુખ્ય આશય બ્રિટિશ નીતિઓ વિરુદ્ધ અરજીઓ અને ઠરાવો મારફતે વિરોધ વ્યક્ત કરવાનો હતો. જાહેર સભાઓ અને વિધાનો મારફતે તેમણે સામૂહિક જાગૃતિ લાવવાનો સભાન પ્રયત્ન કર્યો. રાષ્ટ્રીય પ્રશ્નો પરત્વેનો દૃષ્ટિકોણ પણ તેમણે બદલ્યો. હકીકતમાં આ બધાં સંગઠનોએ એક સક્ષમ અખિલ ભારતીય સંગઠનની સ્થાપના માટેનો માર્ગ મોકળો કરી આપ્યો. જેની સ્થાપના 1885માં 'અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભા' (ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ)ના નામે થઈ. (આ વિશે આપણે ખંડ બેમાં અલગ ચર્ચા કરી છે). આ જ સમય દરમ્યાન બ્રિટિશ સરકારે કેટલાંક દમનકારી પગલાં ભર્યાં. દા.ત. લિંકન ઍક્ટ, વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ, ભારતીય જાહેર વહીવટની સેવાઓ માટેની ઉંમરમાં ઘટાડો. (આ પગલાં વિશે હવે આપણે ચર્ચા કરીશું અને જોઈશું કે લૉર્ડ લીટન (1876-80) વાઇસરોય તરીકે કઈ રીતે તે માટે જવાબદાર હતો. આ પગલાંઓ સામેનો પ્રત્યાઘાત જબરજસ્ત હતો. બંગાળના મુખ્ય અખબાર 'બંગાળી'માં લખ્યું છે : 'લૉર્ડ લીટનને આ માટે જવાબદાર ગણવો જોઈએ કે પોતાનાં દમનકારી પગલાં મારફતે એણે આ દેશની જનતાના જીવનમાં જોમ ભર્યું અને એટલા માટે ચોક્કસ રીતે આપણા દેશે તેનો આભાર માનવો જોઈએ.' (જૂન 12, 1880).

**તમારી પ્રગતિ ચકાસો–ઘ**

1. 1857 પછી શિક્ષિત ભારતીય મધ્યમ વર્ગ અંગ્રેજોથી કયા કારણે નિરાશ થયો ?

.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................

2. રાષ્ટ્રીય જાગૃતિના વિકાસમાં અખબારો અને સામયિકોએ કેવી સહાય કરી ?

.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................

3. રાષ્ટ્રીય ચેતનાના વિકાસમાં સંગઠનોની સ્થાપનાએ કેવી મદદ કરી ?

.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................

## 3.5 સારાંશ

આ એકમમાં તમે એ મુદ્દાનો અભ્યાસ કર્યો છે જેમાં અંગ્રેજી શાસન દરમ્યાન કેવી રીતે ભારતમાં ધીરે ધીરે રાજકીય ચેતનાનો સંચાર અને વિકાસ થયો. આ ચેતનાનો આવિર્ભાવ મુખ્યત્વે ભારતમાંની બ્રિટિશ નીતિઓના પરિણામે વિકાસ પામ્યો.

હકીકતમાં આ જાગૃતિનો વિકાસ બ્રિટિશ નીતિઓના પરિણામે થયો હતો. જોકે પરોક્ષ રીતે એમની કેટલીક નીતિઓએ આ ચેતનાના વિકાસમાં સહાય કરી હતી. એક તરફ જેવી રીતે જનતાના વિભિન્ન ક્ષેત્રોમાં થઈ રહેલાં લોકપ્રિય આંદોલનોએ રાષ્ટ્રીય ચેતનાને સક્ષમ બનાવી તો બીજી બાજુ મધ્યમ વર્ગીય લોકોએ વિશિષ્ટ અભિગમ અપનાવી આ ચેતનાને ક્રમશઃ વિકસાવી અને અંતે રાષ્ટ્રીય ચળવળના સંગઠનમાં પરિણમી.

## 3.6 ચાવી રૂપ શબ્દો (Key Words)

**જાતીય ભેદભાવ :** સરકારી ઊંચી નોકરીઓ માટે અંગ્રેજી અથવા ગોરા રંગના લોકોને પસંદ કરવાનું બ્રિટિશ વર્તન અને ગાડીમાં તેમના માટે અલગ ડબ્બા અનામત રાખવાનો નિર્ણય એટલે રંગભેદ.

**બૌદ્ધિક જાગરણ :** ઓગણીસમી સદીમાં જૂના અને નવા વિચારોમાં પારસ્પરિક આંતરકાર્ય અને વિકાસની ઘટના, જે વડે નવા વિચારોનું સર્જન અને જૂના વિચારોમાં પરિવર્તન. અર્થાત્ રૂઢિગત વિચારધારામાં આવેલું પરિવર્તન અને વિશિષ્ટ વિચારોનો આવિષ્કાર એટલે બૌદ્ધિક જાગરણ.

## 3.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો–ક**

1. અંગ્રેજ નીતિઓએ ખેતી અને કુટીર ઉદ્યોગોના ઉત્પાદનની પ્રક્રિયાને ખરાબ રીતે અસર પહોંચાડી. આ માટે વાંચો વિભાગ 3.2.1 અને 3.2.2 તથા તેના ઉત્તર.
2. ખેડૂત કારીગર
3. પ્રારંભિક વર્ષોમાં સંયુક્ત રૂપે ભારતીયો અંગ્રેજો સામે પોતાના વિરોધને નિશ્ચિત દિશામાં લઈ જવામાં એ માટે નિષ્ફળ રહ્યા, કારણ કે દેશ ઘણો વિશાળ હોવાથી દૂર દૂરના વિસ્તારોના લોકોમાં વિચારોના ફેલાવાના આદાનપ્રદાનનું કાર્ય મુશ્કેલ હતું. વળી સંદેશાવ્યવહારનાં જરૂરી સાધનોનો અભાવ હતો.

**તમારી પ્રગતિ ચકાસો–ખ**

1. (1) માલને ઝડપી અને સસ્તો વાહનવ્યવહાર પૂરો પાડવા માટે અંગ્રેજોએ રેલવે નાંખી.
   (2) છાપખાનાંના વિકાસને કારણે, સમાચાર, વિચારો અને સાહિત્ય ગ્રંથો ઓછી કિંમતે લોકોને ઉપલબ્ધ કરાવી શકાયા.
   (3) ભારતીયોને અંગ્રેજી શિક્ષણ આપવાનો હેતુ પાછળ મુખ્ય ઉદ્દેશ નીચલી કક્ષાની નોકરીમાં ભરતી કરવાનો હતો. જુઓ પેટાવિભાગ 3.3.4.
2. (2) (5) (7)
3. (1) ખોટું (2) ખોટું (3) સાચું (4) સાચું

**તમારી પ્રગતિ ચકાસો–ગ**

1. આરંભકાળનાં ખેડૂત અને આટવિક આંદોલનો સ્વયંસ્ફુરિત હતાં પણ સંગઠિત પ્રયાસોનો અભાવ હતો. વાંચો વિભાગ 3.4.1 અને તમારા શબ્દોમાં જવાબ લખો.
2. (1) જમીન મહેસૂલમાં વધારો.
   (2) જકાત અથવા ચોકીદાર કરમાં વધારો જેથી વેપારીઓને નુકસાન થયું.
   (3) સન્માનિત વ્યક્તિઓએ પોતાનાં સ્થાન અને નોકરીઓ ગુમાવી.

**તમારી પ્રગતિ ચકાસો–ઘ**

1. 1857 પહેલાં શિક્ષિત મધ્યમ વર્ગ એવું વિચારતો હતો કે બ્રિટિશ શાસન ભારતને આધુનિકીકરણ તરફ લઈ જશે અને ભારતીયો તેનાં ફળ ચાખશે. પરન્તુ 1857 પછી બ્રિટિશોની દમનકારી નીતિઓ વધતી જ રહી અને લોકોને પોતાના હક્કોથી વંચિત રાખ્યા. વાંચો વિભાગ 3.4.2
2. વાંચો વિભાગ 3.4.2 અને ઉત્તર લખો.
3. દેશમાં વિભિન્ન સંગઠનોની સ્થાપનાને લીધે સંગઠિત સ્વરૂપે અંગ્રેજી નીતિઓનો વિરોધ કરવાની તક પ્રાપ્ત થઈ. આથી જનતામાં ઘરબાઈ રહેલા અસંતોષને વાચા મળી જેણે રાષ્ટ્રીય કક્ષાએ ભારતીયોનાં હિતોને રક્ષણ આપ્યું અને રાષ્ટ્રીય ચેતનાના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી.

# એકમ–4 1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ
# (The Revolt of 1857)

રૂપરેખા


4.0 ઉદ્દેશો
4.1 પ્રસ્તાવના
4.2 કારણ
 4.2.1 ખેડૂતોનું શોષણ
 4.2.2 ઉચ્ચ અને મધ્યમ વર્ગીય ભારતીયોનો અસંતોષ
 4.2.3 દેશી રાજ્યોનો વિલય
 4.2.4 અંગ્રેજી શાસનનું વિદેશી મહોરું
 4.2.5 સિપાઈઓ ઉપર પ્રભાવ
 4.2.6 ધર્મને ખતરો
 4.2.7 તત્કાલીન કારણ
4.3 સંગઠન
4.4 વિપ્લવ
4.5 નેતૃત્વ
4.6 પરાજય (નિષ્ફળતા)
4.7 નિષ્ફળતાનાં કારણો
 4.7.1 સંગઠિત કાર્યક્રમો અને વિચારધારાનો અભાવ
 4.7.2 ભારતીયોમાં એકતાનો અભાવ
 4.7.3 શિક્ષિત ભારતીયો તરફથી સહકારનો અભાવ
 4.7.4 નેતૃત્વમાં ફાટફૂટ
 4.7.5 અંગ્રેજોની લશ્કરી શ્રેષ્ઠતા
4.8 પ્રભાવ
 4.8.1 સત્તાનો હાથબદલો
 4.8.2 લશ્કરી સંગઠનમાં ફેરફાર
 4.8.3 ભાગલા પાડો અને રાજ કરો
 4.8.4 રાજાઓ તરફની નવી નીતિ
 4.8.5 નવા મિત્રોની શોધ
4.9 મૂલ્યાંકન
4.10 સારાંશ
4.11 ચાવીરૂપ શબ્દો
4.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 4.0 ઉદ્દેશો

અગાઉનાં એકમોમાં તમે સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ સંબંધિત વિવિધ પાસાંઓનો પરિચય મેળવી લીધો. તમે તેથી માહિતગાર થયા કે એમના શાસન કાલ દરમ્યાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતીય પ્રજાનું શોષણ કર્યું અને હેરાન પણ કર્યા. ભારતીય સમાજના વિભિન્ન ઘટકોના લોકોએ વિભિન્ન સમયે અંગ્રેજ સર્વોપરીતાનો વિરોધ કર્યો, જેને આપણે અઢારસો સત્તાવનનો સ્વાતંત્ર્ય સંગ્રામ કહીએ છીએ અને જેણે અંગ્રેજી હકૂમતને અખિલ ભારતીય કક્ષાએ જબરજસ્ત પડકાર ફેંક્યો. આ એકમના અધ્યયનથી તમે આટલું જાણી શકશોઃ

1. અઢારસો સત્તાવનના વિપ્લવનાં કારણો
2. વિભિન્ન ઘટનાઓ અને સંઘર્ષો તથા વિભિન્ન વર્ગો અને એમના નેતાઓના યોગદાન વિશે.
3. 1857ના વિપ્લવ દરમ્યાન જ્યાં બ્રિટિશ સલ્તનતને જબરજસ્ત પડકારનો સામનો કર્યો તે વિસ્તારો વિશે.
4. વિપ્લવની નિષ્ફળતાનાં કારણો વિશે.
5. વિપ્લવના સ્વરૂપ અંગે અને તેના પ્રભાવને વિશે અભિપ્રાય બાંધી શકશો.

## 4.1 પ્રસ્તાવના

અઢારસો સત્તાવનનો વિપ્લવ, બ્રિટિશ શાસનમાંથી ભારતીય પ્રજાને મુક્ત કરાવવાના સંઘર્ષના ઇતિહાસનાં સહુથી મહત્ત્વનાં પ્રકરણોમાંનું એક પ્રકરણ છે. તેણે બ્રિટિશ સામ્રાજ્યના ભારતમાંના પાયાને ડગમગાવી મૂક્યા અને કેટલીક વાર તો એવું અનુભવવા મળ્યું કે જાણે ભારતમાંથી બ્રિટિશ સામ્રાજ્યનો કાયમને માટે અંત આવી જશે. જોકે સંગ્રામની શરૂઆત ફક્ત સિપાઈઓના બળવા તરીકે થઈ હતી પણ તરત જ ઉત્તર ભારતના ઘણા બધા વિસ્તારોના નાગરિકો ઉપર અને ખેડૂતો ઉપર પ્રભાવ પાડ્યો. આ વિદ્રોહ એટલો વ્યાપક હતો કે સમકાલીન કેટલાક નિરીક્ષકોએ તેને 'રાષ્ટ્રીય સંગ્રામ'તરીકે ઓળખાવ્યો. ફિરંગીઓ પ્રત્યે પ્રજાનો ધિક્કાર એટલો બધો તીવ્ર અને કડવો હતો કે ડબલ્યુ. એચ. રસેલને ના છૂટકે લખવું પડ્યું : 'ગોરા લોકોની ગાડી તરફ કોઈ મૈત્રીભરી નજર સરખી નાંખતું નથી...... અરે, એ આંખોની ભાષા, કોણ શંકા કરે ? કોણ ગેરસમજ કરી શકે ? ફક્ત આથી જ મેં જાણ્યું કે ગોરા લોકો તરફ ફક્ત એમને બીક છે તેટલું નહીં બલ્કે બધા એમને નફરતથી જુએ છે.'

આ એકમમાં આ સંગ્રામનાં વિવિધ પાસાંઓની ચર્ચા કરીશું.

## 4.2 કારણો (Causes)

વિપ્લવ કેવી રીતે શરૂ થયો ? તેનાં કારણો કયાં હતાં ?

આ વિપ્લવનું મુખ્ય કારણ હતું અંગ્રેજો દ્વારા ભારતીય પ્રજાનું અમાનવીય શોષણ. 1757માં બંગાળમાં થયેલા પ્લાસીના યુદ્ધ પછી અંગ્રેજ શાસનનો વિધિવત્ પ્રારંભ થયો હતો, ભારતીયોના ખર્ચે અને જોખમે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની તિજોરી ભરવાના આશયથી. ઈસ્ટ ઇન્ડિયા કંપની લોભી સોદાગરો અને વેપારીઓથી સંચાલિત હતી, જેઓ કોઈ પણ હદે પોતાને સમૃદ્ધ કરવા કટિબદ્ધ હતા. કંપનીની સ્થાપના ઈ.સ 1600માં થઇ હતી. અને રાણી ઈલિઝાબેથ તરફથી એને રાજકીય અધિકારપત્ર આપવામાં આવ્યો હતો, જેથી કંપનીને પૂર્વમાં વેપાર કરવાનો સંપૂર્ણ હક્ક પ્રાપ્ત થયો. એનો મુખ્ય હેતુ ભારતમાં વેપારના ક્ષેત્રમાં ઇજારો સ્થાપવાનો હતો. ફક્ત વેપાર સારુ સ્થપાયેલી એ કોઈ સામાન્ય કંપની ન હતી પણ એની પાસે તાલીમ પામેલા સૈનિકો હતા, જેણે 17 મી અને 18 મી સદીમાં પોતાની ઇજારાશાહી પ્રસ્થાપિત કરવા માટે પોર્ટુગીઝો અને ફ્રેન્ચોની વેપારી કંપનીઓ સામે લડાઈઓ પણ લડી હતી. આ પ્રતિસ્પર્ધી સત્તાઓને પરાજિત કર્યા પછી એમણે પોતાની સામે હરીફાઈ કરી રહેલા ભારતીય વેપારીઓને પણ નમાવ્યા. જ્યારે 1757માં પ્લાસીના યુદ્ધમાં વિજય હાંસલ કર્યો ત્યારે અંગ્રેજોએ એમના હસ્તકના વિસ્તારોમાં સફળતાથી વેપારની ઇજારાશાહી પ્રસ્થાપિત કરી, ભારતીય વેપારીઓની હરીફાઈને સંપૂર્ણ રીતે નાબૂદ કરી અને હસ્તકલાના કારીગરોને પોતાનો માલ ફક્ત તેમને જ વેચવાની ફરજ પાડી. હવે આ કારીગરોને એટલી ઓછી કિંમત આપી જે તેમને જીવવા માટે અથવા જીવન ટકાવી રાખવા માટે પૂરતી ન હતી. દંતકથા તો એવી છે કે ઢાકાના વણકરોએ ઈસ્ટ ઇન્ડિયા કંપની તરફથી મળતી આટલી ઓછી મજૂરીના વિરોધમાં પોતાના હાથના અંગૂઠા કાપી નાખ્યા. ઢાકાના આ વણકરો બારીક મલમલનું કાપડ તૈયાર કરવામાં જગમશહૂર હતા.

### 4.2.1 ખેડૂતોનું શોષણ (Exploitation of the Peasantry)

ઈસ્ટ ઇન્ડિયા કંપનીને જોકે વેપારમાંની ઇજારાશાહીથી સમૃદ્ધિ સંપ્રાપ્ત થઈ તોપણ એમની આવકનું મુખ્ય સાધન જમીન મહેસૂલ હતું. બંગાળમાં સ્વયમ્ પ્રસ્થાપિત થયા પછી યુદ્ધો અને સંધિઓ મારફતે કંપનીએ ભારતમાં પોતાની સત્તા વિસ્તારી. શક્ય તેટલી સમૃદ્ધિ હાંસલ કરવા સારુ કંપનીએ ભૂમિ વ્યવસ્થા સંદર્ભે વિશિષ્ટ ઉપાયો અમલી બનાવ્યા : દા.ત. સ્થાયી, રૈયતવારી અને મહાલવારી. પ્રત્યેક બીજાથી વધારે દમનકારી. બંગાળમાં અને ઉત્તર ભારતના ઘણા પ્રદેશોમાં અસરકારક નીવડેલી કાયમી જમાબંધીની વ્યવસ્થા અંતર્ગત ખેડૂતોને ભૂમિ સંબંધિત વારસાગત માલિકી અધિકાર આપવામાં આવ્યો ન હતો, જે એમને પહેલાં પ્રાપ્ત હતો. વફાદાર જમીનદારો અને મહેસૂલ સમાહર્તાને હવે ભૂમિનો માલિકી અધિકાર આપવામાં આવ્યો. ખેડૂતોનો દરજ્જો ઘટ્યો તે કેવળ ગણોતિયા બની ગયા. પરન્તુ તુરન્તમાં બનેલા જમીનદારોને પણ સંપૂર્ણ અધિકાર તો આપવામાં આવ્યો ન હતો. જાણીબૂઝીને એમની સ્થિતિ અનિશ્ચિત રાખવામાં આવી હતી. ખેડૂતો પાસેથી મહેસૂલ તરીકે જે મળતું તેનો 10મો/11મો હિસ્સો જમીનદારોએ કંપનીને આપવો પડતો હતો અને તેમ કરવામાં કસૂર કરે તો તેમની મિલકત બીજાને વેચી દેવામાં આવતી હતી.

બીજી ભૂમિ-વ્યવસ્થા (જમીન મહેસૂલ પદ્ધતિ) પણ કંઈ પ્રશંસનીય ન હતી. કોઈ પણ સ્થિતિમાં ખેડૂતોએ પોતાની શક્તિથી વધારે મહેસૂલ ભરવું પડતું હતું. અને કુદરતી આપત્તિ-દુકાળ, પૂર-સમયે તો એમને મહાજનો પાસેથી ધિરાણ લેવું પડતું હતું, જે માટે તેમને ભારે વ્યાજ ચૂકવવું પડતું હતું. આ બધી પરિસ્થિતિએ ખેડૂતોને દેવાના ડુંગર નીચે દબાવી દીધા એટલું જ નહીં દેવું ભરપાઈ ન કરી શકવાને કારણે શાહુકારને જમીન વેચી દેવી પડતી હતી. આને કારણે જ ગ્રામીણ સમાજમાં શાહુકારો ઘૃણાપાત્ર બન્યા

હતા. વહીવટમાંના નીચલી કક્ષાના અધિકારીઓ પણ ખેડૂતોને પરેશાન કરતા રહેતા અને નાનાં-મોટાં કારણો આગળ ધરી પૈસા પડાવી લેતા હતા.ભોગજોગે જો ખેડૂતો પરેશાનીમાંથી મુક્તિ મેળવવા અદાલતનો આશરો લેતા તો તો તેમની પાયમાલી નિશ્ચિત બની જતી. જ્યારે ફસલ સારી થતી ત્યારે ખેડૂતોને પાછલા દેવા પેટે બધું ચૂકવી દેવું પડતું હતું. પણ જો મોસમ ખરાબ રહેતી તો દેવું બમણું થઈ જતું હતું. નાના અધિકારીઓ, શાહુકારો અને કાયદાની અદાલત વચ્ચેની સાંઠગાંઠને કારણે ખેડૂતો માટે એવી પરિસ્થિતિ સર્જાઈ જેથી તેઓ તંગ આવી ગયા, અને તેથી સત્તાને નિર્મૂળ કરવા માટેની કોઈ પણ તકને આવકારવા થનગની રહ્યા હતા.

### 4.2.2 મધ્યમ અને ઉચ્ચવર્ગના ભારતીયોનો અસંતોષ (Alienation of the Middle and upper strata of Indians)

માત્ર ખેડૂતો જ નહીં પણ મધ્યમ અને ઉચ્ચ વર્ગના ભારતીયો પણ અંગ્રેજી શાસનથી વિમુખ બનતા જતા હતા. મુગલ શાસન દરમ્યાન અને સ્થાનિક શાસકો અને મુખીઓના શાસન દરમ્યાન પણ ભારતીયો ડગલેને પગલે માનહાનિભર્યાં નાનાં મોટાં કામો કરતા હતા. ભારતીય રાજાશાહી રાજ્યો ખાલસા થતાં અને તેમને સ્થાને બ્રિટિશ વહીવટ સત્તાધીશ થતાં પણ ભારતીયોની નોકરીઓમાંની સ્થિતિમાં કોઈ ફેર ના પડ્યો બલ્કે ઉચ્ચ કક્ષાની નોકરીઓથી પણ વંચિત રાખવામાં આવ્યા. વહીવટમાં હવે ભારતીયોને અંગ્રેજ અધિકારીઓના હાથ નીચે નાનીમોટી કામગીરી કરવી પડતી. પ્રખર બુદ્ધિમત્તા ધરાવતા ભારતીયોને પણ ઓછી બુદ્ધિવાળા બીજા અને ત્રીજા સ્તરના અંગ્રેજના હાથ નીચે કામ કરવું પડતું હતું. કેવળ અંગ્રેજ હોવાના નાતે કે ગોરી ચામડીને કારણે તેઓ વહીવટમાં ઊંચું સ્થાન ભોગવતા હતા. અગાઉ રાજાશાહી રાજ્યોમાં સંસ્કૃતિ અને કલાનાં ક્ષેત્રોમાં માનભર્યું સ્થાન ભોગવતા કવિઓ, લેખકો, સંગીતકારો, નાટ્યકારો વગેરેને પણ અંગ્રેજી હકૂમતે પાણીચું પકડાવી દીધું. પંડિતો અને મૌલવીઓ જેવા ધર્માચાર્યોએ પણ પોતાની અગાઉની સત્તા અને પ્રતિભા ગુમાવ્યાં.

### 4.2.3 દેશી રાજ્યોનો વિલય (Annexation of Princely States)

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાના અગાઉના સહયોગીઓને પણ ના છોડ્યા. નવાબ વાઝીદ અલી શાહના ખરાબ વહીવટના બહાના હેઠળ ડેલહાઉસીએ 1856માં અવધના રાજ્યને ખાલસા કર્યું. આ પૂર્વે તેઓ 1848માં સતારા અને 1854માં નવાપુર તથા ઝાંસીનાં રાજ્યો પણ ખાલસા કર્યાં હતાં. બહાનું એવું આગળ ધર્યું કે આ બધાં રાજ્યોના વર્તમાન રાજાઓને પોતાના વારસો નથી. આ રાજ્યો ખાલસા થવાથી તે રાજાઓમાં પણ કંપની પ્રત્યે ઘૃણા જન્મી, એટલું જ નહીં પણ ઝાંસીની રાણી અને અવધની બેગમ અંગ્રેજોના કટ્ટર દુશ્મનો બની ગયા. પેશ્વા બાજીરાવ બીજાના દત્ત પુત્ર નાના સાહેબનું પેન્શન બંધ કર્યું, અવધ રાજ્યના ખાલસા થવાથી સિપાઈઓ પણ રોષે ભરાયા, કારણ અંગ્રેજી સૈન્યના અધિકાંશ સિપાઈઓ એ વિસ્તારના હતા. કંપની સરકારનાં આ પગલાંથી એમના દેશપ્રેમ અને ગૌરવને ઠેસ પહોંચી. વળી એમનાં સગાસંબંધીઓને હવે વધુ જમીનમહેસૂલ ભરવું પડતું હતું. આથી સિપાઈઓની આવક ઉપર વિપરીત અસર થઈ.

### 4.2.4 અંગ્રેજ શાસનનું વિદેશી મહોરું (The Alien Rule)

અંગ્રેજ શાસનની બિનલોકપ્રિયતાનું બીજું કારણ હતું એમના વહીવટનું વિદેશી મહોરું. તેઓ ભારતીયો સાથે એકરૂપ ના થઈ શક્યા. એટલું જ નહીં ઉચ્ચ વર્ગના ભારતીયોનો પણ તેઓ તિરસ્કાર કરતા હતા. હકીકતમાં તેઓ ભારતમાં સ્થાયી થવા આવ્યા જ ન હતા. તેઓ તો ભારતનાં નાણાંને ઘસડી જવા આવ્યા હતા. આથી ભારતીયો એમની સાથે ગાઢ નાતો બાંધી શક્યા નહીં.

### 4.2.5 સિપાઈઓ ઉપર પ્રભાવ (Impact on the Sepoys)

૧૮૫૭ના વિપ્લવની શરૂઆત સિપાઈઓના બળવાથી થઈ હતી. આ સિપાઈઓ મુખ્યત્વે ઉત્તર અને ઉત્તર-પશ્ચિમી ભારતના ખેડૂત પરિવારોમાંથી આવ્યા હતા. આપણે જોઈ ગયા કે કંપની સરકારની શોષણ નીતિઓને કારણે ખેડૂતો ગરીબ થયા હતા અને બરબાદ પણ થઈ ગયા હતા. આની અસર સિપાઈઓ ઉપર પણ થઈ. વસ્તુતઃ સિપાઈઓમાંના મોટા ભાગના એટલા માટે લશ્કરી સેવામાં જોડાયા હતા કે જેથી ખેતીથી થતી આવકમાં પૂર્તિ થઈ શકે. પરન્તુ સમયના વહેવા સાથે, એમને સમજાયું કે આમ કરવું તે એમના હાથની વાત નથી. તેઓને માસિક વેતન રૂ. 7 થી 8 મળતું હતું. આ પગારમાંથી ભોજન, પોષાક અને વ્યક્તિગત સામાનના વહન માટે પણ ચુકવણું કરવું પડતું હતું. એક ભારતીય સૈનિકનો નિભાવ ખર્ચ ભારતમાંના બ્રિટિશ સૈનિક પર થતા ખર્ચથી ત્રીજા ભાગનો હતો. ઉપરાંત, બ્રિટિશ અધિકારીઓનું ભારતીય સિપાઈઓ પ્રત્યેનું વર્તન પણ બેહૂદું હતું. તેઓ સિપાઈઓને ગાળો દેતા અને તેમની માનહાનિ પણ કરતા. પોતાની બહાદુરી અને યુદ્ધમાં લડવાની તાકાત પણ સારી હોવા છતાંય ભારતીય સૈનિક સુબેદારના હોદ્દાની ઉપર પહોંચી શકતો ન હતો, જ્યારે ઇંગ્લેન્ડથી નવી ભરતી પામીને આવેલો અંગ્રેજ સૈનિક રાતોરાત ઊંચી પદવી પામી શકતો હતો.

### 4.2.6 ધર્મને ખ઼તરો (Threat to Religion)

લશ્કરી નોકરીની અપમાનિત શરતો ઉપરાંત બીજું પણ એક કારણ હતું જેથી સિપાઈઓની લાગણી દુભાઈ. એક એવી છાપ ભારતીય સૈનિકોમાં ઊભી કરવામાં આવી કે અંગ્રેજ તરફથી તેમના ધર્મ ઉપર

પણ આક્રમણ થઈ રહ્યું છે. આવી લાગણી સામાન્ય લોકોમાંય ફેલાઈ. ખ્રિસ્તી મિશનરીઓની વટાળ પ્રવૃતિ તથા કેટલાક અધિકારીઓએ લોકોના મનમાં એવો ભય ફેલાવ્યો કે એમનો ધર્મ ખતરામાં છે. કેટલાંક સ્થાનોએથી વટાળપ્રવૃત્તિના સમાચાર આવ્યા. સરકાર ખ્રિસ્તી દેવળને પોતાના ખર્ચે નિભાવતી હતી. કેટલાક કિસ્સાઓમાં ખ્રિસ્તી મિશનરીઓને પોલીસ રક્ષણ પણ પૂરું પાડવામાં આવતું હતું. લશ્કર પણ રાજ્યના ખર્ચે ચર્ચ નિભાવતું હતું, એટલું જ નહીં પણ સિપાઈઓમાંય ખ્રિસ્તી પ્રચાર થતો રહેતો હતો. વળી, સિપાઈઓના પોતાનાં ધર્મચિહ્ન ધારણ કરવા પર પ્રતિબંધ મૂક્યો. 1856માં એક ઍક્ટ હેઠળ, નવી ભરતી પામનારે વિદેશમાં પણ જરૂર જણાયે સેવા માટે જવા પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડતી હતી. આથી સિપાઈઓની રૂઢિગત માન્યતાને ઠેસ પહોંચી અને તેથી આવી નીતિઓ સામે પોકાર પણ ઉઠાવ્યો. દા.ત.1824માં બરાકપુરમાંની 47મી રેજિમૅન્ટના સિપાઈઓએ દરિયાઈ માર્ગે બર્મા જવાનો ઇન્કાર કર્યો, કારણ કે એમનો ધર્મ એમને સમુદ્રયાત્રાની અનુમતિ દેતો નથી. આથી અંગ્રેજો ક્રૂરતાથી વર્ત્યા, રેજિમેન્ટને વિખેરી નાંખી અને તેમના કેટલાક નેતાઓને મારી નાંખ્યા.

1844માં સાત પલટનોએ પગાર અને ભથ્થાંના પ્રશ્ને વિદ્રોહ પોકાર્યો. અફઘાન યુદ્ધ વખતેય (1839 થી 1842) સિપાઈઓ વિદ્રોહ કરવા કટિબદ્ધ હતા. સિપાઈઓની જેમ ભારતીય પ્રજાએ પણ બ્રિટિશ વહીવટના દમન સામે વિદ્રોહનો ઝંડો ઉઠાવ્યો. આમાં કુચા (1876-32), કોલ (1831) અને સંથાલ (1855-56) વિદ્રોહ મહત્ત્વના ગણાય છે. અઢારસો સત્તાવનના સંગ્રામની વિશેષતા એ રહી હતી કે આ સંગ્રામ સૈનિક અને આમ જનતાનો સંગઠિત સંગ્રામ હતો. બંને વર્ગોના પારસ્પરિક સહયોગને કારણે સંગ્રામ સક્ષમ બન્યો હતો.

## 4.2.7 તત્કાલીન કારણ (The immediate Cause)

વાતાવરણ એટલું બધું ઉત્તેજનાપૂર્ણ હતું કે નાનો અમથો પ્રશ્ન પણ વિદ્રોહનું કારણ બની જતો હતો. ચરબી લગાડેલા કારતૂસનો પ્રસંગ સ્વયમ્ એટલો ગંભીર હતો કે ફક્ત તેના કારણે જ વિદ્રોહ શરૂ થઈ શકે તેમ હતો. આ ઘટના સૂકા રૂના ઢગલા સમાન હતી, ફક્ત એક ચિનગારી એને આગ લગાડવા માટે બસ


اشتہار

1. નવા કારતૂસના ઉપયોગ અંગેનો કાનપુરથી નાના સાહેબનો ઘોષણાપત્ર

હતી. નવી એન્ફિલ્ડ રાયફલની કારતૂસોનો વિનિયોગ તુરન્તમાં જ લશ્કરમાં કરવામાં આવ્યો હતો. કારતૂસને ઢાંકવા ગ્રીસવાળો કાગળ ઉપયોગમાં લેવાયો હતો, અને જેને રાયફલમાં મૂકતા પૂર્વે દાંતથી તોડવો પડતો હતો. કેટલીક વાર ગાય અથવા સુવરની ચરબીમાંથી આ ગ્રીસ બનાવવામાં આવતું હતું. આથી હિન્દુ અને મુસ્લિમ સૈનિકો સંપૂર્ણપણે ગુસ્સે ભરાયા અને એવો વિશ્વાસ થયો કે સરકાર જાણીબૂઝીને તેમના ધર્મને ભ્રષ્ટ કરી રહી છે. આ ઘટના આ સંગ્રામનું તત્કાલીન કારણ બન્યું.

## 4.3 સંગઠન (Organisation)

અંગ્રેજોની વિરુદ્ધના પોતાના વિદ્રોહી ઝંડાને વિદ્રોહીઓએ કેવી રીતે અમલી બનાવ્યો ? આ પ્રશ્ને ઈતિહાસકારોમાં સારો એવો મતભેદ પ્રવર્તે છે. એક મત મુજબ આ સંગ્રામ એક વિસ્તૃત અને સુગ્રથિત ષડયંત્ર હતું, જ્યારે બીજા મત અનુસાર આ સંગ્રામ સ્વયમ્ સ્ફુરિત હતો. હકીકત તો એ છે કે કોઈ પ્રકારનું સંગઠન અસ્તિત્વમાં તો હતું પણ જ્યારે સંગ્રામ ભડકી ઊઠ્યો ત્યારે તે સંગઠન પૂરતા પ્રમાણમાં પરિપક્વ ન હતું.

જોકે વિદ્રોહીઓએ છૂપી રીતે બધું આયોજન કર્યું હોવા છતાંય તેમણે સંગ્રામનાં સ્વરૂપ, કાર્ય અને માળખા વિશે કોઈ દસ્તાવેજ રાખ્યો ન હતો. પણ જે કથાઓ આપણી પાસે પહોંચી હતી તે અનુસાર લાલ કમળ અને રોટલીઓ અનુક્રમે સ્વતંત્રતા અને રોજીરોટીનાં પ્રતીક હતાં, તે એક ગામથી બીજે ગામ તથા એક પલટનથી બીજી પલટન સુધી પહોંચી જતાં હતાં. આ ઉપરાંત ભાષણો પણ થતાં રહેતાં હતાં. ભ્રમણ કરતા સાધુઓ અને ફકીરોના ઉપદેશોએ સાંસ્થાનિક શક્તિઓ સામે લોકોને સંગઠિત કર્યા. આ બધાંથી વિદ્રોહ માટે સિપાઈઓને તૈયાર કરી શકાયા.

## 4.4 વિપ્લવ (The Rebellion)

1857ના માર્ચની 29મીએ યુવાન સૈનિક મંગલ પાંડે, જે બરાકપુરમાં હતો, એકલે હાથે બ્રિટિશ અધિકારીઓ ઉપર તૂટી પડ્યો, અને વિદ્રોહનો ઝંડો ફરકાવ્યો. એને ફાંસીએ લટકાવવામાં આવ્યો અને તે વિશે જરા સરખું ધ્યાન પણ ના અપાયું. પરન્તુ આ ઘટનાએ સિપાઈઓમાં વ્યાપી રહેલા ક્રોધ અને અસંતોષને વાચા જરૂર આપી. એક મહિનાથી ઓછા સમયમાં, એપ્રિલની 24મીએ મેરઠમાંની ત્રીજી સ્થાનિક ઘોડેસવાર સેનાના નેવું સૈનિકોએ ચરબીયુક્ત કારતૂસો વાપરવાનો ઇન્કાર કર્યો. આમાંથી 85 સૈનિકોને બરતરફ કર્યા અને 9મી મેના રોજ દશ વર્ષની જેલની સજા કરી. આને કારણે ભારતના શેષ સિપાઈઓએ મજબૂત પ્રત્યાઘાત વ્યક્ત કર્યો અને 10મી મેના રોજ મેરઠમાંની સમગ્ર ભારતીય સેનાએ વિદ્રોહ આરંભ્યો. પોતાના સાથીઓને જેલમુક્ત કરીને તથા બ્રિટિશ અધિકારીઓને મારી નાંખીને તેમણે દિલ્હી તરફ કૂચ લઈ જવાનો નિર્ણય કર્યો. આથી સ્પષ્ટ થાય છે કે સૈનિકોના મનમાં અંગ્રેજશાસનનો કોઈ વિકલ્પ હતો.

બીજી કેટલીક બાબતોમાં એક બાબત એ છે કે આ કેવળ સિપાઈઓનો જ વિદ્રોહ ન હતો પરન્તુ લોકોએ જ્યારે અંગ્રેજ અધિકારીઓ ઉપર નવા સિપાઈઓ મારફતે ગોળીઓ ચલાવવાનો અવાજ સાંભળ્યો કે તુરત સૈનિકોએ આસપાસનાં બજારોને લૂંટવાં શરૂ કર્યાં અને અંગ્રેજોનાં રહેઠાણો ઉપર આક્રમણ કરી તેમને સળગાવી મૂક્યાં. આસપાસનાં ગામોના ગુર્જરો શહેરમાં ધસી આવવા લાગ્યા અને સંગ્રામમાં સામેલ થયા. તારનાં દોરડાં કાપી નાંખવામાં આવ્યાં અને ચેતવણીસંદેશા લઈ દિલ્હી તરફ જઈ રહેલા ઘોડેસવારોને રોકવામાં આવ્યા. મેરઠના સિપાઈઓ જેવા દિલ્હી પહોંચ્યા કે ભારતીય પલટનોએ બગાવત કરી અને તેઓ પણ સંગ્રામમાં સામેલ થયા. તેઓએ ભારતના બાદશાહ તરીકે વૃદ્ધ બહાદુરશાહને ઘોષિત કર્યા. આમ, ફક્ત ચોવીસ કલાકમાં જ, જે એક સામાન્ય વિદ્રોહ તરીકે શરૂ થયું તે, પૂર્ણ સ્વરૂપના રાજકીય બળવામાં પરિવર્તન પામ્યું.

પછીના એક મહિનામાં આખી બંગાળ ફોજે વિદ્રોહ કર્યો. સમગ્ર ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ ભારત અંગ્રેજો સામે સશસ્ત્ર ક્રાન્તિના માર્ગે વળ્યું. અલિગઢ,મણિપુર, બુલંદ શહર, ઇટવાહ, મથુરા, આગ્રા, લખનૌ, અલાહાબાદ, બનારસ, શાહબાદ, દાનપુર અને પૂર્વીય પંજાબ અર્થાત્ જ્યાં જ્યાં ભારતીય સિપાઈઓ હતા ત્યાં સહુએ સંગ્રામમાં જોડાવું શરૂ કર્યું. આમ, લશ્કરમાં વિદ્રોહ શરૂ થતાં, સ્થાનિક વહીવટ અને પોલીસની કામગીરી છિન્ન ભિન્ન થઈ ગઈ. થોડા સમયમાં જ શહેરો અને ગામોમાં સંગ્રામની પ્રક્રિયા શરૂ થઈ. પણ કેટલીક જગ્યાએ તો સિપાઈઓના વિદ્રોહ પૂર્વે જ લોકો વિદ્રોહના માર્ગે વળી ચૂક્યા હતા. જ્યાં જ્યાં વિદ્રોહ શરૂ થયો ત્યાં સરકારી તિજોરી લૂંટાઈ, દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો. અદાલતો અને બેરેકોને આગ લગાડવામાં આવી અને જેલના દરવાજા ખોલી નાંખવામાં આવ્યા. ગામોમાં ખેડૂતો અને માલિકીવિહોણા જમીનદારો એ શાહુકારો (મહાજનો) અને નવા જમીનદારો (જેમણે તેમને માલિકી હક્કથી વંચિત કર્યા હતા) ઉપર આક્રમણો કર્યાં. સંગ્રામકારોએ સરકારી દફતરો અને શાહુકારોના હિસાબી ચોપડાઓનો નાશ કર્યો. તેઓએ અંગ્રેજો સ્થાપિત કાનૂની અદાલતો, મહેસૂલી કચેરીઓ, મહેસૂલી દફતરો અને પોલીસ થાણાં ઉપર આક્રમણો કર્યાં. આમ, સંગ્રામકારોએ સાંસ્થાનિક સત્તાનાં બધાં ચિહ્નોનો નાશ કરવાનો પ્રયાસ કર્યો.

જે વિસ્તારોના લોકો વિપ્લવમાં જોડાયા ન હતા તેઓએ વિદ્રોહીઓને સાથ અને સહકાર આપ્યો તથા સહાનુભૂતિ દર્શાવી. એવું કહેવાતું હતું કે વિદ્રોહી સિપાઈઓએ પોતાની સાથે ખોરાક ઊંચકી જવો પડતો ન હતો. કારણ ગ્રામજનો તરફથી તેમને તે આપવામાં આવતો હતો. આથી વિપરીત અંગ્રેજી ફોજ પ્રત્યે લોકોની દુશ્મનાવટ પણ સ્પષ્ટ દેખાતી હતી. ગ્રામજનોએ તેમને માહિતી આપવાનો કે સહાય કરવાનો ઇન્કાર કર્યો અને કેટલાક પ્રસંગોએ ખોટી માહિતી આપીને બ્રિટિશ લશ્કરને અવળે માર્ગે દોર્યું.

મધ્ય ભારતમાં પણ જ્યાં શાસકો અંગ્રેજોને વફાદાર રહ્યા ત્યાંના લશ્કરે બળવો પોકાર્યો અને સંગ્રામમાં જોડાઈ ગયા. ઇન્દોરની લશ્કરી છાવણીના હજારો સૈનિકો ઇન્દોરના વિદ્રોહીઓ સાથે જોડાઈ ગયા. એવી જ રીતે ગ્વાલિયરની વીસ હજારની પલટન તાત્યા ટોપે અને ઝાંસીની રાણી સાથે જોડાઈ ગઈ. સમગ્ર ઉત્તર અને મધ્ય ભારતમાં બ્રિટિશ સત્તા ફક્ત આગ્રા અને લખનૌ શહેરો પૂરતી મર્યાદિત રહી. અન્યત્ર સંપૂર્ણ બ્રિટિશ લશ્કર અને વહીવટ પત્તાંના મહેલની જેમ તૂટી પડ્યાં.

સંગ્રામકારો સંબંધિત સૌથી ધ્યાનાકર્ષક બાબત જો કોઈ હોય તો તે હતી હિન્દુ-મુસ્લિમની મજબૂત એકતા. દિલ્હી અને મેરઠના હિન્દુ સિપાઈઓએ એકમતીથી પોતાના બાદશાહ તરીકે બહાદુરશાહને જાહેર કર્યા. હિન્દુ કે મુસ્લિમ બધા સિપાઈઓએ બાદશાહનું આધિપત્ય સ્વીકાર્યું અને 'ચલો દિલ્હી' નું એલાન જાહેર કર્યું. હિન્દુઓ અને મુસ્લિમો ખભેખભા મિલાવીને લડ્યા અને મર્યા. જ્યાં જ્યાં વિદ્રોહી સિપાઈઓ પહોંચ્યા ત્યાં ગૌહત્યા પર પ્રતિબંધ મૂકીને હિન્દુઓની લાગણીઓને સન્માની.

**તમારી પ્રગતિ ચકાસો-ક**

1. ખેડૂતોનું કેવી રીતે અને કયા વર્ગ દ્વારા શોષણ થતું હતું ? દશ લીટીમાં લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. પ્રસ્તુત વિધાનો સાચાં (✓) છે કે ખોટાં છે (×) તે જણાવો.
   (1) અંગ્રેજો સામેની લડાઈમાં ખેડૂતોએ જમીનદારોને સાથ આપ્યો.
   (2) બ્રિટિશ શાસનમાં સિપાઈઓએ પોતાના ધર્મ ઉપર ખતરો જોયો.
   (3) બ્રિટિશ અમલનો લાભ મધ્યમ અને ઉચ્ચ વર્ગોના ભારતીયોને મળ્યો.
   (4) ઘણા લાંબા સમયથી ભારતીયોનો મોટો વર્ગ શોષિત હતો. પરન્તુ ચરબીયુક્ત કારતૂસોની ઘટનાએ વિદ્રોહને ભડકાવવામાં તાત્કાલિક કારણ પૂરું પાડ્યું.
3. આશરે પચાસ શબ્દોમાં લખો કે વિદ્રોહ ક્યાં ક્યારે અને કેવી રીતે શરૂ થયો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 4.5 નેતૃત્વ (Leadership)


2. તાત્યા ટોપે

દિલ્હી, કાનપુર, લખનૌ, બરેલી, ઝાંસી અને આરા સંગ્રામની આંધીનાં ઉગ્ર કેન્દ્રો હતાં. આ બધાં કેન્દ્રોએ પોતાના નેતાઓ ખડા કર્યા અને બધી જ બાબતોમાં તેઓ સ્વતંત્ર હતા, જોકે તેમણે બહાદુરશાહનું સ્વામિત્વ સ્વીકાર્યું હતું તોપણ.

**બખ્તખાન :** દિલ્હીમાં બહાદુરશાહ નેતા હતા. પરન્તુ ખરી સત્તા સૈનિકોના હાથમાં હતી. બરેલીના સૈનિકોનું નેતૃત્વ બખ્તખાને પૂરું પાડ્યું હતું. તે 1857ના જુલાઈની ત્રીજીએ દિલ્હી પહોંચ્યો. ત્યારથી તેણે હકીકતમાં પૂર્ણ સત્તા હાંસલ કરી લીધી હતી. એણે સિપાઈઓના ન્યાયાલયની સ્થાપના કરી જેમાં હિન્દુ-મુસ્લિમ બંને વિદ્રોહીઓ સામેલ હતા. પરન્તુ તે પહેલાં જ સિપાઈઓએ સમ્રાટના આદેશો પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું ન હતું. જોકે બહાદુરશાહે તેના દરબારમાં બેદરકારીયુક્ત ગણવેશમાં આવવા સારુ અને શાસન પ્રત્યે અનાદર પ્રદર્શિત કરવા સારુ ટીકા કરી.



3. કુંવર સિંહ

**નાના સાહેબ અને તાત્યા ટોપે**

કાનપુરમાં વિદ્રોહીઓનું નેતૃત્વ નાના સાહેબે કર્યું. નાના સાહેબ બાજીરાવ બીજાના દત્તક પુત્ર હતા. વિદ્રોહી સિપાઈઓએ પણ તેમને સાથસહકાર આપ્યાં. એમના નેતૃત્વ હેઠળ લશ્કર અને નાગરિકો બંનેએ ખભેખભા મિલાવીને લડાઈ કરી. તેમણે કાનપુરમાંથી અંગ્રેજોને હાંકી કાઢ્યા. અને નાના સાહેબને પેશ્વા જાહેર કર્યા, જેમણે ભારતના બાદશાહ તરીકે બહાદુરશાહને સ્વીકાર્યા. જોકે મોટા ભાગની લડાઈઓ તાત્યા ટોપેના નેતૃત્વમાં લડાઈ. એ એક મહાન દેશભક્ત અને બ્રિટિશ વિરોધી સક્ષમ નેતા તરીકે લોકપ્રિયતા પ્રાપ્ત કરી.

**અવધની બેગમ :** લખનૌમાં નેતૃત્વ અવધની બેગમના હાથમાં હતું અને પોતાના પુત્ર બિરજિસ કાદરને અવધના નવાબ તરીકે ઘોષિત કર્યો. અહીંયાં પણ વધુ લોકપ્રિય નેતા હતા ફૈઝાબાદના મૌલવી અહમદુલ્લા, જેમણે વિદ્રોહીઓને સંગઠિત કર્યા અને અંગ્રેજો સામે લડાઈ કરી.

**ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ :** રાણી લક્ષ્મીબાઈ બીજાં લોકપ્રિય મહાન નેતા હતાં. એમનો એ દૃઢ વિશ્વાસ હતો કે અંગ્રેજોએ હિન્દુ કાયદાઓનું ઉલ્લંઘન કરીને એમના શાસકીય અધિકારોને છીનવી લીધા હતા. શરૂમાં થોડી આનાકાની દર્શાવ્યા પછી એક વાર વિદ્રોહીની પંગતમાં સામેલ થયા બાદ રાણીએ બહાદુરીથી અંગ્રેજો સામે લડાઈ કરી.


**કુંવર સિંહ :** જોકે સૌથી વધુ લોકપ્રિય અને વિશિષ્ટ નેતા હતા આરાના કુંવર સિંહ. એના નેતૃત્વમાં લશ્કરી અને નાગરિક વિદ્રોહ એકમેક થયો હતો અને અંગ્રેજો એનાથી વધારે ભયભીત રહેતા હતા. આશરે 5000 સૈનિકો સાથે (જેમાં દાનપુરના 600 સિપાઈ અને રાયગઢના વિદ્રોહી સામેલ હતા.) કુંવર સિંહે મિર્ઝાપુર, બાંદા અને કાનપુરના વિસ્તારોમાં કૂચ કરી. તેઓ રેવા રાજ્ય સુધી પહોંચ્યા અને એવું વિચાર્યું કે રેવા જેટલું જલદી વિદ્રોહીઓના હાથમાં આવી પડે તો બ્રિટિશોને દક્ષિણ તરફ ખસવાની ફરજ પડશે.પણ, કેટલાંક કારણોસર કુંવર સિંહ દક્ષિણ દિશા તરફ આગળ વધ્યો નહીં. તે બાંદા પાછો ફર્યો અને ત્યાંથી આરા પહોંચ્યો. અહીં તેણે અંગ્રેજ લશ્કરને હરાવ્યું. આમાં તે ગંભીર રીતે ઘવાયો અને 1858ના એપ્રિલની 27મીએ જગદીશપુર ગામના પોતાના પૈતૃક નિવાસમાં મૃત્યુ પામ્યો.

**અજ્ઞાત શહીદો :**

આ બધા નામી નેતાઓ, તેમની બહાદુરી અને રાષ્ટ્રપ્રેમ માટે યાદ રહેશે. ઉપરાંત બીજા ઘણા અનામી નેતાઓ, સિપાઈઓ, ખેડૂતો અને નાના જમીનદારોમાં હતા, જેઓ વીરતા અને શૌર્યમાં બીજાથી ઊતરતા ન હતા. તેઓ પણ અંગ્રેજો સામે બહાદુરીથી લડ્યા હતા, જેથી તેમને ભારત બહાર હાંકી શકાય. પોતાના દેશની કાજે ખેડૂતે અને સિપાઈઓએ પોતાના જાન આપ્યા અને તેમ કરવામાં ધર્મ કે જાતિના મતભેદો આડે ના આવ્યા એટલું જ નહીં પોતાના અંગત સ્વાર્થોથી બહાર આવ્યા.

## 4.6 પરાજય (Defeat)

1857ના સપ્ટેમ્બરની 20મીએ અંગ્રેજોએ દિલ્હી કબજે કર્યું. જોકે આ પૂર્વે પણ કાનપુર, આગ્રા, લખનૌ અને બીજાં કેટલાંક સ્થળોએ વિદ્રોહીઓને પીછેહઠ કરવી પડી હતી. તેથી વિદ્રોહીના જુસ્સામાં કોઈ ખાસ કમી આવી નહીં. પરન્તુ દિલ્હીનું પતન થવાથી વિદ્રોહીઓના કાર્યને જબરો ધક્કો પહોંચ્યો. આથી જ કોઈ પણ નિમિત્તે અંગ્રેજોએ પોતાનું ધ્યાન શા માટે દિલ્હી ઉપર કેન્દ્રિત કર્યું તે સ્પષ્ટ થાય છે. આ માટે એમને ઘણી જાન અને માલની નુકસાની વેઠવી પડી. દિલ્હીમાં બહાદુરશાહને જેલમાં પૂરી દેવામાં આવ્યા અને એમના રાજકુમારોને પકડીને મારી નાંખવામાં આવ્યા. એક પછી એક બધા જ મોટા નેતાઓ પરાજય પામવા લાગ્યા. કાનપુરમાં નાના સાહેબની હાર થઈ, આથી તેઓ 1859ના પ્રારંભમાં નેપાલ ભાગી ગયા. અને તે પછી એમના વિશે કોઈ ભાળ હાથવગી થઈ નથી. તાત્યાટોપે મધ્ય ભારતનાં જંગલોમાં છુપાઈ ગયા, જ્યાં રહી તેમણે 1859ના એપ્રિલ સુધી ભયાનક ગેરીલા યુદ્ધ ચાલુ રાખ્યું. એના




4. બહાદુર શાહનું આત્મસમર્પણ



**5. અંગ્રેજ લશ્કર ગ્રામવાસીઓને પકડીને લઈ જઈ રહ્યું છે.**

એક જમીનદાર મિત્રે દગો કરીને ટોપે જ્યારે ઊંઘતા હતા ત્યારે પકડાવી દીધા. એમની ઉપર કડક મુકદ્દમો ચાલ્યો અને 1859ના એપ્રિલની 15મીએ ફાંસી આપવામાં આવી. ઝાંસીની રાણી યુદ્ધના મેદાન ઉપર 1858ના જૂનની 17મીએ મૃત્યુ પામી. કુંવર સિંહ, બખ્તખાન, બરેલીના ખાન બહાદુરખાન અને મૌલવી અહમદુલા બધા મૃત્યુ પામી ચૂક્યા હતા. અવધનાં બેગમ નેપાળ ભાગી ગયાં હતાં. 1859 અંત સુધીમાં તો અંગ્રેજો ભારત ઉપર ફરીથી પૂર્ણ રીતે અને સક્ષમતાથી પ્રભુત્વ જમાવી શક્યા.



**6. તાત્યા ટોપેના હસ્તાક્ષર**

## 4.7 નિષ્ફળતાનાં કારણો (Causes of Failure)

આ પ્રચંડ વિપ્લવની નિષ્ફળતાનાં ઘણાં કારણો છે. અહીં તેમાંથી થોડાકની ચર્ચા કરીશું :

### 4.7.1 સંગઠિત કાર્યક્રમ અને વિચારધારાનો અભાવ (Lack of a Unified Programme and Ideology)

વિદ્રોહીઓએ ભારતમાં અંગ્રેજ સરકાર અને વહીવટી તંત્રને થોડા સમય માટે ઉખાડી નાંખ્યું, પરન્તુ વિદ્રોહીઓને એ ખબર ન હતી કે તેને બદલે ક્યો વિકલ્પ હોઈ શકે. એમની પાસે કોઈ દૂરદર્શી યોજના ન હતી. આથી એમને માટે પુરાણી સામંતશાહી વ્યવસ્થા સિવાય કોઈ આરો ન હતો. નાના સાહેબ, અવધનાં બેગમ, ઝાંસીની રાણી વગેરે જેવા મહાન નેતાઓ પણ એ જ પુરાણી સામંતશાહી પ્રથાના પ્રતિનિધિઓ હતા. આ પ્રથાએ એની તાકાત ગુમાવી દીધી હતી અને અંગ્રેજોની સામે તે ટકી શકવા અસમર્થ હતી. આ શાસકોની નિષ્ફળતાને કારણે જ અંગ્રેજો અગાઉ ભારતના ઘણા વિસ્તારો ઉપર આધિપત્ય જમાવી શક્યા હતા. આ શાસકો ઉપર વિશ્વાસ રાખવાને કારણે વિદ્રોહીઓને ભારતીયોમાં ચેતના જગાવવામાં અવરોધ ઊભો થયો ન હોત; રાષ્ટ્રીય જાગૃતિ આણી શક્યા હોત તો ફક્ત રાષ્ટ્રીય એકતા જ અંગ્રેજી શાસનનો સક્ષમ વિકલ્પ બની શકી હોત.

### 4.7.2 ભારતીયોમાં એકતાનો અભાવ (Lack of Unity Among Indians)

અગાઉ જણાવ્યા મુજબ ભારતીયોમાં કોઈ વ્યાપક સ્તર ઉપર એકતા સ્થાપી શકાઈ નહીં. જ્યારે બંગાળ લશ્કરના સૈનિકો વિદ્રોહી બન્યા હતા, ત્યારે પંજાબ અને દક્ષિણ ભારતના કેટલાક સૈનિકો

વિદ્રોહીઓને કચડી નાંખવા અંગ્રેજ પડખે લડી રહ્યા હતા. એવી જ રીતે, પૂર્વી અને દક્ષિણ ભારતમાં ઘણા બધા વિસ્તારોમાં કોઈ વિદ્રોહ થયા ન હતા. શીખોએ પણ વિદ્રોહીઓને સહકાર ના આપ્યો. આ બધા વર્ગોએ વિદ્રોહમાં ભાગ ન લીધો તે માટે તેમનાં અંગત કારણો હતાં. મુગલ પાદશાહોના હાથે દમનનો ભોગ બનેલા શીખોમાં મુગલ સત્તાના પુનરુત્થાનથી ભય પેદા કર્યો. આ પ્રકારે રાજસ્થાનના રાજપૂત મુખીઓ અને હૈદરાબાદના નિઝામ પણ મરાઠાઓની વધતી જતી તાકાતથી ગભરાયા હતા; કારણ મરાઠાઓએ એમનાં રાજ્યોમાં જઈને લૂંટફાટ ચલાવી હતી. આ ઉપરાંત, ખેડૂતોના કેટલાક વર્ગો જે અંગ્રેજી શાસનથી લાભાન્વિત હતા તેમણે અંગ્રેજો વિરુદ્ધના સંગ્રામમાં અંગ્રેજોને સહાય કરી. બંગાળ પ્રાન્તના જમીનદારો અંગ્રેજ શાસનનું સર્જન હતા અને તેથી બધી રીતે તેઓ અંગ્રેજ પડખે રહેવા કારણભૂત હતા. આ બાબત કલકત્તા, મુંબઈ અને મદ્રાસના મોટા વેપારીઓને પણ લાગુ પડે છે, જેઓએ પણ વિદ્રોહીને બધો અંગ્રેજોને સહાય કરી.

### 4.7.3 શિક્ષિત ભારતીયો તરફથી સહકારનો અભાવ (Lack of Support from the Educated Indians)

સંગ્રામના કાર્યક્રમને આધુનિક શિક્ષિત ભારતીયોએ પણ સહકાર ના આપ્યો; કારણ તેમના મતે સંગ્રામનું સ્વરૂપ જુનવાણી દૃષ્ટિવાળું હતું. અંગ્રેજ પદ્ધતિના શિક્ષણનું ફરજંદ એટલે આ શિક્ષિત મધ્યમ વર્ગ. અને એમની એવી ભૂલભરેલી માન્યતા હતી કે અંગ્રેજો જ દેશને આધુનિકતા તરફ લઈ જશે.

### 4.7.4 નેતૃત્વમાં ફાટફૂટ (Disunity among the Leaders)

સમગ્ર લડતનો કોઈ મુખ્ય પ્રશ્ન હોય તો તે હતો વિદ્રોહી નેતાઓમાં એકતાનો અભાવ. આ નેતાઓ પરસ્પરની ઈર્ષ્યા કરતા હતા અને રાગદ્વેષથી ખરડાયેલા હતા અને ઘણી વાર નાના ઝઘડામાં વ્યસ્ત રહેતા હતા. દા.ત. અવધનાં બેગમ મૌલવી અહમ્દુલાહ સાથે ઝઘડ્યાં હતાં; તો મુગલ શાસક સિપાઈઓના સેનાપતિઓ સાથે સંઘર્ષમાં રચ્યાપચ્યા હતા. નાના સાહેબના રાજકીય સલાહકાર અઝિમુલ્લાહે નાના સાહેબને દિલ્હીના જવાની સલાહ આપી; કારણ તેથી અઝિમુલ્લાહ પાદશાહ બહાદુરશાહ સમક્ષ વામણો જણાશે. આમ, સંગ્રામના નેતાઓની સ્વાર્થ વૃત્તિ અને સંકુચિત અભિગમે વિદ્રોહની શક્તિને નબળી પાડી અને તે તાકાતને સુદૃઢ કરવામાં અવરોધ ઊભો કર્યો.

### 4.7.5 અંગ્રેજોની લશ્કરી શ્રેષ્ઠતા (Military Superiority of the British)

સંગ્રામની નિષ્ફળતાનું બીજું મુખ્ય લક્ષણ અંગ્રેજોની પાસે ચઢિયાતાં શસ્ત્રો હતાં. જ્યારે અંગ્રેજો વિશ્વ સમસ્તમાં તાકાતની ટોચે હતા તથા વિશેષ કરીને ભારતીય શાસકો અને દરબારોનું એમને સમર્થન હતું ત્યારે બ્રિટિશ શાહીવાદની લશ્કરી તાકાત વિદ્રોહીઓની સરખામણીએ ઘણી વધારે હતી. વિદ્રોહીઓમાં શિસ્તનો અભાવ હતો અને કેન્દ્રીય નિયંત્રણ નામનું જ હતું. જ્યારે અંગ્રેજ સેનાને સક્ષમ અને શિસ્તબધ સૈનિકો સતત ઉપલબ્ધ હતા તેમ જ યુદ્ધની સાધનસામગ્રી અને નાણાંનો સ્રોત બ્રિટનથી આવતો રહેતો હતો. કેવળ બહાદુરી બતાવવાથી વિજય હાંસલ થઈ શકતો નથી અને તે પણ યુદ્ધ નીતિમાં પ્રવીણ અને નિર્ણીત શક્તિવાળા દુશ્મન સામે તો અશક્ય. અશિસ્તને કારણે અંગ્રેજો સામેની લડાઈમાં વિદ્રોહીઓને જાનમાલની ઘણી નુકસાની અંગ્રેજોની તુલનાએ ભોગવવી પડી. અંગ્રેજોની લશ્કરી શ્રેષ્ઠતાનો અનુભવ થવાથી ઘણા સિપાઈઓ પોતાના વતન પાછા ફર્યા.

## 4.8 પ્રભાવ (Impact)

1857નો વિપ્લવ નિષ્ફળ ગયો તે હકીકત હોવા છતાંય તેણે ભારતમાંના અંગ્રેજ વહીવટને ઘણો આઘાત પહોંચાડ્યો. વિપ્લવ પછીના બ્રિટિશ શાસનના માળખામાં અને નીતિઓમાં ધરમૂળથી ફેરફારો કરવામાં આવ્યા. અર્થાત્ ભારતમાંનો ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વહીવટ સમાપ્ત થયો અને તાજના વહીવટનો પ્રારંભ થયો.

### 4.8.1 સત્તાની ફેરબદલી (Transfer of Power)

સહુથી પ્રથમ અને મુખ્ય ફેરફાર એટલે ભારતનો વહીવટ 1858ના ઍક્ટ અનુસાર ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ તાજના હાથમાં ગયો. હવે ભારત માટે હિંદી વજીર-કેબિનેટ મંત્રી (જેને એક સમિતિનો સહયોગ પ્રાપ્ત હતો) દેશના શાસન માટે જવાબદાર હતો. અગાઉ આ અધિકાર કંપનીના નિયામકોના હાથમાં હતો.

### 4.8.2 લશ્કરી સંગઠનમાં ફેરફાર (Change in Military Organisation)

બીજું મુખ્ય પરિવર્તન લશ્કરમાં કરવામાં આવ્યું. ભારતીય સૈનિકો તરફથી ફરીથી વિદ્રોહ ના થાય તે માટે જરૂરી પગલાં ભરવામાં આવ્યાં : (1) લશ્કરમાં યુરોપીય સૈનિકોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો અને બંગાળના લશ્કરમાં બે ભારતીય સિપાઈઓના પ્રમાણમાં એક યુરોપીય, મુંબઈના અને મદ્રાસના લશ્કરમાં પાંચ ભારતીય સિપાઈઓના પ્રમાણમાં બે યુરોપીય સૈનિકોની નિયુક્તિ કરી. વધુમાં, મહત્ત્વનાં

ભૌગોલિક અને લશ્કરી સ્થાનો યુરોપીય સેનાના હાથમાં સોંપાયાં. તોપખાના જેવી લશ્કરની પ્રમુખ શાખાને ફક્ત યુરોપિયનોના હાથમાં, સોંપવામાં આવી. (2) લશ્કરમાંના ભારતીય સંગઠનમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિનો અમલ શરૂ થયો. જવાનોમાં રાષ્ટ્રીય ભાવના ના જન્મે તે માટે જાતિ, સમુદાય અને ધર્મ આધારિત રેજિમેન્ટની રચના કરવામાં આવી.



7. બરાકપુરમાં સિપાઈઓ પાસેથી શસ્ત્રો લઈ લેવાયાં.

### 4.8.3 ભાગલા પાડો અને રાજ કરો (Divide and Rule)

આ નીતિનો અમલ લશ્કરની જેમ સામાન્ય જનજીવનમાં પણ કર્યો, કેમ કે અંગ્રેજોની એવી દૃઢ માન્યતા હતી કે વિદ્રોહનું ષડયંત્ર મુસ્લિમો મારફતે ઘડાયું હતું, આથી એમને કઠોર શિક્ષા કરવામાં આવી. અને જાહેર નિમણૂકોમાં એમની સાથે ભેદભાવ આચરવામાં આવ્યો. આ નીતિ પાછળથી બદલાઈ અને મોડેથી મુસ્લિમો સાથે સલૂકાઈભર્યા વર્તનનો પ્રારંભ થયો. ઓગણીસમી સદીના અંતમાં હિન્દુઓની તુલનામાં મુસલમાનોને પક્ષપાતી સુવિધાઓથી નવાજવાની યોજના બનાવવામાં આવી. આથી એક તરફ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ માટે આ નીતિથી પ્રશ્નો ઉદ્‌ભવ્યા તો બીજી તરફ સાંપ્રદાયિકતાના વિકાસને જોમ પ્રાપ્ત થયું.

### 4.8.4 રાજાઓ તરફની નવી નીતિ (New Policy towards the Princes)

દેશી રાજ્યો પ્રત્યે બ્રિટિશ નીતિઓમાં મહત્ત્વનો ફેરફાર નોંધપાત્ર છે. અગાઉની રાજ્યોને ખાલસા કરવાની નીતિને હવે શીતાગારમાં મૂકી દીધી અને રાજ્યોના શાસકોને પોતાનો વારસ પસંદ કરવાની એટલે દત્તક પુત્ર લેવાની છૂટ આપી. જે રાજાઓ વિદ્રોહ દરમ્યાન અંગ્રેજોને વફાદાર રહ્યા તેમને ઇનામના રૂપે આ લાભ આપ્યો. જોકે ભારતીય શાસકોનો આ અધિકાર એક નિશ્ચિત ક્ષેત્રમાં પૂર્ણ રીતે બ્રિટિશ અધિકારીને આધીન હતો અને એમની સુવિધાઓને આશ્રિતના રૂપમાં બદલવામાં આવી.

### 4.8.5 નવા મિત્રોની શોધ (Search For New Friends)

આ બધા ફેરફારો ઉપરાંત, આ દેશમાં પોતાના ભાવિને સુદૃઢ કરવાના હેતુથી અંગ્રેજોનું ધ્યાન ભારતીયોમાંના વધારે પ્રત્યાઘાતી જૂથો તરફ ગયું. દા.ત. જમીનદારો, રાજાઓ અને ભૂમિપતિઓ. હકીકતમાં, અઢારસો સત્તાવનના સંગ્રામે ભારતમાંના અંગ્રેજ શાસનના ખરા પ્રતિક્રિયાવાદી સ્વરૂપને છતો કર્યો. વધારે તો ભારતીયોને એવો દૃઢ વિશ્વાસ બેઠો કે ભારતમાંનું અંગ્રેજ શાસન વાસ્તવમાં લોકો વિરોધી હતું અને દેશના હિતની દૃષ્ટિએ વિરોધી અને દમનકારી હતું.



૪. દિલ્હીની પ્રજા પાસેથી નાણાંની ઉઘરાણી.

## 4.9 મૂલ્યાંકન (Assessment)

સંગ્રામ સંબંધિત વિવિધ પાસાંઓની ચર્ચા કર્યા પછી હવે અંતમાં આપણે જોઈશું કે અઢારસો સત્તાવનની ઘટનાને કેવી રીતે અર્થઘટિત કરવામાં વિવિધ વિદ્વાનોએ દલીલો કરી છે.

અઢારસો સત્તાવનની ઘટનાના સ્વરૂપ વિશે આરંભથી જ ઉગ્ર મતભેદ રહ્યો છે. અંગ્રેજોના અધિકૃત સ્પષ્ટીકરણ મુજબ ફક્ત બંગાળના લશ્કરે વિદ્રોહ કર્યો અને કાયદો તથા વ્યવસ્થા તૂટી પડવાથી નાગરિકોમાં અશાંતિ ઉદ્ભવી હતી. ઘણા અધિકારીઓએ એવું વિચારેલું કે તે માત્ર સૈનિકોનો વિદ્રોહ હતો. પણ આ મતને રૂઢિવાદી નેતા બેન્જામિન ડિઝરાયેલીએ જુલાઈ 1857માં પડકાર્યો અને કહ્યું કે ''સામ્રાજ્યોનું પતન એ માત્ર ગ્રીસ કારતૂસોની ઘટના પૂરતું સીમિત નથી. આવાં પરિણામો નિશ્ચિત કારણો એકઠાં થવાથી આવે છે.'' તેમણે એવો પ્રશ્ન ઉઠાવ્યો કે ''તે એક લશ્કરી વિદ્રોહ હતો કે રાષ્ટ્રીય સંગ્રામ ?''

ભારતમાંના અંગ્રેજ સમુદાયના એક જૂથ તરફથી પણ અધિકૃત અર્થઘટનને પડકારાયો હતો. જે ડબલ્યુ કેચીના ગ્રંથ 'હિસ્ટરી ઑફ ધ સિપોય વૉર' ને પૂરો કરનાર કર્નલ જી.બી. માલેસને પણ કેવળ સિપાઈ વિદ્રોહ હોવાના અધિકૃત મતનો વિરોધ કર્યો અને જણાવ્યું ''કટોકટી આવી : શરૂમાં પ્રત્યક્ષ રૂપમાં ફક્ત લશ્કરી વિદ્રોહ તરીકે પણ ઝડપથી એનું સ્વરૂપ બદલાયું અને એક રાષ્ટ્રીય સંગ્રામમાં પરિણમ્યું.''

વી.ડી. સાવરકરે આ વિદ્રોહનું રાષ્ટ્રવાદી અર્થઘટન કર્યું અને 1909માં ભારપૂર્વક જણાવ્યું કે આ પ્રથમ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. સાવરકરના આ મતને એસ.બી. ચૌધરીએ સમર્થન આપ્યું અને એમણે એમનાં લખાણોમાં સ્પષ્ટ કર્યું કે અઢારસો સત્તાવનની ઘટના 'જનતાની જાગૃતિ' હતી. હકીકતમાં, ઈતિહાસ નિરૂપણની આ પરંપરાનો જલદીથી અખંડ ભારતમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આ પરંપરાથી ભિન્ન મત રમેશચંદ મજૂમદારે આપ્યો. તેમણે અઢારસો સત્તાવનની ઘટનાને સ્વાતંત્ર્ય સંગ્રામ હોવાનો ઈન્કાર કર્યો. તેમનો એવો મત હતો કે ''અઢારસો સત્તાવનના વિદ્રોહને કાં તો સ્વરૂપમાં રાષ્ટ્રીય કહેવો કે ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ કહેવો એ ઓગણીસમી સદીના ભારતીય લોકોના ઈતિહાસના ખરા જ્ઞાનની સાથે દગો કરવા બરાબર છે.''

કેટલાક ઈતિહાસકારોએ મુસલમાનોના વરિષ્ઠ વર્ગની આ મુશ્કેલી ઊભી કરવા માટે જવાબદાર ઠરાવ્યા. આઉટરમે આ વિદ્રોહને 'હિન્દુઓની શિકાયતોના સ્વાર્થી ઉપયોગ માટે મુસ્લિમોનો ષડયંત્ર' તરીકે ઓળખાવ્યો છે. છતાં બીજા કેટલાક વિચારકોનો મત હતો કે આ સંગ્રામ દરમ્યાન લોકો ફક્ત અંગ્રેજો સામે જ નહીં પણ સામંતી માળખાની વિરુદ્ધ લડાઈ લડી રહ્યા હતા. આ સામંતી ઠાકોરોએ દગો કરવાથી વિપ્લવ વિફળ થયો હતો. તલમીઝ ખાલદૂન લખે છે કે સમૃદ્ધ વર્ગના દગાને કારણે આસાનીથી આ વિદ્રોહ દબાવી દેવામાં આવ્યો હતો.

પછીના ઇતિહાસનિરૂપણમાં વિદ્રોહના લોકપ્રિય સ્વરૂપનો સ્વીકાર તો થયો પરન્તુ એના સંકુચિત દૃષ્ટિકોણ ઉપર વિશેષ ભાર મુકાયો. બિપિનચંદ્રે આ મુદ્દા ઉપર ઝોક આપ્યો છે : સમગ્ર સંગ્રામમાં સંગઠિત સ્વરૂપનો અને ભાવિ વિશાળ કાર્યક્રમનો અભાવ હતો જે સત્તા હાંસલ કર્યા પછી અમલી બનાવી શકાય. તારાચંદ્રે આ વિશે વધુ સ્પષ્ટતાથી લખતાં જણાવ્યું છે કે 1857નો સંગ્રામ ગુમાવેલી પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરવાનો એક કમજોર અંતિમ પ્રયાસ હતો. પર્સિવલ સ્પિયર નોંધે છે કે ભારતીય લશ્કરની અશિસ્તતા અને ફરિયાદો તથા અંગ્રેજ લશ્કરી અધિકારીઓની ભૂલના કારણે સંયુક્ત રીતે સંપૂર્ણપણે થયેલો આ સૈનિક વિપ્લવ હતો એમ દાવા સાથે કહી શકાય. હકીકતમાં, આધુનિક સ્વતંત્રતા માટેના આ પહેલા સરળ પ્રયાસ તરીકે વિદ્રોહને ઓળખાવવો એ કાલવ્યુત્ક્રમ ગણી શકાય. બલકે, રાજનૈતિક પરિપ્રેક્ષ્યમાં આ જૂના રૂઢિવાદી ભારતનો છેલ્લો પ્રયાસ હતો.

આ ફક્ત થોડાં અર્થઘટનો છે. આ અંગેની ચર્ચા હજી ચાલે છે. 1857ની ઘટના અંગેનાં ભાવિ અન્વેષણો આપણા જ્ઞાનને પ્રકાશિત કરે અને સમૃદ્ધ કરે એવી આશા રાખીએ.

**તમારી પ્રગતિ ચકાસો–ગ**

1. વિદ્રોહના નેતાઓ વિશે દશેક લીટીમાં નોંધ લખો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

2. આવા સક્ષમ સંગ્રામની નિષ્ફળતાનાં મુખ્ય કારણો કયાં હતાં ? સો શબ્દોમાં વર્ણવો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

3. શું 1857ના સંગ્રામે ભારતીય સમાજ ઉપર કોઈ પ્રભાવ પ્રવર્તાવ્યો ? સંક્ષેપમાં ચર્ચા કરો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

## 4.10 સારાંશ

અઢારસો સત્તાવનની ઘટના, જેની આપણે આ એકમમાં ચર્ચા કરી છે, ફક્ત એટલા માટે જ મહત્ત્વની ન હતી કે એણે વિદેશી શાસનની વિરુદ્ધ જનતાની લાગણીને નિશ્ચિત સ્વરૂપે વાચા આપી પણ એટલા માટેય એનું મહત્ત્વ હતું કે એણે દેશમાં ઘણાં બધાં પરિવર્તનોને જન્મ આપ્યો. આ ફેરફારો ફક્ત નીતિ-નિર્માણ અને રાજકીય માળખા પૂરતાં સીમિત ન હતાં પણ લોકમાન્યતાઓ, ભાવનાઓ, અને બ્રિટિશ શાસનના સ્વરૂપ પ્રત્યેના વર્તન સાથે પણ સંબંધિત હતા. બ્રિટિશ શાસનની અજેયતા કાયમને માટે છિન્ન ભિન્ન થઈ ગઈ અને વિદેશી શાસનની વિરુદ્ધ લાંબા અને સંગઠિત સંઘર્ષ માટેની ભૂમિકા તૈયાર થઈ. આને પરિણામે રાષ્ટ્રીય ચળવળની શરૂઆત થઈ જેથી વિદેશી શાસનનો અંત આવ્યો અને 1947માં દેશને આઝાદી મળી.

## 4.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કોમવાદ :** એક જૂથની એવી વિચારધારા જે દ્વારા જ્ઞાતિ કે સંપ્રદાયનાં હિતોને આગળ ધપાવવાની પ્રવૃત્તિ અને તે પણ બીજી જ્ઞાતિ કે સંપ્રદાયના ભોગે અને જોખમે થતી પ્રવૃત્તિ.

**પ્રતિક્રિયા :** પ્રગતિ માટે થતી ક્રિયાનો વિરોધ.

**સાંત્વના :** શાંતિ પ્રસ્થાન : બીજાને નુકસાન થતું અટકાવી શકાય અને તેમને જોઈતું હોય તે આપી શકાય એવો વ્યવહાર - તુષ્ટીકરણનો વ્યવહાર.

**સ્ફુટીકરણ :** એકના મનમાં ચોક્કસ અને નિશ્ચિત વિચાર કે અભિપ્રાય પ્રસ્થાપવાની પ્રક્રિયા.

## 4.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો–ક**

1. જુઓ પેટા વિભાગ 4.2.1
2. (1) × (2) ✓ (3) × (4) ✓
3. પેટા વિભાગ 4.3 માંથી ઉત્તર શોધો.

**તમારી સમજણ ચકાસો–ખ**

1. જુઓ વિભાગ 4.5
2. જુઓ વિભાગ 4.7
3. જુઓ વિભાગ 4.8

# એકમ 5 સંસ્થાનવાદ : નવી વહીવટી પ્રથા : 1857 પહેલાં અને પછી

## (Colonialism : The New Administrative System-Pre and Post 1857)

રૂપરેખા


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 બ્રિટિશ સર્વોપરીતાની સ્થાપના

5.3 1857 પહેલાંની વહીવટી વ્યવસ્થા

- 5.3.1 ઈસ્ટ ઇન્ડિયા કંપની સામે બ્રિટિશ સંસદ
- 5.3.2 આર્થિક નીતિ
- 5.3.3 જમીન મહેસૂલ નીતિ
- 5.3.4 ન્યાય વ્યવસ્થા
- 5.3.5 બ્રિટિશ વહીવટનો પ્રભાવ

5.4 1857 પછીની વહીવટી વ્યવસ્થા

- 5.4.1 નવું વહીવટી માળખું
- 5.4.2 વહીવટી વિકેન્દ્રીકરણ
- 5.4.3 આર્થિક નીતિ
- 5.4.4 લશ્કરી સંગઠન
- 5.4.5 વહીવટી સેવાઓ
- 5.4.6 દેશી રાજ્યો સાથેનો સંબધ
- 5.4.7 પ્રતિકૂળ વહીવટી તંત્ર
- 5.4.8 ભારતમાં સ્વશાસનનો પ્રશ્ન

5.5 સારાંશ

5.6 ચાવીરૂપ શબ્દો

5.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો.


## 5.0 ઉદ્દેશો

આ એકમનો ઉદ્દેશ 1857 પૂર્વેના અને પછીના કાળમાં બ્રિટિશ વહીવટી વ્યવસ્થાના વિકાસનો અને સ્વરૂપનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી તમે આટલી સમજ કેળવી શકશો :

- ઈસ્ટ ઇન્ડિયા કંપની એક વેપારી કંપનીમાંથી પ્રાદેશિક સત્તામાં કેવી રીતે પરિવર્તન પામી.
- કોઈ પણ પ્રકારે ભારતીય વહીવટની સીધી જવાબદારી સ્વીકાર્યા વિના ભારતીય બાબતોમાં બ્રિટિશ સંસદના નિયંત્રણનો વિકાસ કેવી રીતે થયો.
- ઈસ્ટ ઇન્ડિયા કંપનીની વહીવટી પ્રથા
- બ્રિટિશ સંસ્થાન તરીકે ભારતનો વિકાસ
- ક્યારે અને કેવી રીતે ભારત ઉપર બ્રિટિશ સંસદનો સીધો કાબૂ પ્રસ્થાપિત થયો અને ભારતમાં અંગ્રેજી શાસનની કેવી અસર થઈ.
- ભારતીય રાષ્ટ્રીય ચેતનાનો ઉદય અને સ્વશાસનની માંગ અને ફલસ્વરૂપ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ.

## 5.1 પ્રસ્તાવના

મુગલ બાદશાહોએ વહીવટનું કેન્દ્રીય સ્વરૂપ સ્થાપ્યું હતું. એમના વહીવટી માળખામાં બધા વિભાગો ઉપર વ્યક્તિવિશેષનું પ્રભુત્વ રહેતું હતું. પરન્તુ આ પ્રકારનું વ્યક્તિ-કેન્દ્રી રાજ્ય ખેંચાણ અને તનાવ સામે

ઊભું રહી શક્યું નહીં અને તેથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના આક્રમણ સામે કમજોર સાબિત થયું. પ્લાસીના યુદ્ધમાં થયેલા પરાજયે ભારતીય નિર્બળતા પુરવાર કરી. ત્યારથી અંગ્રેજોએ શક્તિશાળી સત્તા તરીકે પોતાનો અડ્ડો જમાવ્યો. આ એકમમાં તમે ઈસ્ટ ઇન્ડિયા કંપની હેઠળ બ્રિટિશ વહીવટી પદ્ધતિનો અને પછીથી તાજના વહીવટનો અભ્યાસ કરશો. અહીંયાં એની પણ ચર્ચા કરીશું કે વહીવટી સમસ્યા અન્તર્ગત મૂળ ઉદ્દેશ શો હતો એટલે કે ભારતમાં બ્રિટિશ શાસનનું સ્વરૂપ કેવું હતું અને તેનું લક્ષ્ય શું હતું ?

## 5.2 બ્રિટિશ સર્વોપરીતાની સ્થાપના (Establishment of British Supremacy)

ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પ્રારંભ એક વેપારી નિગમ તરીકે થયો હતો. આરંભમાં તેની આર્થિક નીતિ વેપારી નિગમને અનુરૂપ હતી. દરેક મુખ્ય 'કારખાનું' અથવા વેપારી સંસ્થા પ્રમુખના કે સમિતિ (જેમાં કંપનીના 'કારખાના'માંના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થતો હતો)ના નિયંત્રણ હેઠળ હતું. પ્રમુખને પછીથી ગવર્નર તરીકે ઓળખવામાં આવ્યા. નવી અથવા ઓછી મહત્ત્વની ફૅક્ટરીઓ કોઈ અનુભવી વેપારીના નિયંત્રણમાં મૂકવામાં આવી હતી. આ અનુભવી વેપારીને 'ફૅક્ટર' કહેવામાં આવતો હતો. જે વેપારી કારખાનાંમાં વડા તરીકે પ્રમુખ-પ્રેસિડન્સ હતો જેને પછીથી 'પ્રેસિડન્સી પ્રાંત'કહેવામાં આવ્યો. દા.ત. મદ્રાસ, મુંબઈ અને કલકત્તા આ પ્રકારના પ્રેસિડન્સી પ્રાન્તો હતા.

કંપનીનો અધિકાર ક્ષેત્ર અને નિયંત્રણ વિવિધ પ્રક્રિયાથી વિકાસ પામ્યાં. દા.ત. જમીનદારોના હક્કોની પ્રાપ્તિ, પ્રદેશો ઉપરનો વિજય અને દીવાનીના અધિકારની પ્રાપ્તિ.

1698માં સુતનતી, કલકત્તા અને ગોવિંદપુર ગામોની જમીનદારીના અધિકાર ખરીદી લીધા. 1757માં કંપનીએ 'સલાચી'ના આધારે ચોવીસ પરગણા ઉપર અધિકાર પ્રાપ્ત કર્યો જે પછીથી કંપનીને સોંપી દેવામાં આવ્યો.

1760માં મીર કાસીમે બર્દવાન, ચિત્તાગોંગ અને મિદનાપુર જિલ્લાઓ કંપનીને સોંપી દીધા. મુગલ બાદશાહ આલમે આને મહોર મારી આપી. જોકે બાદશાહ તરફથી પ્રાપ્ત પ્રદેશોનાં અનુદાન સંદર્ભે બ્રિટિશ તાજની વૈધાનિક સ્થિતિ શી હતી તે સ્પષ્ટ થતું નથી. પણ ભારતમાં રહેતા અંગ્રેજો ઉપર કંપનીને ઘોષણાપત્ર દ્વારા અધિકાર પ્રાપ્ત હતો. પરન્તુ ભારતીયો ઉપર કંપનીનો અધિકાર જેવો જમીનદારનો અધિકાર હતો જે સ્થાનિક ફોજદારને આધીન હતો.

1764ના બકસર યુદ્ધ પછી બંગાળમાં અંગ્રેજોની શક્તિ સર્વોપરી બની ગઈ.

## 5.3 1857 પહેલાંની વહીવટી વ્યવસ્થા (Administration Before 1857)

બંગાળ ઉપર અંગ્રેજોએ રાજકીય સત્તા પ્રસ્થાપિત કર્યા પછી પોતાને અનુકૂળ વહીવટી વ્યવસ્થા ગોઠવવા પ્રયાસો કર્યા. 1765 પહેલાં બંગાળના નવાબ વહીવટી તંત્રની દેખરેખ રાખતા હતા. સૈદ્ધાન્તિક રીતે નવાબ મુગલ બાદશાહના એજન્ટ તરીકે કાર્ય કરતો હતો, છતાં વ્યવહારમાં તેને સંપૂર્ણ સત્તા હતી. નિઝામ તરીકે તે કાયદો અને વ્યવસ્થા, લશ્કરી સત્તા તથા ફોજદારી મુકદમા જેવા વિભાગો ઉપર દેખરેખ રાખતો હતો અને દીવાન તરીકે તેને મહેસૂલ એકઠું કરવાનો અને નાગરિકોના દીવાની મુકદમા ચલાવવાનો અધિકાર હતો. 1764માં બકસરના યુદ્ધ પછી બંગાળ ઉપર અંગ્રેજોની સત્તા સર્વોપરી બની. ખુલ્લી રીતે બંગાળને અંગ્રેજ રાજમાં ભેળવી દેવાથી ભારતમાં કંપની માટે અને ઇંગ્લૅન્ડમાં ગૃહ સરકાર માટે રાજકીય સમસ્યાઓ ઉદ્ભવવાનો ભય હતો. આથી કંપની સરકારે મુગલ બાદશાહ પાસેથી એવો આદેશ મેળવી લીધો જે મારફતે કંપનીની બંગાળ, બિહાર અને ઓરિસ્સાનો દીવાની (મહેસૂલ ઉઘરાવવાનો અધિકાર) અધિકાર પ્રાપ્ત થયો. દીવાન તરીકેની સત્તા કંપની હસ્તક હોવા છતાંય મહેસૂલ ઉઘરાવવાનો અધિકાર હકીકતમાં શરૂઆતમાં નવાબના મદદનીશોના હાથમાં હતો. નિઝામના નવાબના હસ્તક હતું વહીવટીનું આ દ્વિમુખી સ્વરૂપ, જ્યાં સુધી એટલે કે 1772 સુધી કંપનીએ મહેસૂલ એકઠું કરવાનો વાસ્તવિક અધિકાર પોતાને હસ્તક લીધો ત્યાં સુધી ચાલુ રહ્યું.

હવે કંપની કેવળ વેપારી સત્તા ન રહેતાં પ્રાદેશિક સત્તા બની ગઈ. પ્રશ્ન એટલો જ હતો કે ભારતનો વહીવટ એક વેપારી સંગઠન કરશે, જેનું મુખ્ય કાર્ય પોતાનાં વેપારી હિતોનું રક્ષણ કરવાનું છે, કે પછી બ્રિટિશ સંસદને શાસનનો અધિકાર સોંપી દેવામાં આવશે.

કંપનીની રાજકીય સત્તામાં જેમ વૃદ્ધિ થતી ગઈ તેમ તેના અધિકારીઓ મારફતે સત્તાનો દુરુપયોગ પણ વધતો ગયો. આથી કંપની દ્વારા ભારતમાં રાજકીય સત્તા હસ્તગત કરવા અંગે ઇંગ્લેન્ડમાં વિવાદનો વંટોળ ઊઠ્યો અને તેથી આ બાબતે વચ્ચે પડવા પાર્લમેન્ટ ઉપર દબાણ આવ્યું. સતત ચાલુ રહેલી લડાઈઓ અને કંપનીના અધિકારીઓની ચશમપોશીને કારણે કંપની સરકાર ભારે આર્થિક સંકટમાં ફસાઈ ગઈ. આથી કંપની સરકાર ભારે આર્થિક સંકટમાં ફસાઈ ગઈ. આથી કંપનીએ નાણાકીય સહાય કરવા

પાર્લમેન્ટને વિનંતી કરી. એવી શરત સાથે પાર્લમેન્ટ કંપનીને આર્થિક સહાય કરવા તૈયાર થઈ કે ભારત અને ઇંગ્લૅન્ડ બંને જગ્યાએ વહીવટનું નિયંત્રણ પાર્લામેન્ટ પાસે રહેશે. આ માટે 1773નો રેગ્યુલેટિંગ ઍક્ટ પસાર કરવામાં આવ્યો.

## 5.3.1 ઈસ્ટ ઇન્ડિયા કંપની સામે બ્રિટિશ પાર્લમેન્ટ (East India Company Vis-a-vis British Parliament)

ભારતીય બાબતોને નિયંત્રણમાં લાવવાના હેતુથી બ્રિટિશ પાર્લમેન્ટે 1773નો રેગ્યુલેટિંગ ઍક્ટ (નિયામક ધારો) પસાર કર્યો અને તે દ્વારા વહીવટી સત્તા હાંસલ કરી. પાર્લમેન્ટે સૌ પ્રથમ વખત ભારત માટે એક સર્વોચ્ચ સરકારની સ્થાપના કરી. આના અધ્યક્ષ તરીકે બંગાળના ફોર્ટ વિલિયમના ગવર્નર જનરલ હતા. એમને મદદ કરવા ચાર સભ્યોની સમિતિની નિમણૂક કરી. આ સમિતિને મુંબઈ અને મદ્રાસ પ્રાન્તો ઉપર નજર રાખવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. ભારતીય રાજ્યો સાથે ગવર્નર જનરલ કે સમિતિની આજ્ઞા વિના યુદ્ધ કે સંધિ કરવાનો પ્રાન્તીય સત્તાધીશોને કોઈ અધિકાર ન હતો. ફક્ત એટલો અપવાદ હતો આપત્તિ કાળમાં અને એવી બાબતો જે માટે કોર્ટ ઑફ ડાઈરેક્ટર્સ તરફથી સીધો હુકમ મળ્યો હોય ત્યારે યુદ્ધ કે સંધિ કરવાનો કંપનીને અધિકાર હતો. આ ઍક્ટમાં એવી પણ જોગવાઈ હતી, કે જે અનુસાર કલકત્તામાં એક સર્વોચ્ચ ન્યાયાલયની સ્થાપના થઈ શકે.

કંપની હસ્તકના બધા પ્રદેશોમાંની દીવાની, લશ્કરી અને મહેસૂલ સંબંધિત બાબતો ઉપર સંપૂર્ણ દેખરેખ રાખવાનો અધિકાર સંસદને (પાર્લમેન્ટને) આ ઍક્ટથી હાથવગો થયો હતો. એટલું જ નહીં પણ આ ઍક્ટથી એ પણ પહેલી વાર સાબિત થયું કે બ્રિટનની સરકાર ભારતની બાબતોમાં ગંભીરતાથી રસ લેવા લાગી. જોકે આ ઍક્ટમાં કેટલીક મૂળભૂત ક્ષતિઓ પણ હતી; જેને કારણે વૉરન હેસ્ટિંગ્સને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. એના સભાસદો જ એને સહકાર આપતા ન હતા. ગર્વનર જનરલ પોતાને અધીન પ્રેસિડન્સી-પ્રાન્તો ઉપર ક્યાં સુધી અધિકાર સ્થાપી શકતો હતો અને સર્વોચ્ચ સમિતિ તથા સર્વોચ્ચ ન્યાયાલયનાં અધિકાર ક્ષેત્રો કયાં હતાં તે વિશે આ ઍક્ટમાં કોઈ સ્પષ્ટતા જોવા મળતી નથી. ઍક્ટમાંની આવી ક્ષતિઓને લઈને જ વૉરન હેસ્ટિંગ્સને પોતાની જવાબદારીઓ નિભાવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો અને સમિતિમાં પણ એક પછી એક મુશ્કેલી ઉદ્ભવવા લાગી.

કંપની પરના અંકુશની બાબતો અંગે 1781માં કેટલાક પ્રયાસો હાથ ધર્યા. નોર્થફોકસની મિશ્ર સરકારે ગંભીરતાપૂર્વક કંપનીની વહીવટી વ્યવસ્થાના પુનર્ગઠનનો પ્રશ્ન હાથ ધર્યો. આ હેતુથી તેણે બે ઠરાવો રજૂ કર્યા : ચાર્લ્સ જેમ્સ ફોક્સે કંપનીની શાસન વ્યવસ્થાને એવી નિરંકુશ આપખુદશાહી વ્યવસ્થા કહી જેનું ઉદાહરણ સંસારના ઇતિહાસમાં જોવા મળતું નથી. મંત્રીઓના હાથમાં કંપનીની સુરક્ષા મૂકવા સામે કંપનીએ પોતાનો વિરોધ જાહેર કર્યો. આ બિલ હાઉસ ઑફ કૉમન્સમાં પસાર થયું પણ હાઉસ ઑફ લૉર્ડ્સે એનો અસ્વીકાર કર્યો.

વિલિયમ પિટે વડા પ્રધાનનું પદ ગ્રહણ કર્યા પછી 'ઇન્ડિયા બિલ' દાખલ કરવાનો નિર્ણય કર્યો. હાઉસ ઑફ કૉમન્સના બહુમતી સભ્યોનો સાથ પિટને હતો. તે સાથે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની શંકાઓનું નિવારણ પણ પિટે કરવાનું હતું. આથી પિટે કંપની સાથે વાટાઘાટો શરૂ કરી અને કંપનીની સંમતિથી એક યોજના તૈયાર કરી જે 'પિટ્સ ઇન્ડિયા બિલ' તરીકે ઓળખાઈ. આ બિલમાં સંસદના કંપની ઉપરના નિયંત્રણની બાબત સમાવિષ્ટ હતી. ઑગસ્ટ 1784માં આ બિલ પાસ થયું અને એકટનું સ્થાન મળ્યું.

આ ઍક્ટ અનુસાર કંપની હસ્તકના વેપાર અને પ્રાદેશિક સત્તા વચ્ચે જુદાઈની બાબતે મંજૂરી હતી. પ્રાદેશિક સત્તા સંસદની પ્રતિનિધિ સભાના નિયંત્રણમાં રાખવામાં આવી, જ્યારે વાણિજ્યિક બાબતો ઉપર કંપનીનો અધિકાર ચાલુ રહ્યો. છતાં ભારતમાંની સરકાર કંપનીના નામે ચાલતી હતી તોપણ રાજકીય અને મહેસૂલી બાબતો સૂચિત પાર્લમેન્ટની સમિતિના નિયંત્રણમાં અને દેખરેખ હેઠળ રાખવામાં આવી.

પિટના ઇન્ડિયા બિલથી નિયંત્રણ, દિશાસૂચન અને દેખરેખ સંબંધિત એક અસરકારક સાધન સરકાર હસ્તક આવ્યું. થોડા ફેરફાર સાથે આ વ્યવસ્થા 1858 સુધી અમલી રહી. આ સમય સુધી ભારત ઉપર ઇંગ્લૅન્ડની રાણીનો કાબૂ પ્રસ્થાપિત થઈ ચૂક્યો હતો.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમ્યાન ભારતમાંના અંગ્રેજ વિસ્તારોના વહીવટની વૈધાનિક વિશેષતા કેટલીક હદ સુધી ઉપયોગિતાવાદી ચિંતન અને સિદ્ધાન્તોથી પ્રભાવિત રહી. આ બાબતનું વર્ણન એરિક સ્ટોકસે એના ગ્રંથ 'ધ ઇંગ્લિશ ઉટિલિટેરિયન્સ ઍન્ડ ઇન્ડિયા'માં કર્યું છે. 1813ના સનદી ધારા સાથે પ્રવૃત્તિઓ ઉદારવાદી સિદ્ધાન્તો ઉપર ચાલવા લાગી. કંપનીનો વહીવટ કંપનીના હાથોમાં રહેવા દીધો પણ ભારતમાંની કંપનીની વેપારી ઇજારાશાહી નાબૂદ કરવામાં આવી. 1833ના ઍક્ટ અનુસાર કંપનીએ ભારતમાંની એની બધી જ વ્યક્તિગત મિલકત સરકારને સમર્પિત કરી દીધી અને તાજના ટ્રસ્ટી તરીકે હવે તેની દેખરેખ રાખવા લાગી. કંપનીનું ભારતમાંનું વેપારી સ્વરૂપ સમાપ્ત થઈ ચૂક્યું અને તાજના રાજકીય પ્રતિનિધિ તરીકે કંપની કામ કરવા લાગી. ભારત સરકારનું નવેસરથી ગઠન કરવામાં આવ્યું અને એનું વહીવટી સ્વરૂપ અખિલ ભારતીય બન્યું.

### 5.3.2 આર્થિક નીતિ (Economic Policy)

અંગ્રેજ સરકારે હવે એવી આર્થિક નીતિ અમલી બનાવી જે અન્તર્ગત બહુ ઝડપથી ભારતના અર્થતંત્રમાં પરિવર્તન આવ્યું અને સાંસ્થાનિક આર્થિક નીતિમાં ભારતીય અર્થવ્યવસ્થાનું રૂપ પલટાઈ ગયું તેમ જ એનાં સ્વરૂપ અને માળખું અંગ્રેજોની આવશ્યકતા અનુસાર તૈયાર થયાં. ઈસવીસન 1600 થી 1757 સુધી ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ભૂમિકા એક વેપારી નિગમ તરીકેની રહી હતી, જે અનુસાર જે તૈયાર માલ અને કિંમતી ધાતુઓ કંપની ભારતમાં લાવતી હતી અને બદલામાં કાપડ જેવો ભારતીય માલ તે ઇંગ્લૅન્ડ લઈ જતી હતી. પરન્તુ પ્લાસીના યુદ્ધ પછી કંપનીના વાણિજ્યિક સંબંધોમાં ઘણું ગુણાત્મક પરિવર્તન આવ્યું. હવે પોતાને વેપાર વધારવા સારુ કંપની પોતાના રાજકીય અધિકારોનો ઉપયોગ કરવા લાગી. ભારતને સાંસ્થાનિક રાજ્ય બનાવવામાં ઇંગ્લૅન્ડની ઔદ્યોગિક ક્રાન્તિનો ઘણો મોટો ફાળો હતો. 1793 થી 1813 દરમ્યાન ઇંગ્લૅન્ડના ઉત્પાદકોએ કંપનીના વાણિજ્યિક વિશેષાધિકારો વિરુદ્ધ સઘન ચળવળ ચલાવી અને અંતે કંપનીની ભારતમાંની વેપારી ઇજારાશાહીને નાબૂદ કરવામાં સફળ થયા. અંગ્રેજ ઉદ્યોગપતિઓ ઇચ્છતા હતા કે એમણે ઉત્પાદિત કરેલો માલ ભારતનાં બજારોમાં વેચાય અને સાથોસાથ પોતાના ઉત્પાદન માટે કાચો માલ ભારતથી મળતો રહે.

આ પ્રકારની શોષણ અને ગુલામીની સાંસ્થાનિક વ્યવસ્થાએ ભારતની સામાજિક અને આર્થિક વ્યવસ્થાને સંપૂર્ણ રીતે છિન્નભિન્ન કરી દીધી.

પોતાની સ્થિતિ મજબૂત કરવાના આશયથી પોતાના હસ્તકના પ્રદેશો ઉપર વધારે દબાણ કરવાનો કંપનીએ આરંભ કર્યો, અને પોતાનો પ્રભાવ સુદૃઢ કરવા સારુ કંપનીએ યુદ્ધો અને આક્રમણનો સહારો લીધો. ઇંગ્લૅન્ડમાંના પોતાના શૅર હોલ્ડરોને વધુ વળતર આપવા માટે કંપનીને વધારાનાં નાણાંની જરૂર હતી. ઉપરાંત બ્રિટિશ સરકારને ભેટસોગાદો આપવા તથા પ્રભાવશાળી વ્યક્તિઓને લાંચ આપવા માટેય કંપનીને નાણાંની જરૂર હતી. નિકાસ અધિશેષ ઉપરાંત 1813માં કંપનીએ 'હોમ ચાર્જિસ'ના નામે ભારતનું આર્થિક શોષણ શરૂ કર્યું. આ 'હોમ ચાર્જિસ' અન્તર્ગત અન્ય ખર્ચાઓ ઉપરાંત ભારતીય ઋણ ઉપરના વ્યાજનો પણ સમાવેશ થતો હતો. 1858 સુધીમાં ભારતનું દેવું 6.95 લાખ થયું. સંપત્તિની આ નિકાસના બદલામાં ભારતને ધન કે વસ્તુઓ કશું પણ યોગ્ય માત્રામાં મળતું ન હતું. 1757 થી 1857 દરમ્યાન ભારતીય સંપતિનું શોષણ થયું હતું અને તેનું ઘણું ધન ઇંગ્લૅન્ડ ઘસડાઈ ગયું હતું એનો સ્વીકાર અંગ્રેજ અધિકારીઓએ પણ કર્યો હતો. કોર્ટ ઑફ ડિરેક્ટર્સના નાયબ અધ્યક્ષ લોરેન્સ સુલિવને પણ નોંધ્યું છે કે અમારી વ્યવસ્થા (sponge) જેવી હતી, જે ગંગાતટ પરની બધી સારી વસ્તુઓ ચૂસી લઈને થેમ્સના કિનારે નિચોવતી હતી.

### 5.3.3 જમીન મહેસૂલ નીતિ (Land Revenue Policy)

ભારતના વિવિધ ભૂ-ભાગ ઉપર કબજો જમાવ્યા પછી કંપનીએ મહેસૂલની ઉઘરાણી માટે, સ્થાનિક સ્થિતિ અનુસાર, ઘણા માર્ગો અખત્યાર કર્યા. મહદ્ અંશે તો આ મહેસૂલ જમીન સંબંધિત વિશેષ હતું. ધીરે ધીરે કંપનીને ભારતમાં પ્રચલિત મહેસૂલી પ્રથાની જાણકારી પ્રાપ્ત થતી ગઈ અને જુદા જુદા વિસ્તારો માટે લાંબા ગાળાની નીતિઓ નિર્ણીત કરી. કંપનીનો એક માત્ર ઉદ્દેશ હતો વધુમાં વધુ ધન એકઠું કરવું. આમ કરવામાં એમને ખેડૂત વર્ગ કે અહીંયાં પ્રચલિત પરંપરાઓની પડી ન હતી. દેશના વિભિન્ન ભાગોમાં ત્રણ પ્રકારની વ્યવસ્થા લાગુ કરવામાં આવી : (1) કાયમી જમાબંધી, (2) રૈયતવાળી પદ્ધતિ અને (3) મહાલવારી પદ્ધતિ.

**1. કાયમી જમાબંધી :** 1793માં બંગાળ, બિહાર અને ઓરિસ્સા માટે કાયમી જમાબંધી પદ્ધતિ દાખલ કરવામાં આવી. એની મુખ્ય વિશેષતા આ પ્રમાણેની હતી : (ક) પોતાના હસ્તકની જમીનનો માલિકી હક્ક જમીનદારને મળ્યો અને જમીન મહેસૂલ ઉઘરાવવામાં તે સરકારના એજન્ટ તરીકે કાર્ય કરતો હતો. (ખ) જે જમીન મહેસૂલ જમીનદાર એકઠું કરતો હતો તેના નવ ભાગ સરકારને આપવો પડતો હતો. ફક્ત દશમો ભાગ તે પોતાના મહેનતાણા તરીકે રાખી શકતો. (ગ) જમીનદાર મારફત સરકારને આપવાનું મહસૂલ કાયમી અને નિશ્ચિત હતું. આથી જમીનદારને, પોતાના ક્ષેત્રમાં આવતી, બધી જમીનનો માલિક તેને જાહેર કરવામાં આવ્યો.

કાયમી જમાબંધીએ જમીનદારને ભૂ-પતિ જાહેર કર્યો અને તેથી સમૃદ્ધ જમીનદારોનો એક વર્ગ ઊભો થયો જેમને કેટલાક વિશેષાધિકાર પણ પ્રાપ્ત થયા. જમીનદાર વર્ગના ઉદ્‌ભવનું શ્રેય આમ અંગ્રેજોને ફાળે જાય છે. અને આથી પોતાનાં મૂળભૂત હિતોનાં રક્ષણ માટે આ વર્ગ પોતાની જન્મદાતા અંગ્રેજોને સહકાર આપવા બંધાયેલો હતો. પાછળથી બનારસ અને ઉત્તર મદ્રાસના કેટલાક વિસ્તારોમાં જ આ પ્રથા અમલી બનાવી. આ વ્યવસ્થા લાગુ કરવાથી કંપનીનો ખેડૂતો સાથેનો સંપર્ક નહિવત્ થઈ ગયો. ખેડૂતો હવે જમીનદારોની દયા ઉપર જીવન ગુજારતા હતા. મહેસૂલનું ધોરણ વૈજ્ઞાનિક ન હતું. તે માત્ર કામચલાઉ હતું. ખેડૂતો અને જમીનદારો વચ્ચે ચાલતા આવેલા દીર્ઘકાલના સંબંધો અચાનક બંધ કરી દેવામાં આવ્યા. જમીન મહેસૂલનું ભારણ ઘણું વધારે હતું.

જમીનદારો પણ સમસ્યાઓથી મુક્ત ન હતા. જમીન મહેસૂલ ન ભરી શકવાને કારણે જમીનદારીનું લિલામ થતું હતું. આને લીધે એક નવા વર્ગના લોકો જમીનદાર બનવા લાગ્યા. આ લોકો પરંપરિત જમીનદાર ન હતા પણ તેઓ શહેરી વેપારીઓ, સટોડિયા, શાહુકાર વગેરે હતા. તેમણે જમીનો ખરીદવા માંડી. આ લોકોને જમીનના વિકાસમાં કે ખેડૂતોના કલ્યાણમાં જરા સરખી રુચિ ન હતી. પરિણામે આ

પ્રદેશમાં ખેડૂતોના ઘણા વિદ્રોહ થયા. આમાં મુખ્ય હતા : 1795નો પંચેટ વિદ્રોહ, 1798નો રાયપુર વિદ્રોહ, 1799ના બાલાસોર વિદ્રોહ અને 1799-1800નાં મિદનાપુરની આસપાસનાં ગામોનો વિદ્રોહ.

1762–63માં બંગાળમાંથી ઉઘરાવેલું મહેસૂલ આશરે છ લાખ છેંતાળીસ હજાર રૂપિયાનું હતું પણ 1790 સુધીમાં કંપનીએ છવ્વીસ લાખ એંશી હજાર રૂપિયા ઉઘરાવ્યું. બંગાળ એક સમયે પૂર્વનો અન્નભંડાર કહેવાતો હતો, જે હવે તદ્દન ખાલી (ઉજ્જડ) થઈ ગયો. ભૂખમરો અને દુકાળ, રોગ અને મૃત્યુનું સામ્રાજ્ય સ્થપાયું. હાઉસ ઑફ કૉમન્સની સિલેક્ટ સમિતિએ 1783માં નોંધ્યું છે : દરેક વર્ષે બંગાળમાંથી આશરે એક લાખ રૂપિયા કંપનીની તિજોરીમાં જમા થતાં હતા, જે ચીન મોકલી આપવામાં આવતા હતા. આ બધું ધન ચીનથી સીધું યુરોપના વેપારમાં ઉપયોગ' માટે મોકલાતું હતું. આ ઉપરાંત શાંતિના સમયમાં ભારતમાંના અન્ય પ્રાન્તોને નિયમિત રીતે બંગાળી બચત પહોંચાડવામાં આવતી હતી, કેમ કે આ પ્રાન્તો સ્વયમ્ બોજ ઉઠાવવા અસમર્થ હતા.

**(2) રૈયતવારી પદ્ધતિ :** ઓગણીસમી સદીના પ્રારંભમાં મુંબઈ અને મદ્રાસ પ્રાન્તોમાં કેટલાક વિસ્તારોમાં લાગુ કરાયેલી રૈયતવાળી પદ્ધતિ અનુસાર જમીન ખેડનારને એ જમીનનો માલિક બનાવવામાં આવ્યો અને શરત એટલી કે તેણે જમીન મહેસૂલ ચૂકવવું. અહીં અંગ્રેજોએ તે મિરાસદારો (ગ્રામીણ સમુદાયના સભ્યો) અને ખેડૂતોને પણ માન્યતા બક્ષી જેઓ સીધા રાજ્યને મહેસૂલ ચૂકવતા હતા. આ મિરાસદારો નાના જમીનદારો બની ગયા. પરન્તુ આ પ્રથાથી જમીનનો જે માલિકી હક્ક મળતો હતો તેથી ખાસ લાભ થતો ન હતો જેનાં ત્રણ કારણો હતાં : (1) જમીનનું અકલ્પનીય મહેસૂલ. (2) જમીન મહેસૂલમાં સરકાર ઇચ્છે ત્યારે અને સમયે વધારો કરવાનો હક્ક ધરાવતું હતું. (3) કોઈ પણ સ્થિતિમાં અર્થાત્ એની ઊપજ આંશિક કે પૂર્ણપણે નાશ પામે તો પણ રૈયતે જમીન મહેસૂલ તો આપવું પડતું હતું. ગોચર અને પડતર જમીન, જે ગ્રામીણ સમુદાયો હસ્તક હતી, ઉપર રાજ્યનો અધિકાર પ્રસ્થાપિત થયો. જમીનનું મહેસૂલ પણ ખૂબ વધ્યું.

**(3) મહાલવારી પદ્ધતિ :** જમીનદારી પ્રથાનું સુધારેલું સ્વરૂપ એટલે આ પદ્ધતિ. આ વ્યવસ્થાનો અમલ ગંગાતટ વિસ્તારોમાં, ઉત્તર-પશ્ચિમ પ્રાન્તોમાં, પંજાબમાં અને મધ્ય ભારતના કેટલાક પ્રદેશોમાં થયો હતો. આ પદ્ધતિ અનુસાર પ્રત્યેક ગામ માટે અલગ અલગ વ્યવસ્થા હતી. જમીનદારો અથવા જમીનદાર હોવાનો દાવો કરતાં કુટુંબોના વડા સાથે આ વ્યવસ્થા કરવામાં આવતી હતી. અંગ્રેજોએ પરંપરાથી ચાલી આવતી જમીનવ્યવસ્થા અંગે મૂળભૂત ફેરફારો હાથ ધર્યા. આને પરિણામે ભારતીય ગામોની સ્થિરતા, સ્વાયત્તતા અને સાતત્ય છિન્નભિન્ન પરિસ્થિતિમાં પહોંચ્યાં.

### 5.3.4 ન્યાય વ્યવસ્થા (Judicial System)

આરંભના સનદીધારાઓમાં કંપનીને જરૂરી કાનૂન બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો હતો તેમ જ સાંવિધાનિક આદેશ કે વટહુકમ પણ જાહેર કરી શકતી હતી. તથા કેટલીક મર્યાદામાં રહીને પોતાના કર્મચારીઓને ગુના સબળ શિક્ષા પણ કરી શકતી હતી. આ બધું છતાં કંપનીને ભૂમિ સંબંધી કોઈ જ અધિકાર આપવામાં આવ્યો ન હતો. 1661માં ચાર્લ્સ બીજાએ પ્રત્યેક ફૅક્ટરીના કારખાનાના ગવર્નરને અને કાઉન્સિલને ફક્ત કંપનીના કર્મચારીઓ ઉપર જ નહીં પણ કંપનીની હકૂમત હેઠળના બધા લોકોના ફોજદારી અને દીવાની મુકદ્દમા ચલાવવાનો અધિકાર આપ્યો.

આમ, દીવાની અધિકાર મેળવ્યા પછી કંપની કેટલીક હદ સુધી દીવાની ન્યાય આપવા અંગેની જવાબદારી ભોગવતી હતી. ફોજદારી ગુનાઓમાં ઇસ્લામી કાનૂનનો આધાર લેવાતો હતો, પરન્તુ દીવાની મુકદ્દમાઓમાં વિભિન્ન સમુદાયોના વ્યક્તિગત કાનૂન આધારે ફેંસલો થતો હતો. દીવાની બાબતોમાં અપીલ સદર દીવાની અદાલતમાં કરાતી હતી, જે વાસ્તવમાં પ્રેસિડેન્ટ કે કાઉન્સિલના સભ્યોને જ થતી હતી. જ્યારે ફોજદારી મુકદ્દમાની અપીલ નિજામત અદાલતમાં કરાતી હતી. આ અદાલત નવાબને હસ્તક હતી.

તોપણ ન્યાયતંત્રના વહીવટને સંગઠિત સ્વરૂપ આપવામાં સૌ પ્રથમ સઘન પગલાં વૉરન હેસ્ટિંગ્સે લીધાં હતાં. તેણે સહુ પ્રથમ વખત જિલ્લાને ન્યાયતંત્રના વહીવટનું એકમ બનાવ્યું. દરેક જિલ્લામાં એક એક દીવાની અને ફોજદારી અદાલતો સ્થાપવામાં આવી. દરેક જિલ્લામાં દીવાની અદાલતમાં ક્લેક્ટર કાર્યવાહી સંભાળતો હતો. અર્થાત્ કલેક્ટર દીવાની અદાલતનો ન્યાયાધીશ હતો, જ્યારે જિલ્લાની ફોજદારી અદાલતમાં એક ભારતીય અધિકારી બે મૌલવીઓના સાથમાં કાર્યભાર સંભાળતો હતો. જિલ્લા અદાલતો ઉપર અપીલની અદાલત હતી જે કલકત્તામાં હતી. સદર દીવાની અદાલતમાં ગવર્નર અને કાઉન્સિલના બે સભ્યો બેસતા હતા અને એમને નાણાં વિભાગના દીવાન તથા પ્રમુખ કાનૂની સહાય કરતા હતા. સદર નિઝામત અદાલતના અધ્યક્ષસ્થાને નવાબનો પ્રતિનિધિ હતો અને એને સહાયતા કરવામાં એક મુસ્લિમ અધિકારી અને મૌલવીનો સમાવેશ થતો હતો.

1773માં રેગ્યુલેટિંગ ઍક્ટ અનુસાર બંગાળમાં સર્વોચ્ચ અદાલતની સ્થાપના કરવામાં આવી જે બ્રિટિશ તાજને આધીન હતી. સર્વોચ્ચ અદાલતની સ્થાપનાને પરિણામે બે વિરોધી ન્યાયિક સત્તાઓ અસ્તિત્વમાં આવી : સર્વોચ્ચ અદાલત અને સદર દીવાની અદાલત. આનો એક હંગામી ઉકેલ લાવવામાં આવ્યો કે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશને સદર દીવાની અદાલતના પ્રમુખ તરીકે નીમવામાં આવ્યા.

1790માં ફોજદારી મુકદ્દમાઓની અપીલ ગવર્નર જનરલ અને કાઉન્સિલની હકૂમત હેઠળ લઈ જવામાં આવી. ગવર્નર જનરલ અને એની કાઉન્સિલને મદદ કરવા માટે મુખ્ય કાઝી અને બે મુફતિઓ નક્કી કરવામાં આવ્યા. આ કોર્નવોલિસની સામાન્ય નીતિનો એક ભાગ હતો, જે અનુસાર સરકારમાંની ઊંચી જગ્યાઓ ઉપરથી ભારતીયોને હઠાવી યુરોપિયનોને નીમવામાં આવતા હતા. અંગ્રેજ જજોની હકૂમત હેઠળ કૉર્નવેલિસે જિલ્લા અદાલતોની સ્થાપના કરી. તેણે દીવાની જજ અને કલેક્ટરની જગ્યાઓને છૂટી પાડી. આ બન્નેની અદાલતોના નિર્ણયની વિરુદ્ધ અપીલ કરવા માટે કલકત્તા, ઢાકા, પટણા અને મુરશીદાબાદના ચાર અપીલ અદાલતોની સ્થાપના કરી. જિલ્લા અદાલતો હેઠળ રજિસ્ટ્રાર અદાલતો કામ કરતી હતી. રજિસ્ટ્રારની અદાલતોના વડા તરીકે યુરોપિયન કામ કરતા હતા. જ્યારે એને અધીન નાની અદાલતો હતી જેના પ્રમુખ તરીકે ભારતીયો હતા જેઓ મુનસફ અને અમીન તરીકે ઓળખાતા હતા.

> કૉર્નવેલિસે વહીવટી વ્યવસ્થાનું એક એવું માળખું તૈયાર કર્યું જે આવનારાં સો વર્ષો સુધી ભારતીય શાસન વ્યવસ્થાનો આધાર બની રહ્યું. ભારતમાં વિદેશી શાસનને ચાલુ રાખવું અને દેશની સંપત્તિનું દોહન કરવું એ મુખ્ય હેતુ કૉર્નવેલિસના વહીવટી સુધારા પાછળ હતો.

1801માં ગવર્નર જનરલ અને કાઉન્સિલનો ન્યાયિક સત્તાધિકાર સમાપ્ત થઈ ગયો. તેને બદલે સદર દીવાની અદાલત અથવા દીવાની અપીલ અદાલતની સ્થાપના કરવામાં આવી અને તે માટે ત્રણ ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી. તાજની હકૂમત હેઠળની અદાલતો અને જમીનદારી અદાલતોની બેવડી નીતિનો 1861માં ત્યારે અંત આવ્યો કે જ્યારે 'ઇન્ડિયન હાઈકોર્ટ ઍક્ટ' દ્વારા કલકત્તા, મદ્રાસ, અને મુંબઈમાં વડી અદાલતો સ્થાપવામાં આવી અને આ અદાલતોએ સર્વોચ્ચ અદાલત અને સદર અદાલતોનું સ્થાન લઈ લીધું.

આ નવી ન્યાયિક પદ્ધતિનાં મુખ્ય લક્ષણોમાં કાયદાનું શાસન, કાયદા સમક્ષ સમાનતા, પ્રત્યેક વ્યક્તિને પોતાના કાનૂનાનુસાર ન્યાય મેળવવાનો હક અને કાર્યદક્ષ અને તાલીમી શ્રેણીબદ્ધ ન્યાયિક વ્યવસ્થાનો વિકાસ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

છતાં પણ, આ નવી ન્યાયિક પદ્ધતિ કેટલીક ગંભીર નબળાઈઓથી મુક્ત ન હતી. ફોજદારી બાબતોમાં યુરોપિયનો માટે અલગ અદાલતો અને અલગ કાનૂન હતા. આ મુકદ્દમા પણ યુરોપીય ન્યાયાધીશો જે ચલાવતા હતા, જેઓ જરૂર જણાયે બિનજરૂરી પક્ષપાતી વલણ અખત્યાર કરતા હતા. દીવાની બાબતોમાં પરિસ્થિતિ ઘણી ગંભીર હતી. અદાલતો દૂર દૂરનાં સ્થળોએ હતી, ન્યાયની પ્રક્રિયા વિલંબિત હતી અને સમય ઘણો પસાર થઈ જતો હતો. ન્યાય ઘણો મોંઘો હતો. ગ્રામીણ બાબતો સંદર્ભે ગ્રામસમિતિઓ અને ગ્રામપંચાયતોએ પોતાનું મહત્ત્વ ગુમાવ્યું હતું.

### 5.3.5 અંગ્રેજ વહીવટનો પ્રભાવ (Impact of British Administration)

અંગ્રેજ વહીવટના કેટલાક દેખીતા લાભ હતા : (1) આથી કાનૂન અને વ્યવસ્થાની સ્થાપના થઈ. (2) સ્વતંત્રતાના વિચારોમાં વિશ્વાસ બેઠો. (3) આધુનિકીકરણની પ્રક્રિયાનો આરંભ થયો. કાયદાની એક સમાન વ્યવસ્થા અને એકસરખી સરકારી અદાલતોને કારણે દેશની એકતામાં વધારો થયો. છતાં પણ વહીવટમાં વિલંબ અને એના વ્યક્તિ નિરક્ષેપ સ્વરૂપને 'કારણે એક સાથે' આ વ્યવસ્થામાં ગુણ અને દોષ બંને બાબતો જોવા મળતી હતી. આની નબળાઈ એ હતી કે આ વ્યવસ્થામાં લોકોની લાગણીઓ પ્રત્યે સંવેદનશીલતાનો અભાવ હતો.

બ્રિટિશ વહીવટી નીતિઓનાં કેટલાંક મુખ્ય પરિણામ જોવા મળે છે : (1) સ્થાનિક સ્વાયત્ત શાસનનો નાશ થયો. (2) વહીવટમાંની ઊંચી જગ્યાઓથી ભારતીયોને વંચિત રાખવામાં આવ્યા. (3) ભારતીય અર્થવ્યવસ્થાને અંગ્રેજી હિતોને અધીન બનાવી દેવાનાં ઘણાં દુષ્પરિણામ આવ્યાં. દા.ત. હસ્તકલાકારો અને કારીગરો બરબાદ બન્યા. ખેડૂતો વધુ ગરીબ બન્યા. જૂની જમીનદારી પ્રથાનો અંત આવ્યો. નવા જમીન માલિકોનો ઉદ્ભવ થયો. ખેતીમાં સ્થગિતતા આવી અને અંતે પડતી ચાલુ રહી.

અંગ્રેજી નીતિઓને પરિણામે ભારતીયોમાં જે અસંતોષ અને આક્રોશ પ્રજ્વલિત થઈ રહ્યો હતો તેને લીધે અઢારસો સત્તાવનનો વિપ્લવ ઉદ્ભવ્યો.

**તમારી પ્રગતિ ચકાસો-ક**

નોંધ : 1. દરેક પ્રશ્નના ઉત્તર લખો, આશરે પચાસ શબ્દોમાં.
2. તમારા ઉત્તરો એકમના અંતે આપેલા જવાબમાંથી ચકાસો.

1. કંપનીનું કાર્યક્ષેત્ર કઈ વિભિન્ન પ્રક્રિયાઓથી વધ્યું ?
2. ભારતીય બાબતોને નિયંત્રિત કરવા સારું બ્રિટિશ પાર્લમેન્ટે કયો ઍક્ટ સહુ પ્રથમ ઘોષિત કર્યો ?
3. કાયમી જમાબંધીની ત્રણ મહત્ત્વની વિશેષતા લખો.
   (1)
   (2)
   (3)
4. નવી ન્યાયિક પદ્ધતિની ત્રણ મહત્ત્વની સિદ્ધિઓ અને ત્રણ ક્ષતિઓ વિશે લખો.

## 5.4. 1857 પછીની વહીવટી વ્યવસ્થા (Administrative System After 1857)

કંપનીની આર્થિક અને વહીવટી નીતિઓને પરિણામે ભારતીય સમાજના બધા વર્ગોમાં વ્યાપક અસંતોષ ભભૂકી ઊઠ્યો. અન્ય કેટલાંક પરિબળોના સાથમાં આ અસંતોષની અત્રે 1857ના સંગ્રામને જન્મ આપ્યો. (એકમ 4માં તમે આ વિશે માહિતી મેળવી લીધી). અઢારસો સત્તાવનના સંગ્રામથી ઈસ્ટ ઇન્ડિયા કંપની ધ્રૂજી ઊઠી. બ્રિટિશ સરકાર પણ ભયભીત થઈ. બ્રિટનના રાજકીય ક્ષેત્રના સહુ વિચારકો એકમતના હતા કે ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી ભારતીય વહીવટ છીનવી લઈને બ્રિટિશ સરકારે પ્રત્યક્ષ રીતે તે વહીવટની જવાબદારી સંભાળવી જોઈએ. આથી અઢારસો અઠ્ઠાવનના રાણીના ઢંઢેરા દ્વારા બ્રિટિશ તાજે ભારતીય વહીવટને પોતાની સીધી હકૂમત હેઠળ લઈ લીધો.

### 5.4.1 નવું વહીવટી માળખું (The New Administrative Set up)

અઢારસો અઠ્ઠાવનના અધિનિયમ હેઠળ ઇંગ્લૅન્ડમાં હિંદી વજીર દ્વારા બ્રિટનની રાણીના નામે પ્રત્યક્ષ રીતે ભારતીય વહીવટ ચલાવવાનો હતો. હિંદી વજીરને સહાય કરવા પંદર સભ્યોની સમિતિની રચના કરવામાં આવી. પંદરમાંથી ઓછામાં ઓછા નવ સભ્યો એવા હોવા જોઈએ કે જેમણે ભારતમાં દશ વર્ષથી વધુ સમય માટે સેવાઓ આપી હોય; એટલું જ નહીં પણ સમિતિમાં એમની નિયુક્તિના દશ વર્ષ પહેલાં ભારત છોડ્યું ના હોય.

જોકે ભારતનો કેન્દ્રીય વહીવટ તો ગવર્નર જનરલના હાથમાં જ ચાલુ રહ્યો. હવે ગવર્નર જનરલ વાઇસરૉયના નામથી ઓળખાયો. ગવર્નર જનરલને મદદ કરવા સારુ એક કારોબારી સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિના સભ્યો વિવિધ ખાતાના વડા તરીકે કામ કરતા અને ગવર્નર જનરલના સલાહકાર તરીકે કાર્યરત હતા.

1861ના ઇન્ડિયન કાઉન્સિલ ઍક્ટ અન્વયે ગવર્નર જનરલને સહાય કરતી કારોબારી સમિતિને વિસ્તૃત કરવામાં આવી અને છ સભ્યોને સ્થાને બાર સભ્યોની નિમણૂક થઈ. આ વિસ્તૃતીકરણનો હેતુ આ સમિતિને વૈધાનિક અધિકાર સુપરત કરવાનો હતો. અને આ સ્વરૂપે આ સમિતિ હવે 'ઇમ્પિરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ'ના નામથી ઓળખાઈ. કાયદાના નિર્માણ માટે આ સમિતિ ભારતીયોના સહયોગ લેતી હતી.

1885માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના પછી વહીવટમાં ઘણા બધા ફેરફારોની માગણી કૉંગ્રેસે સરકાર સમક્ષ રજૂ કરી. પરિણામે 1892નો ઍક્ટ પસાર કરવામાં આવ્યો. આ ઍક્ટ અનુસાર સમિતિની સંખ્યા 10 થી વધારીને 16 કરવામાં આવી. ઍક્ટથી સમિતિને વાર્ષિક નાણાકીય વિવરણ વિશે ચર્ચા કરવાની સત્તા આપવામાં આવી. જોકે બજેટમાંના મુદ્દાઓ વિશે મત આપવાનો સમિતિને અધિકાર ન હતો; પણ સરકારની નીતિઓ વિશે ખુલ્લી રીતે ટીકાટિપ્પણી કરી શક્તિ હતી.

ભારત માટેના ઇંગ્લૅન્ડમાંના હિંદી વજીરની સત્તામાં અને દેખરેખની ભૂમિકામાં એક તરફ વધારો થયો તો બીજી તરફ બ્રિટનની સરકારની તુલનામાં ગવર્નર જનરલની સત્તામાં ઘટાડો થયો. બૉર્ડ ઑફ કન્ટ્રોલના પ્રમુખ અને કંપનીના ડાઇરેક્ટરોની બેવડી સત્તા નિર્મૂળ કરવામાં આવી, અને સંપૂર્ણ સત્તા હિંદી વજીરને હસ્તક રહી. ગવર્નર જનરલને પ્રાપ્ત નાણાકીય સત્તાને કારણે તેઓ ભારત સરકારના ખર્ચની તપાસ કરી શકતા અને નિયંત્રણ પણ મૂકી શકતા. 1877ના 'રૉયલ ટાઈટલ્સ ઍક્ટ' દ્વારા હિંદી વજીરની સરખામણીમાં ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલ-સમિતિની ઘટતી સત્તા સાબિત થઈ.

જેમ જેમ હિંદી વજીરની સત્તામાં વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ તેમની સત્તા ઉપરનાં નિયંત્રણો પણ નબળાં પડતાં ગયાં. ઇન્ડિયન કાઉન્સિલનું કાર્ય હવે ફક્ત સલાહકારની કક્ષાનું રહ્યું. હકીકતમાં હિંદી વજીરને 'મહાન મુગલ બાદશાહ' તરીકે માન આપવા માંડ્યું.

જ્યારે ભારતના વાઇસરૉય લૉર્ડ મેયાએ એની કારોબારી સમિતિની સત્તાનો દાવો આગળ ધર્યો ત્યારે તેમને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું : ''સિદ્ધાન્ત અથવા નિયમ એવો છે કે ભારતીય બાબત અંગેનો અંતિમ નિર્ણય અને દોરવણી કરવાની સત્તા બ્રિટિશ સરકારના હાથમાં છે અને નહીં કે રાણી દ્વારા સંસદીય કાનૂનના આધારે નિયુક્ત કરાયેલી અને પ્રસ્થાપિત થયેલી કોઈ સમિતિના હાથમાં.''

કેટલાંક કારણોને લીધે આમ સંભવિત બન્યું : 1870માં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે સીધી તારવ્યવસ્થા કરવામાં આવી. બીજું સુએઝ કેનાલના ઉપયોગનો પ્રારંભ થયો અને તેને પરિણામે બન્ને દેશો વચ્ચેનું ભૌગોલિક અંતર ઓછું થયું. વરાળયંત્રોથી ચાલતાં વહાણોએ એમાં મદદ કરી. આને લીધે બંને દેશો વચ્ચેનો વ્યવહાર ઝડપી અને સરળ બન્યો.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અસ્ત પછી ભારતના વહીવટ ઉપરનું નિયંત્રણ તાજની સરકારે વધુ મજબૂત બનાવવાનો પ્રારંભ કર્યો. હકીકતમાં, સમય ભારતમાં અંગ્રેજી સામ્રાજ્યવાદના વિસ્તારનો સમય હતો.

### 5.4.2 વહીવટી વિકેન્દ્રીકરણ (Administrative Decentralisation)

1861ના કાનૂન દ્વારા વહીવટના વિકેન્દ્રીકરણની દિશામાં પહેલું પગલું ભરવામાં આવ્યું. આ અધિનિયમ મારફતે મુંબઈ અને મદ્રાસ ઇલાકાને વધુ વૈધાનિક સત્તા આપવામાં આવી. પરન્તુ ઍક્ટ પસાર કરવા માટે તેમણે ગવર્નર જનરલ પાસેથી અનુમતિ મેળવવી પડતી હતી. 1870માં લૉર્ડ મેયોએ સહુ પ્રથમ વખત પોલીસ, જેલ, શિક્ષણ, આરોગ્ય સેવાઓ વગેરે માટે ઇચ્છાનુસાર ખર્ચ કરવા સારુ ઇલાકાઓને નિશ્ચિત નાણાકીય સહાયનું અનુદાન આપ્યું. 1877માં લૉર્ડ લીટન તરફથી વધુ નાણાકીય (આર્થિક) સ્વતંત્રતા આપવામાં આવી : દા.ત. જમીન મહેસૂલ, આબકારી જકાત, સામાન્ય વહીવટ વગેરે સારુ કેટલીક આર્થિક છૂટછાટ ઇલાકાઓને આપી. 1822માં ઇલાકાઓને આપવામાં આવતી કેટલીક નિશ્ચિત આર્થિક સહાયની પદ્ધતિને રદ કરવામાં આવી. આને બદલે ઇલાકાઓને એવી તાકીદ કરવામાં આવી કે પ્રાન્તીય કરવેરામાંથી નિશ્ચિત આવક ઊભી કરી. આ વ્યવસ્થા અનુસાર મહેસૂલમાંની કેટલીક આવક પૂર્ણતયા, તો થોડીક આંશિક પ્રાંતોને આપવાની અને કેટલીક કેન્દ્ર માટે અનામત રાખવાની જોગવાઈ થઈ. યુદ્ધ અને દુકાળ માટે ખર્ચની જવાબદારી કેન્દ્ર સરકાર પાસે હતી. આ વ્યવસ્થા 1902 સુધી ચાલુ રહી.

**સ્થાનિક સંસ્થાઓ :**

નાણાકીય પ્રશ્નોને પરિણામે સરકારે વહીવટનું વધુ વિકેન્દ્રીકરણ કર્યું અને મ્યુનિસિપાલિટી અને જિલ્લા સમિતિઓનું કાર્યક્ષેત્ર વિસ્તારાયું. 1864માં આ પ્રક્રિયા શરૂ થઈ. પ્રારંભનાં વર્ષોમાં સમિતિઓના મોટા ભાગના સભ્યોની નિમણૂક કરવામાં આવતી હતી. આ સમિતિઓના પ્રમુખસ્થાને જિલ્લા ન્યાયાધીશો હતા. પોતાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારો માટેના ખર્ચની જોગવાઈ માટે મહેસૂલી વ્યવસ્થા કરવી પડતી હતી.

1882માં પરિસ્થિતિમાં સુધારો થયો. હવે સમગ્ર દેશમાં સ્થાનિક સંસ્થાઓનો વિકાસ હાથ ધરાયો. પહેલાં ફક્ત શહેરોમાં તેનો વિકાસ થતો હતો. આ સંસ્થાઓને નિશ્ચિત ફરજો સોંપવામાં આવી. આ માટે એમને નિશ્ચિત આર્થિક સહાય પૂરી પડાતી હતી. હવે નિમાયેલા સભ્યોનું સ્થાન મહદ્ અંશે ચૂંટાયેલા સભ્યોએ લીધું. હવે સરકારી સભ્યોની સંખ્યા માત્ર ત્રીજા ભાગની રહી. શહેરી સંસ્થાઓને સ્વતંત્રતા આપી. બિનસરકારી સભ્યોને પણ સમિતિઓના અધ્યક્ષસ્થાને બેસવાની છૂટ આપી. પરન્તુ આ સંસ્થાઓ ઉપર સરકારી નિયંત્રણ પૂરેપૂરુ હતું. મત આપવાનો અધિકાર સીમિત હતો. બિનસરકારી સભ્યો બહુ ઓછી સત્તા ભોગવતા હતા. બિપિનચંદ્રે નોંધ્યું છે તે મુજબ 'મુંબઈ, મદ્રાસ અને કલકત્તા જેવાં ઇલાકોનાં મુખ્ય મથકોને છોડીને સ્થાનિક સંસ્થાઓ સરકારી ખાતાઓની જેમ જ કાર્ય કરતી હતી. આથી આ સંસ્થાઓને સ્થાનિક સ્વાયત્તતાની સારા દૃષ્ટાન્ત તરીકે રજૂ કરી શકાય નહીં.'

### 5.4.3 આર્થિક નીતિ (Economic Policy)

અંગ્રેજોએ ભારતનું આર્થિક શોષણ ચાલુ રાખ્યું. જે ધન પહેલાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના લંડન સ્થિત કાર્યાલય માટે ખર્ચાતું હતું તેમ જ એના શૅરહોલ્ડરોને ડિવિડંડ રૂપે જે નાણાં અપાતાં હતાં તે બધો ખર્ચ હવે 1858 પછી હિંદી વજીરની ઇન્ડિયા ઑફિસ માટે થતો હતો. કંપનીનાં લશ્કરી સાહસો અને વિદ્રોહને દબાવી દેવાના પરિણામે લંડનમાં પહેલેથી ભારતીય દેવાની માત્રા ઘણી ઊંચી હતી. પરંતુ હવે તે દેવું ઘણું વધી ગયું; ખાસ કરીને જ્યારે કંપનીના શૅરહોલ્ડરોને વળતર રૂપે અપાતું ધન (ખર્ચ)ની રકમ પણ ભારત સરકારના ખાતામાં નાખવામાં આવી. ઉપરાંત હોમ ચાર્જિસ અન્તર્ગત થતો ખર્ચ, બ્રિટિશ ભારતીય અધિકારીઓને અપાતા પેન્શનની રકમ, લશ્કરને તાલીમ આપવાનો ખર્ચ વગેરેનો પણ સમાવેશ થતો હતો. 1901માં હોમ ચાર્જિસની રકમ 173 લાખ ડૉલર થઈ હતી.

દાદાભાઈ નવરોજી અને અનુકાલીન અર્થશાસ્ત્રીઓએ ધ્યાન ખેંચ્યું છે તે મુજબ હોમ ચાર્જિસ અને ખાનગી ભરણું ભારતીય નિકાસ મારફતે સરભર થતું હતું. પહેલાં આર્થિક શોષણ સરકારપ્રેરિત વ્યાપારવાદી થતું; હવે તે મુક્ત વ્યાપારના માધ્યમથી થવા માંડ્યું. પછીના સમયે એને (શોષણને) બ્રિટિશ ભારતીય મૂડીવાદી અર્થશાસ્ત્રના માળખા સાથે સાંકળવામાં આવ્યું. હકીકતમાં, ઓગણીસમી સદીના અંત સુધીમાં ભારતની વધારાની નિકાસ બ્રિટિશ ખર્ચના સમતોલ માટે અનિવાર્ય બની હતી. 19મી સદીમાં યુરોપમાં વિકસી રહેલા મૂડીવાદી અર્થતંત્રે જકાતની દીવાલો ઘણી ઊંચી બનાવી દીધી. બ્રિટન માટે પોતાના માલની નિકાસ સારુ બજારો શોધવામાં મુશ્કેલી શરૂ થઈ. ભારતમાં મુક્ત વેપારનો અર્થ એવો થતો હતો કે લૅંકેશાયરમાં ઉત્પાદિત કાપડને ભારતમાં વહેંચવા માટેનું તૈયાર બજાર; જ્યારે ભારતની વધારાની નિકાસથી બ્રિટિશ ખોટને પૂરી કરાતી હતી. ઉપરાંત ભારતીય સામ્રાજ્યથી બ્રિટનને સૈન્ય અને યુદ્ધ વ્યૂહરચના સંબંધિત કેટલાક લાભ તો મળતા હતા, સાથોસાથ તેને આર્થિક લાભ પણ થતો હતો.

અંગ્રેજ સરકારે અનેક પ્રકારનાં માળખાકીય બંધનો દ્વારા ભારતીય ઉદ્યોગોના વિકાસને અટકાવી દીધો. સરકારી નીતિએ સક્રિય રીતે યુરોપીય સાહસોને પ્રોત્સાહિત કર્યા અને ભારતીયો સાથે ભેદભાવપૂર્ણ વર્તન જારી રાખ્યું. બંદરી વેપારને પ્રોત્સાહિત કરવાના એકમાત્ર આશયથી જ રેલવે અને જહાજી ભાડાના દર નક્કી કરાયા હતા, જે દેશનાં આંતરિક વેપારી કેન્દ્રોને અનુકૂળ ન હતા. સંગઠિત નાણાં બજાર પણ

અંગ્રેજો હસ્તક હતું. આમાં અપવાદ ફક્ત પંજાબ નેશનલ બૅંક અને બૅંક ઑફ ઇન્ડિયા પૂરતો હતો. મોટા ભાગનો વિદેશી વેપાર અંગ્રેજોના કડક નિયંત્રણ હેઠળ હતો; કેમ કે વિનિમય બૅંકો, આયાત-નિકાસની સંસ્થાઓ અને જહાજી પ્રવૃત્તિ અંગ્રેજોના હાથમાં હતાં.

અંગ્રેજો પોતાની આ નીતિને યોગ્ય ઠરાવતા હતા. આના સંદર્ભે એમનું કહેવું હતું કે દેશમાંની રેલવે, ચા-ગળી-કૉફીના બગીચાઓ, ખાણો મિલો વગેરેમાં એમણે મૂડીનું રોકાણ કર્યું છે.એમનો એવો દાવો પણ હતો કે આને પરિણામે ભારતને વિકાસ અને આધુનિકીકરણના પંથે લઈ જઈ શકાશે. પરન્તુ હકીકતો એ હતી કે પોતાની વેપાર વિષયક અને વ્યૂહાત્મક આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને એમણે રેલવે સ્થાપી હતી, જ્યારે ગળી-ચાના બગીચાઓ, ખાણો અને મિલો અંગ્રેજોની નાણાકીય, વ્યાપારિક અને ઔદ્યોગિક ગતિવિધિઓ (પ્રવૃત્તિઓ)ને અરસપરસ સહાયરૂપ હતી. આ બધાં ભારતના મૂડીવાદી શોષણનાં બ્રિટિશ સાધનો હતાં.

જમીન મહેસૂલ અને વાણિજ્યની નીતિઓ એકબીજા સાથે સંકળાયેલી હતી. સરકારે લાંબા સમય સુધી ખેતીમાં સુધારા કરવાની દિશામાં કોઈ ખાસ પ્રયત્ન કર્યો ન હતો. આ દિશામાં એકમાત્ર જો કોઈ સરકારી પ્રયત્ન હોય તો તે હતો 1870થી તગાવીના રૂપે કહેવાતું ધિરાણ આપવાનું કાર્ય. ઉપરાંત પંજાબ, પશ્ચિમી સંયુક્ત પ્રાન્ત અને મદ્રાસ ઇલાકાના કેટલાક વિસ્તારમાંથી પસાર થતી સિંચાઈની વ્યવસ્થા કરવાનું કાર્ય હતું. હકીકતમાં સાંસ્થાનિક ઢાંચાએ આપણા દેશને અંદરથી ખોખલો બનાવી દીધો. દા.ત. 1870થી 1890 દરમ્યાન દેશે અનુભવેલા દુકાળ.

## 5.4.4 લશ્કરી સંગઠન (Organisation of the Army)

અઢારસો સત્તાવનના વિપ્લવને ધ્યાનમાં રાખીને 1861માં લશ્કરી સંગઠનના ક્ષેત્રે ઘણા મહત્ત્વના ફેરફારો અમલી બનાવ્યા. ભારતનો વહીવટ તાજને હસ્તક જવા સાથે કંપનીની સેનાને પણ ઇંગ્લૅન્ડની સેના સાથે ભેળવી દેવામાં આવી. લશ્કરનું પુનર્ગઠન કરતી વખતે અંગ્રેજોએ એ બાબતે ખાસ ધ્યાન આપ્યું કે અઢારસો સત્તાવનની ઘટના ફરીથી થાય નહીં. આ માટે જે પગલાં લીધાં તે આ મુજબ છે :

(1) લશ્કરમાં યુરોપિયનોની સંખ્યા વધારવામાં આવી. (દા.ત. 1857માં ચાળીસ હજાર યુરોપિયનો હતા અને સાડી એકવીસ હજાર ભારતીયો હતા.) બંગાળ માટે હવે આ ગુણોત્તર 1.2 નો અને મદ્રાસ અને મુંબઈમાં તેનું પ્રમાણ 2.5 રાખવામાં આવ્યું.

(2) લશ્કરના મહત્ત્વનાં અંગો (દા.ત. તોપખાનું વગેરે)માં ભારતીય સૈનિકોની સંખ્યા નામ માત્રની હતી. પછીના સમયે આ જ નીતિ ટેંકો અને બખ્તરબંદ ગાડીઓના ક્ષેત્રમાં પણ લાગુ કરવામાં આવી.

(3) 'લડાયક' અને 'બિનલડાયક' નીતિઓમાં ભેદ કરવામાં આવ્યો હતો. દા.ત. લડાયક જાતિઓમાંથી મોટા પ્રમાણમાં ભરતી કરવામાં આવતી હતી. 1857ના સંગ્રામમાં જોડાનાર બિહાર અવધ, બંગાળ અને દક્ષિણ ભારતના સૈનિકોને બિનલડાયક જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે આ વખતે અંગ્રેજોને મદદ કરનાર શીખો, ગુરખા અને પઠાણને લડાયક જાતિ તરીકે જાહેર કરાયા.

(4) સૈનિકોમાં આંતરિક ભેદભાવ ઊભો કરવા માટે જાતિ અને જ્ઞાતિને ધ્યાનમાં રાખીને અલગ અલગ કંપનીઓમાં મૂકવામાં આવ્યા.

(5) સૈનિકોમાં પ્રાદેશિક વફાદારી પ્રગટાવવાના પ્રયાસો કરાયા હતા જેથી તેઓ રાષ્ટ્રીય પ્રશ્નો બાબતે એકત્રિત થઈ શકે નહિ. પરિણામે સેનામાં એકતાની ભાવના જોખમાઈ. ભારત બહાર સામ્રાજ્યવાદી હેતુસર જ્યાં અંગ્રેજોને લાભ દેખાતો હતો એવાં સ્થાનો ઉપર ભારતીય સૈનિકોનો ઉપયોગ કરવામાં આવતો હતો.

## 5.4.5 વહીવટી સેવાઓ (Civil Services)

કોર્નવેલિસે સહેતુક ભારતીયોને અંગ્રેજોની તુલનાએ નીચો દરજ્જો આપ્યો હતો. 1833ના 'ચાર્ટર ઍક્ટ' તથા રાણીના ઢંઢેરાની જાહેરાત છતાં ભારતીયોની આ સ્થિતિમાં કોઈ ફેર ના પડ્યો. ઊંચી કક્ષાની એટલે કે ઊંચા વેતનવાળી બધી જગ્યાઓ યુરોપિયનો માટે અનામત રખાઈ હતી. ભારતીય વહીવટી સેવાઓ માટે જરૂરી અધિકારીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ મારફતે પસંદ કરવામાં આવતા હતા. ભારતીયો માટેનાં દ્વાર ખુલ્લાં હોવા છતાંય ક્યારેક એક અથવા બેથી વધારે ભારતીયોની પસંદગી થતી ન હતી. આનાં કારણો આ પ્રમાણે છે : (1) ઇંગ્લેન્ડ જેવા દૂરના સ્થળે પરીક્ષા લેવાતી હતી. (2) લૅટિન, ગ્રીક અને ઇંગ્લિશ, ભાષાઓનું જ્ઞાન પરીક્ષા પાસ કરવા માટે જરૂરી હતું. આ બાબતે ભારતીયો પાછળ પડતા હતા. (3) પરીક્ષામાં બેસવા માટેની વય 1859માં 23 વર્ષની હતી તે ઘટાડીને 1878માં 19 વર્ષની કરાઈ.

આ બધા અવરોધો દૂર કરવાના ભારતીયોના બધા પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. વહીવટી સેવાઓ ઉપરાંત પોલીસ, જાહેર બાંધકામ ખાતું, જંગલ, તાર અને ટપાલ તથા આરોગ્ય સેવાઓમાં પણ યુરોપિયનોની નિમણૂક થતી હતી.

## 5.4.6 દેશી રાજ્યો સાથેનો સંબંધ (Relation with Princely States)

અઢારસો સત્તાવનના વિપ્લવ પછી અંગ્રેજોને સમજાયું કે ભારતીય સમુદાયમાં વ્યાપેલા અસંતોષને કાબૂમાં લેવા દેશી રાજ્યો મહત્ત્વની ભૂમિકા અદા કરી શકશે. આથી આ રાજ્યોને ખાલસા કરવાની નીતિનો

ત્યાગ કર્યો, અને બ્રિટિશ સામ્રાજ્યને સુદૃઢ કરવા એમનો સહકાર માંગવામાં આવ્યો, પહેલાં જે અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા તે હવે તેમને પરત કરવામાં આવ્યા અને તેમને વિશ્વાસ આપવામાં આવ્યો કે જો તેઓ બ્રિટિશ સરકારને વફાદાર રહેશે તો તેમને ઊની આંચ નહીં આવે.

સર્વોપરીતાની નીતિને અનુલક્ષીને આ રાજ્યો ઉપર કડી નજર રાખવામાં આવતી હતી. બીજા દેશો સાથે અંગ્રેજોની અનુમતિ મેળવ્યા વિના કોઈ પણ પ્રકારે સંબંધો બાંધવાની આ રાજ્યોને છૂટ ન હતી. રેસિડેન્ટ નામથી ઓળખાતા પોતાના એજન્ટો મારફતે અંગ્રજો આ રાજ્યોના રોજિંદા જીવનમાં હસ્તક્ષેપ કરતા હતા. લગભગ બધાં રાજ્યોમાં રેસિડેન્ટ અને નિમાયેલા પ્રધાનોને મૂકવામાં આવ્યા હતા. તેઓનું કામ બ્રિટિશ હિતોને સાચવવાનું અને બ્રિટિશ નીતિઓ અમલમાં મૂકવાનું હતું. આ રાજ્યોના ઉત્તરાધિકારીને માન્યતા આપવાનો હક્ક પણ બ્રિટિશ સરકાર હસ્તક હતો. જો કોઈ રાજા અંગ્રેજોને અનુકૂળ વર્તન દાખવે નહીં તો તેને હરાવીને પોતાની પસંદગીની વ્યક્તિને રાજા બનાવી દેવામાં આવતો હતો. આ અનુસાર 1873માં વડોદરામાં અને 1891માં મણિપુરના રાજાઓને હરાવવામાં આવ્યા હતા. બીજા રાજ્યોમાં પણ હસ્તક્ષેપની નીતિ અનુસરવામાં આવી હતી. અંગ્રેજીની આવી માનહાનિભરી નીતિઓ અમલમાં હોવા છતાંય મોટા ભાગના રાજાઓ અંગ્રેજોને સહકાર આપતા હતા, જેથી પોતાનો માનમરતબો અને હકો (અર્થાત્ રાજ્ય અને વિશેષાધિકાર) ચાલુ રહે.

### 5.4.7 પ્રતિકૂળ વહીવટી તંત્ર (Hostile Administration)

અંગ્રેજોએ એમની વહીવટી નીતિઓ મારફતે એક તરફથી ભારતની સંપત્તિનું શોષણ કર્યું અને યુરોપિયનોની સર્વોપરીતા પ્રસ્થાપિત કરી તો બીજી બાજુ ભારતીયો પ્રતિ જાણીબૂઝીને દ્વેષપૂર્ણ વ્યવહારને અનુસર્યા. અગાઉના એકમોમાં આપણે બ્રિટિશ શાસનનાં પરિણામો વિશે વિગતે નોંધ લીધી છે. અહીં આપણે એવા મુદ્દાઓનું અધ્યયન કરીશું જેમાં ભારતીયો પ્રત્યે ભેદભાવ અને દ્વેષપૂર્ણ વ્યવહાર પારદર્શક રીતે જોવા મળે છે : દા.ત. (1) શિક્ષણ : (2) જાહેર સેવાઓ : (3) વર્તમાનપત્રો ઉપર પ્રતિબંધ : (4) જાતીય ભેદભાવ : (5) મજૂર કાયદા. આ પાંચેયની સંક્ષિપ્ત ચર્ચા કરીશું.

**(1) શિક્ષણ :** 1833થી અંગ્રેજોએ ભારતમાં મર્યાદિત શિક્ષણની પ્રક્રિયાને પ્રોત્સાહન આપ્યું છતાં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં વિશ્વ વિદ્યાલયોની સ્થાપનાથી ઉચ્ચ શિક્ષણને એક મોડ મળ્યો. પરન્તુ શિક્ષણના પ્રસારથી શિક્ષિત ભારતીયોમાં એક પ્રકારની જાગૃતિ આવી. અંગ્રેજ સરકાર પ્રત્યે એમનો ટીકાત્મક દૃષ્ટિકોણ જાહેર થતો ગયો. અને રાષ્ટ્રીય આંદોલનનું સંગઠન શરૂ થયું. આથી અંગ્રેજો સતર્ક થયા અને એમણે ઉચ્ચ શિક્ષણ પ્રત્યે વિદ્વેષપૂર્ણ વ્યવહાર અપનાવવા માંડ્યો.

**(2) જાહેર સેવાઓ :** લશ્કર અને યુદ્ધો પાછળ અંગ્રેજોએ અઢળક ખર્ચ કર્યો હતો. પરન્તુ આરોગ્ય, સિંચાઈ, સફાઈ અને જાહેર બાંધકામ જેવાં ખાતાંઓ માટે ઓછાં નાણાં ફાળવવામાં આવ્યાં હતાં.

**(3) વર્તમાનપત્રો ઉપર પ્રતિબંધ :** વર્તમાનપત્રોના વિકાસનો યશ જોકે અંગ્રેજોને ફાળે જાય છે. છતાં જ્યારે વર્તમાનપત્રોએ જાહેર અભિપ્રાયોને ઘડવામાં અને રાષ્ટ્રીય જાગૃતિ પ્રગટાવવામાં અગત્યની ભૂમિકા ભજવવી શરૂ કરી ત્યારે અંગ્રેજ સરકારે આ પ્રવૃત્તિને રોકવા સારુ ઘણા કાયદાઓ પસાર કર્યા. વર્તમાનપત્રોની સ્વતંત્રતા ઉપર પ્રતિબંધ મૂકતો 'વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ' 1878માં પસાર થયો જે અંગ્રેજોના દ્વેષપૂર્ણ અભિગમની પ્રતીતિ કરાવે છે.

**(4) જાતીય ભેદભાવ :** વહીવટી અને લશ્કરી અધિકારીઓની નિમણૂકમાં તથા ન્યાયાલયી બાબતોમાં ભારતીયો સાથે અંગ્રેજી વ્યવહાર ભેદભાવપૂર્ણ રહેતો. અંગ્રેજોને બધા અધિકારો હાથમાં હતા અને ભારતીયોને એમના યોગ્ય અધિકારથી પણ વંચિત રાખવામાં આવ્યા.

**(5) મજૂર કાયદા :** વધતાં જતાં ચા-ગળી-કૉફીના બગીચાઓ અને કારખાનાંની સાથે કામના કલાકો અને મજૂરોની સંખ્યામાં પણ વધારો થતો ગયો. આ મજૂરો પાસે ઢોર જેવું કામ લેવામાં આવતું હતું. એટલું જ નહીં પણ ખરાબ પરિસ્થિતિમાં અને અનારોગ્ય વાતાવરણમાં કામ કરવું પડતું હતું. મોટા ભાગનાં કારખાનાં અને બગીચાઓની માલિકી અંગ્રેજોની હતી જ્યારે કામદારો ભારતીયો હતા. મજૂરોની સુખસાહ્યબી માટે કોઈ ગંભીર પ્રયત્ન અંગ્રેજોએ કર્યા ન હતા. 1881 અને 1891માં પસાર થયેલા કારખાના અંગેના કાનૂન મુખ્યત્વે બાળકો અને સ્ત્રી મજૂરો માટેના હતા. આથી જોકે મજૂરોને કોઈ રાહત મળી નહીં. બગીચાઓ અંગેના બધા કાયદા માલિકોની તરફેણ કરતા હતા અને બધા માલિક યુરોપીય હતા.

વહીવટમાંના આવા વિદ્વેષી વ્યવહારને કારણે ભારતીયોને સ્વાતંત્ર્ય મેળવવા માટે પ્રેરિત કર્યા. પરન્તુ આ માંગણીઓ નિષ્ફળ ગઈ. આ વિશે આપણે હવે ચર્ચા કરીશુ.

### 5.4.8 ભારતમાં સ્વશાસનનો પ્રશ્ન (The Question of Self Government for India)

અઢારસો સત્તાવન પછી ભારતીયોને સ્વશાસન આપવાનો વિચાર સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો. ભારતના હિંદીવજીર સર ચાર્લ્સ વુડે પ્રસ્તાવ રજૂ કર્યો કે ભારત માટે પ્રતિનિધિક સંસ્થા વ્યવહારુ નથી. ભારત કોઈ રાષ્ટ્ર નથી એવી ભૂમિકાને આધારે અંગ્રેજોએ પોતાની નિષ્ક્રિયતા ન્યાયી ગણાવી. એમણે ભેદભાવની નીતિ અમલી બનાવી; શરૂઆતમાં ધાર્મિક ક્ષેત્રે અને પછીથી જાતિ અને પ્રદેશવાદનો પણ સહારો લીધો. અર્થાત્ ધર્મ, જાતિ અને પ્રદેશના ધોરણે એમણે ભેદભાવની નીતિ અખત્યાર કરી. હંટરના

'ઇન્ડિયન મુસલમાન્સ' ગ્રંથમાં (1870) મુસ્લિમોનો પક્ષ લઈને તેણે એવો મત પ્રચાર્યો કે મુસલમાનો આગવી વિશેષતા અને સર્વગ્રાહી પૃથકતા ધરાવે છે અને તેઓ એકરૂપ સમુદાય છે. વાઇસરૉય લૉર્ડ ડફરીને 1888માં મુસલમાનો 'પાંચ કરોડ લોકોનું રાષ્ટ્ર' છે એમ જણાવ્યું અને ઉમેર્યું કે તેમના સામાજિક અને ધાર્મિક રિવાજો એક જ પ્રકારના છે. લૉર્ડ એલ્ગીન ઉપરના પત્રમાં ચાર્લ્સ વુડે લખ્યું છે કે આપણે એક જૂથને બીજા જૂથની સામે ઊભો રાખ્યો છે અને આપણે તે પ્રક્રિયા ચાલુ રાખવી જોઈએ. અર્થાત્ 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિ.

પરંતુ ભારતમાં એક પછી એક ઘટના જે રીતે વળાંક લઈ રહી હતી તેથી આખરે સરકારને લોકલાગણી તરફ ધ્યાન આપવાની ફરજ પાડી. સિત્તેરનો દશકો વધતી જતી અશાંતિનો દાયકો હતો. આ સમય દરમિયાન ભારતે ભયાનક દુકાળોનો અનુભવ કર્યો. એલન ઓક્ટોવિયન હ્યુમ નામના અંગ્રેજે 1872માં લૉર્ડ નોથ બ્રુકને ચેતવ્યા હતા કે હવે 'આપણી અને વિનાશની વચ્ચે માત્ર બેયોનેટ રહ્યું છે.'

આ સમય દરમ્યાન રાજકીય આંદોલન પણ જોર પકડી રહ્યું હતું. 1885માં અસ્તિત્વમાં આવેલી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ ભારતીયોની આકાંક્ષાઓ અને ઇચ્છાઓને વાચા આપવાનું એક સક્ષમ માધ્યમ બની. ઉપરાંત સ્વરાજના સમર્થનમાં પોતાનો અવાજ ઉઠાવ્યો. પરન્તુ સરકાર લોકોની આકાંક્ષાઓને સંતોષવાની ઇચ્છા ધરાવતી ન હતી.

1892માં જ્યારે સરકાર ઉપર અધિનિયમ લાવવા માટે દબાણ આવ્યું ત્યારે એ સ્પષ્ટ થયું કે સરકારનો ઇરાદો ભારતીઓને સરકારમાં કોઈ સ્થાન આપવાનો ન હતો. રાષ્ટ્રીય ચળવળ જેમ જેમ મજબૂત બનતી ગઈ ત્યારે ફરીથી સરકારને સમાધાનની નીતિ અપનાવવી પડી અને 1909નો ધારો પસાર થયો. પરન્તુ એમાં મુસ્લિમો માટે અલગ મતદાન મંડળની વ્યવસ્થા વિશેની કલમ ઉમેરવામાં આવી; અને સત્તાવીસમાંથી આઠ બેઠકો મુસ્લિમો માટે અનામત રાખવામાં આવી.

જ્યારે ભારતના રાષ્ટ્રીય જીવનના ફલક ઉપર ગાંધીજીનું આગમન થયું અને રાષ્ટ્રીય ચળવળ દેશવ્યાપી બની ત્યારે જ અંગ્રેજોના ભારતીયો પ્રત્યેના દૃષ્ટિકોણમાં પરિવર્તન જોવું પ્રાપ્ત થયું.

**તમારી પ્રગતિ ચકાસો-ખ**

**નોંધ :** 1. દરેક પ્રશ્ન માટેનો તમારો ઉત્તર પચાસ શબ્દોમાં લખો.
2. એકમના છેવાડે આપેલા જવાબ સાથે તમારો ઉત્તર ચકાસો.

1. 1858ના ધારાની ત્રણ મહત્ત્વની વિશેષતાઓ વિશે લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. મુક્ત વેપારની નીતિ બ્રિટિશ ઉદ્યોગને કયા પ્રકારની સહાય કરી ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3. અંગ્રેજો દ્વારા લશ્કરમાં કરાયેલા પુનર્ગઠનનાં ત્રણ મુખ્ય લક્ષણો જણાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

4. જ્યાં ભારતીયો પ્રતિ અંગ્રેજોના વહીવટે દુર્વ્યવહાર કર્યો હોય તેવા ત્રણ વિસ્તારો વિશે લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

5. સર્વોપરીતાના અધિકાર દ્વારા અંગ્રેજો દેશી રાજ્યોમાં કેવી રીતે ડખલ કરતા હતા ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 5.5 સારાંશ

એક વેપારી સંગઠન તરીકે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાની કારકિર્દી શરૂ કરી. પણ 1757 સુધીમાં તેણે પોતાનું સ્વરૂપ બદલ્યું અને તે હવે અગત્યની વેપારી સંગઠનને સ્થાને પ્રભાવી રાજસત્તા બની બેઠી તેથી અંગ્રેજ સરકારે ભારતીય બાબતોને નિયંત્રિત કરવા સારુ એક યોજના કાર્યાન્વિત કરી. આ યોજના ગુલામી અને શોષણની સાંસ્થાનિક યોજના હતી. પરિણામે ભારતની આર્થિક અને સામાજિક વ્યવસ્થા છિન્ન વિચ્છિન્ન થઈ ગઈ.

અઢારસો સત્તાવનના વિપ્લવની શરૂઆત સાથે જ બ્રિટિશ સરકારે ભારતના વહીવટનો દોર સીધો પોતાના હાથમાં લીધો. વિપ્લવ પછીના સમયમાં અંગ્રેજોની પ્રાથમિક નીતિ રહી ભારતમાંના પોતાના સામ્રાજ્યને સલામત રાખવાની. દરમ્યાનમાં ભારતમાં રાજકીય ઘટનાઓએ એવો વળાંક લીધો જેથી સરકારને લોકલાગણી તરફ ધ્યાન આપવાની ફરજ પડી.

## 5.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઔદ્યોગિક ક્રાન્તિ :** ઉદ્યોગોના માધ્યમ મારફતે અર્થવ્યવસ્થાનું પરિવર્તન. ઇંગ્લૅન્ડમાંની ઝડપી ઔદ્યોગિક પ્રક્રિયા માટે વપરાતી પરિભાષા.

**સંપત્તિનું શોષણ :** સંપત્તિનું બહાર જવું. અર્થાત્ ભારતમાંથી બ્રિટનમાં ધનનું ઘસડાઈ જવું.

## 5.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો–ક**

1. કંપનીનું અધિકાર ક્ષેત્ર વિવિધ પ્રક્રિયાથી વધતું ગયું : દા.ત. જમીનદારીની પ્રાપ્તિ, પ્રદેશો જીતી લેવા અને દીવાની અધિકારની પ્રાપ્તિ. ઉપરાંત જુઓ વિભાગ 5.2
2. ભારતીય બાબતોના નિયમન માટે 1773નો રેગ્યુલેટિંગ ઍક્ટ બ્રિટિશ સંસદનો પ્રથમ મુખ્ય પ્રયાસ હતો. જુઓ વધુ વિગત માટે પેટા વિભાગ 5.3.1
3. પોતાની જમીનનો જમીનદાર સંપૂર્ણ માલિક બન્યો અને જમીન મહેસૂલ એકઠું કરનાર અંગ્રેજ સરકારનો એજન્ટ બન્યો. જમીનનું મહેસૂલ નિશ્ચિત હતું અને જમીનદારનો ભાગ પણ નિશ્ચિત હતો.
4. નવા સ્થપાયેલા ન્યાયતંત્રની મુખ્ય ઉપલબ્ધિઓ આટલી હતી : કાયદાનું શાસન, કાયદા સમક્ષ સહુને સમાનતા, પોતાના વ્યક્તિગત કાયદા અનુસાર ન્યાય મેળવવાના વ્યક્તિના અધિકારને માન્યતા, કાર્યદક્ષ અને તાલીમી ન્યાયિક શ્રેણીનો વિકાસ. તો આની કેટલીક ક્ષતિઓ પણ હતી : ભારતીયો પ્રત્યે ભેદભાવ પૂર્ણ વ્યવહાર, ન્યાયની પ્રક્રિયા લાંબી અને ખર્ચાળ હોવું. ઉપરાંત જુઓ પેટા વિભાગ 5.3.4

**તમારી પ્રગતિ ચકાસ–ખ**

1. બોર્ડ ઑફ કંટ્રોલ અને કંપનીના ડાઇરેક્ટરોની બેવડી નિયંત્રણ પદ્ધતિ રદ કરવામાં આવી. (2) ભારત હવે તાજ દ્વારા સીધી રીતે શાસિત થયું. આ શાસન એક હિંદી વજીર તાજના નામે ચલાવતો હતો. (3) ગવર્નર જનરલને વાઇસરોયનો હોદ્દો આપવામાં આવ્યો.
2. મુક્ત વેપારની નીતિએ લેંકેશાયરના કાપડને તૈયાર બજાર પૂરું પાડ્યું. ઉપરાંત જુઓ પેટા વિભાગ 5.4.3
3. યુરોપીય સર્વોપરીતા સાચવવા સારુ અંગ્રેજો લશ્કરનું પુનર્ગઠન કર્યું. સેનામાં વિભાજનને પણ એમણે પ્રોત્સાહન પૂરું પાડ્યું. ઉપરાંત લડાયક જાતિઓના સિદ્ધાન્તને પ્રસ્થાપિત કર્યું. જુઓ પેટા વિભાગ 5.4.4
4. શિક્ષણ, જાહેર સેવાઓ (જન સેવા) અને સમાચાર પત્ર. જુઓ 5.4.7
5. જુઓ પેટા વિભાગ 5.4.6

# એકમ 6 અંગ્રેજ રાજ સુદૃઢ થવું : સરહદી અને વિદેશી નીતિ

# (Consolidation of The Raj : Frontier and Foreign Policy)

રૂપરેખા


6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ

6.2.1 ભારતીય ઉપખંડમાં અંગ્રેજોની સર્વોપરીતા

6.2.2 ચીનનું પતન

6.2.3 રશિયાઈ ખતરો

6.2.4 અફઘાનિસ્તાન

6.2.5 બીજું અફઘાન યુદ્ધ

6.3 ઉત્તર-પશ્ચિમી સરહદ નીતિ

6.4 ઈરાન અને ઈરાની અખાત

6.5 તિબેટ

6.6 નેપાળ

6.7 સિક્કિમ

6.8 ભૂતાન

6.9 ઉત્તર-પૂર્વીય સરહદ એજન્સી (નેફા)

6.10 સારાંશ

6.11 ચાવીરૂપ શબ્દો

6.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 6.0 ઉદ્દેશો

ભારતમાં પોતાનું શાસન સુદૃઢ કરવા સારુ અંગ્રેજોએ જે નીતિ અપનાવી હતી તેમાં ભારતમાં યોગ્ય વહીવટી પ્રથાની પ્રસ્થાપના તથા નવા જિતાયેલા વિસ્તારોની સરહદોની સુરક્ષાના મુદ્દાઓનો સમાવેશ થાય છે. આમાંનો બીજો મુદ્દો વિદેશનીતિ અને સરહદનીતિથી ઓળખાય છે. એને પ્રાયઃ સામ્રાજ્યવાદી નીતિના નામે ઓળખવામાં આવે છે, કારણ કે વિશ્વ સમસ્તમાં બ્રિટિશ સામ્રાજ્યનાં હિતોની સુરક્ષા કરવા સારુ આ નીતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ એકમમાં આપણે ભારતીય વિદેશ નીતિના વિભિન્ન અંગોનું પૃથક્કરણ કરીશું.

આ એકમના અધ્યયન પછી તમે આટલી બાબતો સમજી શકશો :

- આપણા અભ્યાસ હેઠળના કાળ દરમ્યાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ કેવી હતી.
- ભારતીય ઉપખંડમાં બ્રિટિશ શાસને પોતાની સર્વોપરીતા કેવી રીતે પ્રસ્થાપિત કરી ?
- મધ્ય એશિયામાંના રશિયાઈ ખતરાથી તેઓ કેવી રીતે બહાર આવ્યા ?
- ઉત્તર-પશ્ચિમી વિસ્તારોને બ્રિટિશ ભારતીય સરકારે પોતાના નિયંત્રણમાં લાવવા કઈ પદ્ધતિ અખત્યાર કરી હતી ?
- તિબેટ, નેપાળ, સિક્કમ અને ભુતાન સાથે ભારતીય બ્રિટિશ સરકારના સંબંધો કેવા હતા ?
- ઈરાન અને ઈરાની અખાત તથા નફા અંગે બ્રિટિશ સરકારની નીતિ કેવી હતી ?

## 6.1 પ્રસ્તાવના

પંજાબ અને સિંધને બાદ કરતાં અંગ્રેજોએ 1818 સુધીમાં ભારતના લગભગ બધા વિસ્તારો પોતાના હસ્તક લઈ લીધા હતા. અને માત્ર સમયનો સવાલ હતો પંજાબ અને સિંધને જીતી લેવાનો. સામ્રાજ્ય સ્થાપનાની પ્રક્રિયા પૂર્ણ થયા પછી અંગ્રેજોએ બેવડી નીતિ અપનાવી : (1) યોગ્ય એવી વહીવટી

પદ્ધતિનો અમલ કરવો અને (2) નવા જિતાયેલ પ્રદેશોની સલામતીની વ્યવસ્થા કરવી. આનો ઉદ્દેશ્ય અંગ્રેજ શાસનને મજબૂત કરવાનો હતો. સરહદોની સુરક્ષા અંગેની નીતિના પ્રયાસોનો અર્થ સરહદ અને વિદેશ નીતિ ઘટાવી શકાય. આ નીતિમાં ભારતીય રાજ્યો સાથેના અંગ્રેજોના સંબંધોનો મુદ્દો ચર્ચાયો નથી. જોકે આ પ્રશ્ન વિદેશ વિભાગ અન્તર્ગત હતો. ભારતમાંના બ્રિટિશ વિસ્તારોની સરહદોની સુરક્ષાની નીતિને 'સામ્રાજ્યવાદની નીતિ' પણ કહેવાય છે. આનું કારણ એ હતું કે આ નીતિના ઘડતર પાછળ વિશ્વવ્યાપી અંગ્રેજી સામ્રાજ્યનાં હિતોના રક્ષણનો અભિગમ હતો. અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે શું 1947 EHI_01_010060 પહેલાં પોતાની કહી શકાય એવી સ્વતંત્ર વિદેશ નીતિ ભારત પાસે હતી ? કેટલીક હદ સુધી આમ કહી શકાય. આ મુદ્દાના સમર્થનમાં આપણી પાસે આટલી હકીકતો છે :

(1) ભારતમાં બ્રિટિશ શાસન મજબૂત થતાંની સાથે જ અફઘાનિસ્તાન અને ઈરાનથી થનાર આક્રમણ તથા સરહદ પ્રાન્તના લોકોની લૂંટફાટ બંધ થઈ ગયાં.

(2) ભારત બ્રિટિશ સામ્રાજ્યનું મોટું અને મજબૂત ઘટક હોવાને કારણે અંગ્રેજ સરકારની વિદેશ નીતિના ઘડતરમાં ભારતની મહત્ત્વની હમેશાં ભૂમિકા રહી હતી.

(3) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેના ભૌગોલિક અંતરને કારણે ભારતમાંની બ્રિટિશ સરકારને પોતાના વિવેકથી કાર્ય કરવાનો અને ભારતની વિદેશ નીતિના ઘડતરમાં કેટલીક હદ સુધી સ્વતંત્ર નિર્ણય લેવાનો અધિકાર હતો.

(4) કેટલાંક ક્ષેત્રોમાં અંગ્રેજોનાં સામ્રાજ્યવાદી હિતો ભારતીય હિતો સાથે મળતાં આવતાં હતાં. દા.ત. રશિયા, ઈરાન અને ચીન. આને કારણે ભારતની વિદેશ નીતિના વિકાસમાં બળ મળ્યું.

આ બધી દલીલો છતાં આપણે એ યાદ રાખવું જોઈએ કે છેવટે તો ભારત એક સંસ્થાન હતું. આથી સાંસ્થાનિક સરકારની રાજકીય ગતિવિધિઓને ભલે આપણે ભારતની વિદેશ નીતિનું નામ આપીએ તો પણ તેનો ઉદ્દેશ્ય તો બ્રિટિશ સામ્રાજ્યવાદનાં હિતોના રક્ષણનો હતો.

અહીં અમે એક સમસ્યા તરફ તમારું ધ્યાન ખેંચીશું. સમસ્યા એ છે કે ક્યારે અને ચોક્કસ કયા વર્ષે ભારતની વિદેશ નીતિનો પ્રારંભ થયો હતો ? સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે ભારતીય રાજ્યો સાથે રાજકીય સંબંધો સ્થાપવાની સાથોસાથ બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાની વિદેશ નીતિ શરૂ કરી હતી. આ દેશી રાજ્યોને ફરજ પાડવામાં આવી હતી કે તેમણે તેમની વિદેશ નીતિ સંબંધિત બાબતો બ્રિટનની સર્વોપરી સત્તાના નિયંત્રણ હેઠળ સોંપી દેવી. ભારતની વિદેશ નીતિના પ્રારંભની બીજી તિથિ છે 1818, જેણે કંપની દ્વારા રાજના સુદઢતાના કાલને ઉદ્ઘાટિત કર્યો. પરન્તુ આંતરરાષ્ટ્રીય કાયદા અન્વયે ભારતની વિદેશ નીતિનો પ્રારંભ સમય 1858-59ને માનવામાં આવ્યો છે, જ્યારે ભારતના વહીવટનો અધિકાર કંપનીના હાથોમાંથી બ્રિટનની રાણીના હાથમાં ગયો. આ સમયથી ભારતની સ્વતંત્ર વિદેશ નીતિનો પ્રારંભ થયો. જોકે આ સ્વતંત્રતા ઔપચારિક હતી, હકીકત ન હતી.

## 6.2 આંતરરાષ્ટ્રીય સ્થિતિ (International Situation)

આપણા અભ્યાસ હેઠળના સમય દરમ્યાનની આંતરરાષ્ટ્રીય સ્થિતિનું પૃથક્કરણ કરીશું તો સ્પષ્ટ સમજાશે કે અંગ્રેજ સરકાર માટે આ સમય અનુકૂળ હતો. જ્યાં સુધી દરિયાકાંઠાના વિસ્તારો અને દરિયાઈ સુરક્ષાને સંબંધ છે તો તે બાબતે અંગ્રેજોની સ્થિતિ ઘણી મજબૂત હતી કારણ કે અંગ્રેજોએ પોતાના ડચ, ફ્રેન્ચ અને પોર્ટુગીઝો જેવા હરીફો ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. જ્યાં સુધી ભૂમિસરહદની સુરક્ષાનો પ્રશ્ન છે, ભારતની સૈન્યનીતિ અને મુત્સદ્દીગીરીની બાબતે રશિયા અને ચીને સમગ્ર ઓગણીસમી સદી દરમ્યાન મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યાં હતાં. આ વ્યવસ્થાને સારી રીતે સમજવા સારુ આપણે આ વિષયને ત્રણ વિભાગમાં વહેંચીશું.

### 6.2.1 ભારતીય ઉપખંડમાં અંગ્રેજોની સર્વોપરીતા (British Supremacy in the sub-continent)

ભારત ઉપર સંપૂર્ણ રાજકીય પ્રભુત્વ સ્થાપવાની પ્રક્રિયામાં બ્રિટને શરૂમાં જ ડચ અને પોર્ટુગીઝોને હરાવ્યા હતા. હવે ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડની વચ્ચે પોતપોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા સારુ વૈશ્વિક સ્તરે સંઘર્ષ શરૂ થયો. ઈ.સ. 1740 થી 1800 દરમ્યાન આ બન્ને સક્ષમ સત્તાઓ વચ્ચેનો સંઘર્ષ આરંભમાં દક્ષિણ ભારત પૂરતો સીમિત હતો. સપ્તવર્ષીય યુદ્ધોમાં ફ્રાન્સ ઇંગ્લૅન્ડના હાથે હારી ગયું. તોપણ ફ્રાન્સમાં નેપોલિયનના હાથમાં સત્તા આવતાં અને ભારતમાં મૈસૂરમાં હૈદરઅલી અને તેના પુત્ર ટીપુ સુલતાન શક્તિશાળી બનતાં અંગ્રેજી સામ્રાજ્ય માટે ફ્રેન્ચો એક ખતરા સમાન બની ગયા. દા.ત. નેપોલિયનની ઇજિપ્ત ઉપરની ચડાઈ અને ફલસ્વરૂપ 1798માં નાઈલના યુદ્ધ તથા ટીપુ સુલતાનના ફ્રાન્સ સાથેના સંબંધને કારણે ભારતમાં અંગ્રેજોને ભય જણાવા લાગ્યો. 1798માં ઇજિપ્તમાં નેપોલિયનની હાર અને ભારતમાં ટીપુ સુલતાનની હાર ને કારણે અંગ્રેજો માટે ફ્રાન્સનો 'ખતરો' દક્ષિણ ભારત પૂરતો તો અદૃશ્ય થઈ ગયો.

1807 પછી સંઘર્ષનો તખ્તો બદલાઈને ઉત્તર-પશ્ચિમી સીમાઓમાં પહોંચ્યો. નૌકા યુદ્ધમાં ફ્રાન્સની હાર પછી નેપોલિયને જમીનમાર્ગે ભારત ઉપર આક્રમણ કરવાની યોજના ઘડી. રશિયાના સહકારમાં ફ્રેન્ચો

અને ઈરાનીઓના સંયુક્ત આક્રમણની આશંકાને કારણે ભારતમાંની બ્રિટિશ સરકારને સચેત કરી દીધી અને ત્યારના ગર્વનર જનરલ લૉર્ડ મિન્ટોને ચાર પ્રતિનિધિમંડળ મોકલવાની ફરજ પડી, જેથી આ શકિત ભયનો સામનો કરી શકાય. આ ચાર પ્રતિનિધિ મંડળોના ઉપક્રમે માલ્કોમને તહેરાન, એલફિસ્ટનને કાબૂલ, સેટોનને સિંધ અને ચાર્લ્સ મેટકાફને લાહોર મોકલવામાં આવ્યા. આ પ્રતિનિધિ મંડળોના પ્રયાસોને પરિણામે સંબંધિત સરકારો સાથે મૈત્રીપૂર્ણ કરારો અંગ્રેજોએ કર્યા, જેને લીધે ફ્રાન્સનો સામનો કરી શકાય. અંગ્રેજોનો આ પ્રયાસ ભારતની બ્રિટિશ સરકારની વિદેશ નીતિ સ્થાપવાની દિશામાં એક પહેલ પ્રથમ પગલું કહી શકાય. જોકે ફ્રાન્સનો ભય નેપોલિયનની હારની સાથે ટપી ગયો પરન્તુ તેણે રશિયાનું ધ્યાન ભારત તરફ ખેંચ્યું. અહીં એ નોંધવુ જોઈએ કે નાના પાયા ઉપર ગોવામાં પોર્ટુગીઝોના અને પૉંડિચેરીમાં ફ્રેન્ચોના અસ્તિત્વથી ભારતમાંની બ્રિટિશ સરકારને માટે ઓગણીસમી સદીમાં કોઈ ભયની બાબત ન હતી. તોપણ ઓગણીસમી સદીના છેલ્લા દાયકાઓ દરમ્યાન ફ્રાન્સે બર્મામાં કૉન્સુલેટની ઑફિસ શરૂ કરી. આશય વિદ્રોહ જગવવાનો હતો. આવો જ ભય ઉદ્‌ભવ્યો જ્યારે ફ્રાન્સે ઓમાનમાં નૌકાસૈન્યનો અડ્ડો સ્થાપવાના પ્રયાસો આદર્યા; અને જર્મનોએ બર્લિન અને બગદાદ વચ્ચે રેલવે બાંધવાની યોજના કરી.

### 6.2.2 ચીનનું પતન (The Decline of China)

ચીનની સાથે ભારતના સાંસ્કૃતિક સંબંધો હતા અને વારંવાર ચીની મુસાફરો ભારતની યાત્રાએ આવતા હતા તેથી ભારતને ક્યારેય ચીનના આક્રમણની બીક ન હતી. આનું કારણ એ હતું કે બંને દેશોને હિમાલયની ગિરિમાળાઓએ વિખૂટા પાડ્યા હતા અથવા હિમાલય બંને દેશો વચ્ચે અંતરાય રૂપ હતો. જોકે અઢારમી સદીમાં ચીને તિબેટ ઉપર અને મધ્ય એશિયાના પૂર્વીય પ્રદેશો ઉપર સર્વોપરીતા સ્થાપી હતી. તેથી ભારત માટે સ્થિતિમાં કોઈ ફેર પડતો ન હતો. ઓગણીસમી સદીમાં ચીનનાં સત્તા અને પ્રતિષ્ઠા ઝડપથી જોખમાયાં. આ એ સમય હતો જ્યારે ઘણી યુરોપીય સત્તાઓ ચીનમાં વેપાર શરૂ કરવાના પ્રયાસો કરતી હતી. આથી ચીનનું સમગ્ર ધ્યાન આ સત્તાઓને આગળ વધતી રોકવામાં રહ્યું અને તેથી ઉત્તર-પૂર્વીય સીમાઓ તરફ જરૂરી ધ્યાન ચીન આપી શક્યું નહીં.

### 6.2.3 રશિયાઈ ખતરો (The threat from Russia)

ઓગણીસમી સદીના મધ્યમાં બ્રિટિશ વિદેશ મંત્રી લૉર્ડ પામર્સ્ટને 'રશિયાઈ ખતરા'નો પ્રચાર કર્યો પરન્તુ ભારતના ગવર્નર જનરલ વિલિયમ બૅન્ટિકે જ્યારે સૌ પ્રથમ વખત એની ચર્ચા કરી ત્યારે હકીકતમાં આ ભય જગજાહેર થયો. અંગ્રેજોએ જ્યારે ભૂમધ્ય સમુદ્રમાં રશિયાનો માર્ગ અવરોધ્યો ત્યારે રશિયા ભૂમિમાર્ગથી અફઘાનિસ્તાનની ઉત્તર-પશ્ચિમી સરહદ તરફ ઝડપથી આગળ વધ્યું. ભારતમાં અંગ્રેજો હજી આ કુદરતી સીમા સુધી નજર લંબાવી શક્યા ન હતા. આનું કારણ એ હતું કે પંજાબ અને સિંધ અંગ્રેજોથી સ્વતંત્ર રાજ્યો હતાં. ઈરાન રાજકીય દૃષ્ટિએ નબળું હોવા છતાંય નાદિર શાહના સમયની કીર્તિને પુનર્જીવિત કરવા ઇચ્છા ધરાવતું હતું. 1834માં પોતાના દાદાના અવસાન પછી મિર્ઝા મોહમ્મદ ઈરાનની ગાદીએ બેઠો. રશિયા સાથે એને મિત્રતાનો સંબંધ હતો. એવું જણાય છે કે રશિયા નજીકના બધા વિસ્તારો તથા મધ્યપૂર્વ (હવે જોકે પશ્ચિમ એશિયા) ઉપર પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવા કૃતનિશ્ચયી હતું. આને અફઘાનિસ્તાન માટે ભયરૂપ ગણવામાં આવ્યો.

### 6.2.4 અફઘાનિસ્તાન (Afghanistan)

કોઈ પણ સંજોગોમાં અંગ્રેજો અફઘાનિસ્તાનનું રક્ષણ કરવા ઇચ્છતા હતા. કારણ જોકે બહુ સ્પષ્ટ હતું : અફઘાનિસ્તાન એમનું વેપારી કેન્દ્ર તો હતું જ પણ તે તરફથી મધ્ય એશિયામાં જવા માટેનું એ એકમાત્ર પ્રવેશદ્વાર હતું. આને કારણે બે વિસ્તારવાદી સામ્રાજ્યોની વચ્ચે મધ્ય એશિયા ઉપર પ્રભુત્વ જમાવવાના નાતે સંઘર્ષની તૈયારીઓ થઈ. રશિયાએ હેરાત ઉપર કબજો જમાવ્યો. કાબૂલના અમીર દોસ્ત મોહમ્મદ અંગ્રેજોની નીતિઓથી નાખુશ હતો. આ બંને કારણોને લીધે ચિંતિત બ્રિટિશ ભારતીય વહીવટને અફઘાન યુધ્ધ (1838-42) માટે પ્રેર્યા. જોકે આ યુદ્ધ બ્રિટન માટે અનર્થકારી સાબિત થયું. આનું એક લાક્ષણિક પરિણામ તે પંજાબ અને સિંધ (અનુક્રમે 1849 અને 1843)નાં રાજ્યો અંગ્રેજ સરકારમાં જોડાઈ ગયાં. આ બંને રાજ્યો અફઘાનિસ્તાન અને બ્રિટિશ ભારત વચ્ચે સમાન સીમાઓના રૂપમાં ફેરવાઈ ગયાં.

પ્રથમ અફઘાન યુદ્ધના અનર્થકારી પરિણામે કાબૂલની ગાદી ઉપર ફરીથી દોસ્ત મોહમ્મદ બેઠો. આ ઘટના જોકે અંગ્રેજો માટે પરિણામદાયી બની રહી, કેમ કે 1854માં રશિયા સાથેના ઇંગ્લૅન્ડનું ક્રીમિયન યુદ્ધ અને 1857 માં ભારતીય સંગ્રામ વખતે દોસ્ત મોહમ્મદે તટસ્થતાની નીતિ અખત્યાર કરી. ક્રીમિયન યુદ્ધ પછી તરત જ રશિયા મધ્ય એશિયામાં આગળ ધપવા લાગ્યું. રાજકુમાર ગાર્ચાકૌફે 1864ના એના આવેદનપત્રમાં રશિયાના ઇરાદાઓને સ્પષ્ટ કરતાં લખ્યું છે કે અફઘાનિસ્તાન તરફ આગળ વધવા પાછળ રશિયા ઉપર સામ્રાજ્યવાદી નીતિ અસર કરી રહી હતી જે નીતિ હિન્દુસ્તાન અને પંજાબનાં મેદાની ક્ષેત્રોમાં આગળ વધવા અને પહાડો સુધી પહોંચવાના અંગ્રેજોના ઇરાદા પાછળ કામ કરતી હતી. આ હેતુનું અનુસરણ કરતાં રશિયા પોતાની સીમા 1864માં બોખારા સુધી, 1868માં સમરકંદ સુધી અને

1873માં ખીવ સુધી વિસ્તારી 1867માં રશિયાઈ તુર્કસ્તાન નામનો નવો પ્રાન્ત અસ્તિત્વમાં આવ્યો, જ્યારે બુખારા રશિયાનું એક ખંડિયું રાજ્ય બની ગયું. 1873માં કીવ એમના નિયંત્રણમાં આવી ગયું. પોતાની નીતિના સમર્થનમાં રશિયાએ એવી દલીલ કરી કે ખંડીય જોડાણોના અન્વયે બ્રિટન એમના માટે હંમેશાં ખતરા સમાન છે. દા.ત. ક્રિમિયન યુદ્ધ. આ કારણોને ધ્યાનમાં રાખીને રશિયાઈ લોકો એવા મતના હતા કે મધ્ય એશિયામાંની એક મજબૂત સૈનિક સ્થિતિ એટલા માટે જરૂરી હતી જેથી તે ભારતમાં હસ્તક્ષેપનો ભય આગળ ધરીને ઇંગ્લૅન્ડને નિયંત્રણમાં રાખી શકે.

રશિયાની આવી સ્થિતિ વિશે બ્રિટનની પ્રતિક્રિયા દ્વિમાર્ગી હતી : (1) મધ્ય એશિયામાંનાં મહત્ત્વનાં કેન્દ્રો ઉપર કબજો જમાવવો. અફઘાનિસ્તાનમાં અસરકારક પ્રભુત્વ મેળવવું. અંગ્રેજોની આ યોજના 'ફોરવર્ડ પૉલિસી' આગળ વધોની નીતિ તરીકે જાણીતી છે. રૂઢિચુસ્ત પક્ષના સભ્યો આ નીતિના સમર્થકો હતા. (2) એમની બીજી પ્રતિક્રિયા 'ધ પૉલિસી ઑફ માસ્ટર્લી ઇનઍક્ટિવિટી' અથવા 'સ્ટેશનરી સ્કૂલ' તરીકે જાણીતી હતી. અર્થાત્ 'અધિકારપૂર્ણ નિષ્ક્રિયતાની નીતિ' કે 'સ્થિરતાની નીતિ'. આ નીતિના સમર્થકો મોટે ભાગે ઉદારમતી (લિબરલ) લોકો હતા. આ લોકોનું એવું માનવું હતું કે અફઘાનિસ્તાનના મુદ્દે રશિયા સાથે રાજનીતિક સમજૂતી કરવી અને સાવધાનીપૂર્વક હસ્તક્ષેપ ન કરવો.

આથી એવું નક્કી કરવામાં આવ્યું કે ભૂલેચૂકે જો રશિયા આક્રમણ કરે તો એનો પ્રતિકાર ભારતીય સીમાઓ ઉપર જ કરવામાં આવે, કારણ કે તેથી આગળ વધીને અફઘાનિસ્તાન ઉપર કબજો કરવાનું સાહસ ભયથી મુક્ત ન હતું. આ નીતિ 1863-75ના સમયાવધિ દરમ્યાન સ્વીકારવામાં આવી હતી. આ ઉપરાંત સંઘર્ષનાં સ્થાનો કરતાં લશ્કરી થાણાંથી ઘણાં દૂર હતાં તેથી ભારતીય સરહદો ઉપર યુદ્ધ કરવું અંગ્રેજો માટે લાભદાયી હતું. આથી વિપરીત 'ફોરવર્ડ પોલિસી' ના સમર્થકોનું માનવું હતું કે અંગ્રેજોએ આગળ વધીને રશિયાઈ આક્રમણનો સામનો કરવો જોઈએ, જેથી ભારતના અસંતુષ્ટ લોકો ઉપર એનો ખતરનાક પ્રભાવ પડે નહીં. આનો અર્થ એ થયો કે અંગ્રેજી સેનાએ આગળ વધીને અફઘાનિસ્તાન ઉપર કબજો જાળવવો જોઈએ, અને હિન્દુકુશની સરહદ સુધી રશિયાને આગળ વધતું રોકવું જોઈએ.

### 6.2.5 બીજું અફઘાન યુદ્ધ (Second Afghan War)

1874માં થયેલી ચૂંટણીમાં લિબરલ પક્ષ હારી ગયો અને તેથી ગ્લેડસ્ટનની સરકારનું પતન થયું. હવે નવી સરકાર રૂઢિચુસ્ત પક્ષની બની. ડિઝરાયલી 'ફોરવર્ડ પૉલિસી'ના સક્રિય સમર્થક હતા. આથી એણે ધીમે ધીમે ભારતમાંની બ્રિટિશ સરકારને બીજી વખત અફઘાન યુદ્ધ માટે દબાણ કર્યું. આ યુદ્ધનાં પરિણામ પ્રથમ અફઘાન યુદ્ધનાં પરિણામોથી સાવ ભિન્ન ન હતાં. હિન્દુ કુશની પેલે પાર રશિયા વિના રોકટોક વિસ્તાર વધારતું રહ્યું હતું. મર્વ ઉપરના રશિયાના અધિકારથી કલકત્તા અને લંડનમાં ભારે નિરાશાનું મોજું ફરી વળ્યું. એક વર્ષ પછી રશિયનોએ પંજદેહ ઉપર કાબૂ જમાવ્યો અને 1893માં પામીરનાં મેદાનો હસ્તગત કર્યાં. પામીરનાં મેદાનો સીધી રીતે કાશ્મીરની સરહદ સાથે જોડાયેલાં હતાં. 1890 સુધીમાં યુરોપના રાજદ્વારી સંબંધો નવું સ્વરૂપ ધારણ કરી રહ્યા હતા. બિસ્માર્કના પતન પછી જર્મનીના અને રશિયા વચ્ચે અંતર વધ્યું. આથી પરિણામ એ આવ્યું કે મહાસત્તાઓનું ધ્રુવીકરણ થયું. આ પ્રક્રિયામાં ઇંગ્લૅન્ડના પુરાણા દુશ્મનો – ફ્રાન્સ અને રશિયા – એકબીજાની નજીક આવ્યાં. પરિણામે મિત્ર રાજ્યોનાં જોડાણ અસ્તિત્વમાં આવ્યાં. ટ્રિપલ એન્ટેટે એટલે યુરોપના ઇતિહાસમાં પ્રભાવ પાડનાર આંતરરાષ્ટ્રીય ત્રણ રાજ્યોના મૈત્રી જોડાણની પ્રક્રિયા. આ રીતે આ ત્રણેય મહાસત્તાઓએ પોતાના રાજકીય મતભેદોનું સમાધાન સાધી લીધું.

**તમારી પ્રગતિ ચકાસો–ક**

1. પ્રસ્તુત વિધાનોમાંથી કયાં સાચાં (✓) છે અને કયાં ખોટાં (×) છે તે જણાવો.
   (1) ભારતની સાંસ્થાનિક સરકારની વિદેશ નીતિનો ઉદ્દેશ બ્રિટનનાં સામ્રાજ્યવાદી બૃહદ્ હિતોના રક્ષણ માટેનો હતો.
   (2) અંગ્રેજો ભારતમાં પોતાના સામ્રાજ્યને સુરક્ષિત રાખવા માટે ઉદાસીન હતા.
   (3) બીજી યુરોપીય સત્તાઓની સામે અંગ્રેજો ભારતમાં પોતાની સર્વોપરીતા સ્થાપી શક્યા નહીં.
   (4) મધ્ય એશિયામાં રશિયાના આગળ વધવાથી બ્રિટિશ હિતોએ ભય અનુભવ્યો.
2. મધ્ય એશિયામાં રશિયાઈ યોજનાને વિફળ બનાવવા અંગ્રેજોએ કઈ બે નીતિ અપનાવી હતી?
   (1) ...........................................................................................................
   (2) ...........................................................................................................

## 6.3 ઉત્તર-પશ્ચિમ સરહદ નીતિ (North-West Forntier Policy)

પંજાબ અને સિંધ રાજ્યોના જોડાણને કારણે અંગ્રેજો પહાડી જનજાતિઓના સીધા સંપર્કમાં આવ્યા. એક રીતે આ સીમાઓ નિર્ણીત થયેલી ન હતી જેની પેલે પાર પહાડોની હારમાળા હતી. એમાં ઊંડી ખીણો

હતી. એના ઉત્તર ભાગમાં પઠાણો રહેતા હતા. આનો વહીવટ પંજાબ પ્રાન્તના હાથમાં હતો. જ્યારે દક્ષિણ ભાગમાં બલુચી રહેતા હતા, જે સિંધ સરહદ તરીકે ઓળખાતી હતી. આનો વહીવટ મુંબઈ પ્રાન્ત હસ્તક હતો. આ પહાડી લોકો એક રીતે સ્વતંત્ર હતા. ફક્ત નામમાત્રથી તેઓ કાબૂલના અમીરને આધીન હતા. આ લોકો મુશ્કેલ અને સૂકી જમીનો ઉપર રહેતા હતા. જીવન જીવવાનાં સાધનો એમની પાસે ઘણાં ઓછાં હતાં, તોપણ તેઓ હિંમતવાન હતા, સહિષ્ણુ હતા અને લશ્કરી કૌશલ્ય ધરાવતા હતા. આ લોકો ઘણી વાર બ્રિટિશ ભારતના સરહદી વિસ્તારોમાં ઘૂસી જઈને લૂંટફાટની પ્રવૃત્તિ કરતા હતા. આ ઉપદ્રવી લોકોએ એવો ઉત્પાત મચાવ્યો કે જેથી ભારતની સુરક્ષા માટે આવશ્યક સ્થિર અને શાંતિપૂર્ણ સરહદની બાબત વિચારવી જ મુશ્કેલ હતી.

ઉત્તર-પશ્ચિમી સરહદ પંજાબ અને મુંબઈ એમ બે વિભિન્ન પ્રાન્તીય સરકારો હેઠળ હોઈ, સરહદના વહીવટ અને પહાડી જન-જાતિઓ સાથેના સંબંધ માટે બે ભિન્ન પદ્ધતિઓ વિકસાવવામાં આવી. સિંધ સરહદે જ્યાં ખીણો ઘણી વિશાળ હતી અને જ્યાં ખેતી યોગ્ય જમીન રહેઠાણોથી ઘણી દૂર હતી ત્યાં 'બંધ સરહદ'ની પદ્ધતિ અપનાવાઈ. આ પદ્ધતિ અન્વયે સરહદ પર પેટ્રોલિંગ થતું હતું અને કોઈ પણ જન-જાતિના લોકોને પેલે પારથી સરહદ ઓળંગવા દેવામાં આવતી ન હતી. આ માટે બ્રિટિશ સંમતિ જરૂરી હતી. પંજાબ સરહદ માટે 'ખુલ્લી સરહદ'ની નીતિ હતી. આ અન્વયે કિલ્લાઓ અને દુર્ગસેનાની વ્યવસ્થા કરવામાં આવી જેથી સાંકડી ખીણોનું સારી રીતે રક્ષણ થઈ શકે. સરહદી જાતિના લોકોને તેમની લૂંટફાટની પ્રવૃત્તિમાંથી બહાર કાઢવા સારુ સરકારે બ્રિટિશ ભારતીય વિસ્તારોમાં વેપાર કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

આરંભકાળમાં લૉર્ડ ડેલહાઉસીની નીતિએ સરહદો ઉપર કાયમી શાંતિ અને નિયંત્રણ રાખવામાં સફળતા પ્રાપ્ત કરી. એની આ નીતિને ત્રણ શબ્દોથી ઓળખાવી શકાય છે : દંડ, નાકાબંધી અને ચઢાઈ. લૂંટફાટની અને ખૂનની સજા તરીકે દંડ નાંખવામાં આવ્યો હતો. કોઈ પણ સંકટને એક નિશ્ચિત વિસ્તાર સુધી સીમિત રાખવા માટે એ વિસ્તારમાં નાકાબંધી કરવામાં આવતી. લૂંટફાટ અને મારફાડમાં રોકાયેલા સરહદી જાતિઓ સામે લશ્કરી આક્રમણ કરવામાં આવતાં હતાં. આ પ્રકારે દંડ કરનાર પ્રવૃત્તિઓ અને નાકાબંધી કરવાની પ્રક્રિયાને 'મારો અને ઘેરો'ની નીતિનું નામ આપવામાં આવ્યું હતું. અને બદલા માટેની જંગલી પદ્ધતિ કરીને એની ટીકા કરવામાં આવી હતી. 1849 અને 1893 વચ્ચે આશરે બેતાળીસ લશ્કરી અભિયાન ચલાવવામાં આવ્યાં હતાં જેમાં અંગ્રેજો તરફી 2173 લોકો માર્યા ગયા હતા. મૃત્યુનો આટલો ઊંચો દર જોઈને અંગ્રેજ અધિકારીઓ સરહદી વિસ્તારોમાં જતાં ડરતા હતા. પોતાની શક્તિ મજબૂત બનાવવા અને સ્થાનિક લોકો ઉપર કાબૂ મેળવવા સરકારે મેળા અને બજારોને પ્રોત્સાહન આપવું શરૂ કર્યું જેથી આંતરિક વેપારમાં વૃદ્ધિ થઈ. આ ઉપરાંત સરકારે દવાખાનાં અને હૉસ્પિટલ ખોલીને નિઃશુલ્ક ચિકિત્સાની વ્યવસ્થા કરી. રોજગારીની તકોને ઊભી કરવામાં આવી. લશ્કર અને અર્ધલશ્કરી દળોમાં આ લોકોની ભરતી કરવી શરૂ કરી. તે માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું. રસ્તાઓ અને રેલવેની સુવિધા પૂરી પાડી તે વિસ્તારો ઉપરનો પોતાનો કાબૂ મજબૂત બનાવ્યો. છેલ્લે હઝેરા, પેશાવર, કોહર, બન્નુ, ડેરા ઇસ્માઇલ ખાન અને ડેરા ઘાજીખાન જેવા સરહદી જિલ્લાઓને સરકારે સંગઠિત કર્યા. આ બધા પ્રયાસો દ્વારા બ્રિટિશ સરકારે સરહદી વિસ્તારોમાં પોતાની સ્થિતિ મજબૂત તો કરી પણ સાથે ભારત માટે રક્ષણની પ્રથમ કક્ષાની હરોળ પણ સ્થાપી.

પંજાબ અને સિંધ અંગેની અંગ્રેજોની સરહદ વિશેની બે પદ્ધતિઓના તુલનાત્મક અભ્યાસે સ્પષ્ટ થાય છે કે સિંધ અંગેની સરહદી વ્યવસ્થાને 1890 સુધીમાં ઘણી વધારે સફળતા મળતી રહી. આ સફળતા કેવળ વ્યવસ્થા શ્રેષ્ઠ હતી તેને આભારી જ નહીં પરન્તુ બંને સરહદોની ભૌગોલિક ભિન્નતાને પણ આભારી હતી. આ ભૌગોલિક ભિન્નતા વિશે આપણે અગાઉ માહિતી મેળવી લીધી છે. આ સિવાય અન્ય કારણો પણ હતાં : (1) પઠાણોની એક સમિતિ હતી જે 'જિરગા'થી જાણીતી હતી. આમાં કબીલાના લગભગ બધા લોકો સભ્ય હતા. (2) બલુચિસ્તાનમાં નેતાઓની સંખ્યા ઘણી ઓછી હતી અને તેમની સાથે આદાનપ્રદાન મુશ્કેલ ન હતું. (3) બીજી બાજુ પઠાણ નેતાઓ સાથે થયેલી સમજૂતીનું એટલું મૂલ્ય (મહત્ત્વ) ન હતું જેટલું મૂલ્ય બલુચી નેતાઓ સાથે થયેલી સમજૂતીમાં હતું. (4) એક બીજી બાબત જે સિંધ માટે અસરકારક રહી તે હતી બલુચિસ્તાન માટે ફેબ્રુઆરી 1877માં એજન્ટ તરીકે કરેલી મેજર સેંડીમેનની નિયુક્તિ. (5) એની મિત્રતા અને સમજૂતીની નીતિ અંગ્રેજો માટે લાભદાયી નીવડી. (6) મેજર સેંડીમેનની આ બધી યુક્તિઓનું અમલીકરણ પઠાણો માટે બિલકુલ નિષ્ફળ ગયું. કારણ પઠાણ નેતાઓનો પોતાના અનુયાયીઓ પર કોઈ ખાસ પ્રભાવ ન હતો. બલુચી નેતાઓ આવો પ્રભાવ સ્થાપી શક્યા હતા એ નોંધવું જોઈએ.

**ડુરાન્ડ રેખા (1893)**

પશ્ચિમ-ઉત્તરી સરહદ ઉપર શાંતિની સ્થાપના એક જટિલ પ્રશ્ન હતો, કારણ કાબૂલનો અમીર સરહદી લોકો સાથે ભળી જતો હતો. લૉર્ડ લૅન્સડાઉનની ભલામણથી કાબૂલના અમીર સાથે વાટાઘાટો કરવા માટે સર મોર્ટીમેર ડુરાન્ડની નિમણૂક કરવામાં આવી, જેથી સીમા સંબંધી કશીક સમજૂતી સાધી શકાય અને પરિણામે સિંધુ સરહદના લોકોની સમસ્યા કાબૂલ સરકારની જવાબદારી બની રહે. આ સમજૂતી 12 નવેમ્બર 1893ના રોજ થઈ જે આ પ્રમાણે છે : (1) વાખાન, અસ્માર, કાફિરિસ્તાન, મોહંમડ અને

વઝિરસ્તાનનો કેટલોક વિસ્તાર કાબૂલના અમીરના હસ્તક રહેશે. (2) જ્યારે સ્વાત, બજૌર, દરવાઝ કુરરુમ ખીણ, છાલગેર અને ન્યૂ અમન અંગ્રેજોના હસ્તક રહેશે. ગોમલ ઘાટના સરહદી ઇલાકા પણ અંગ્રેજોને આપવામાં આવશે.

આથી સરહદી વિસ્તાર અફઘાન અને અંગ્રેજોની વચ્ચે વહેંચાઈ ગયા. સરહદનાં સીમાંકન અને સર્વેક્ષણ માટે એક કમિશન નીમવામાં આવશે એનો પણ નિર્ણય થયો. કરાર અનુસાર સરહદનાં સર્વેક્ષણ અને સીમાંકન કરવામાં આવ્યાં. મોર્ટીમેર ડુરાન્ડની દેખરેખ હેઠળ આ કાર્ય બે વર્ષ સુધી ચાલ્યું, કારણ કે સરહદી લોકોની શંકા દૃઢ થઈ અને તેથી વારંવાર તેઓ અવરોધ ઊભા કરતા હતા. આ સરહદ-રેખા પછીથી ડુરાંડ રેખા તરીકે ઓળખાઈ. એક વાર આ રેખા અંગે નિર્ણય થયા પછી સરહદની બંને બાજુના પ્રદેશો અલગ થઈ ગયા અને પોતપોતાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પણ વહેંચાઈ ગઈ. આ રેખા હિન્દુકુશના ઉત્તર-પશ્ચિમી કિનારે તેગદુમ્બાશથી મંડાઘાટ સુધી હતી જે કાફિરિસ્તાનને કાબૂલ સુધી વિભાજિત કરતી હતી.

ડુરાન્ડ સમજૂતીએ બ્રિટિશ સરકારને કાનૂની હક્ક આપ્યા, જેના આધારે વઝિરી, આફ્રીદી અને બજૌરી લોકો ઉપર શાસન કરવાનો અધિકાર મળ્યો. આ સરહદી લોકોને આરંભથી જ અંગ્રેજો ઉપર શક હતો. આથી કરારનું તત્કાલીન પરિણામ એ આવ્યું કે બ્રિટિશ શાસન સામે વિદ્રોહ થતા રહ્યા. આ વિદ્રોહોને દબાવી દેવા માટે સરહદી વિસ્તારોમાં સશસ્ત્ર ટુકડીઓ મોકલવાની અંગ્રેજોને ફરજ પડી. આ સમજૂતી આ વિસ્તારોમાં જરૂરી સંપર્ક વિકસાવવામાં મદદરૂપ પુરવાર થઈ. આ માટે મીઠા પરના કર ઉપરાંત એમના રીતરિવાજોમાં હસ્તક્ષેપ કરવામાં અંગ્રેજો સફળ રહ્યા. કાબૂલના અમીર આથી નાખુશ હતા કારણ આ લોકો ઉપરનો એમનો કાબૂ જતો રહ્યો.

આ લોકો અને વિસ્તાર વિશે વિશેષ પરિચિત હોઈ ભારતના ગવર્નર જનરલ (1899-1905) લૉર્ડ કર્ઝને એવો પ્રસ્તાવ રજૂ કર્યો કે બ્રિટિશ ભારતની નિયમિત સૈન્ય ટુકડીઓને હટાવી લેવામાં આવે અને તેને સ્થાને સરહદી રંગરુટોનાં સંગઠનોને તે જવાબદારી સોંપવામાં આવે. આમ, સરહદી લોકોનો વિશ્વાસ સંપાદન થયો તથા કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સ્થાનિક લોકો પાસે રહી. આથી ખર્ચ પણ ઘટ્યો. લૉર્ડ કર્ઝને એપ્રિલ 26, 1902 ના રોજ લાહોરમાં એક દરબાર ભર્યો જેથી સરહદી નેતાઓ સાથે નજીકનો ઘરોબો સ્થાપી શકાય. આ ઉપરાંત વહીવટી કુશળતા અને અસરકારક નિયંત્રણ સ્થાપવા સારુ એણે એક નવા પ્રાન્તની રચના કરી જે ઉત્તર-પશ્ચિમી સરહદી પ્રાન્તથી ઓળખાયો. આ રીતે લૉર્ડ કર્ઝન સરહદી વિસ્તારોમાં લાંબા સમય સુધી શાંતિ જાળવવામાં સફળ થયો.

## 6.4 ઈરાન અને ઈરાની અખાત
## (Persia and Persian Gulf)

ઈરાન, અરબી સમુદ્રનો કિનારો અને ઈરાની અખાતનો વિસ્તાર અંગ્રેજો માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ ઘણો મહત્ત્વનો હતો, કારણ કે ભારત પહોંચવા સારુ જમીન અને જળ માર્ગે આ વિસ્તારમાંથી પસાર થાય છે. જમીન માર્ગે અંગ્રેજોએ આક્રમણકારોને વિભિન્ન સમયે રોકવાના પ્રયાસો કર્યા હતા : શરૂમાં ફ્રેન્ચોને અને પછીથી રશિયાને. હેરાત ઉપર કબજો મેળવવાના ઈરાનના પ્રયાસ અંગ્રેજોએ નિષ્ફળ બનાવી દીધા. બંને અફઘાન વિગ્રહો પછી 1907ની સંધિના ફલસ્વરૂપ ઈરાન બ્રિટિશ ક્ષેત્ર અને રશિયાઈ ક્ષેત્ર વચ્ચે વિભાજિત થઈ ગયું. આ પ્રદેશમાં જર્મનોની વધતી જતી વગને રોકવાના પ્રયાસો થયા હતા ત્યારે 1917માં રશિયામાં ક્રાન્તિ થઈ. આથી સમગ્ર ઈરાન ઉપર અધિકાર જમાવવાનો મોકો અંગ્રેજોને મળી ગયો. 1921માં રેઝા ખાનના સૈનિક વિદ્રોહ પછી ઈરાન પુનઃ સ્વતંત્ર થયું. મહાસત્તાઓની ડખલગીરીથી પોતાને બચાવવા માટે ઈરાને પોતાના પાડોશી રાષ્ટ્રો સાથે-તુર્કી ઈરાન અને અફઘાનિસ્તાન સાથે કરાર કર્યો જે 'પૂર્વીય કરાર' તરીકે ઓળખાય છે. છતાં પણ આ વિસ્તાર આજ સુધી મહાસત્તાઓના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે જેને કારણે અહીંના દેશોમાં સતત યુદ્ધો થતાં રહે છે.

દરિયાઈ માર્ગ ઉપર, ખાસ કરીને ઈરાની અખાતની આસપાસના વ્યૂહાત્મક ભાગો ઉપર, તથા સમુદ્રતટીય વિસ્તારો ઉપર અંગ્રેજોએ પોતાની સ્થિતિ મજબૂત બનાવી. આ વિસ્તારો કાં તો બ્રિટિશ સામ્રાજ્યમાં જોડી દીધા અથવા સંધિઓ મારફતે સંબંધો બાંધ્યા. આ સ્થાનોમાં મુખ્ય આટલાં હતાં : મોરિસિયસ, ઝાંઝીબાર, મસ્કત, બહેરિન, કુવૈત, ઓમાન વગેરે. લૉર્ડ લેન્સડાઉન પહેલો ભારતીય વાઇસરૉય (1888-93) હતો જેણે ઈરાની અખાતની મુલાકાત લીધી હતી અને લગભગ એક દાયકા પછી 1903માં લૉર્ડ કર્ઝને અખાતી દેશોના શેખોને પોતાના જહાજ ઉપર એકઠા કર્યા અને તે વિસ્તાર પર અંગ્રેજ સર્વોપરીતાની ઘોષણા કરી. આ નીતિના અનુસંધાનમાં ઓમાન અને કુવૈત જેવા સમુદ્રતટીય રાજ્યોને બ્રિટિશ સરકારે ફરજ પાડી કે તેઓ ફ્રાન્સ અને જર્મની જેવા અંગ્રેજોના યુરોપીય હરીફોને કોઈ સુવિધાઓ આપશે નહીં. સુએઝ કેનાલને ખુલ્લી મૂક્યા પછી બ્રિટિશ વેપાર માટે આ માર્ગ જીવાદોરી સમાન બન્યો. સમુદ્રતટીય રાજ્યો સાથે સંધિ કરીને બ્રિટિશ વેપારનું રક્ષણ કર્યું. ઉપરાંત જ્યારે અહીં ખનિજ તેલ નીકળ્યું ત્યારે અંગ્રેજોએ સહુથી પ્રથમ તેમનું નિયંત્રણ તેલ વેપાર અને ઉદ્યોગ ઉપર સ્થાપી દીધું.

**તમારી પ્રગતિ ચકાસો–ખ**

1. પ્રસ્તુત વિધાનોમાંથી કયાં સાચાં (✓) અને કયાં ખોટાં (×) છે તે જણાવો.
   (1) સરહદી વિસ્તારને પોતાના નિયંત્રણમાં રાખવા લૉર્ડ ડેલહાઉસીએ નરમ નીતિ અપનાવી.
   (2) પઠાણી નેતાઓની સરખામણીમાં બલુચી નેતાઓ સાથે વાટાઘાટો કરવી અંગ્રેજો માટે ઘણું સરળ જણાયું.
   (3) તેલ ઉદ્યોગ અને વેપાર ઉપર સૌ પ્રથમ અંગ્રેજોએ પોતાનો કાબૂ જમાવી દીધો.
   (4) અંગ્રેજો માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ ઈરાની અખાત ઘણો મહત્ત્વનો હતો.
2. શા માટે અંગ્રેજો ભારતની વાયવ્ય સરહદે પોતાની સર્વોપરીતા સ્થાપવા ઉત્સુક હતા ? દશ લીટીમાં તમારો જવાબ આપો.

...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................

## 6.5 તિબેટ (Tibet)

ભારત અને ચીન વચ્ચે હિમાલયની ગિરિમાળાઓ કુદરતી સરહદનું કાર્ય કરે છે. નેપાળ, ભૂતાન, સિક્કિમ અને તિબેટ જેવાં અનેક રાજ્યો આ ગિરિમાળાઓની ટોચે આશ્રય પામ્યાં છે. આમાંથી ભારતીય સરહદના રક્ષણ માટે તિબેટ સહુથી મહત્ત્વનું સ્થાન છે. તિબેટને 'તપસ્વી રાજ્ય' કહ્યું છે. આ દેશ ચારે તરફથી ઊંચી ઊંચી ગિરિમાળાઓથી ઘેરાયેલો છે. આ જગ્યા સમુદ્રતટથી આશરે 10,000 ફૂટની ઊંચાઈએ આવેલી છે. અહીં આર્થિક સાધનો ઘણાં ઓછાં છે અને લોકો એકાન્તમાં રહેવાનું પસંદ કરે છે. વિદેશી ખતરાઓથી બચવા સારુ તિબેટે ચીની સંરક્ષણનો સહારો 1728માં મેળવ્યો. જોકે તિબેટ ઉપરની ચીનની સર્વોપરીતા નામમાત્રની હતી. ઓગણીસમી સદીમાં તો વ્યવહારમાં એને સ્વીકૃતિ મળી ન હતી. યુદ્ધ સંબંધી પ્રવૃત્તિઓ તો તિબેટે ક્યારનીય છોડી દીધી હતી. ચીન લશ્કરી દૃષ્ટિએ નબળું હતું. આથી આ બંને દેશો તરફથી અંગ્રેજોને કોઈ ભય ન હતો. એટલે શરૂમાં તિબેટમાં અંગ્રેજી અભિરુચિ કેવળ વેપાર પૂરતી સીમિત હતી. વૉરન હૅસ્ટિંગ્સે અહીં સક્રિય વેપારી રસ દાખવ્યો હતો. એણે 1774 અને 1783માં બે પ્રતિનિધિ મંડળો આ માટે મોકલ્યાં હતાં. પરન્તુ તિબેટના શાસક દલાઈ લામા સ્વભાવે શંકાશીલ અને અલગતાવાદી હોઈ બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે વેપારી સંબંધો બાંધવાના પ્રસ્તાવનો સ્વીકાર ના કર્યો.

ધીમે ધીમે અને અનિવાર્ય રીતે તિબેટમાં બ્રિટિશ રસમાં વધારો થયો. આ રુચિ માટે ધ્યાનાર્હ જે પરિબળો છે તેમાંથી સૌથી મહત્ત્વની વિશેષતા ધરાવતાં કેટલાંક અહીં પ્રસ્તુત છે :

(1) ચીનની ક્ષીણ થતી જતી શક્તિ અને વિદેશી સત્તાઓ વચ્ચે ચીની પ્રભાવનાં ક્ષેત્રોની ભાગબટાઈ સારુ હરીફાઈને લીધે તિબેટનું વ્યૂહાત્મક દૃષ્ટિએ ખાસ કરીને બ્રિટન અને રશિયા માટે ઘણું મહત્ત્વ વધી ગયું.

(2) નેપાળ, ભૂતાન અને સિક્કિમ ઉપર બ્રિટિશ વગ વધવાથી બ્રિટિશ ભારત અને તિબેટની સરહદો એકબીજાની ઘણી નજીક આવી.

(3) જ્યારે રૂસી સેનાઓ પામિર સુધી પહોંચી ત્યારે ભારત માટે સુરક્ષા માટે ઉત્તર તરફથી ભય વધ્યો.

(4) ઓગણીસમી સદી દરમ્યાન ચા અને ઊનમાં અંગ્રેજોનો ઠીક ઠીક રસ વધ્યો. સરકાર ઉપર આથી વેપારીઓ તરફથી ભારે દબાણ આવ્યું કે ભૂતાન દ્વારા તિબેટની સાથે નિયમિત વેપારી સંબંધો સ્થાપે.

મંચુ રાજવંશની પડતીથી તિબેટ ઉપરનો ચીનનો પ્રભાવ નબળો પડ્યો. જ્યારે યુવાન દલાઈ લામા તેમના વતી શાસન કરતી સમિતિથી સ્વતંત્ર થયા ત્યારે ચીની પ્રભાવમાંથી પોતાને મુક્ત થવા માટેનો પ્રયાસ કરવા લાગ્યા. હકીકત તો એ હતી કે ચીની પ્રભાવ માત્ર નામનો જ હતો. પરન્તુ અંગ્રેજો, ખાસ કરીને લૉર્ડ કર્ઝન, એવું સમજતા હતા કે દલાઈ લામા ચીનથી મુક્ત થવા માટે આતુર છે. એવી અફવાએ જોર પકડ્યું કે રશિયાઈ નાગરિકત્વ ધરાવતા મોંગોલ, અગ્વાર, દોરદશી નામની વ્યક્તિએ દલાઈ લામાનો વિશ્વાસ સંપાદન કર્યો છે અને તે લ્હાસા અને પિટરસ્બર્ગ વચ્ચે આવજા કરતો હતો. અંગ્રેજો માટે ત્રણ

બાબતો મહત્ત્વની હતી : (1) આ 'બંધ' દેશની લાલચને (આકર્ષણને) તેઓ રોકી શકતા ન હતા. (2) રશિયાઈ ભય મોટો હતો અને તેની અવગણના થઈ શકે તેમ ન હતી. (3) વેપાર માટેની ઇચ્છા એટલી પ્રબળ હતી તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ હતું. પરન્તુ કર્ઝન માટે આ બધી બાબતો કાર્યાન્વિત થવા સારુ પ્રેરણા આપતી હતી. ખાસ કરીને તો એટલા માટે કે તે જાણતો હતો કે તિબેટવાસીઓ પાસે આધુનિક શસ્ત્રોનો સામનો કરવા માટે પ્રાર્થનાચક્રો સિવાય કશું નથી. આથી તિબેટને અંગ્રેજ નિયંત્રણ હેઠળ લાવવા લૉર્ડ કર્ઝન કટિબદ્ધ હતો.

જોકે ઇંગ્લૅન્ડની સરકાર તિબેટી બાબતોમાં હસ્તક્ષેપ કરવાની સંમતિ આપવા માટે ખચકાતી હતી, પણ કર્ઝન કર્નલ ફ્રાન્સિસ યંગ હસ્બન્ડને તિબેટ મોકલવાની પરવાનગી મેળવીને રહ્યો. ફ્રાન્સિસે સિક્કિમ મારફતે તિબેટમાંની પોતાની આગેકૂચ આરંભી તે 1904માં લ્હાસા પહોંચ્યો. 700 તિબેટવાસીઓની કતલ કર્યા પછી તેણે દલાઈ લામા ઉપર એક સંધિ ઠોકી બેસાડી જેને પરિણામે તિબેટ હવે બ્રિટિશ સામ્રાજ્યનું સંરક્ષિત રાજ્ય બનીને રહી ગયું. આ સંધિએ અંગ્રેજોને કેટલીક વાણિજ્યિક સુવિધાઓ ઉપલબ્ધ કરી આપી. પરન્તુ રશિયાઈ ભયનો હાઉ નિર્મૂળ સાબિત થયો. કારણ કે 1907માંની સંધિથી રશિયાએ તિબેટ ઉપરની અંગ્રેજ સર્વોપરીતા સ્વીકારી લીધી. જો રશિયાએ તેમ કર્યું ના હોત તોપણ રશિયા તિબેટ પાછળ ધ્યાન આપી શકે એવી સ્થિતિમાં ન હતું, કારણ રશિયા પૂર્વ એશિયામાં વ્યસ્ત હતું. હકીકતમાં તિબેટ પરના આક્રમણ પાછળ અંગ્રેજોની સામ્રાજ્યવાદી ચાલ સક્રિય હતી.

1911માં ચીની ક્રાન્તિ પછી દલાઈ લામાએ પોતાની સ્વતંત્રતા જાહેર કરી. પરન્તુ ચીનની નવી સરકાર કોઈ પણ ભોગે તિબેટને પોતાનામાં સમાવી લેવા કૃતનિશ્ચયી હતી. તિબેટને સ્વતંત્ર રાજ્ય તરીકે માન્યતા આપવાને બદલે અંગ્રેજોએ ચીન અને તિબેટના પ્રતિનિધિઓને આમંત્રીને 1913ના મે મહિનામાં ત્રિપક્ષીય સિમલા પરિષદની યોજના ઘડી. 1913ના ઑક્ટોબરની 13મીએ આ પરિષદ મળી અને અંતે 1914માં બે સમજૂતી કરવામાં આવી : (1) અંગ્રેજોએ પૂર્વીય વિસ્તાર અને આંતરિક વિસ્તાર ઉપરની ચીનની સર્વોપરીતા સ્વીકારી. પશ્ચિમી અથવા બાહ્ય વિસ્તાર સ્વાયત્ત જાહેર કરાયો. (2) એવું નક્કી કરવામાં આવ્યું કે તિબેટ અને બ્રિટિશ ભારત વચ્ચે સરહદ રેખા દોરવી, જેનું નામ બ્રિટિશ પ્રતિનિધિ હેન્રી મેકમાહોનના નામ ઉપરથી 'મેકમાહોન રેખા' આપવામાં આવ્યું.

## 6.6 નેપાળ (Nepal)

વાયવ્ય સરહદ અને તિબેટ વચ્ચે નાનાં નાનાં રાજ્યોની શૃંખલા હતી. આ પ્રદેશમાં બ્રિટિશ સામ્રાજ્યના વિસ્તાર પછી આ નાનાં રાજ્યો બ્રિટિશ સંપર્કમાં આવ્યાં. સામ્રાજ્ય વિસ્તારની પ્રક્રિયા દરમ્યાન તે સહુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અંગ્રેજોએ પોતાના નિયંત્રણમાં લાવી દીધાં, જેથી તિબેટ અને ચીનની વિરુદ્ધ ચોકીઓ તરીકે અંગ્રેજોને મદદરૂપ થાય. આ રાજ્યોમાં સહુ પ્રથમ પશ્ચિમ તરફથી હિન્દુ ગોરખાઓનું રાજ્ય નેપાળ હતું. 1768માં ખાટમંડુની ખીણમાં કબજો જમાવ્યા પછી ધીરે ધીરે તેમણે પોતાની પૂર્વના અને પશ્ચિમના વિસ્તારો દબાવવા માંડ્યા અને કુમાઉં ગઢવાલ અને સિમલાની ટેકરીઓ ઉપર પણ અધિકાર પ્રસ્થાપિત કર્યો. પરન્તુ 1816ની સગૌલીના કરારથી, ગોરખાઓને હરાવ્યા પછી, આ બધા વિસ્તારો અંગ્રેજોને હસ્તક આવ્યા.

સંધિ થયા પછી અંગ્રેજોએ નેપાળી શાસકો સાથે ચતુરાઈ અને કુશળતાથી સંબંધો બાંધ્યા. તેમણે નેપાળી શાસકોને સ્વાયત્તતા આપી અને આપ નામદાર–'યૉર મેજેસ્ટી' કહીને તેમને સંબોધતા હતા. આપણે અહીં નોંધવું ખાસ જરૂરી છે કે ભારતના રક્ષણ માટે અંગ્રેજો કેવળ હિમાલયનાં ઊંચાં શિખરો ઉપર આધાર રાખતા ન હતા. એમની દૃષ્ટિએ તિબેટ અથવા ચીન અને ભારત વચ્ચે નેપાળનું રાજ્ય એક સ્થાયી અને સલામત માધ્યમ હતું. અંગ્રેજોના માટે સહુથી સંતોષજનક બાબત એ હતી કે નેપાળે બ્રિટિશ સામ્રાજ્યની વિરુદ્ધ કોઈ લાગણીને સ્થાન આપ્યું નહીં. બંને વચ્ચેના સંબંધો કે શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વના અને વિશ્વાસના હતા. બંને દેશો પરસ્પર મૈત્રી ભાવના રાખતા હતા. 1857ના સંગ્રામ દરમ્યાન નેપાળ સંપૂર્ણ રીતે તટસ્થ રહ્યું, ત્યારે બ્રિટિશ સામ્રાજ્યને મોટી સંખ્યામાં ગોરખાઓને પોતાના સૈન્યમાં ભાડે રાખ્યા. કોઈ પણ પ્રકારની ઔપચારિક જોડાણની સંધિ વિના નેપાળની સરકારે પોતાની વિદેશ નીતિને અંગ્રેજોને અનુકૂળ બનાવી દીધી. દા.ત. નોંધવું મહત્ત્વનું છે કે નેપાળની સરકારે અંગ્રેજ પ્રતિનિધિ મંડળ વિના બીજા કોઈ દેશના પ્રતિનિધિ મંડળને નેપાળમાં પ્રવેશવાની સંમતિ આપી નહીં.

**તમારી પ્રગતિ ચકાસો–ગ**

1. પ્રસ્તુત વિધાનોમાં કયાં સાચાં (✓) અને કયાં ખોટાં (✗) છે તે જણાવો :
   (1) લાંબા સમય સુધી તિબેટ ચીનની નામમાત્ર સર્વોપરીતા હેઠળ રહ્યું.
   (2) તિબેટ પ્રત્યે અંગ્રેજોનો ઇરાદો સામ્રાજ્યવાદી ન હતો
   (3) નેપાળ ભારત અને ચીન અથવા તિબેટ વચ્ચે મધ્યવર્તી રાજ્ય હતું.
   (4) બ્રિટિશ ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો ક્યારેય મૈત્રીપૂર્ણ ન હતા.

2. તિબેટમાં અંગ્રેજોની રુચિ કયાં પરિબળોને આધારે વધી તે વિશે દશ લીટીમાં વર્ણન કરો.

..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

## 6.7 સિક્કિમ (Sikkim)

નેપાળ અને ભૂતાનની વચ્ચે એક નાનું હિમાલયી રાજ્ય હતું જે સિક્કિમના નામથી જાણીતું હતું. આ રાજ્યમાંથી તિબેટ જવા માટે બે ઘાટ હતા : (1) એક માર્ગ કાલિમ્પોંગ અને જેલેપ ઘાટથી ચુમ્બી ઘાટ તરફ જતો હતો. અને (2) બીજો માર્ગ તિસ્તા નદીથી કેમ્પાસત્સૉંગ અને શિગાસ્તે તરફ જતો હતો. તિબેટ ઉપર ચીને આધિપત્ય સ્થાપ્યું તે પહેલાં રાજકીય રીતે અને વ્યૂહાત્મક દૃષ્ટિથી સિક્કિમ મહત્ત્વનું સ્થાન ધરાવતું હતું. કારણ સિક્કિમમાં થઈને તિબેટ આવજા થઈ શકતી હતી. અહીંની સંસ્કૃતિ ઉપર તિબેટના બૌદ્ધ ભિક્ષુઓનો ઘણો પ્રભાવ હતો અને એક કુલીન તથા સમૃદ્ધ વંશનું કુટુંબનું અહીં શાસન હતું. સિક્કિમ એક સ્વતંત્ર દેશ હતો. અઢારમી સદીના છેલ્લા દાયકાઓ દરમ્યાન કામચલાઉ રીતે ગોરખાઓએ સિક્કિમ ઉપર આધિપત્ય સ્થાપ્યું. જોકે અંગ્રેજોએ સત્વરે સિક્કિમને સ્વાયત્તતા પાછી અપાવી, અને 1861માં અંગ્રેજોએ સિક્કિમને પોતાના રક્ષિત રાજ્ય તરીકે જાહેર કર્યું. જોકે દલાઈ લામા અંગ્રેજોની આ નીતિથી બહુ નાખુશ થયા. 1890માં ચીની સરકારે સિક્કિમ ઉપરના અંગ્રેજોના આધિપત્યને માન્ય રાખ્યું. સિક્કિમ સંબંધિત નીતિ પણ અંગ્રેજોએ પોતાનાં હિતોની રક્ષા માટે બનાવી હતી.

## 6.8 ભૂતાન (Bhutan)

પૂર્વ તરફ સિક્કિમની અડોઅડ ભૂતાનનું રાજ્ય આવેલું છે. ગરીબાઈને લીધે ભૂતાનવાસીઓ આસપાસનાં મેદાનોમાં ધનની લૂંટફાટ વારંવાર કરતા હતા. આવી એક લૂંટફાટ દરમ્યાન ભૂતાન-વાસીઓએ કુચબિહારના રાજાનું અપહરણ કર્યું હતું. કુંચબિહાર અંગ્રેજોને આધીન હતું. વૉરન હેસ્ટીંગ્સે રાજાને બચાવવા ભૂતાન ઉપર આક્રમણ કર્યું અને પરિણામે ભૂતાન હાર્યું અને જમીનની એક નાનકડી પટ્ટીને બ્રિટિશ સામ્રાજ્યમાં જોડી દીધી. પ્રસંગોપાત્ત ભૂતાનવાસીઓએ લૂંટફાટની પ્રવૃત્તિ ચાલુ રાખી, ખાસ કરીને જ્યારે અંગ્રેજો અન્યત્ર વ્યસ્ત હોય. અંગ્રેજો પ્રતિનિધિઓ સાથે દુર્વ્યવહાર કરવાનું પણ તેઓ ચૂકતા ન હતા. આવી પ્રવૃત્તિઓથી ગુસ્સે થઈને અંગ્રેજોએ દમન અને નુકસાન બદલ સજા કરવાની નીતિ અપનાવી અને ભૂતાન ઉપર સક્ષમતાથી પોતાનો અધિકાર જમાવી દીધો. આનું પરિણામ એ આવ્યું કે 1904-06ના યંગહસ્બન્ડના લશ્કરી અભિયાનમાં ભૂતાને અંગ્રેજોને પૂરો સહકાર આપ્યો. આખરે, સર ચાર્લ્સ બેલના પ્રયાસોને પરિણામે પુનાખામાં એક મૈત્રી સંધિ ઉપર હસ્તાક્ષર થયા જે અનુસાર અંગ્રેજોએ ભૂતાનને સ્વતંત્ર રાજ્ય તરીકે સ્વીકારી લીધું. પરન્તુ એમની વિદેશ નીતિ અંગ્રેજોના નિયંત્રણમાં રહી.

## 6.9 ઉત્તર-પૂર્વીય સરહદી એજન્સી (નેફા) (North-Eastern Frontier Agency (Nefa))

ભૂતાન અને બર્મા વચ્ચેના પહાડી પ્રદેશમાં પહાડી જનજાતિઓ વસતી હતી. આ પહાડી જન-જાતિઓ બધી રીતે પોતાની વાયવ્ય સરહદની જનજાતિઓ સાથે મળતી આવતી હતી, ફક્ત ધર્મ અને જાતિની ભિન્નતા બંને વચ્ચે હતી. આ લોકો વ્યવહારમાં પૂર્ણ રીતે સ્વતંત્ર હતા. આ લોકો મજબૂત બાંધાના અને લડાયક હતા. પોતાની ગરીબાઈને ફેડવા તેઓ મેદાની વિસ્તારોમાં લૂંટફાટ ચલાવતા હતા. એમની આવી ઉપદ્રવી લૂંટફાટની પ્રવૃત્તિ અંગ્રેજી વહીવટ માટે મોટી ચિંતાનો વિષય બન્યો, ખાસ કરીને 1826માં જ્યારે આસામને ભારત સાથે જોડી દેવામાં આવ્યું. આ સમસ્યાના ઉકેલ માટે ભારત સરકારે ભેટસોગાદ

આપવાની અને ખાતરીબંધ રક્ષણ બક્ષવાની નીતિ અપનાવી. જ્યારે બ્રિટિશ ભારતની સરહદો પર્વતોની જલવિભાજક રેખા સુધી પહોંચી ગઈ તો અંગ્રેજોએ રક્ષણથાણાંની હારમાળા સ્થાપી અને તિબત્તી સરકારને મેકમોહનરેખા માન્ય રાખવાની ફરજ પાડી.

ભારતના દૂર ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં નાગા લોકો રહેતા હતા. આથી અહીં પણ સરહદ આંકવાની જરૂર હતી. જોકે આ લોકોને બહુ ઝડપથી બ્રિટિશ નિયંત્રણ હેઠળ લાવી દેવામાં આવ્યા હતા, છતાં સમગ્ર ભારતથી તેઓ દુર્ગમ પર્વતમાળાને કારણે વિખૂટા રહ્યા હતા. બાપ્ટિસ્ટ મિશનરીઓએ નાગાઓને ખ્રિસ્તી બનાવ્યા અને ઉચ્ચ વર્ગના લોકોએ પાશ્ચાત્ય જીવન પદ્ધતિ અપનાવી લીધી હતી.

મણિપુર બીજું એવું પહાડી રાજ્ય હતું જે અંગ્રેજો માટે માથાનો દુઃખાવો હતો. 1826માં અહીંના શાસકને અંગ્રેજોએ મહારાજા તરીકે માન્યતા આપી હતી. 1886માં અહીંના મહારાજાના એક અનુગામીનું અવસાન થયું તે પછી મણિપુરમાં અનેક અંગ્રેજ અધિકારીઓની હત્યા કરવામાં આવી. આથી મણિપુરને અંગ્રેજોએ સંરક્ષિત રાજ્ય ઘોષિત કર્યું.

પૂર્વમાં ભારતનો પડોશી દેશ હતો બર્મા. અઢારમી સદીના અંતમાં અને ઓગણીસમી સદીના પ્રારંભમાં બર્માના સામ્રાજ્યનો સતત વિસ્તાર વધતો રહ્યો. ચીની સર્વોપરીતામાંથી મુક્ત થયા પછી બર્માએ પોતાનો વિસ્તાર વધારવો શરૂ કર્યો. ચડાઈઓ મારફતે બર્માએ પૂર્વમાં થાઈલેંડ, પશ્ચિમમાં મણિપુર અને આસામ સુધી પોતાની સીમાઓ વિસ્તારી. બર્માની આ વિસ્તારવાદી નીતિને પરિણામે બર્માને અંગ્રેજો સાથે ત્રણ મોટાં યુદ્ધોનો સામનો કરવો પડ્યો : પહેલું યુદ્ધ 1824-26, બીજું 1852 અને ત્રીજું 1885માં. આ યુદ્ધોને કારણે આખું બર્મા અંગ્રેજોના હાથમાં આવી ગયું.

**તમારી પ્રગતિ ચકાસો-ઘ**

1. પ્રસ્તુત વિધાનોમાંથી કયાં સાચાં (✓) અને કયાં ખોટાં (×) છે તે જણાવો.
   (1) ચીને સિક્કિમ ઉપરના બ્રિટિશ અધિકારને માન્ય કર્યું હતું.
   (2) ભૂતાને પોતાની સ્વતંત્ર વિદેશનીતિ ચાલુ રાખી.
   (3) બાપ્ટિસ્ટ મિશનરીઓ મારફતે ઘણા નાગાઓને ખ્રિસ્તી બનાવી દેવામાં આવ્યા હતા.
   (4) 1885 સુધીમાં બર્મા બ્રિટિશ સામ્રાજ્યનું એક અંગ બની ગયું હતું.
2. ઉત્તર-પૂર્વીય સરહદી નીતિ (નેફા) માટે અંગ્રેજ સરકારે અપનાવેલી વિદેશ નીતિના મુખ્ય હેતુઓ વિશે દશ લીટીમાં લખો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

## 6.10 સારાંશ

અત્યાર સુધીની ચર્ચાના આધારે આપણે સમાપન મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે તારવી શકીએ :

(1) એશિયામાં રશિયા અને ચીન બે મુખ્ય મહાસત્તાઓ હતી એ હકીકતના આધારે બ્રિટિશ ભારતની વિદેશનીતિ ઘડવામાં આવી હતી. તત્કાલીન ભારતના રાજકીય વિકાસના નિર્ણયમાં આ બંને દેશો સાથેના સંબંધોની મહત્ત્વની ભૂમિકા રહી હતી. આ સમય દરમ્યાન ચીનની શક્તિ પતનના માર્ગે હતી. જ્યારે બીજી તરફ રશિયા મધ્ય એશિયામાં એની સરહદો વિસ્તારતું જતું હતું. પોતાના સામ્રાજ્યની સુરક્ષાની ખાતરી સંદર્ભે તથા કુદરતી સરહદની શોધ નિમિત્તે ભારતમાંની બ્રિટિશ તાકાત ઝડપથી ઉત્તર-પશ્ચિમ આગળ વધતી હતી. ઓગણીસમી સદી દરમ્યાન બ્રિટિશ ભારતની વિદેશનીતિના વિકાસમાં 'રૂસનો ખતરો' એક પરિબળ તરીકે ગણતરીમાં લેવા જેવો હતો.

(2) અંગ્રેજ સરકારની વિદેશ નીતિના નિર્ણયમાં ભારતની ભૌગોલિક સ્થિતિ બીજું એક મહત્ત્વનું પરિબળ હતું. ભારત નાનાં રાજ્યોથી ઘેરાયેલું હતું. આ રાજ્ય તરફથી ભારત સુરક્ષાને કોઈ ખતરો હતો નહીં. પરન્તુ વ્યૂહાત્મક દૃષ્ટિથી તેઓ એટલાં બધાં નબળાં હતાં કે રશિયા જેવી વિદેશી તાકાત તેમના ઉપર ત્રાટકશે એવી ભીતિ તેમને હતી. આ રાજ્યોની આવી મનોદશા ભારત માટે ખતરારૂપ હતી. આ ઉપરાંત ભારતની સરહદે લડાયક પ્રજા વસતી હતી. આને કારણે આ વિસ્તારોમાં અશાંતિ સતત જોવા મળતી હતી. આ કારણે ભારતની વાયવ્ય અને ઉત્તર-પૂર્વીય સરહદોને સલામત રેખા કહી શકાય તેમ ન હતી.

(૩) ભારતમાંની અંગ્રેજોની નીતિઓનું ધ્યાનપૂર્વક અધ્યયન કરવાથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં એમનું રાજ સુદૃઢ કરવા માટે તેમણે રાજ્ય વહીવટની વ્યવસ્થા ગોઠવી તથા એ બાબતની પણ પૂરી કાળજી રાખી કે કોઈ વિદેશી આક્રમણ ભારત ઉપર થાય નહીં.

અંગ્રેજ રાજ સુદૃઢ થવું : સરહદી અને વિદેશી નીતિ

આમ છતાં એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી હતું કે ભારતમાંની અંગ્રેજ સરકારની સમગ્ર વિદેશ નીતિનો એક માત્ર ઉદ્દેશ સમસ્ત વિશ્વમાં બ્રિટનનાં સામ્રાજ્યવાદી હિતોનું રક્ષણ કરવાનો હતો. હવે પછીના એકમોમાં ક્યારે અને કેવી રીતે ભારતના રાષ્ટ્રીય નેતાઓએ અંગ્રેજની વિદેશ નીતિની ટીકા કરી હતી તેની ચર્ચા કરીશું.

## 6.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**દ્વિધ્રુવીકરણ** : એવી પ્રક્રિયા જેમાં બે જૂથો પરસ્પરનો વિરોધ કરે.

**વિદેશ નીતિ** : કોઈ એક દેશ બીજા દેશો સાથે બાહ્ય બાબતો અંગે વ્યવહાર કરે તેને વિદેશનીતિ કહેવાય છે. આમાં રાજનીતિક, આર્થિક, લશ્કરી અને સાંસ્કૃતિક સંબંધોનો સમાવેશ થાય છે. બીજી રીતે કહીએ તો વિદેશ નીતિ એટલે કોઈ પણ દેશની આંતરિક નીતિની બાહ્ય અભિવ્યક્તિ.

**સંરક્ષિત રાજ્ય** : એવો દેશ જે પોતાની આંતરિક બાબતોના નિર્ણયમાં સ્વતંત્ર (સ્વાયત્ત) હોય પરન્તુ તેની વિદેશ નીતિ ઉપર બહારની શક્તિનું નિયંત્રણ હોય છે.

**સામ્રાજ્યવાદી નીતિ** : નબળી તાકાત ધરાવતા દેશો ઉપર આર્થિક અને રાજકીય પ્રભુત્વ સ્થાપવાની એક દેશની નીતિ.

## 6.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો–ક**

1. (1) ✓ (2) × (3) × (4) ✓
2. જુઓ પેટા વિભાગ 6.2.4

**તમારી પ્રગતિ ચકાસો–ખ**

1. (1) × (2) ✓ (3) ✓ (4) ✓
2. જુઓ પેટા વિભાગ 6.3

**તમારી પ્રગતિ ચકાસો–ગ**

1. (1) ✓ (2) × (3) ✓ (4) ×
2. જુઓ પેટા વિભાગ 6.5

**તમારી પ્રગતિ ચકાસો–4**

1. (1) ✓ (2) × (3) ✓ (4) ✓
2. જુઓ પેટા વિભાગ 6.9

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

Chandra, Bipan (1979) : *Nationalism and Colonialism in Modern India.* Orient Longman, New Delhi

Chandra, Bipan (1977) : *The Rise and Growth of Economic Nationalism in India.* P.P.H., New Delhi.

Desai, A.R. (1959) : *Social Background of Indian Nationalism,* Bombay.

Dutt, R.P. (1986) : *India Today.* Bombay.

Gopal, S. (1965) : *British Policy in India, 1850-1905,* Cambridge.

Mazumdar, R.C. (1970) : *British Paramountacy and Indian Renaissance, Part I & II.* Bhartiya Vidya Bhawan, Bombay.

Pavlov, V.I. ed. (1978) : *Historical Premises for India's Transition to Capitalism,* Moscow.

Sarkar Sumit (1983) : *Modern India.* Macmillan, Delhi.

Sen, S.N. (1957) : *Eighteen Fifty Seven,* New Delhi.



૨૧૧-૨૧-૨૧-૧

# નોંધ

## નોંધ

નોંધ